**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૩૧ |
| પાઉન્ડ | ૧૦૫.૬૩ |
| યુરો | ૯૦.૪૭ |
| સઉદી રિયાલ | ૨૨.૨૧ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૫,૫૮૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૯,૧૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
●●●
SINCE-1991

અલ ઈમાદ ટુર્સ & ટ્રાવેલ્સ
હજ્જ-૨૦૨૪ ડીલક્ષ પેકેજ 6,75,000/- +TCS 5%
અમદાવાદ થી અમદાવાદ (દિવસ-૪૦)
અબુબક્કર મનસુરી 9925791991
મનસુરી મસ્જીદ પાસે, પીંકી પેલેસ સામે, ખમાસા, અહમદઆબાદ - ૧.

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૮૯ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### રાયબરેલીમાં સોનિયા ગાંધી સાથે પ્રિયંકા અને રાહુલ ગાંધી પણ ભાષણ સમયે ઊભા રહ્યાં

# "મારો દીકરો તમને સોંપું છું" : રાયબરેલીમાં સોનિયાની ભાવુક અપીલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સોનિયા ગાંધી ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં તેમના પુત્ર રાહુલ ગાંધી માટે સ્ટાર પ્રચારક તરીકે પહોચી ગયા હતા અને તેમણે ભીડને કહ્યું કે તે તેમના દિકરાને તેમને સોંપી રહ્યા છે અને તેના બદલામાં તે તેમને નિરાશ કરશે નહીં. રાહુલ ગાંધી પરિવારના ગઢ રાયબરેલીમાંથી ચૂંટણી લડી રહ્યા છે જેનું પ્રતિનિધિત્વ તેમના ૭૭ વર્ષના માતા સોનિયા ગાંધી કરી રહ્યા હતા જેઓ આ વર્ષની શરૂઆતમાં રાજ્યસભામાં ગયા હતા. તેમણે લોકોની તાળીઓના ગળગળાટ સાથે રાયબરેલીની રેલીમાં કહ્યું કે, ''મૈં આપકો અપના બેટા સોપ રહી હું'' તેમણે ભારપૂર્વક કહ્યું કે, ''જૈસા આપને મુઝે અપના માના, વૈસે હી રાહુલ કો અપના માન કર રખના હૈ. યે રાહુલ આપ કો નિરાશ નહીં કરેંગે.'' તેમણે કહ્યું કે, ''મેં રાહુલ અને પ્રિયંકાને એ જ પાઠ ભણાવ્યો જે ઈન્દિરા ગાંધી અને રાયબરેલીના લોકોએ મને શીખવ્યો હતો. બધાને માન આપવું, નબળાનું રક્ષણ કરવું, લોકોના અધિકારો માટે અન્યાય સામે લડવું. ડરશો નહીં

**રાજકારણને લીધે હું રાયબરેલીમાંથી ચૂંટણી લડી રહ્યો છું પણ હું અમેઠીનો હતો, છું અને રહીશ : રાહુલ ગાંધી**

કારણ કે તમારા મૂળ સંઘર્ષના છે અને પરંપરાઓ ખૂબ જ ઊંડી છે, સોનિયા ગાંધી ૨૦૦૪માં રાયબરેલીથી પ્રથમ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા ત્યારબાદથી જ આ બેઠક કોંગ્રેસ માટે સુરક્ષિત છે. સોનિયા ગાંધીએ પણ તેમને ચૂંટવા બદલ રાયબરેલીના લોકોનો આભાર માન્યો હતો. સોનિયા ગાંધીને ભીડને સંબોધતાં કહ્યું કે, ''હું ખુશ છું કે મને લાંબા સમય પછી તમારી વચ્ચે રહેવાની તક મળી

**રાયબરેલી મારો પરિવાર છે અને અમેઠી મારૂં ઘર, ૨૦ વર્ષ સુધી સાંસદ બનાવનાર અહીંની જનતાનો દિલથી આભાર માનું છું : સોનિયા ગાંધી**



છે. હું મારા હ્રદયના ઊંડાણથી તમારો આભાર માનું છું. મારૂં માથું તમારી આગળ આદરથી ઝૂકી ગયું છે. તમે મને સેવા કરવાની તક આપી છે. ૨૦ વર્ષથી સાંસદ રહેવું એ મારા જીવનની સૌથી મોટી સંપત્તિ છે. ૫૩ વર્ષીય રાહુલ ગાંધી ભાજપના દિનેશ પ્રતાપ સિંહ સામે ટકરાશે. સોનિયા ગાંધીએ કહ્યું કે, ''રાયબરેલી મારો પરિવાર છે, તેવી જ રીતે અમેઠી પણ મારૂં ઘર છે. આ સ્થળ સાથે મારા જીવનની નાજુક યાદો જ જોડાયેલી નથી પરંતુ અમારા પરિવારના મૂળ પણ આ માટી સાથે છેલ્લા ૧૦૦ વર્ષથી જોડાયેલા છે. આ સંબંધ જેટલો પવિત્ર છે. માતા ગંગા, અવધ અને રાયબરેલીના ખેડૂતોના આંદોલનથી શરૂ થઈ હતી જે આજ સુધી ચાલુ છે.'' સોનિયા ગાંધી ભાષણ કરી રહ્યા હતા ત્યારે પુત્રી પ્રિયંકા અને પુત્ર રાહુલ તેમની પાછળ ઊભા હતા. પ્રતિષ્ઠિત બેઠકનું પ્રતિનિધિત્વ રાહુલ ગાંધીના દાદી ઈન્દિરા ગાંધી અને દાદા ફિરોઝ ગાંધીએ લોકસભામાં કર્યું હતું. રાયબરેલી અને નજીકના અમેઠીમાં લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૨૦ મેના રોજ મતદાન યોજાશે. અમેઠીમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીનો મુકાબલો કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્મા સામે છે જે ગાંધી પરિવારના લાંબા સમયથી વફાદાર રહ્યા છે. રાહુલ ગાંધીએ અમેઠીમાં કોંગ્રેસના ઉમેદવાર કિશોરીલાલ શર્મા માટે મત માગતાં કહ્યું કે, ''હું મારા પિતા (રાજીવ ગાંધી) સાથે ૪૨ વર્ષ પહેલા અહીં પહેલીવાર આવ્યો હતો. હું રાજકારણ વિશે જે કંઈ પણ શીખ્યો છું તે મને અમેઠીની જનતાએ શીખવ્યું છે. તે સમયે ન તો રસ્તા હતા અને ન કોઈ વિકાસ. અને હું અહીંના લોકો અને મારા પિતા વચ્ચેના પ્રેમના સંબંધનો સાક્ષી બન્યો છું.'' તેમણે યાદ અપાવ્યું કે, ''અને તે પણ (મારી શૈલી) રાજનીતિ છે. તેથી તમે એવું ન વિચારો કે હું રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યો છું... હું અમેઠીનો હતો, છું અને રહીશ.'' ઉત્તર પ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો માટે તમામ સાત તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. ૪ જૂને મત ગણતરી થશે.

CELEBRATING EXCELLENCE 33 years GT

# વિપક્ષી નેતાઓને AIR, દૂરદર્શનના તેમના ભાષણોમાંથી 'મુસ્લિમો' અને 'નાદારી' જેવા શબ્દો દૂર કરવા જણાવાયું

### પ્રસારણકર્તાઓએ ચૂંટણી પંચના આચાર નિયમોનું પાલન કરવું પડશે : પ્રસાર ભારતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

વિપક્ષના નેતાઓ સીતારામ યેચુરી અને જી દેવરાજનને ૧૬ એપ્રિલે તેમના ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનનાં ભાષણોમાંથી 'મુસ્લિમ' અને 'નાદારી' જેવા શબ્દો અને 'કોમી સરમુખત્યારશાહી શાસન' અને 'કડકના કાયદા' જેવા શબ્દસમૂહો દૂર કરવા કહેવામાં આવ્યું હતું.

આ અહેવાલમાં જણાવ્યું હતું કે:

જ્યારે CPI(M)ના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીએ રાષ્ટ્રીય રાજધાનીમાં દૂરદર્શન સ્ટુડિયોમાં તેમના ટેલિવિઝન સંબોધન દરમિયાન આ બે શબ્દોને કાઢી નાખવા અને શાસનની "નાદારી" શબ્દને "નિષ્ફળતા" સાથે બદલવો પડ્યો હતો, અને ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક (AIFB) નેતા જી.દેવરાજનને કોલકાતામાં તેમના



પ્રવચનમાં ''મુસ્લિમ'' શબ્દનો ઉપયોગ ટાળવા માટે કહેવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષોને આકાશવાણી અને દૂરદર્શન પર ભાષણો આપવા માટે સમય આપવામાં આવે છે. પ્રસાર ભારતીએ જણાવ્યું કે બંને જાહેર પ્રસારણકર્તાઓએ ચૂંટણી પંચના "આચાર નિયમો"નું પાલન કરવું પડશે. એક અધિકારીએ દાવો કર્યો છે કે આ સુધારાઓ મોટા ભાગના નેતાઓ માટે કરવામાં આવે છે. નોંધનીય છે કે આ ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દ્વારા અભૂતપૂર્વ નફરતના ભાષણ જોવા મળ્યા છે. ઘણીવાર, આ ભાષણો ન્યૂઝ ચેનલો પર સીધા પ્રસારિત થયા છે. વિપક્ષી નેતાઓ દ્વારા ચૂંટણી પંચને આવા નિવેદનો સામે પગલાં લેવાની વારંવારની અરજીઓ કરી છે. માર્ગદર્શિકા સૂચવે છે કે વક્તાઓ સમુદાયો, ધર્મો, દેશો અથવા ચોક્કસ લોકોની ટીકા કરવાનું ટાળે. યેચુરીએ જણાવ્યું હતું કે તેમના ભાષણનું હિન્દી સંસ્કરણ કોઈપણ ફેરફાર વિના લેવામાં આવ્યું હતું. દેવરાજનને વિવાદાસ્પદ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA) માં ભેદભાવપૂર્ણ કલમો પરના ભાષણમાં "મુસ્લિમ" શબ્દ દૂર કરવા કહેવામાં આવ્યું હતું. તેના બદલે તેણે "વિશિષ્ટ સમુદાય"નો ઉપયોગ કરવો પડ્યો હતો.

# દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં EDએ ૯મી પૂરક ચાર્જશીટ દાખલ કરી; AAP, કેજરીવાલ મુખ્ય આરોપી

(એજન્સી) તા.૧૭

ઈડીએ કથિત લિકર કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બંને વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીએ રાઉઝ એવેન્યુ કોર્ટમાં દાખલ નવમી સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથો સાથ હવે તેમની પાર્ટીને પણ આરોપી બનાવવામાં આવી છે. આમ આદમી પાર્ટી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ હવે પાર્ટીના પદાધિકારીઓની મુશ્કેલીઓ વધી શકે છે. પાર્ટીના સંયોજક હોવાના નાતે અરવિંદ કેજરીવાલની મુશ્કેલી હજુ વધી શકે છે. ઈડીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, 'તેને આબકારી નીતિ મામલે આરોપીની કથિત આવકના સંબંધમાં અરવિંદ કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચે ચેટ અંગે જાણ થાય છે.' તપાસ એજન્સીએ દાવો કર્યો કે, જ્યારે કેજરીવાલે પોતાના ફોન અને અન્ય ઉપકરણોનો પાસવર્ડ આપવાની ના પાડી તો હવાલા ઓપરેટરોએ ડિવાઈસથી ચેટ મેળવી. સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧ જૂન સુધી વચગાળાના જામીન આપી દીધા છે. જો કે, આ દરમિયાન તેઓ સીએમ ઓફિસ અને દિલ્હી સચિવાલય નહીં જઈ શકે. કોર્ટે કેજરીવાલને ૨ જૂને સરેન્ડર કરવાના નિર્દેશ આપ્યા હતા. ઈડી તરફથી રજૂ થતાં સૉલિસિટર જનરલ એસ.વી. રાજૂએ ગુરૂવારે (૧૬ મે) સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની પીઠને કહ્યું કે, 'અમે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવાનો પ્રસ્તાવ કરી રહ્યા છીએ.' એસ.વી. રાજૂએ દાવો કર્યો હતો કે, તપાસ એજન્સીની પાસે આ સાબિત કરવા માટે જરૂરી પુરાવા છે કે, કેજરીવાલને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચની માંગ કરી હતી, જેનો ઉપયોગ આમ આદમી પાર્ટીએ ગોવા વિધાનસભા ચૂંટણી અભિયાનમાં કર્યો હતો. એસ.વી. રાજૂએ સુપ્રીમ કોર્ટને કહ્યું કે, 'અમારી પાસે પ્રત્યક્ષ પ્રમાણ છે કે, કેજરીવાલ એક સેવેન સ્ટાર હોટલમાં રોકાયા હતા, જેના બિલની અમૂક ચૂકવણી એક આરોપીએ કરી હતી.'

### બ્રિટને અગાઉ ભારતીય મસાલા પર કડક દેખરેખ રાખવાની જાહેરાત કરી હતી

# લ્યો નેપાળે પણ MDH અને એવરેસ્ટના મસાલા ઉપર પ્રતિબંધ લાદ્યો

નવી દિલ્હી, તા.૧૭

સિંગાપોર અને હોંગકોંગ બાદ હવે નેપાળે પણ બે ભારતીય મસાલા બ્રાન્ડ એવરેસ્ટ અને MDHના વેચાણ, વપરાશ અને આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. નેપાળના ખાદ્ય પ્રૌદ્યોગિકી અને ગુણવત્તા નિયંત્રણ વિભાગે આ મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ હોવાની આશંકા વચ્ચે આ નિર્ણય લીધો છે. આ મસાલામાં ઈથિલિન ઓક્સાઈડની તપાસ શરૂ કરવામાં આવી છે.નેપાળના ફૂડ ટેક્નોલોજી વિભાગના પ્રવક્તા મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે એવરેસ્ટ અને MDH બ્રાન્ડના મસાલાની આયાત પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. અમે બજારમાં આ મસાલાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. આ મસાલામાં હાનિકારક રસાયણો હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. આ બંને બ્રાન્ડના મસાલામાં ખતરનાક કેમિકલની તપાસ ચાલી રહી છે. તેનો તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી પ્રતિબંધ ચાલુ રહેશે.તમને જણાવી દઈએ કે MDH અને એવરેસ્ટના નામ દાયકાઓથી ઘર-પરિવારનું નામ બની ગયા છે. આ બ્રાન્ડ્સના મસાલા મધ્ય પૂર્વ સહિત વિશ્વના ઘણા દેશોમાં નિકાસ કરવામાં આવે છે. MDH અને એવરેસ્ટ મસાલાની તપાસ બ્રિટન, ન્યુઝીલેન્ડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ શરૂ થઈ શકે છે.કડક પગલાં લેતા, બ્રિટનની ફૂડ સેફ્ટી એજન્સી (FSA) એ કહ્યું છે કે તે ભારતમાંથી આવતા તમામ મસાલા પર ઝેરી જંતુનાશકોનું પરીક્ષણ કડક કરી રહ્યું છે, જેમાં ઈથિલિન ઓક્સાઈડ પણ સામેલ છે.ન્યુઝીલેન્ડના ફૂડ સેફ્ટી રેગ્યુલેટરી ડિપાર્ટમેન્ટના કાર્યવાહક ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ જેન્ની બિશપે જણાવ્યું હતું કે ઈથિલિન ઓક્સાઈડ એક રસાયણ છે, જે મનુષ્યમાં કેન્સરનું કારણ બની શકે છે. MDH અને એવરેસ્ટ મસાલા પણ ન્યુઝીલેન્ડના બજારોમાં વેચાય છે. અમે આ મામલે તપાસ કરી રહ્યા છીએ.હોંગકોંગ બાદ સિંગાપોરની ફૂડ એજન્સી (SFA) એ પણ એવરેસ્ટની ફિશ કરી મસાલા પર હાલ માટે પ્રતિબંધ મૂક્યો હતો. સિંગાપોરે એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઓર્ડર પરત કર્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે માછલીની કરી મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ નિર્ધારિત માત્રા કરતાં ઘણું વધારે છે.એજન્સીનું કહેવું છે કે હાલમાં ઓછી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડથી કોઈ ખતરો નથી, પરંતુ લાંબા ગાળાના સેવનથી કેન્સરનું જોખમ વધી જાય છે.ઈથિલિન ઓક્સાઈડ એ રંગહીન ગેસ છે. ઓરડાના તાપમાને રાખવામાં આવે ત્યારે તે એક મીઠી ગંધ આપે છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ (NCI) અનુસાર, આ ગેસનો ઉપયોગ ઈથિલિન ગ્લાયકોલ (એન્ટિ-ફ્રીઝ) જેવા રસાયણો બનાવવા માટે થાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ કાપડ, ડીટરજન્ટ, ફોમ, દવાઓ, એડહેસિવ અને સોલવન્ટ બનાવવામાં પણ થાય છે.E. coli અને Salmonella જેવા સુક્ષ્મજીવાણુ દૂષણને રોકવા માટે તેનો ઉપયોગ ખાદ્ય મસાલાઓમાં પણ ઓછી માત્રામાં થાય છે. તેનો ઉપયોગ હોસ્પિટલોમાં સર્જિકલ સાધનોને સાફ કરવા માટે પણ થાય છે.

### અદ્‌ભૂત સફળતાને સલામ

# જોઈ, સાંભળી કે બોલી ન શકતી લખનૌની સારાહ મોઈનનો ICSE બોર્ડની પરીક્ષામાં ૯૫ ટકા સ્કોર

### સારાહ મોઈન લખનૌની પ્રજ્ઞાચક્ષુ, બહેરી અને મૂંગી છોકરીએ ICSE વર્ગ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૯૫ ટકા ગુણ મેળવી તેના અવિશ્વસનીય નિશ્ચયથી લોકોને પ્રેરણા પૂરી પાડી

(એજન્સી) લખનૌ, તા.૧૭

● સારાહ મોઈન લખનૌની સંપૂર્ણ અંધ, બહેરી અને મૂંગી દીકરીએ તેની ICSE ધો.૧૦ની પરીક્ષામાં ૯૫% ગુણ મેળવ્યા.

● સારાહ તેની દિવ્યાંગતાઓને દૂર કરવા અને શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ દેખાવ કરવા માટે ઓર્બિટ રીડર અને બ્રેઈલ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

● ક્રાઈસ્ટ ચર્ચ કોલેજ એક સહાયક વાતાવરણ પૂરૂં પાડે છે જે સારાહને અન્ય દિવ્યાંગ વિદ્યાર્થીઓની સાથે પાંગરવામાં મદદ કરે છે. લખનૌની સારાહ મોઈને તેની ICSE ધો.૧૦ની પરીક્ષામાં પ્રભાવશાળી ૯૫% સ્કોર કરવા માટે સંખ્યાબંધ શારીરિક દિવ્યાંગતાઓને અવરોધરૂપ બનવા દીધી નથી. સારાહની સિદ્ધિ અસાધારણ છે, કારણ કે, તે અંધ, બહેરી અને બોલવામાં ક્ષતિગ્રસ્ત છે.

સારાહનો જન્મ દૃષ્ટિની ક્ષતિ સાથે થયો હતો અને ધો.૩ પછી ધીમે-ધીમે તેણીની શ્રવણશક્તિ ગુમાવી દીધી હતી. આ પડકારો હોવા છતાં તેણીનો નિશ્ચય અને જ્ઞાન માટેની તરસ હંમેશા તેણે આગળ ધપાવી હતી. તેના માતા-પિતા, જુલી હમીદ અને મોઈન અહમદ ઈદ્રીસીના જણાવ્યા અનુસાર, સારાહની સફર સંઘર્ષોથી ભરેલી છે પણ રૂહાની માર્ગદર્શનથી પણ ભરેલી છે. તેઓ તેને વિશિષ્ટ સારવાર માટે લઈ ગયા અને બ્રેઈલનો ઉપયોગ કરીને ઘરે જ તેનું શિક્ષણ ચાલુ રાખ્યું.

**સહાયક શૈક્ષણિક વાતાવરણ :-** સારાહની ક્ષમતાને લખનૌની ક્રાઈસ્ટ ચર્ચ કોલેજ દ્વારા ઓળખવામાં આવી હતી,



જેણે તેને સમર્પિત શિક્ષક સલમાન અલી કાઝીની આગેવાની હેઠળના વિશેષ વર્ગમાં પ્રવેશની ઓફર કરી હતી. આ સહાયક વાતાવરણમાં સારાહ અન્ય અલગ-અલગ-દિવ્યાંગ વિદ્યાર્થીઓની સાથે ખિલતી ગઈ.

તેના પિતાએ ઓર્બિટ રીડરની ભૂમિકા વિષે માહિતી આપતા જણાવ્યું કે, તે એક અનન્ય ઉપકરણ છે જે પુસ્તક વાંચનાર, નોંધ લેનાર અને બ્રેઈલ ડિસ્પ્લેને જોડે છે, જે સારાહની શૈક્ષણિક સહાયક બની હતી.

તેના પાઠ્યપુસ્તકોને સ્કેન કરવામાં આવ્યા હતા અને તેને ડિજિટલ ફાઈલોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા, જેનાથી તે તેના લેપટોપ પર બ્રેઈલ કીબોર્ડ દ્વારા તેને એક્સેસ કરી શકતી હતી.

**નવીન સંચાર :-** સંદેશાવ્યવહાર એ એક નોંધપાત્ર અવરોધ હતો, પરંતુ સારાહ અને તેના પરિવારે તેને ટેક્નોલોજી અને નવીન પદ્ધતિઓ દ્વારા દૂર કર્યો. સારાહ તેની આંગળીઓનો ઉપયોગ કરીને તેના પરિવારના હાથ પર શબ્દો દોરીને વાતચીત કરતી હતી. પોતે શિક્ષિકા એવી સારાહની માતા, જુલીએ ધીરજપૂર્વક સારાહના પાઠને તેની આંગળીઓ વડે મૂળાક્ષરો બનાવીને સુધારે છે અને સારાહ તેણે ઉકેલીને વાક્યો બનાવે છે. તેની સખત મહેનત દ્વારા સારાહે ભૂગોળમાં ૯૯, રસાયણશાસ્ત્રમાં ૯૭, જીવવિજ્ઞાનમાં ૯૨ અને ભૌતિકશાસ્ત્રમાં ૮૯ એમ નોંધપાત્ર સ્કોર હાંસલ કર્યા.

**પ્રેરણાની દીવાદાંડી :-** સારાહની વાર્તા બધા માટે પ્રેરણારૂપ છે. તે દર્શાવે છે કે, યોગ્ય સાધનો, સમર્થન અને અતૂટ ભાવના સાથે, સૌથી નોંધપાત્ર દિવ્યાંગતાઓને પણ દૂર કરી શકાય છે. તેની સફર સમાવિષ્ટ શિક્ષણ, સમર્પિત શિક્ષકોની નિર્ણાયક ભૂમિકા અને દિવ્યાંગ વ્યક્તિઓને તેમના સપના પ્રાપ્ત કરવા માટે સશક્તિકરણ કરવામાં ટેક્નોલોજીની પરિવર્તનશીલ શક્તિને પ્રકાશિત કરે છે. સારાહ વિજ્ઞાનમાં કારકિર્દી બનાવવાનું અને અંધ લોકો માટે ટેક્નોલોજી વિકસાવવાનું સપનું જુએ છે, જે આપણને યાદ અપાવે છે કે, જ્ઞાનના માર્ગમાં કોઈ અવરોધ એવો નથી જે દૂર ન કરી શકાય. તેની માતા જુલી માને છે કે, અડગ નિશ્ચય અને સમર્થન સાથે, સારાહ ભવિષ્યમાં વધુ ઊંચાઈ હાંસલ કરશે.

**હાર્દિક અભિનંદન**



હિંમતનગરના ઝહીરાબાદમાં રહેતા જાકીરહુસેન કાદરભાઈ મેમણ(નુમાવાળા)ની સુપુત્રી અર્શીયાખાતુન(ઝેબા)એ H.S.C. Commerce માં 95.82 રેન્ક તેમજ A2 ગ્રેડ મેળવી સમગ્ર મેમણ સમાજનું ગૌરવ વધાર્યું છે.

**ક્યા બાત હૈ ?!**

**નારાજ ન થાવ, સાહેબ ! આવા ફાલતુ ખાતામાં પણ પૈસા કેમ બનાવવા એ હું તમને શીખડાવીશ !**




# ભારતનું અર્થતંત્ર ચાલુ વર્ષે ૭ ટકાના દરે વિકસશે, દેશમાં ચીન કરતાં પણ વધુ રોકાણ આવશે : UN

(એજન્સી) તા.૧૭

સંયુક્ત રાષ્ટ્રે ભારતમાં વિદેશી રોકાણ વધશે તેવી આશા વ્યક્ત કરી છે. આ ઉપરાંત યુએનનું એમ પણ કહેવું છે કે, પશ્ચિમી દેશોની કંપનીઓ માટે ભારત પ્રથમ પસંદગી બની ગયું છે, જેના કારણે ભારતની આર્થિક પ્રગતિ ઘણી સારી રહી છે. આ સમયગાળા દરમિયાન, ૨૦૨૪ના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) સંબંધિત ડેટા પણ બહાર પાડવામાં આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે, આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થા ૭ ટકાની ઝડપે વિકાસ કરી શકે છે.

ગુરૂવારે યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ (UNDESA)ના વડા હામિદ રશીદે જણાવ્યું હતું કે, અન્ય પશ્ચિમી સ્ત્રોતોમાંથી ભારતમાં આવતા વધુ રોકાણથી પણ ભારતને ફાયદો થઈ રહ્યો છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે, કંપનીઓ ચીનમાં ઓછો વિશ્વાસ બતાવી રહી છે. ભારત ઘણી પશ્ચિમી કંપનીઓ માટે વૈકલ્પિક રોકાણ સ્ત્રોત અથવા સ્થળ બની ગયું છે. તેમણે કહ્યું કે, આનો ફાયદો ભારતને મળી રહ્યો છે. રશીદ ૨૦૨૪ માટેના મધ્ય-વર્ષના નવીનતમ અંદાજો વિશે માહિતી આપી રહ્યા હતા, જેમાં તેમણે દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અને ભવિષ્યની સંભાવનાઓ વિશે પણ વાત કરી હતી. આ વર્ષ માટે ભારતના વિકાસ અનુમાનોમાં સુધારો કરવામાં આવ્યો છે અને એવો અંદાજ છે કે, દેશની અર્થવ્યવસ્થા આ વર્ષે લગભગ ૭ ટકાના દરે વૃદ્ધિ કરશે. તેમણે જણાવ્યું હતું કે, ભારતની અર્થવ્યવસ્થા ૨૦૨૪માં ૬.૯ ટકા અને ૨૦૨૫માં ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે, જે મુખ્યત્વે મજબૂત જાહેર રોકાણ અને સ્થિતિ સ્થાપક ખાનગી વપરાશ દ્વારા સંચાલિત છે. જો કે, નબળી બાહ્ય માંગ મર્ચેન્ડાઈઝ નિકાસ વૃદ્ધિ પર ભાર મૂકે છે, ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણોની નિકાસ મજબૂત વૃદ્ધિની અપેક્ષા છે.

# મોદીએ ફરી એકવાર કહ્યું : જો કોંગ્રેસ-SP સત્તામાં આવશે તો તેઓ રામલલ્લાને તંબુમાં મૂકી દેશે અને મંદિર પર બુલડોઝર ચલાવી દેશે

## UPમાં એક ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું : ૪ જૂન હવે નજીક જ છે, હવે આખો દેશ અને દુનિયા જાણે છે કે, મોદી સરકાર હેટ્રિક કરવા જઈ રહી છે

(એજન્સી) બારાબંકી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દાવો કર્યો હતો કે, જો કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી ચૂંટાઈને સત્તા પર આવશે તો રામ મંદિર પર બુલડોઝર ચલાવી દેશે. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પાસેથી બુલડોઝર ક્યાં ચલાવવું તેનું ટ્યુશન લેવું જોઈએ. અહીં એક રેલીને સંબોધતા તેમણે એમ પણ કહ્યું કે, ઈન્ડિયા જૂથ અસ્થિર બની ગઈ છે અને જેમ જેમ ચૂંટણીઓ આગળ વધી રહી છે તેમ પત્તાના મહેલની જેમ તૂટી રહી છે. તેમની સરકાર હેટ્રિક કરવા જઈ રહી છે તેવું ભારપૂર્વક જણાવતા મોદીએ કહ્યું કે, નવી સરકારમાં તેમણે ગરીબો, યુવાનો, મહિલાઓ અને ખેડૂતો માટે ઘણા મોટા નિર્ણયો લેવાના છે અને તે માટે તેઓ અહિંયા બારાબંકી અને મોહનલાલગંજના લોકોના આશીર્વાદ લેવા આવ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું, '૪ જૂન દૂર નથી. આજે આખો દેશ અને દુનિયા જાણે છે કે, મોદી સરકાર હેટ્રિક કરવા જઈ રહી છે. એક બાજુ રાષ્ટ્રીય હિતને સમર્પિત બીજેપી-એનડીએ ગઠબંધન છે અને બીજી બાજુ, 'ઈન્ડિયા ગઠબંધન' છે, જે દેશમાં અસ્થિરતા પેદા કરવા મેદાનમાં છે. જેમ-જેમ ચૂંટણીઓ આગળ વધી રહી છે તેમ આ 'ઈન્ડિયા ગઠબંધન'ના લોકો પત્તાના મહેલની જેમ તૂટી જવાના છે. તમને એવા સાંસદોની જરૂર છે જેઓ તમારા માટે સારૂં કામ કરે. તમને એવા સાંસદોની જરૂર છે જેઓ વિસ્તારનો વિકાસ કરે નહીં કે જેઓ મોદીને પાંચ વર્ષ સુધી ગાળો આપે. જેના માટે તમારી પાસે એક જ વિકલ્પ છે અને તે છે કમળ. શું તમે ૧૦૦ સીસી એન્જિનમાં ૧૦૦૦ સીસીની સ્પીડ હાંસલ કરી શકશો ? જો તમારે ઝડપી વિકાસ જોઈએ છે, તો તે માત્ર ભાજપ સરકાર જ આપી શકે છે. રામ મંદિરનો મુદ્દો ઉઠાવીને વડાપ્રધાને સપા અને કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, 'એક વરિષ્ઠ સપા નેતાએ રામ નવમીના દિવસે કહ્યું હતું કે, રામ મંદિર નકામું છે. તે જ સમયે કોંગ્રેસ રામ મંદિર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને ઉથલાવી દેવાની તૈયારી કરી રહી છે. તેમના માટે ફક્ત તેમનો પરિવાર અને સત્તા જ મહત્ત્વ ધરાવે છે. જો એસપી-કોંગ્રેસ સત્તામાં આવશે તો તેઓ રામ લલ્લાને પાછા તંબુમાં મોકલી દેશે અને મંદિરને તોડી પાડશે.' તેમણે બુલડોઝરનો ઉપયોગ ક્યાં કરવો જોઈએ તેના માટે આદિત્યનાથ પાસેથી ટ્યુશન લેવાનું કહ્યું હતું. આદિત્યનાથ સરકાર પર રાજ્યમાં ગુનેગારોની મિલ્કતો તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવાનો આરોપ છે. સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે તાજેતરમાં કહ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિર, યોગ્ય રીતે બાંધવામાં આવ્યું નથી તેથી તે બેકાર છે. આદિત્યનાથની તીક્ષ્ણ ટીકાને આમંત્રણ આપતાં કહ્યું હતું કે, આ ઈન્ડિયા બ્લોકની વાસ્તવિકતા દર્શાવે છે. મોદીએ કહ્યું, 'એસપી-કોંગ્રેસ માટે વોટ બેંકથી મોટું કંઈ નથી, પરંતુ જ્યારે હું તેમનો પર્દાફાશ કરૂં છું, ત્યારે તેઓ બેચેન થઈ જાય છે અને તેમની ઊંઘ ઉડી જાય છે પછી તેઓ ગમેતેમ બોલવાનું અને અપશબ્દો બોલવાનું શરૂ કરે છે. એસપી-કોંગ્રેસ તુષ્ટિકરણ માટે એકબીજાને શરણે થઈ ગયા છે અને જ્યારે મોદી દેશને તેમનું સત્ય જણાવે છે, ત્યારે તેઓ કહે છે કે, મોદી હિંદુ-મુસ્લિમનું વિભાજન કરી રહ્યા છે. આ લોકો જે વોટ બેંકની પાછળ દોડે છે તે લોકો હવે તેમને ઓળખી ગયા છે. આપણી માતાઓ અને બહેનો, ટ્રિપલ તલાક પરના કાયદાથી ખુશ છે અને તે ભાજપને સતત આશીર્વાદ આપે છે.' સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, 'અહીંના બાબુઆજી, સમાજવાદી રાજકુમારે હવે એક નવી આંટીનો આશરો લીધો છે.' દેખીતી રીતે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું, 'તેમની આ નવી આંટી બંગાળમાં છે. હવે બંગાળની તેમની આંટીએ 'ઈન્ડિયા જોડાણ' લોકોને કહ્યું છે કે, તે તમને બહારથી સમર્થન આપીશ.' યાદવ પહેલા બસપાના વડા માયાવતીને તેમના 'ફોઈ' તરીકે સંબોધતા હતા. તેમણે પંજાબમાં ઈન્ડિયા જૂથના ભાગીદારો AAP અને કોંગ્રેસ વચ્ચેની લડાઈનો પણ ઈશારો કરતા કહ્યું, 'ઈન્ડિયા ગઠબંધન પાર્ટીએ બીજાને કહ્યું છે કે, પંજાબમાં અમારી વિરુદ્ધ કંઈ બોલશો નહીં.' મોદીએ કહ્યું કે, તેઓ રાત દિવસ વડાપ્રધાન પદ મેળવવાના સપના જોવે છે. તેમણે છત્તીસગઢના પૂર્વ મુખ્યપ્રધાન ભૂપેશ બઘેલે કહ્યું હતું કે, 'રાયબરેલીના લોકો હવે દેશના વડાપ્રધાનને ચૂંટવા જઈ રહ્યા છે' તેમની મજાક ઉડાવતાં કહ્યું કે, 'તેમના સપનાની હદ તો જુઓ.' વડાપ્રધાને કહ્યું, 'કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે, રાયબરેલીના લોકો આગામી વડાપ્રધાનને ચૂંટશે. આ સાંભળીને સમાજવાદી રાજકુમારનું હૃદય તૂટી ગયું. કોઈ આંસુ તો ન નીકળ્યા પરંતુ તેમના હૃદયની બધી ઈચ્છાઓ ધોવાઈ ગઈ.'

# મોદી ફરી બોલ્યા : ''મેં ક્યારેય કહ્યું નથી કે'' કોંગ્રેસ રામ મંદિર પર 'બાબરી-તાળા' લગાવશે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૭

મોદી હવે ચૂંટણી રેલીમાં હજારો લોકો સમક્ષ લગાવવામાં આવેલા તેમના આરોપ પર પાછા ફર્યા છે કે, જો કોંગ્રેસ અને ઈન્ડિયાનું ગઠબંધન સત્તામાં આવશે તો તેઓ અયોધ્યામાં આ વર્ષે જાન્યુઆરીમાં પવિત્ર રામ મંદિર પર ''બાબરી તાળા'' લગાવશે જેનું મોદીએ પોતે ઉદઘાટન કર્યું હતું. મધ્યપ્રદેશના ખરગોન અને ધાર જિલ્લામાં નરેન્દ્ર મોદીએ ૭ મેના રોજ કહ્યું હતું કે તેમને ''૪૦૦ સીટોની જરૂર છે'' તેથી પાર્ટી અયોધ્યામાં મંદિર પર ''બાબરીનું તાળું'' લગાવવાની અથવા જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવવાની યોજનામાં સફળ થઈ શકશે નહીં. તેમને શા માટે ૪૦૦ સીટોની જરૂર છે તેને પણ એક અલગ વળાંક આપી દીધું છે. '૪૦૦-પાર' નિવેદન ભાજપને ગળામાં હાર બની ગયું છે જેમાં એસસી, એસટી અને ઓબીસીના નોંધપાત્ર વર્ગો વચ્ચે શંકાનું સ્થાન ભેગું થયું છે કે બંધારણ બદલવા માટે આની જરૂર પડશે અને તેથી આરક્ષણને રદ કરી નાખશે કે જે ભારતનું બંધારણ તેના પછાત વર્ગોને ખાતરી આપે છે. ૧૩ મેના રોજ ન્યૂઝ ૧૮ને આપેલા ઈન્ટરવ્યુમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેનો અર્થ શું છે તો તેમણે કહ્યું, ''આ મારૂં નિવેદન નથી.'' દેવગને જીદ કરીને કહ્યું કે મોદીએ કહ્યું છે. પરંતુ મોદીએ ફરીથી ભારપૂર્વક કહ્યું કે તે તેમનું નિવેદન નથી અને દેવગનને કહ્યું કે, ''મારા મોંમાં શબ્દો મૂકવા જોઈએ નહીં.'' થોડીક સેકન્ડો માટે તેઓ મૌન થઈ ગયા હતા કે કદાચ દેવગન એક જાહેર રેલીમાં હજારો લોકો સમક્ષ આપેલા અને અખબારોમાં વ્યાપકપણે અહેવાલ આપેલા નિવેદન પર પાછા ફરવાથી આશ્ચર્યચકિત દેખાય છે. આ ચૂંટણીમાં આશ્ચર્યજનક નિવેદનો પછી ઝડપથી ફેરવી તોળળા અને મોદી દ્વારા પાછા ખેંચી લેવાથી ચિહ્નિત કરવામાં આવી છે. પ્રથમ આશ્ચર્ય એ ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં તેમણે આપેલા મુસ્લિમ વિરોધી નફરતના ભાષણની તીવ્રતા હતી જે પછીની રેલીઓમાં તેમણે તેના કેટલાક ભાગોનું પુનરાવર્તન કર્યું. મોદીએ ૧૪મી મેના રોજ વારાણસીમાં ઉમેદવારી પત્રો ભરતી વખતે ક્યારેય એવું કહ્યું હોવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે જો તેઓ ક્યારેય ''હિંદુ-મુસ્લિમ'' કરશે તો તેઓ પોતાને ''જાહેર જીવન માટે અયોગ્ય'' ગણાશે. બાદમાં, મોદી વારાણસીના ઈન્કાર પર પાછા ફર્યા અને ફરીથી દલિતો, પછાત અને આદિવાસી સમુદાયો અને જો વિપક્ષ ચૂંટણી જીતે અને સત્તા સંભાળે તો અન્ય લાભોને કારણે અનામત મેળવવાના મુસ્લિમોના ''જોખમો'' વિશે વાત કરતા થઈ ગયા હતા. પાછળથી તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કરતી વખતે મોદીએ તેમના સમર્થકોને એવું સૂચન કરીને સ્તબ્ધ કરી દીધું કે ''અદાણી-અંબાણી'' વિપક્ષને ''રાતના સમયે'' પૈસાનો ''ટેમ્પો ભરીને'' ચૂકવી રહ્યા છે. મોદીના કેબિનેટ મંત્રીઓ પીયૂષ ગોયલ અને નિર્મલા સીતારમણ મોદીના નિવેદનને સમજાવવા માટે સંઘર્ષ કરતા થઈ ગયા હતા.

# 'વોટ જેહાદ' કરનારાઓને સપા, કોંગ્રેસ લોકોની સંપત્તિ ભેટમાં આપી દેશે : મોદી

(એજન્સી) તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી (એસપી) અને કોંગ્રેસ સત્તામાં આવવા માટે લોકોના મતોનો ઉપયોગ કરશે અને પછી તેમની સંપત્તિનો એક ભાગ તેમના માટે 'વોટ જેહાદ' કરનારાઓને ભેટ કરશે. અહીં એક રેલીને સંબોધતા મોદીએ ઉત્તરપ્રદેશમાં બે વિપક્ષી સહયોગીઓના ''ઈરાદાઓ'' સામે લોકોને સાવધાન કર્યા હતા. તેમણે કહ્યું, 'આજે હું તમને સપા અને કોંગ્રેસથી સાવધાન કરવા આવ્યો છું. તેઓ તમારા મત લેશે, પરંતુ સત્તામાં આવ્યા પછી તેઓ આ ભેટો તેમના માટે 'વોટ જેહાદ' કરનારાઓને વહેંચશે. તેમણે કહ્યું કે, 'આ વખતે સપા-કોંગ્રેસે ચૂંટણી પહેલા જ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. કોંગ્રેસ કહી રહી છે કે, તે દરેકની સંપત્તિની તપાસ કરાવશે. પછી તેઓ તમારી મિલકતનો એક હિસ્સો વોટ બેંકને આપશે જે તેમના માટે 'વોટ જેહાદ' કરે છે. સમાજવાદી પાર્ટી (SP)ના કાર્યકર્તા અને કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદની ભત્રીજી, મારિયા આલમે ૨૯ એપ્રિલે એક રેલીને સંબોધિત કરતી વખતે, ફર્રૂખાબાદ લોકસભા બેઠક પરથી 'ભારત' ગઠબંધનના ઉમેદવાર નવલકિશોર શાક્યની તરફેણમાં 'વોટ જેહાદ'નું આહ્વાન કર્યું હતું. ત્યારથી મોદી 'વોટ જેહાદ' પર 'ભારત' ગઠબંધન પર આકરા પ્રહારો કરી રહ્યા છે. કલમ ૩૭૦ અને પાકિસ્તાન પર પરમાણુ બોમ્બ હોવાની ધમકીને લઈને બુંદેલખંડમાં કોંગ્રેસ પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેઓ કોંગ્રેસને કહેશે કે, તેઓ આ બુંદેલખંડની ધરતી પર આવે અને જુએ કે બહાદુરી શું છે. મોદીએ કહ્યું, ''કોંગ્રેસ કહી રહી છે કે, તેઓ કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવશે. આ દિવસોમાં કોંગ્રેસ પાકિસ્તાનથી ડરવાની ધમકી આપી રહી છે કારણ કે તેની પાસે પરમાણુ બોમ્બ છે. હું કોંગ્રેસને કહેવા માંગુ છું કે, તેઓ બુંદેલખંડની આ ધરતી પર આવે અને જુએ કે બહાદુરી શું છે. મોદીએ કહ્યું, ''તેઓ કહે છે કે પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે, પરંતુ આ ધમકી આપનારાઓ નથી જાણતા કે તેની પાસે તેને જાળવી રાખવા માટે પૈસા પણ નથી. તેઓ કહે છે કે તેની પાસે મિસાઈલો છે. અમે બુંદેલખંડમાં જે 'ડિફેન્સ કોરિડોર' બનાવી રહ્યા છીએ તે ફટાકડા બનાવવા માટે નથી, તે મિસાઈલ બનાવવા માટે છે, હમીરપુર લોકસભા સીટ માટે ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. મુખ્ય ટક્કર ભાજપના કુંવર પુષ્પેન્દ્ર સિંહ ચંદેલ અને સપાના અજેન્દ્ર સિંહ લોધી વચ્ચે હોવાનું માનવામાં આવે છે. આ બેઠક પર લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૨૦ મેના રોજ મતદાન થશે.

# ભારતથી ઈઝરાયેલ તરફ હથિયારો લઈ જતાં જહાજને બંદર પર રોકાવાની પરવાનગી સ્પેને ન આપી

(એજન્સી) તા.૧૭



ઈઝરાયેલ-ગાઝા યુદ્ધ વચ્ચે ભારતે ઈઝરાયેલને હથિયારો મોકલ્યા હતા, જેને લઈને જતાં જહાજને સ્પેને તેના બંદર પર રોકવાની મંજૂરી આપવાનો ઈક્રાર કરી દીધો છે. રિપોર્ટ અનુસાર, સ્પેનના વિદેશ મંત્રાલયે આ માહિતી આપતાં કહ્યું કે તેણે ડેનિશ ધ્વજવાળા કાર્ગો જહાજને, જે કથિત રીતે ભારતથી ઈઝરાયેલમાં ૨૬.૮ ટન વિસ્ફોટક લઈ જઈ રહ્યું હતું, તેને તેના બંદર પર રોકવાની મંજૂરી આપી નથી. સ્પેનના વિદેશમંત્રી જોસ મેન્યુઅલ આલ્બેરેસે બ્રસેલ્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમણે ૨૧ મેના રોજ કાર્ટાજેનામાં રોકાવાની વિનંતી કરનાર મેરીઅન ડેનિકાને પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે આગળ કહ્યું, આ અમે પહેલીવાર કર્યું છે કારણ કે આ પહેલીવાર છે જયારે અમે ઈઝરાયેલમાં શસ્ત્રોના કન્સાઈનમેન્ટ લઈ જતું જહાજ શોધી કાઢ્યું છે જે સ્પેનિશ બંદર પર રોકાવા માંગતું હતું. તેમના મતે મધ્ય પૂર્વને વધુ શસ્ત્રોની જરૂર નથી પરંતુ શાંતિની જરૂર છે. તે જાણીતું છે કે ગાઝા પટ્ટીમાં થયેલા હુમલાને લઈને સ્પેન ઈઝરાયેલ વિરૂદ્ધ ખૂબ જ અવાજ ઉઠાવી રહ્યું છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટાઈનના સંપૂર્ણ સભ્યપદના પ્રસ્તાવની તરફેણમાં સ્પેન એક હતું. મેરીટાઈમ ટ્રેકિંગ વેબસાઈટ વેસલ ફાઈન્ડરના જણાવ્યા અનુસાર, મેરિયન ડેનિકા ૮ એપ્રિલે ચેન્નાઈથી નીકળ્યું હતું. આ જહાજ સમગ્ર આફ્રિકન ખંડમાં પ્રવાસ કરીને ૧૩ મેના રોજ પશ્ચિમ આફ્રિકન બંદર કેપ વર્ડે પહોંચ્યું હતું. જણાવવામાં આવ્યું છે કે હાલમાં તે મોરોક્કોના તટથી દૂર છે અને ૨૧ મેના રોજ કાર્ટેજીના પહોંચશે. સ્પેનિશ અખબાર અલ પેસે પણ અહેવાલ આપ્યો હતો કે જહાજ ૨૬.૮ ટન વિસ્ફોટક સામગ્રીનો કાર્ગો લઈ જતું હતું. અલ પેસ દ્વારા મેળવેલા રેકોર્ડ્સ અનુસાર, કન્સાઈનર ભારતની સિદ્ધાર્થ લોજિસ્ટિક્સ કંપની છે અને પ્રાપ્તકર્તા ઈઝરાયેલ કાર્ગો લોજિસ્ટિક્સ (ICL) છે. એવું કહેવામાં આવ્યું છે કે આ જહાજ એક માર્ગ પરથી પસાર થઈ રહ્યું છે જે આફ્રિકન મહાદ્વીપની આસપાસથી પસાર થાય છે. આ સંભવત : લાલ સમુદ્રને ટાળવા માટે કરવામાં આવ્યું હતું, જ્યાં હુથી બળવાખોરો ઈઝરાયેલ માટે બંધાયેલા દરિયાઈ ટ્રાફિકને નિશાન બનાવી રહ્યા છે. સ્પેનિશ સરકારની આ જાહેરાત એન્ટીગુઆ અને બાર્બુડાના ધ્વજવાળા જહાજ 'બોરકુમ' પરના રાજકીય વિવાદ વચ્ચે આવી છે, જે પેલેસ્ટાઈન તરફી જૂથો દાવો કરે છે કે ભારતથી ઈઝરાયેલમાં શસ્ત્રો પણ લઈ જવામાં આવ્યા હતા. મેરીટાઈમ રેકોર્ડ્સ અનુસાર, સ્લોવેનિયાના કોપર બંદરે જતા પહેલા તેને ૧૬ મેના રોજ કાર્ટેજેનામાં ૧૧ કલાક માટે રોકી દેવામાં આવ્યું હતું.

# 'ભાજપનું કાવતરૂં, આક્ષેપો પાયાવિહોણા' : AAPએ સ્વાતિ માલિવાલની 'એસોલ્ટગેટ' (હુમલા વિવાદ) મુદ્દે ઝાટકણી કાઢી

## AAP મંત્રી આતિશીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, જે વીડિયો બહાર આવ્યો છે તે તેમના દાવાઓનું સમર્થન કરતો નથી, કારણ કે, તે 'ડ્રોઈંગ રૂમમાં આરામથી બેઠી છે' અને 'પોલીસ અધિકારીઓને ધમકાવી રહી હોય' એવું લાગે છે, દિલ્હીના મંત્રીએ વધુમાં કહ્યું કે, અરવિંદ કેજરીવાલને જામીન મળ્યા ત્યારથી જ ભાજપમાં ખળભળાટ મચી ગયો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

આમ આદમી પાર્ટી (AAP)એ આજે સ્વાતિ માલીવાલના આરોપો પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી કે, દિલ્હીના મુખ્યમંત્રીના નિવાસસ્થાને અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવકુમાર દ્વારા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. માલીવાલે દિલ્હી પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવ્યાના એક દિવસ પછી AAPએ તેના આરોપોને 'પાયાવિહોણા' ગણાવ્યા અને કહ્યું કે, 'ભાજપે કાવતરૂં ઘડ્યું છે.' AAP મંત્રી આતિશીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, જે વીડિયો બહાર આવ્યો છે તે તેમના દાવાઓનું સમર્થન કરતો નથી કારણ કે, તે 'ડ્રોઈંગ રૂમમાં આરામથી બેઠી છે' અને 'પોલીસ અધિકારીઓને ધમકાવી રહી હોય એવું લાગે છે.' દિલ્હીના મંત્રીએ વધુમાં કહ્યું કે, અરવિંદ કેજરીવાલને જામીન મળ્યા ત્યારથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. વધુમાં આતિશીએ કહ્યું કે, ભાજપ અરવિંદ કેજરીવાલ પર આરોપ લગાવવા માંગે છે પરંતુ બિભવકુમાર પર આરોપ મૂકવો જોઈએ કારણ કે, ઘટના સમયે દિલ્હીના સીએમ તેમના ઘરે ન હતા. તેમણે કહ્યું, જ્યારથી અરવિંદ કેજરીવાલને જામીન મળ્યા છે, ત્યારથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. આ કારણે ભાજપે એક ષડ્યંત્ર રચ્યું હતું, જેના હેઠળ સ્વાતિ માલીવાલને ૧૩ મેના રોજ સવારે અરવિંદ કેજરીવાલના ઘરે મોકલવામાં આવ્યા હતા. સ્વાતિ માલીવાલ આનો ચહેરો અને પ્યાદુ હતા. તેઓ સીએમ પર આરોપ લગાવવાનો ઈરાદો ધરાવતા હતા, પરંતુ તે સમયે તેઓ બચી ગયા હતા આજે તે ડ્રોઈંગ રૂમમાં (CM હાઉસ) આરામથી બેઠી છે અને પોલીસ અધિકારીઓને ધમકી આપતી દેખાઈ રહી છે. આતિશી સોમવારના કેજરીવાલના ઘરે માલીવાલ અને કર્મચારીઓ વચ્ચેના મુકાબલાના ૫૨ સેકન્ડના વીડિયોનો ઉલ્લેખ કરી રહ્યા હતા. વીડિયોમાં માલીવાલને ગાર્ડ્સ સાથે દલીલ કરતા જોઈ શકાય છે, જેઓ વારંવાર તેને જગ્યા છોડવાની માંગ કરે છે. તેણી ઈનકાર કરે છે, પોલીસ કાર્યવાહી સાથે રક્ષકોને ધમકી આપે છે અને પછી તેણીને શારીરિક રીતે બહાર ફેંકી દેવાની હિંમત કરે છે.

**માલીવાલે ફરિયાદ નોંધાવી :-** સોમવારે માલીવાલે આરોપ લગાવ્યો હતો કે, સીએમના નિવાસસ્થાને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પૂર્વ અંગત સહાયક બિભવકુમાર દ્વારા તેણી પર હુમલો કરવામાં આવ્યો હતો. દિલ્હીના સીએમના નજીકના સાથી વિરુદ્ધ ઔપચારિક ફરિયાદના આધારે પોલીસે એફઆઈઆર દાખલ કર્યા પછી રાજ્યસભાના સાંસદ દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) પહોંચ્યા.

# 'મને ૭-૮ થપ્પડ, છાતી અને પેટમાં લાત મારી હતી' : સ્વાતિ માલિવાલે FIRમાં જણાવ્યું

(એજન્સી) તા.૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવ કુમાર વિરૂદ્ધ AAP નેતા સ્વાતિ માલીવાલ દ્વારા  કરવામાં આવેલી ફરિયાદમાં હુમલાના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. શ્રીમતી માલીવાલે દાવો કર્યો છે કે સોમવારે સવારે, મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનના ડ્રોઈંગ રૂમમાં શ્રી કુમાર દ્વારા તેણી પર હુમલો કરવામાં આવ્યો હતો, તે સમયે કેજરીવાલ ઘરમાં હાજર હતા. ગઈકાલે રાત્રે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં, શ્રીમતી માલીવાલે જણાવ્યું હતું કે તે અરવિંદ કેજરીવાલના ઘરે ૬, ફ્લેગ સ્ટાફ રોડ, સિવિલ લાઈન્સ ખાતે પહોંચી હતી અને મુખ્યમંત્રીના સહાયકનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. તેણીએ કહ્યું કે તેણીએ સ્ટાફને જાણ કરી અને તેને ડ્રોઈંગ રૂમમાં રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. તેણીએ આક્ષેપ કર્યો હતો કે જ્યારે તે રાહ જોઈ રહી હતી, ત્યારે બિભવ કુમાર રૂમમાં ઘૂસી ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. શ્રીમતી માલીવાલે શ્રી કુમાર પર સાત-આઠ વાર થપ્પડ મારવાનો અને તેની છાતી, પેટ અને સંવેદનશીલ ભાગો પર મારવાનો આરોપ મૂક્યો છે. શ્રીમતી માલીવાલે તેની ફરિયાદમાં દાવો કર્યો હતો કે, બિભવે આવીને દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું અને ઉશ્કેરણી વિના થપ્પડ મારવાનું ચાલુ રાખ્યું હતું મેં કહ્યું કે 'મને જવા દો', પરંતુ તે મને સતત મારતો રહ્યો અને હિન્દીમાં અપશબ્દો બોલતો રહ્યો. તેણે ધમકી આપી. મેં તેને જાણ કરી કે મને માસિક સ્રાવ થઈ રહ્યો છે અને ખૂબ પીડા થઈ રહી છે. મને આઘાત લાગ્યો હતો અને હું વારંવાર મદદ માટે ચીસો પાડતી હતી. મારી જાતને બચાવવા માટે, મેં તેને મારા પગથી ધક્કો માર્યો હતો. તે સમયે, તેણે મને ધક્કો માર્યો, નિર્દયતાથી અને જાણીજોઈને મારું શર્ટ ઉપર ખેંચ્યું, બિભવ કુમારે મારી છાતી, પેટ અને પેલ્વિસ એરિયામાં પગ વડે લાત મારીને મારા પર હુમલો કર્યો હતો. શ્રીમતી માલીવાલે તેની ફરિયાદમાં ઉમેર્યું હતું કે તે ઘરની બહાર ભાગવામાં અને પોલીસને બોલાવવામાં સફળ રહી. આ હુમલાથી હું ભયંકર આઘાતમાં હતી અને ૧૧૨ નંબર પર ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. જ્યારે સુરક્ષા કર્મચારીઓ પહોંચ્યા ત્યારે, શ્રીમતી માલીવાલને મદદ કરવાને બદલે, તેઓએ કથિત રીતે શ્રી કુમારની સૂચનાનું પાલન કર્યું કે તેણીને બહાર ફેંકી દો. તેણીની આવી સ્થિતિ હોવા છતાં, તેણીને ત્યાંથી જવાની ફરજ પડી હતી અને પોલીસ આવે ત્યાં સુધી મુખ્ય પ્રધાનના આવાસની બહાર રાહ જોવી પડી હતી. મોડી રાત્રે, દિલ્હી પોલીસ એમએસ માલીવાલને મેડિકલ ચેકઅપ માટે એઈમ્સ ટ્રોમા સેન્ટર લઈ ગઈ હતી. પોલીસ રાષ્ટ્રીય રાજધાનીના ચંદ્રવાલ નગર વિસ્તારમાં શ્રી કુમારના નિવાસસ્થાને પહોંચી ત્યારે તે ગુમ હતો. ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ સેલની ટીમો મિસ્ટર કુમારને શોધી રહી છે. દિલ્હી પોલીસે ભારતીય દંડ સંહિતાની બહુવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે, એડિશનલ કમિશનર પીએસ કુશવાહાની આગેવાની હેઠળની પોલીસ ટીમ દ્વારા શ્રીમતી માલીવાલનું નિવેદન નોંધવામાં આવ્યા બાદ FIR દાખલ કરવામાં આવી હતી. નેશનલ કમિશન ફોર વુમન (NCW) એ આ વિવાદમાં શ્રી કુમારને આજે સુનાવણી માટે બોલાવ્યા છે. પોલીસની મુલાકાત બાદ, શ્રીમતી માલીવાલે દુઃખદાયક અનુભવ વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું અને આ મુદ્દાનું રાજકીયકરણ ન કરવા અપીલ કરી હતી.

# સ્વાતિ માલિવાલ હુમલા કેસનો વીડિયો સામે આવ્યો : આપ સાંસદ કથિત રીતે એવું કહેતા સંભળાયા  કે, 'તારી નોકરી પણ ખાઈશ, ટકલા સાલા'

(એજન્સી) તા.૧૭

સ્વાતિ માલીવાલના કથિત હુમલાના મામલામાં ચાલી રહેલા વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. ઈન્ટરનેટ પર એક નવો વીડિયો સામે આવ્યો છે. જેમાં આપના રાજયસભા સાંસદ અને મુખ્યમંત્રી આવાસ પર સુરક્ષા કર્મચારીઓની વચ્ચે કથિત રીતે વિવાદ થતો દેખાઈ રહ્યો છે. આઈએએનએસ દ્વારા  ચેક કરવામાં આવેલા એક વીડિયોમાં દિલ્હીની સિવિલ લાઈન્સમાં સત્તાવાર મુખ્યમંત્રી આવાસના દશ્ય જોવા મળ્યા છે. જેમાં ગાર્ડ માલીવાલથી પરિસર છોડવાની વિનંતી કરતા જોવા મળી રહ્યા છે. પોતાની પ્રતિક્રિયામાં તેમને કથિત રીતે આ કહેતા સાંભળી શકાય છે. તેરી ભી નોકરી ખાઉંગી યે ટકલા સાલા.

# મમતા વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી કરવા બદલ ચૂંટણી પંચે ભાજપના નેતા અભિજિત ગંગોપાધ્યાયને નોટિસ ફટકારી

## ચૂંટણી પંચે ૧૫ મેના રોજ હલ્દિયામાં આયોજિત જાહેર સભાને સંબોધિત કરતી વખતે બેનરજી વિરૂદ્ધ કરેલી ટિપ્પણી બદલ ગંગોપાધ્યાય વિરૂદ્ધ TMCની ફરિયાદ પર કાર્યવાહી કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિરૂદ્ધ તેમની અયોગ્ય, અવિવેકી અને અશિષ્ટ ટિપ્પણી માટે ચૂંટણી પંચે શુક્રવારના દિવસે હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ અને ભાજપના લોકસભા ઉમેદવાર અભિજિત ગંગોપાધ્યાયને નોટિસ જારી કરી હતી. ચૂંટણી પંચે ૧૫ મેના રોજ હલ્દિયામાં આયોજિત જાહેર સભાને સંબોધિત કરતી વખતે બેનરજી વિરૂદ્ધ કરેલી ટિપ્પણી બદલ ગંગોપાધ્યાય વિરૂદ્ધ તૃણમૂલ કોંગ્રેસ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર કાર્યવાહી કરી હતી. ભાજપે પશ્ચિમ બંગાળની તમલુક બેઠક પરથી ગંગોપાધ્યાયને મેદાનમાં ઉતાર્યા છે, જ્યાં ૨૫ મેના રોજ મતદાન થશે. ચૂંટણી પંચે તેની નોટિસમાં જણાવ્યું હતું કે, ગંગોપાધ્યાયની ટિપ્પણી અયોગ્ય, અવિવેકી, દરેક અર્થમાં અશિષ્ટ અને પ્રથમ દ્રષ્ટિએ આદર્શ આચાર સંહિતા અને રાજકીય પક્ષોને આપવામાં આવેલી સલાહની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી હોવાનું જણાયું હતું.

# દિલ્હી લિકર પોલિસી કેસમાં AAPને આરોપી બનાવવામાં આવશે : EDએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું

(એજન્સી) તા.૧૭

- દારૂ નીતિ કૌભાંડ કેસમાં AAP આરોપી
- AAP વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી, EDએ કોર્ટને જણાવ્યું
- EDનો આરોપ છે કે દારૂના કૌભાંડના નાણાં AAPના કાર્યો માટે વપરાય છે

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગઈકાલે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, દિલ્હીની શાસક આમ આદમી પાર્ટી (AAP)ને દારૂ નીતિ કૌભાંડ કેસમાં આરોપી બનાવવામાં આવી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વખતે, એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આજે કાર્યવાહીની ફરિયાદ દાખલ કરવામાં આવી રહી હતી અને AAPને આરોપી બનાવવામાં આવી છે. લિકર પોલિસી કેસ ૨૦૨૧-૨૨ માટે દિલ્હી સરકારની આબકારી નીતિની રચના અને અમલીકરણમાં ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ સાથે સંબંધિત છે, જે પછીથી રદ કરવામાં આવી હતી. કેસની તપાસ કરી રહેલા સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના જણાવ્યા અનુસાર, આબકારી નીતિમાં ફેરફાર કરતી વખતે અનિયમિતતા આચરવામાં આવી હતી અને લાઈસન્સ ધારકોને અનુચિત તરફેણ કરવામાં આવી હતી. તપાસ એજન્સીનો આરોપ છે કે, 'સાઉથ ગ્રુપ' દ્વારા આપવામાં આવેલી ૧૦૦ કરોડ રૂપિયાની "લાંચ"માંથી ૪૫ કરોડ રૂપિયા "કિકબેક"નો ઉપયોગ AAP દ્વારા ૨૦૨૨માં ગોવા વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે કરવામાં આવ્યો હતો અને તેમણે અરવિંદ કેજરીવાલને " કૌભાંડનો કિંગપિન" કહ્યા હતા. આરોપો મુજબ AAP સરકારે ૬ ટકાના કિકબેકના બદલે જથ્થાબંધના વેપારીઓ માટે નફાનું માર્જિન વધારીને ૧૨ ટકા કર્યું હતું, જેના કારણે દિલ્હી સરકારને રૂા. ૨,૮૭૩ કરોડનું નુકસાન થયું હતું. AAP મીડિયા હેડ વિજય નાયરે, પાર્ટી વતી 'દક્ષિણ જૂથ' પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા એડવાન્સ લીધા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કેસમાં અત્યાર સુધીમાં સાત ચાર્જશીટ દાખલ કરી છે. ૨૧ માર્ચે અરવિંદ કેજરીવાલ અને ૧૫ માર્ચે કવિતા સહિત ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પૂર્વ નાયબ મુખ્ય મંત્રી મનીષ સિસોદિયાની પણ ગયા વર્ષે માર્ચમાં આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ હજુ પણ ન્યાયિક કસ્ટડીમાં છે. કેજરીવાલને ૧૦ એપ્રિલે સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા હતા.

# દેશમાં ચાલી રહેલી સરમુખત્યારશાહી અસ્વીકાર્ય : અરવિંદ કેજરીવાલ

## ● દિલ્હીના મુખ્યપ્રધાન કેજરીવાલે ભારતની સ્થિતિની રશિયા સાથે સરખામણી કરી ● તેમણે તમામ હરીફ પક્ષના નેતાઓને જેલમાં ધકેલી દેવાનો આરોપ લગાવતા ભાજપની ટીકા કરી હતી

(એજન્સી) તા.૧૭

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે દેશની પરિસ્થિતિને રશિયા સાથે સરખાવીને દાવો કર્યો કે આ ''સરમુખત્યારશાહી'' છે, અને વિપક્ષી નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. કેજરીવાલ પંજાબ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને ધારાસભ્યો અને સાંસદો સહિત નેતાઓને સંબોધિત કરી રહ્યા હતા, તેમને રાજ્યની તમામ ૧૩ લોકસભા બેઠકો પર પાર્ટીની જીત સુનિશ્ચિત કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરવા જણાવ્યું હતું. તેમણે તમામ હરીફ પક્ષના નેતાઓને જેલમાં ધકેલી દેવાનો આરોપ લગાવતા ભાજપની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, આપણા દેશમાં જે સરમુખત્યારશાહી ચાલી રહી છે તે સ્વીકાર્ય નથી. ભારતે છેલ્લા ૭૫ વર્ષોમાં આવો સમયગાળો ક્યારેય જોયો નથી અનેક વિપક્ષી નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. રશિયાની જેમ, જ્યાં વ્લાદિમીર પુતિને કાં તો બધા હરીફ નેતાઓને જેલમાં મોકલી દીધા હતા અથવા તેમને મારી નાખ્યા હતા અને પછી ચૂંટણીઓ કરી હતી અને ૮૭ ટકા મત મેળવ્યા હતા. જ્યારે કોઈ વિરોધ ન હોય, ત્યારે તમે જ મત મેળવશો. કેજરીવાલને ૧૦ મેના રોજ દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા જેથી તેમને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવાની મંજૂરી મળી શકે. તે ૨ જૂને પાછો જેલમાં પાછા આવશે. તેમણે કહ્યું કે, ''તેઓએ મને જેલમાં ધકેલી દીધા, મનીષ સિસોદિયાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા, કોંગ્રેસ પાર્ટીનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું, તેઓ ટીએમસીને પરેશાન કરી રહ્યા છે, તામિલનાડુમાં સ્ટાલિનના મંત્રીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. બધાને જેલમાં નાખો. પછી માત્ર એક પક્ષ અને એક નેતા રહેશે પણ લોકશાહી ટકી શકશે નહીં. અમારે આ થવા દેવાની જરૂર નથી. AAPના રાષ્ટ્રીય સંયોજકે આરોપ લગાવ્યો કે તિહાર જેલમાં તેમના સેલમાં બે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા અને તેઓ જેલમાં શું કરી રહ્યા હતા તેના પર ચોવીસ કલાક નજર રાખવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે તેમના સેલના સીસીટીવી ફીડ પર ૧૩ અધિકારીઓ ૨૪ કલાક નજર રાખતા હતા. મને કહેવામાં આવ્યું હતું કે એક ફીડ પીએમઓમાં જતી હતી, અને કેજરીવાલ સેલમાં શું કરી રહ્યા છે તે જોવા માટે બે ટીવી સેટ પર તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેઓએ મને માનસિક રીતે તોડવાનો પ્રયાસ કર્યો. હું ધ્યાન કરતો અને પુસ્તકો વાંચતો હતો. આ મારી આંતરિક શક્તિ છે. ભાજપ પર પ્રહાર કરતા કેજરીવાલે આરોપ લગાવ્યો કે પાર્ટીનો હેતુ તેમની ધરપકડ કરવાનો છે અને ત્યાર બાદ પાર્ટી તૂટી જશે અને સરકાર પડી જશે. પણ તેનાથી ઊલટું થયું. AAP એક પરિવાર છે અને જ્યારે કોઈ પરિવારને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે છે, ત્યારે તે બધા ભેગા થાય છે. એક કેજરીવાલની ધરપકડથી કંઈ થશે નહીં અને AAPને કંઈ અસર થશે નહીં, અમારો દરેક કાર્યકર કેજરીવાલ છે. દિલ્હીના મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે જેલ મેન્યુઅલ મુજબ જો સુપરિન્ટેન્ડેન્ટ ઈચ્છે તો એક રૂમમાં મીટિંગ ગોઠવી શકાય છે. જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમને જેલમાં મળવા આવ્યા ત્યારે તેમની મુલાકાત એક રૂમમાં ગોઠવવામાં આવી ન હતી. કેજરીવાલે પક્ષના નેતાઓ અને અધિકારીઓને પંજાબની તમામ ૧૩ બેઠકો પર વિજય સુનિશ્ચિત કરવા સખત મહેનત કરવા જણાવ્યું હતું.

# 'કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચેની ચેટ શોધી કાઢી' : EDએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારના દિવસે જણાવ્યું હતું કે, તેને દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં અપરાધની કથિત રકમ અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચેની ચેટ મળી છે. EDએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી કેસમાં આરોપી બનાવ્યા છે. એજન્સીનો દાવો છે કે, કેજરીવાલે તેમના ડિવાઈસનો પાસવર્ડ શેર કરવાનો ઈનકાર કર્યા બાદ હવાલા ઓપરેટર્સના ડિવાઈસમાંથી ચેટ રિકવર કરવામાં આવી હતી. કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડની માન્યતાને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજી પર સુનાવણી દરમિયાન આ દલીલ કરવામાં આવી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની સર્વોચ્ચ અદાલતની બેન્ચે કેજરીવાલ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવી અને એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુની દલીલો સાંભળ્યા બાદ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. બેન્ચે તેના આદેશમાં જણાવ્યું હતું, દલીલો સાંભળવામાં આવી. નિર્ણય અનામત રાખ્યો હતો. આ હોવા છતાં અને અધિકારો અને દલીલો માટે પૂર્વગ્રહ વિના, અપીલકર્તા કાયદા અનુસાર જામીન આપવા માટે ટ્રાયલ કોર્ટનો સંપર્ક કરી શકે છે. દિલ્હીના મુખ્યમંત્રીની મની લોન્ડ્રિંગ કેસમાં ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે તેમને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે ૧૦ મેથી ૧લી જૂન સુધી વચગાળાના જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે તેમને ૨ જૂને આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી (AAP) વિરુદ્ધ દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત અનિયમિતતાના કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે, ચાર્જશીટમાં તેમને આરોપી ઠેરવવામાં આવ્યા છે. આ ઘટનાક્રમથી વાકેફ એક અધિકારીએ જણાવ્યું હતું કે, નિર્વિવાદ પુરાવાના આધારે વિગતવાર ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જે દર્શાવે છે કે, કેજરીવાલ મુખ્ય કાવતરાખોર છે, જેમણે દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના પદનો ઉપયોગ કરીને કંપની એટલે કે આપ દ્વારા PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ)ની કલમ ૪ હેઠળ મની લોન્ડ્રિંગ જેવા ગુનાને અંજામ આપ્યો છે. અધિકારીએ કહ્યું, આપને PMLA હેઠળ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું છે કારણ કે, તે એક્સાઈઝ પોલિસીમાં પેદા થયેલા ગુનાની આવકના મુખ્ય લાભાર્થી હતા. કેટલાક દારૂના વેપારીઓની તરફેણ કરવા માટે લેવામાં આવેલી ૧૦૦ કરોડ રૂપિયાની લાંચમાંથી ઓછામાં ઓછાં ૪૫ કરોડ રૂપિયાનો ઉપયોગ AAPના ગોવા ચૂંટણી પ્રચાર માટે કરવામાં આવ્યો હતો અને રાષ્ટ્રીય સંયોજક અને પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્યો તરીકે કેજરીવાલ આખરે ભંડોળ ઉપયોગ અને નિર્માણ માટે જવાબદાર હતા. આ ચાર્જશીટ નવેમ્બર ૨૦૨૨થી એક્સાઈઝ કેસમાં PMLA હેઠળ ED દ્વારા દાખલ કરવામાં આવેલી શ્રેણીમાં આઠમી ચાર્જશીટ છે.

# એક્સાઈઝ કૌભાંડમાં ધરપકડ સામે કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે શુક્રવારે, ૧૭ મે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ દ્વારા મની લોન્ડ્રિંગમાં ED દ્વારા તેમની ધરપકડને પડકારવા અંગેનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ કેસ કથિત એક્સાઈઝ કૌભાંડ સાથે જોડાયેલો હતો પરંતુ તેમને નિયમિત જામીન માટે ટ્રાયલ કોર્ટમાં જવાની સ્વતંત્રતા આપી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે કેજરીવાલ તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુને સાંભળ્યા બાદ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. બેન્ચે તેના આદેશમાં જણાવ્યું હતું કે, 'દલીલો સાંભળવામાં આવી. ચુકાદો અનામત રાખ્યો. તે જ હોવા છતાં અને અધિકારો અને દલીલો માટે પૂર્વગ્રહ વિના, અપીલકર્તા કાયદા અનુસાર જામીન આપવા માટે ટ્રાયલ કોર્ટમાં જઈ શકે છે.' ટોચની અદાલતે ૩૦ ઓક્ટોબર, ૨૦૨૩ પછી રેકોર્ડ કરાયેલ કેસ ફાઈલો અને સાક્ષીઓ અને આરોપીઓના નિવેદનોનો અભ્યાસ કર્યો, જે દિવસે AAPના વરિષ્ઠ નેતા મનિષ સિસોદિયાની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. સિસોદિયા કથિત કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચાર અને મની લોન્ડ્રિંગ બંને કેસમાં આરોપી છે. દિલ્હીના મુખ્યપ્રધાનની મની લોન્ડ્રિંગ કેસમાં ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી, જેમાં સર્વોચ્ચ અદાલતે તેમને લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે ૧૦ મેથી ૧ જૂન સુધી વચગાળાના જામીન પર રાખ્યા હતા. તેણે તેને ૨ જૂને આત્મસમર્પણ કરીને જેલમાં પાછા જવાનો આદેશ આપ્યો હતો. જો કે, કોર્ટે કેજરીવાલને તેમની ઓફિસ અથવા દિલ્હી સચિવાલયની મુલાકાત લેવા અને લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી મેળવવા માટે એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી સત્તાવાર ફાઈલો પર સહી કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ મામલો ૨૦૨૧-૨૨ માટે દિલ્હી સરકારની આબકારી નીતિની રચના અને અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચાર અને મની લોન્ડ્રિંગ સાથે સંબંધિત છે, જેને હવે રદ કરવામાં આવી છે.

# ભાજપની માધવી લતા દ્વારા મુસ્લિમ મહિલાને 'પરેશાન કરવામાં આવી' તે પછી તેણી મતદાન કર્યા વિના જ નીકળી ગઈ હતી : BLOનો દાવો

## હૈદરાબાદના એક મતદાન મથક પર બુરખા પહેરેલી મહિલાઓને બુરખો ઉઠાવવા માટે દબાણ કરવા બદલ માધવી લતા પર કેસ દાખલ કરવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૧૭

હૈદરાબાદમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ઉમેદવાર માધવી લથા દ્વારા તેણીના મતવિસ્તારના એક મતદાન મથક પર ફરજિયાત 'વેરિફિકેશન'નો ભોગ બનેલી મુસ્લિમ મહિલા પૈકીની એક, મતદાન કર્યા વિના જ પાછી ફરી હતી. આ માહિતી બૂથ લેવલ ઓફિસર (અથવા મતદાન કેન્દ્રના BLO)એ આપી હતી. મલકપેટમાં હૈદરાબાદના અસ્મનગઢમાં બૂથ ૪૬ના બીએલઓ એમ. અરૂણાએ જણાવ્યું હતું કે, હું મારૂં કામ કરી રહી હતી ત્યારે મેડમ માધવી લથા અંદર આવ્યા અને મતદાન કેન્દ્રમાં બેઠેલી ચાર બુરખા પહેરેલી મહિલાઓને પૂછ્યું કે શું તેઓએ તેમનો મત આપ્યો છે. તેઓએ કહ્યું કે, તેઓ રાહ જોઈ રહ્યા હતા. એ પછી મેડમે આરોપ લગાવ્યો કે એક મુસ્લિમ મહિલાના આઈડી કાર્ડનો ફોટો તેના ચહેરા સાથે મેળ ખાતો નથી અને મુસ્લિમ મહિલાએ તેનું આધારકાર્ડ પણ બતાવવાની માંગ કરી. મહિલાએ કહ્યું કે, તેની પાસે તેનું આધારકાર્ડ નથી અને તે મતદાન કર્યા વિના જ પાછી ગઈ હતી. મને ખાતરી નથી કે તે ફરી વોટ આપવા આવી છે કે નહીં. લથાએ આ અંગે બૂથ પર એક મહિલા પોલીસ અધિકારીને પૂછપરછ કરી તો અધિકારીએ કહ્યું કે, આવી બાબતોની ચકાસણી કરવાનું તેમનું કામ નથી. ચાર વખતના હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી સામે ચૂંટણી લડી રહેલ બીજેપી નેતા પર ૧૩ મેના રોજ મલકપેટ પોલીસ દ્વારા કેસ નોંધવામાં આવ્યો હતો. ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં ચોથા તબક્કાના મતદાનના દિવસે તેણીએ કથિત રીતે અનેક બુરખાઓ પહેરેલી મહિલાઓના આઈડી કાર્ડની માગણી કરી હતી.



હૈદરાબાદના ગોશામહાલ વિધાનસભા મતવિસ્તારમાં પોલીસ અધિકારીની ફરજોમાં કથિત રીતે અવરોધ લાવવા બદલ મંગલહાટ પોલીસ સ્ટેશનમાં બીજા દિવસે લથા સામે બીજો કેસ નોંધવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કથિત વીડિયોમાં લથા બુરખા પહેરેલા મુસ્લિમ મતદારો પાસેથી આઈડી કાર્ડની માગણી કરતી જોવા મળે છે અને તેમને તેમનો બુરખો ઉઠાવી લેવા કહે છે જેથી તે તેમની ઓળખ 'ચકાસણી' કરી શકે. ઘણાએ લથા પર 'મુસ્લિમ મતદારોને ધમકાવવાનો' આરોપ મૂક્યો હતો, તેણીએ સમાચાર એજન્સીને કહ્યું કે, હું એક ઉમેદવાર છું. કાયદા મુજબ ઉમેદવારને આઈડી કાર્ડ્સ તપાસવાનો અધિકાર છે. ધ ક્વિન્ટ સાથે વાત કરતા BLO અરૂણાએ કહ્યું કે, અમને કોઈના બુરખા ઉપાડવાનું કહેવામાં આવ્યું નથી. અમારૂં કામ મતદારોને શું કરવું તે અંગે માર્ગદર્શન આપવાનું છે. અરૂણાની ફરિયાદના આધારે મલકપેટ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. BLOએ ધ ક્વિન્ટને પુષ્ટિ આપી હતી કે, 'વેરિફિકેશન' કરવામાં અન્ય ત્રણ મહિલાઓએ તેમના મત આપ્યા હતા. જો કે, સમગ્ર શહેરમાંથી કથિત દશ્યો દર્શાવે છે કે, લથાએ અન્ય બૂથની મુલાકાત લીધી હતી અને બુરખા પહેરેલા મતદારોની 'ચકાસણી' કરી હતી. હૈદરાબાદ સંસદીય ક્ષેત્ર હેઠળ આવતા ગોશામહાલ વિધાનસભા મતવિસ્તારમાં મતદારો સાથે 'હેરાફેરી' કરવા માટે ડમી ઈવીએમનો કથિત ઉપયોગ કરવા બદલ લાથા અને ભાજપના કાર્યકરો સામે એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મંગલહાટ પોલીસ સ્ટેશનના એક અધિકારી જી. સત્યનારાયણે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે ભાજપના બે કાર્યકરોને વિધાનસભા મતવિસ્તારમાં ભાજપ પક્ષના પ્રતીકો સાથે ડમી ઈવીએમ બતાવીને ભાજપ માટે પ્રચાર કરવા માટે કસ્ટડીમાં લીધા હતા. ૧૪ મેના રોજ તેલંગાણા ફોર પીસ એન્ડ યુનિટીએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ને પત્ર લખીને માધવી લથા સામે પગલાં લેવાની માંગ કરી હતી. તેમાં લખ્યું છે કે, અમે ભારતીય જનતા પાર્ટી અને હૈદરાબાદના તેમના સાંસદ ઉમેદવાર માધવી લથા વિરુદ્ધ મતદારોને ડરાવવા માટે હાલની ફરિયાદ નોંધાવી રહ્યા છીએ. આવા વર્તનને કારણે મુસ્લિમ મહિલા મતદારોના મતદાન પર બાકીના દિવસ માટે સંભવિતપણે પ્રતિકૂળ અસર થઈ હતી. ચૂંટણી આચારના નિયમો, ૧૯૬૧ મુજબ, ફક્ત પ્રિસાઈડિંગ ઓફિસર અથવા તેમના દ્વારા અધિકૃત વ્યક્તિ જ મતદારની ઓળખ ચકાસી શકે છે :

- પ્રિસાઈડિંગ ઓફિસર મતદારોની ઓળખ કરવામાં મદદ કરવા અથવા અન્યથા મતદાન લેવામાં મદદ કરવા માટે યોગ્ય લાગે તેવી વ્યક્તિઓને મતદાન મથક પર નિયુક્ત કરી શકે છે.
- જેમ-જેમ દરેક મતદાર મતદાન મથકમાં પ્રવેશે છે, પ્રિસાઈડિંગ ઓફિસર અથવા તેમના દ્વારા આ વતી અધિકૃત કરાયેલા મતદાન અધિકારીએ મતદાર યાદીમાં સંબંધિત એન્ટ્રી સાથે મતદારનું નામ અને અન્ય વિગતો તપાસવી પડશે અને પછી સીરિયલ નંબર, નામ અને અન્ય વિગતો જણાવવી પડશે.

ઘૂંઘટ અથવા બુરખો પહેરેલી મહિલાઓ માટે ECI દ્વારા પ્રિસાઈડિંગ ઓફિસરની હેન્ડબૂક જણાવે છે કે, જો તમારા મતદાન મથક પર પર્યાપ્ત સંખ્યામાં બુરખા પહેરેલી મહિલા મતદારો આવે છે તમારે તેમની ઓળખ માટે વિશેષ વ્યવસ્થા કરવી જોઈએ.

# વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ SCBAના પ્રમુખ તરીકે ચૂંટાયા

## સૂત્રોના જણાવ્યા અનુસાર કપિલ સિબ્બલને ૧૦૦૦થી વધુ વોટ મળ્યા જ્યારે પ્રદીપકુમાર રાયને ૬૫૦થી વધુ વોટ મળ્યા હતા

(એજન્સી) તા.૧૭

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)ના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

ગુરૂવારે એસોસિએશનની ચૂંટણી યોજાઈ હતી. સિબ્બલ ઉપરાંત વરિષ્ઠ વકીલ આદિશ સી. અગ્રવાલા, પ્રદીપકુમાર રાય, પ્રિયા હિંગોરાની અને વકીલ ત્રિપુરારી રે અને નીરજ શ્રીવાસ્તવ SCBA પ્રમુખ પદ માટે ચૂંટણી લડી રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર કપિલ સિબ્બલને ૧૦૦૦થી વધુ વોટ મળ્યા જ્યારે રાયને ૬૫૦થી વધુ વોટ મળ્યા હતા.

હાર્વર્ડ લો સ્કૂલના સ્નાતક, સિબ્બલ ૧૯૮૯-૯૦ દરમિયાન ભારતના એડિશનલ સોલિસિટર જનરલ હતા. તેમને ૧૯૮૩માં વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૧૯૯૫ અને ૨૦૦૨ની વચ્ચે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારમાં પૂર્વ મંત્રી કપિલ સિબ્બલે ત્રણ વખત SCBA પ્રમુખ તરીકે સેવા આપી હતી.

સર્વોચ્ચ અદાલતે અગાઉ નિર્દેશ આપ્યો હતો કે, SCBAની કાર્યકારી સમિતિમાં કેટલીક જગ્યાઓ મહિલા સભ્યો માટે આરક્ષિત રાખવામાં આવે.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું હતું કે, એવું માનવામાં આવે છે કે, SCBA એક અગ્રણી સંસ્થા છે અને દેશના સર્વોચ્ચ ન્યાયિક મંચનો અભિન્ન ભાગ છે.



તેમણે નિર્દેશ આપ્યો હતો કે, SCBA માટે મહિલા સભ્યો માટેની અનામત હશે. બેન્ચે કહ્યું હતું કે, આગામી ૨૦૨૪-૨૦૨૫ SCBA ચૂંટણીમાં એક્ઝિક્યુટિવ કમિટીનું મુખ્ય પદ મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

સિબ્બલના એસસીબીએના પ્રમુખ પદ પર ચૂંટાયા અંગે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, 'કપિલ સિબ્બલ હાલમાં જ સર્વોચ્ચ અદાલત બાર એસોસિએશનના પ્રમુખ તરીકે બહુમતીથી ચૂંટાયા છે. આ ઉદાર, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક પ્રગતિશીલ દળો અને લોકોની મોટી જીત છે.' તેમણે કહ્યું, 'આ રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ ટૂંક સમયમાં થનારા ફેરફારોનું ટ્રેલર પણ છે. ટૂંક સમયમાં પૂર્વ શાસનના કાયદાકીય ડ્રમબીટર્સ અને ચીયરલીડર્સને આંચકો લાગશે.'

# "મમતા બેનરજી કઈ કિંમતે વેચાશે" દીદી વિરુદ્ધ આવી ટિપ્પણી કરવા બદલ ભાજપના ઉમેદવાર અને પૂર્વ જજ ગંગોપાધ્યાય સામે TMCએ ચૂંટણી પંચમાં કરી ફરિયાદ

**● TMC નેતા અને પ.બંગાળના મંત્રી શશી પંજાએ કહ્યું કે, ગંગોપાધ્યાયે મમતા બેનરજી વિરુદ્ધ જાતીય ટિપ્પણી કરીને તમામ મર્યાદાઓ વટાવી દીધી છે ● ગંગોપાધ્યાયને એમ કહેતા સાંભળી શકાય છે કે, મુખ્યમંત્રી મમતા બેનરજી કઈ કિંમતે વેચાશે**

(એજન્સી) તા.૧૭

કલકત્તા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ અને પશ્ચિમ બંગાળની તમલુક સંસદીય બેઠક પરથી ભાજપના ઉમેદવાર અભિજિત ગંગોપાધ્યાય એક નવા વિવાદમાં ફસાયા છે. તેમણે ગુરૂવારે મુખ્યમંત્રી મમતા બેનરજીને કયા ભાવે વેચાશે તેવો સવાલ કરીને રાજ્યમાં રાજકીય વિવાદ અને ખળભળાટ મચાવી દીધો છે.

વાયરલ વીડિયોમાં ગંગોપાધ્યાય કહેતા સાંભળવા મળે છે. વીડિયોમાં તે કથિત રીતે કહી રહ્યા છે કે, 'મમતા બેનરજી, તમે તમારી જાતને કયા ભાવે વેચો છો ? શું તે ૧૦ લાખ રૂપિયા છે ?' અમે આ વીડિયોની પુષ્ટિ નથી કરતા. જો કે, વીડિયો જેમાં પૂર્વ ન્યાયાધીશે એવું પણ કહ્યું હતું કે, બેનરજી બંગાળના જાણીતા બ્યુટી થેરાપિસ્ટ દ્વારા તેમનો મેક-અપ કરાવે છે. ગંગોપાધ્યાયે પણ કથિત રીતે કહ્યું હતું કે, 'મને ઘણીવાર શંકા છે કે, તમે સ્ત્રી છો કે નહીં.'

પૂર્વ જજની આ ટિપ્પણી પર તૃણમૂલ કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે અને ગંગોપાધ્યાય પર મહિલાઓના અપમાનનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ ભાજપે ૧૯ સેકન્ડની વીડિયો ક્લિપની સત્યતા પર જ સવાલો ઉઠાવ્યા છે. ટીએમસી નેતાઓએ ચૂંટણી પંચને ગંગોપાધ્યાય વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ટીએમસીના પ્રવક્તા શાંતનુ સેને કહ્યું, 'આ શરમજનક બાબત છે કે, પૂર્વ ન્યાયાધીશ દેશના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી પર આરોપ લગાવવા માટે આવી ભાષાનો ઉપયોગ કરે છે. આ ભાજપ દ્વારા ગેરંટી લાગે છે કે, તેના શાસનમાં મહિલાઓનું અપમાન થશે.'

બીજી તરફ ભાજપના નેતાઓએ દાવો કર્યો છે કે, વાયરલ વીડિયો નકલી છે. બંગાળ બીજેપીના મુખ્ય પ્રવક્તા સમિક ભટ્ટાચાર્યએ કહ્યું, 'વીડિયો નકલી છે. તે ટીએમસીની ષડ્યંત્ર છે. ભાજપને બદનામ કરવા



માટે નકલી વીડિયો બહાર પાડવામાં આવ્યો છે પરંતુ આવી રણનીતિની લોકસભા ચૂંટણીના પરિણામો પર કોઈ અસર નહીં થાય.'

તમને જણાવી દઈએ કે અભિજિત ગંગોપાધ્યાયે પાંચ માર્ચે પોતાનું રાજીનામું સીધું રાષ્ટ્રપતિને મોકલી દીધું હતું અને સ્વૈચ્છિક નિવૃત્તિ માટે કહ્યું હતું. તેમનું રાજીનામું બંધારણની કલમ ૨૧૭(૧)(એ) હેઠળ તરત જ અસરકારક હતું. બે દિવસ પછી ૭ માર્ચે તેઓ ભાજપમાં જોડાયા. આ અંગે તૃણમૂલ કોંગ્રેસના વડા અને મુખ્યમંત્રી મમતા બેનરજીએ આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમણે જસ્ટિસ ગંગોપાધ્યાય દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતા કારણ કે, તેમાંના મોટાભાગના તેમના પક્ષના નેતાઓ અથવા તેમની સરકાર વિરુદ્ધ હતા. શિક્ષક ભરતી કૌભાંડમાં ભ્રષ્ટાચારના કેસમાં ગંગોપાધ્યાયે પોતે ચુકાદો આપ્યો હતો અને ૨૪,૦૦૦ શિક્ષકોની નિમણૂક રદ કરવાનો આદેશ આપ્યો હતો. વર્તમાન ચૂંટણીમાં ભાજપે આને મુદ્દો બનાવ્યો છે.

# આ ઉદ્યોગસાહસિક મહિલાએ ૨૫૫૬ કરોડ રૂપિયાની કંપની ચલાવવામાં તેના પિતાને મદદ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ઘણા યુવા ઉદ્યોગસાહસિકો તેમના પારિવારિક વ્યવસાયોમાં ટોચના હોદ્દા પર કામ કરી રહ્યા છે. તેઓ જુનિયર દરજ્જા સાથે બિઝનેસમાં જોડાય છે પરંતુ પછી પોતાની જાતને સાબિત કરીને ટોચના સ્થાને પહોંચે છે. આવી જ એક વ્યક્તિ જે તેના પિતાને લોકપ્રિય બ્રાન્ડ ચલાવવામાં મદદ કરી રહી છે તે અક્ષલી શાહ છે. તે પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે, જે તેના પિતા અને પરિવાર દ્વારા સ્થપાયેલી કંપની છે. કંપની, જેની માર્કેટ કેપ ૨૫૫૬ કરોડ રૂપિયા છે, તે દૂધ અને દૂધની બનાવટોનું ઉત્પાદન, માર્કેટિંગ અને વેચાણ કરે છે. અક્ષલી ડેરી ઉદ્યોગમાં ૧૪ વર્ષનો અનુભવ ધરાવતી બીજી પેઢીની ઉદ્યોગ સાહસિક છે. તેને વરિષ્ઠ વી.પી. વ્યૂહરચના - વેચાણ અને માર્કેટિંગ તરીકે પરાગ મિલ્ક ફૂડ્સમાં એક દાયકાથી વધુનો અનુભવ છે. અક્ષલી ૨૦૧૦માં કંપનીમાં મેનેજમેન્ટ ટ્રેઈની તરીકે જોડાઈ હતી. ૩૩ વર્ષીય અક્ષલીએ એસ.પી. જૈન યુનિવર્સિટીમાંથી ફેમિલી બિઝનેસ મેનેજમેન્ટમાં



MBA છે. તેને વેચાણ, માર્કેટિંગ, ફાઈનાન્સ અને વ્યવસાયિક વ્યૂહરચનાઓ ઓળખવા, નિર્માણ અને અમલીકરણ સહિત અન્ય વિવિધ ક્ષેત્રોમાં અનુભવ છે. પરાગ મિલ્ક ફૂડ્સના સ્થાપક અને ચેરમેન અક્ષલીના પિતા દેવેન્દ્ર શાહે ૧૯૯૨માં પૂણે નજીક મંચરમાં એક નાના ડેરી યુનિટ તરીકે કંપનીની શરૂઆત કરી હતી. કંપનીની બ્રાન્ડ્સમાં ગોવર્ધન, ગો, પ્રાઈડ ઓફ કાઉઝ અને ટોપ અપનો સમાવેશ થાય છે. અક્ષલીએ ફાર્મ ટુ હોમ બિઝનેસ-પ્રાઈડ ઓફ કાઉઝ, સ્પોર્ટ્સ ન્યુટ્રિશન બ્રાન્ડ-અવતાર (છ પ્રોટીન) અને પીણાંના વ્યવસાયના વિકાસ જેવા ઉચ્ચ-મૂલ્યના ઉત્પાદન વ્યવસાયના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

# ભારતીય મૂળના સાત વિદ્યાર્થીઓએ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રતિષ્ઠિત શિષ્યવૃત્તિ મેળવી

## ભારતીય મૂળના વિદ્યાર્થીઓ દ્વારા અનુસરવામાં આવતી વિદ્યાશાખાઓ મેડિકલ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને કાયદાના ક્ષેત્રોમાં ફેલાયેલી છે

(એજન્સી) તા.૧૭

સાત ભારતીય મૂળના વિદ્યાર્થીઓએ આ વર્ષ માટે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત નાઈટ્સ-હેનેસી શિષ્યવૃત્તિ મેળવી છે. મૂળ-ભારતના અંક અગ્રવાલ, વસનકુમાર, અનીશ પપ્પુ, ઈશા સંઘવી, કૃતિકા સિંઘ, ક્રિષ્ના પાઠક અને રાહુલ પેનુમાકા શિષ્યવૃત્તિ માટે પસંદ કરાયેલા ૯૦ વિદ્વાનોમાં સામેલ છે જે વિશ્વની સૌથી મોટી ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનું જુથ છે. ભારતીય મૂળના વિદ્યાર્થીઓ દ્વારા અનુસરવામાં આવતી વિદ્યાશાખાઓ મેડિકલ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને કાયદાના ક્ષેત્રોમાં ફેલાયેલી છે. તેઓએ સંશોધન અને વિકાસ, નીતિ, ઉદ્યોગસાહસિકતા અને સામાજિક પ્રભાવમાં વિવિધ રસ દર્શાવતા પીએચડી, એમબીએ અને એમડી સુધીની ડિગ્રીઓમાં નોંધણી કરી છે.

સ્ટેનફોર્ડની તમામ સાત શાળાઓમાં ૪૫ સ્નાતક કાર્યક્રમોને અનુસરવા માટે પ્રથમ વખત ૩૦ દેશોના ૯૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. આ વર્ષના વિદ્વાનોના જૂથમાં ઓસ્ટ્રિયા, બહેરિન, બેલારૂસ, બોલિવિયા, બલ્ગેરિયા, ફ્રાન્સ અને શ્રીલંકાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

૨૦૨૪ બેચમાંથી ૪૭% વિદ્યાર્થીઓ પાસે નોન-યુએસ પાસપોર્ટ છે. નાઈટ-હેનેસી સ્કોલર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ટીના સીલિગે જણાવ્યું હતું કે, દરેક વિદ્વાન આપણા વિકસતા સમુદાય માટે એક અનન્ય પરિપ્રેક્ષ્ય



લાવે છે. વિશ્વના સૌથી મોટા પડકારોનો સામનો કરવાની તેમની ક્ષમતામાં યોગદાન આપતા, તેઓને સંબંધો બાંધતા અને શિસ્ત, સંસ્કૃતિ અને વિચારધારાઓમાં જ્ઞાન મેળવતા જોવું પ્રેરણાદાયક છે.

નાઈટ-હેનેસી એ યુનિવર્સિટી-વ્યાપી, સંપૂર્ણ સંપન્ન ગ્રેજ્યુએટ ફેલોશિપ છે અને તેના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસને આગળ વધારવા માટે ત્રણ વર્ષ સુધીની નાણાકીય સહાય મેળવે છે. વિદ્યાર્થીઓની પસંદગી તેમના વિચારોની સ્વતંત્રતા, હેતુપૂર્ણ નેતૃત્વ અને નાગરિક માનસિકતાના પ્રદર્શનના આધારે કરવામાં આવે છે.

# આ મહિલાએ પહેલાં TCSમાં કામ કર્યું પછી SBIની નોકરી છોડી અખિલ ભારતીય ક્રમાંક ૮૧૨ સાથે UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

UPSC પરીક્ષા પાસ કરવી એ કેટલાક માટે માત્ર એક મહત્ત્વાકાંક્ષા જ નથી હોતી, પરંતુ તે કેટલાક માટે જીવનનું એકમાત્ર ધ્યેય હોય છે. આ લેખમાં પશ્ચિમ બંગાળના એક સાધારણ પરિવારમાંથી આવતી પરમિતા મલાકરની વાત છે. ઉત્તમ પગાર સાથે સારી નોકરી હોવા છતાં પરમિતાએ UPSC પરીક્ષા આપવાનું નક્કી કર્યું. તેના પ્રથમ પ્રયત્નમાં તે પ્રિલિમ્સ પણ પાસ કરી શકી ન હતી, જેના કારણે તેનો આત્મવિશ્વાસ તૂટી ગયો હતો. પરમિતા મલાકરે ૨૦૧૨માં ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક પૂર્ણ કર્યું. સ્નાતક થયા પછી તેને બીપીઓમાં નોકરી મળી, જે તેના પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે જરૂરી હતી. જો કે, તેણે ત્યાં લાંબા સમય સુધી કામ કર્યું ન હતું અને કોર્પોરેટ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. થોડા પ્રયત્નો પછી પારમિતાને TCSમાં નોકરી મળી. આ સમયગાળા દરમિયાન, કામ કરતી વખતે તેણે ૨૦૧૮માં UPSC પરીક્ષા પાસ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. તેણે પરીક્ષા આપી પરંતુ તે ખરાબ રીતે નિષ્ફળ રહી. નોકરીને કારણે તેની પાસે તૈયારી માટે ઘણો ઓછો સમય હતો. ત્યારબાદ TCSમાં પણ તે લાંબો સમય કામ કરી શકી નહીં. નોકરી કરતી વખતે તેણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પરીક્ષા આપી અને પાસ કરી, બીજી નોકરી મેળવી. તેના પ્રથમ પ્રયત્નમાં UPSCમાં નિષ્ફળ જવાથી પરમિતાને પરીક્ષા પાસ કરવાની તેની ક્ષમતા પર શંકા થઈ. તેનો આત્મવિશ્વાસ તૂટી ગયો, પરંતુ તેણે પ્રયત્ન ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો. ૨૦૨૦માં તેણે સબ-ડિવિઝનલ ઈન્ફોર્મેશન એન્ડ કલ્ચરલ ઓફિસર (SDICO) તરીકે નોંધપાત્ર સ્થાન મેળવ્યું. ભારતીય માસ્ટરમાઈન્ડ્સ અનુસાર, પરમિતાએ પોતાનો આત્મવિશ્વાસ વધારવા માટે અન્ય નાની સરકારી નોકરીની પરીક્ષાઓ આપીને UPSC માટે તૈયારી કરવાનું ચાલુ રાખ્યું.



૩૦ વર્ષની થવા સુધીમાં તેણે LIC, બેંક ક્લાર્ક પીઓ, રેલવે અને પશ્ચિમ બંગાળ પબ્લિક સર્વિસ કમિશન માટે પરીક્ષા આપી હતી. ત્યાં સુધીમાં તે ચાર વખત UPSCમાં નાપાસ થઈ ચૂકી હતી. ૨૦૨૨માં સંપૂર્ણ તૈયારી સાથે તેણે UPSC પરીક્ષાના પ્રારંભિક અને મુખ્ય તબક્કાઓ પાસ કર્યા પરંતુ ઈન્ટરવ્યુ પાસ કરી શકી નહીં. તે તેના છઠ્ઠા પ્રયત્ન માટે તૈયારી કરી રહી હતી. ૨૦૨૩માં પારમિતાએ ફરીથી પરીક્ષા આપી, પ્રારંભિક અને મુખ્ય બંને તબક્કાઓમાંથી પસાર થઈ અને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવી. ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ જ્યારે UPSC પરિણામ જાહેર થયું, ત્યારે પરમિતાએ એક ચમત્કારિક ક્ષણનો અનુભવ કર્યો. તેનું નામ અખિલ ભારતીય ક્રમાંક ૮૧૨ સાથે મેરિટ લિસ્ટમાં હતું. તેની સફરને પ્રતિબિંબિત કરતા પારમિતા તે સમયને યાદ કરે છે જ્યારે વારંવારની નિષ્ફળતાએ તેના સંકલ્પને ડગમગાવી દીધો હતો. તેણે યાદ કર્યું હતું કે, સતત બદલાતી નોકરીઓએ મારો અભ્યાસ સમય મર્યાદિત કર્યો. ૨૦૨૨માં મેં મારી વ્યૂહરચના બદલી. મારા અંતિમ પ્રયત્નમાં હું હંમેશા ચિંતિત રહેતી કે હું પાસ થઈશ કે નહીં. વિશાળ અભ્યાસક્રમ અને મોક ટેસ્ટના અભાવે મારી ચિંતામાં વધારો કર્યો. જો કે, ૨૦૨૩માં મેં કોલકાતાની એક કોચિંગ સંસ્થામાં પ્રવેશ મેળવ્યો, જે ગેમ ચેન્જર સાબિત થયું.

# આ મહિલા ડોક્ટરે અખિલ ભારતીય ક્રમાંક ૯ સાથે UPSC પરીક્ષા પાસ કરી પણ IAS ન બની, કારણ કે, તે IFS અધિકારી બનવા માંગે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાઓને દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે અને ઉમેદવારો આ પરીક્ષા પાસ કરી એક પ્રતિષ્ઠિત સરકારી નોકરી મેળવવામાં કોઈ કસર છોડતા નથી. ઘણા એવા છે, જેઓ UPSCના માર્ગે ચાલવા માટે તેમની આકર્ષક કારકિર્દી છોડી દે છે. આવી જ એક વ્યક્તિ છે અપાલા મિશ્રા, જે એક પ્રેક્ટિસ કરતી ડોક્ટર હતી અને તેણે પરીક્ષા પાસ કરવા માટે પોતાની પ્રેક્ટિસ છોડી દીધી હતી.



અપાલા ગાઝિયાબાદની છે, તેના પિતા સેનામાં નિવૃત્ત કર્નલ છે અને તેનો ભાઈ મેજર તરીકે ફરજ બજાવે છે. તેની માતા ડૉ.અપાલા મિશ્રા દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તેમના પરિવારમાં શિક્ષણ અને શૈક્ષણિક શ્રેષ્ઠતા હંમેશા પ્રાથમિકતા રહી છે.

ધો.૧૨ પછી તેણે આર્મી કોલેજમાંથી બેચલર ઈન ડેન્ટલ સર્જરી (BDS)ની ડિગ્રી મેળવી. તેમ છતાં તે હંમેશા IAS અધિકારી બનવાની મહત્ત્વાકાંક્ષા રાખતી હતી. તેથી તેનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેણે UPSCની તૈયારીઓ શરૂ કરી.

આખરે અખિલ ભારતીય ક્રમાંક ૯ સાથે ૨૦૨૦ની સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરવામાં અપાલાને ત્રણ વર્ષ લાગ્યા. જો કે, આ આશ્ચર્યજનક લાગે છે, તે IAS અધિકારી બની ન હતી. તે IFS અધિકારી બની, કારણ કે, આ તેની પ્રથમ પસંદગી હતી. તેણે UPSC ઈન્ટરવ્યુમાં ૨૭૫માંથી ૨૧૫ ગુણ મેળવ્યા, આમ તે પાંચ વર્ષમાં સૌથી વધુ ગુણ મેળવનાર બની.તેની તૈયારીની વ્યૂહરચના જાહેર કરતી વખતે તેણે કહ્યું કે, તે દરરોજ ૭-૮ કલાક અભ્યાસ કરતી હતી.

# જૂનાગઢના નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા મુખ્યમંત્રીને રજૂઆત

## ધારાસભ્ય સંજય કોરડિયા દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખાયો

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખાયો છે કે જૂનાગઢ શહેરમાં હાલ મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવરના નવીનીકરણની કામગીરી ગોકળગાયની ગતિથી ચાલી રહી છે. ગત વર્ષે શહેરમાં આ કામગીરીમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની બેદરકારીને કારણે વરસાદના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘુસ્યા હતા અને કુત્રિમ પુર હોનારતની પરિસ્થિતી ઉભી થયેલ જેને કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ચાલુવર્ષે આ બાબતનું પુનરાવર્તન ના થાય તે બાબતની તકેદારી/ કે કોઈ પ્રિ-પ્લાનીંગ મહાનગરપાલિકા દ્વારા કે કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવેલ નથી. જળસંગ્રહએ પાણીની સમસ્યા હલ કરવા માટે ઝાંઝરડા રોડ જોષીપરા તેમજ આસપાસની સોસાયટીઓમાં મુખ્ય જરૂરત હોઈ જે બાબતને ધ્યાને લઈ આકામગીરી મોનસુન પહેલા પુર્ણ થવી જોઈએ. હાલ કામની મુદત પણ પૂર્ણ થયેલ છે પરંતુ કામ પુર્ણ થયેલ નથી. હવે ચોમાસાને દોઢ માસ જેવો સમય બાકી છે. હાલની કામની ધીમી ગતિ જોતા દોઢ માસમાં કામ પુરુ થાય તેવુ લાગતુ નથી. ફરીથી વરસાદ થશે એટલે ગત વર્ષની જેમ કૃત્રિમ હોનારત સર્જાશે ત્યાં રહેણાંક વિસ્તારમાં નાના માણસો રહે છે તેની આર્થિક પરિસ્થિતી સાવ સાધારણ છે. ફરીથી પાછુ ત્યાં દીવાલ નબળી હોવાના કારણે સર્જાનાર પરિસ્થિતીની અસર આ લોકોને થશે એના જવાબદાર કોણ ? આ બાબતે મહાનગપાલિકા અને કોન્ટ્રાકરનુ ધ્યાન દોરવા છતા આ બાબતની ગંભીરતા લેવામાં આવેલ નથી કોઈ એકશન લેવાયેલ નથી કે આવનાર સમય માટેનો પ્રિ-એકશન પ્લાન કરેલ હોય તેવુ લાગતુ નથી. જે ધ્યાને લઈ તાકીદે લોકહિતમાં આ કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા અનુરોધ કર્યો છે. જો કે ધારાસભ્યના આ પત્ર એ સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. જુનાગઢ ભાજપમાં જૂથબંધી બહાર આવી છે. જૂનાગઢ શહેર ભાજપમાં ત્રણ, ચાર જૂથો છે.

# વૈકલ્પિક જગ્યા આપ્યા વિના અલથાણ વેજીટેબલ માર્કેટ તોડવાનું શરૂ કરાતા વેપારીઓમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

અલથાણ ટેનામેન્ટના રિડેવલપમેન્ટ બાદ સુરત મનપા દ્વારા અલથાણ વેજીટેબલ માર્કેટના રિડેવલપમેન્ટની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. નવા માર્કેટ માટેનો પ્લાન મંજૂર થઈ ગયો છે અને કોન્ટ્રાક્ટ આપી દેવાયો છે. આ દરમિયાન અહીં શાકભાજી વેચતા વેપારીઓને વૈકલ્પિક જગ્યા ફાળવવાનું વચન પાલિકા દ્વારા આપવામાં આવ્યું હતું, પરંતુ આજે સવારે જેસીબી લઈ પાલિકાનો સ્ટાફે વેજીટેબલ માર્કેટના શેડ તોડવાની કામગીરી શરૂ કરતા શાકભાજી વેચતા વેપારીઓ રોષે ભરાયા હતા. વિરોધના પગલે શાકભાજીના લારીવાળાને આઝાદનગરના રોડ શિવમ હોસ્પિટલની બાજુમાં વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવતા મામલો શાંત પડ્યો છે.આ અગાઉ શાકભાજીવાળાઓએ વૈકલ્પિક જગ્યાની માંગણી કરી હતી, પરંતુ અધિકારીઓએ આઝાદ નગરમાં રોડ પર ધંધો કરો એવું ચોપડાવી દીધું હતું. જો કે, વેપારીઓએ તેનો પણ વિરોધ કર્યો હતો. સ્થાનિક વેપારીઓએ રોષ વ્યક્ત કરતાં કહ્યું કે, ૨૦ વર્ષ પહેલાં અહીં પાલિકા દ્વારા જગ્યા ફાળવવામાં આવી હતી. ત્યારે લાયસન્સ બનાવાયા હતા. તેની અમે ૨૦ વર્ષથી શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવીએ છે. નવી માર્કેટ બને તેની સામે અમને વાંધો નથી, પરંતુ એ માર્કેટ ક્યારે બનશે તેની સમયમર્યાદા નક્કી નથી. અમારી માંગણી એટલી જ છે કે જ્યાં સુધી નવું માર્કેટ ન બને ત્યાં સુધી અમને શાકભાજી વેચવા માટે યોગ્ય જગ્યા ફાળવવામાં આવે. જ્યારે ટેનામેન્ટના રહીશોને નવા આવાસ બન્યા ત્યાં સુધી ભાડા આપવામાં આવ્યા તો પાલિકા અમને વેપાર કરવા માટે કોઈ જગ્યા પણ ન આપી શકે એવો પ્રશ્ન શાકભાજીવાળાઓએ ઉઠાવ્યો હતો. પાલિકાના ઝોનલ ચીફ જતીન દેસાઈએ કહ્યું કે, નવું માર્કેટ બનાવવા માટે જૂનું માર્કેટ તોડવામાં આવી રહ્યું છે. ત્યાં સુધી ફેરિયાઓ આઝાદનગરના રસ્તા પર વેપાર કરી શકે છે. જ્યારે નવું માર્કેટ બનશે ત્યારે જગ્યા ફાળવવામાં આવશે.

# ગારિયાધારના ફાચરિયા ગામે યુવકની હત્યા કરી લાશ સાંઠીના ઢગલાની નીચે છૂપાવી

ભાવનગર, તા.૧૭

ગારિયાધાર તાલુકાના ફાચરિયા ગામની વાડીમાં મજૂરી કામ માટે આવેલા એક શ્રમિકની પત્ની સાથે બીજા શ્રમિકને પ્રેમ સંબંધ હોવાની શંકા રાખી બે શખ્સોએ લોખંડની પાઈપ અને લાકડીના ફટકા મારી શ્રમિકને મોતને ઘાટ ઉતાર્યો હતો. યુવકની હત્યા કર્યા બાદ લાશને સાંઠીના ઢગની નીચે છૂપાવી દેવામાં આવી હતી. ગારિયાધાર પોલીસે આ બનાવ અંગે બે આરોપી સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગારિયાધારના ફાચરિયા ગામે રહેતા રાજેન્દ્રભાઈ વાઘાણીની વાડીમાં છેલ્લા ૨૦ દિવસથી દશેરિયા ઉર્ફે દિલીપ કેરિયાભાઈ બામણિયા, દશેરિયાની પત્ની ચંપા (મૂળ રહે. બડદલા, અલીરાજપુર) દિપક ઈદાભાઈ રાઠવા મૂળ રહે. દિવાન બંગલો, છોટાઉદેપુર) જીણાભાઈ ઈદાભાઈ રાઠવા સહિત છ લોકો મજૂરી કામ માટે વાડીની ઓરડીમાં રહેતા હતા.

ગુરૂવારે રાજેન્દ્રભાઈ વાડીએ ગયા ત્યારે ચંપા રડતી હતી અને તેણે જણાવ્યું હતું કે, જીણા રાઠવાને મારી સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખીને ગઈકાલે બુધવારે રાત્રે મારા પતિ તેમજ દિપક રાઠવાએ પાઈપ અને લાકડીના ફટકા મારી જીણા રાઠવાની હત્યા કરી નાંખી છે અને તેની લાશ સાંઠીના ઢગ નીચે મૂકી દીધી છે. આમ, પ્રેમ સંબંધની અદાવતમાં બંને શખ્સે જીણા રાઠવાની હત્યા કરી હોવાની જાણ થતાં જ રાજેન્દ્રભાઈએ તેમના સગા સંબંધીઓને ફોન કરી વાડીએ બોલાવ્યા હતા અને સાંઠીના ઢગ નીચે જોતા જીણા રાઠવાની લાશ પડેલી હોવાનું જોવા મળ્યું હતું. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી આવી હતી અને દશેરિયા ઉર્ફે દિલીપ કેરિયાભાઈ બામણિયા તથા દિપક રાઠવા સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

### સુરત એસીબીની સફળ ટ્રેપ

# ભરૂચ : ફેક્ટરી ઈન્સ્પેક્ટર ૧.૨૫ લાખની લાંચ લેતા ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)


ભરૂચ, તા.૧૭

ભરૂચના બહુમાળી બિલ્ડિંગમાં આવેલી નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના મદદનીશ નિયામક રૂા.૧.૨૫ લાખની લાંચ લેતા સુરત એસીબીએ રંગે હાથે ઝડપી પાડ્યો હતો. આ મામલે એસીબી ટીમે પંચોની રૂબરૂ પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામનાં ફરીયાદીએ નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ભરૂચ ખાતે નવી ફેક્ટરી ખોલવા માટે પ્લાનનાં નકશા મંજૂર કરવા જરૂરી દસ્તાવેજો સાથે પ્રફોર્મા મુજબ અરજી કરી હતી. જે અરજીમાં આક્ષેપિતે ક્વેરી



કાઢવામાં આવી હોય ક્વેરી સોલ્વ કરી આગળની કાર્યવાહી કરવાના માટે રૂ.૧,૨૫,૦૦૦ ની માંગણી મદદનીશ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,ભરૂચ, વર્ગ-૨ના અધિકારી જીગર જગદીશચંદ્ર પટેલે ફરિયાદી પાસે કરી હતી. જાગૃત નાગરિકે આ અંગેની જાણ સુરત એસીબી ટીમને કરી હતી.જેથી સુરત એંસીબી ટીમના પીઆઈ આર.કે.સોલંકીએ આજ રોજ ભરૂચની મદદનીશ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ખાતે લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જેમાં આ કામના આરોપી જીગર જગદીશચંદ્ર પટેલે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વિકારતા તેમની ચેમ્બરમાં એસીબીના રંગે હાથે ઝડપાઈ જતા તેમના હોશ ઉડી ગયા હતા. ટીમે તેમના વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ ચલાવી છે. ભરૂચમાં એસીબીની સફળ ટ્રેપના પગલે લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# પ્રાંતિજની સંસ્કાર વિદ્યાલયનું એસ.એસ.સી. બોર્ડનું ૭૯.૧૬ ટકા પરિણામ




(તસવીર : એમ.ઉમર મુન્શી, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતેની વર્ષો જૂની સંસ્થા એસ.એમ.વી. સોસાયટી દ્વારા સંસ્કાર વિદ્યાલય ચલાવવામાં આવે છે. જેમાં હાલ ધો. ૧થી ૧૦ના વર્ગો ચાલે છે. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડનું તાજેતરમાં પરિણામ જાહેર થયું. તેમાં સંસ્કાર વિદ્યાલય-પ્રાંતિજનું એસ.એસ.સી.નું પરિણામ ૭૯.૧૬ ટકા આવ્યું છે. જેનાં પગલે સંચાલક મંડળ તથા શાળાના શુભેચ્છકોમા હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. શાળાના ટોપ ફાઈવમાં પાંચ છોકરીઓએ મેદાન માર્યું છે. જયારે એક વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે.

# હીરબેન ભટ્ટે કુસ્તીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

ખેલ મહાકુંભ ૨.૦માં રાજ્ય કક્ષાની U-17 બહેનોની કુસ્તી સ્પર્ધા દેવગઢબારિયા ખાતે યોજાઈ હતી. જેમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત યોજના અંતર્ગત ચાલતી ઈનસ્કૂલ શ્રીમતી.વી.એમ. ઈંગ્લિશ મીડિયમ સ્કુલ-પંચમહાલ જિલ્લાના, હાલોલ તાલુકામાં તાલીમ મેળવી રહેલ ખેલાડી ભટ્ટ હીરબેન મુકેશભાઈ કુસ્તી રમતમાં ૬૯ વજન ગ્રુપમાં રાજ્ય કક્ષામાં બ્રોન્ઝ મેડલ મેળવી પંચમહાલ જિલ્લાનું તથા શાળાનું નામ રોશન કરેલ છે. તે બદલ ખેલાડી અને



તેને તાલીમ આપનાર કોચ અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર-પંચમહાલ વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ધાર્મિક કાર્યક્રમ

# આણંદમાં બજમે સરવર નાપામાં ગ્યારવી શરીફ રવિવારે

બજમે સરવર નાપા શરીફ તરફથી ગ્યારવીહ શરીફ તારીખ ૧૯/૦૫/૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન શહેજાદા એ સરવર શાહ પીરે તરીકત હજરત સૈયદ હાજી જહુર અહેમદ ઉર્ફે મસ્તાન બાવા તેમજ નવાસા એ સરવર શાહ પીરે તરીકત હજરત સૈયદ શકીલ અહેમદ ઉર્ફે અકીલ શાહ કાદરીની સદારતમા શુકુન પાર્ટી પ્લોટ, સામરખા ચોકડી આણંદ ખાતે મનાવવામા આવશે. આ પ્રસંગે નાતખ્વા અતા એ સરવર શાહ વ ખલીફા એ મસ્તાન બાવા સૈયદ તૌફીક અલી નાત પેશ કરશે અને ખલીફા એ મસ્તાન બાવા સૈયદ અકીલ અહેમદ પેશ ઈમામ જામા મસ્જિદ બાકરોલ તકરીર ફરમાવશે. ઝિક્ર શરીફ સલાતો સલામ બાદ નિયાઝ ખવડાવવામા આવશે. આ પ્રસંગે સેંકડો મુરીદ ભાઈઓ અને અકીદતમંદો હાજરી આપશે. આ પ્રસંગે તમામને હાજર રહેવા અપીલ કરવામાં આવે છે.

# ભરૂચ : નગરપાલિકા દ્વારા પ્રી-મોનસૂન કામગીરી હાથ ધરાઈ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૭

ભરૂચમાં આવનાર ચોમાસાના આગમન પૂર્વ ભરુચ નગરપાલિકા દ્વારા પ્રિ મોન્સુન કામગીરી હેઠળ વિવિધ કાંસની સફાઈ હાથ ધરવામાં આવી છે. ભરૂચ શહેરમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલની સમસ્યા સર્જાતી હોય છે. જેના નિવારણ માટે ભરૂચ પાલિકા દ્વારા શહેરની નાની મોટી ૨૨ થી વધુ કાંસોની સફાઈની કામગીરી શરૂ કરી છે.ભરૂચના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે આયોજનબધ્ધ રીતે આ કામગીરી કરવામાં આવે એ જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા વરસાદી કાંસોની સાફ-સફાઈ કરાવવા માટે લાખો રૂપિયા વેડફે છે પરંતુ તેમ છતાં શહેરમાં પાણીનો ભરાવો જોવા મળે છે ત્યારે આયોજન પૂર્વક આ કામગીરી કરવામાં આવે તો પાણીનો સીધો નિકાલ કરી શકાય તેમ છે. ઉલ્લેખનીય છે કે નગરપાલિકા દ્વારા હિટાચી મશીનો જેસીબી મશીન સહિતના ઉપકરણો સાથે કાંસની સફાઈ કરવામાં આવી રહી છે જેમાં ૭૦% કામગીરી નગરપાલિકા દ્વારા વરસાદ પહેલા જ પૂર્ણ કરી દેવામાં આવી છે આવનારા સમયમાં ભરૂચ શહેરની જનતાને પાણી ભરાવા સહિતની મુશ્કેલીઓનું સામનો ન કરવો પડે તે માટે સંપૂર્ણ તકેદારી ભરૂચ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

# ભાવનગરમાં હીટવેવની અસર તાપમાન ૪૧.૧ ડિગ્રીએ પહોંચ્યું

ભાવનગર, તા.૧૭

રાજયના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી બે દિવસની હીટવેવની આગાહીના પગલે ભાવનગર શહેરમાં ગુરૂવારે સતત બીજા દિવસે વૈશાખી વાયરા સાથે ૪૧.૧ ડિગ્રી તાપમાનથી આકાશમાંથી રીતસરના અંગારા વરસ્યા હતા. હીટવેવને લીધે બપોરના સમયે રીતસરની ગગનમાંથી અગનવર્ષા વરસી હતી અને લોકો હીટવેવથી ત્રાહિમામ પોકારી ગયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં જ ભાવનગર શહેરના મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો વધારો થયો હતો. ગુરૂવારે આ સિઝનની સર્વાધિક ગરમી વરસી હતી સાંજે ૮ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા લોકોએ બપોરે રીતસરના શેકાયા હોય તેવી ગરમી અનુભવી હતી. માનસિક રોગના નિષ્ણાતોનું કહેવું છે કે, હીટવેવમાં હતાશા વધે છે. હવે શરૂ થયેલા ગરમ પવનની અસરથી ભાવનગર શહેરમાં આ તા.પાંચ મે પછી બીજી વાર તાપમાનનો આંક ૪૧ ડિગ્રીને વટાવતા બપોરે ૧૨થી સાંજે ૪ વાગ્યા સુધી શહેરમાં રાહદારીઓ, વાહનચાલકોની હાલત કફોડી બની હતી અને લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા.

ભાવનગર શહેરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલી આકરી ગરમીથી બપોરના સમયે શહેરના માર્ગો સૂમસામ જણાયા હતા. સાથે ૪૧% ભેજ સાથે ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો.

# ધી વલણ હાઈસ્કૂલનું ધો.૧૦નું ૭૪.૧૦ ટકા, ધો. ૧૨ વિ.પ્રવાહનું ૭૭.૨૭ ટકા, સા.પ્ર.નું ૮૮.૨૪ ટકા પરિણામ

પાલેજ,તા.૧૭

ધી વલણ એજ્યુકેશનલ એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત ધી વલણ હાઈસ્કૂલ, વલણનું માર્ચ ૨૦૨૪માં લેવાયેલી ધો.૧૦ એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ૭૪.૧૦ટકા તથા એચ.એસ.સી. વિ.પ્રવાહનું ૭૭.૨૭ ટકા અને સામાન્ય પ્ર.નું પરિણામ ૮૮.૨૪ ટકા આવેલ છે. ધોરણ ૧૦માં પ્રથમ ક્રમાંક કિડિયા હુમેરા યાકુબ ૯૩.૮૩ ટકા, દ્વિતીય ક્રમાંક ચણા અહમદ મો.હનીફ ૮૯.૩૩ ટકા અને કુરૈશી દિદારફાતેમા મહંમદહુશેન ૮૯.૧૭ ટકા મેળવ્યા છે. જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે ખત્રી વસીમાબેન નાશીરભાઈ ૮૬.૨૦ ટકા, દ્વિતીય ક્રમાંકે ચકા અનશ મુસ્તાક ૮૩.૨૦ ટકા અને સૈયદ જુનેદઅલી ઈદ્રિશઅલી ૮૦.૮૦ટકા મેળવ્યા હતા. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે દિવાન રેહાન ઈલ્યાસ ૯૦.૪૩ટકા, દ્વિતીય ક્રમાંકે ભગત મો.ઉમેર અલ્તાફહુસેન ૮૪.૨૯ ટકા અને પટેલ ઝૈબાબાનુ ઝાકીરભાઈ ૮૩.૭૧ ટકા લાવી શાળા પરિવાર અને ગામનું નામ રોશન કર્યું હતું. ઉત્કૃષ્ટ પરિણામ મેળવવા બદલ શાળા સંચાલક મંડળ તરફથી સમગ્ર શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નર્મદા જિલ્લા તંત્રના અધિકારીઓના પાપે છ બાળકો સહિત સાત જણ ડૂબ્યા હોવાની ચર્ચા

## રેતી માફિયાઓએ ખનન કરીને નદીમાં મોટા ખાડાઓ કર્યા જેમાં બાળકો ઊંડા પાણીમાં ગરક થયા હતા

રાજપીપળા, તા.૧૭

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઈચા ગામ નજીક આવેલ નર્મદા નદીમા ૬ માસુમો સહિત ૭ વ્યક્તિઓ ડૂબી ગયા હતા. જો કે અહીં રેતી માફીયાઓ દ્વારા રેતી ખનન કરીને મોટા ખાડાઓ કરી દેવામાં આવેલ હોવાથી આ પ્રકારની ઘટના બની હોય તેવું જોવા મળી રહ્યું છે. ત્યારે અધિકારીઓ દ્વારા રેતી માફીયાઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાને કારણે રેતી માફીયાઓ આટલા બેફામ બન્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. નર્મદા જિલ્લાના પોઈચા નર્મદા નદીના કિનારે રેતી માફીયાઓ દ્વારા રાત-દિવસ ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. ત્યારે નીતિ નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે રેતી ખનન કરનાર ભુમાફીયાઓને કોણ પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. તે પણ એક તપાસનો વિષય બની ગયો છે. તેમજ આ ગેરકાયદેસર રેતી ખનન અંગે પ્રવાસીઓને કોઈ જાણ નથી હોતી અને ભૂમાફિયાઓ દ્વારા મસ મોટા ખાડાઓ કરી દેવામાં આવતા હોય છે. ત્યારે આ ઊંડા ખાડાઓને કારણે અવારનવાર આ પ્રકારની ઘટના બનતી હોય છે .અને કેટલાય લોકો એ પોતાનો જીવ ગુમાવવો પડતો હોય છે. વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા રેતી માફીયાઓ સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે અધિકારીઓની કામગીરી પણ શંકા ઉપજાવે તેવી જોવા મળી રહી છે. જો વહીવટી તંત્રના અધિકારીઓએ પોતાની ફરજ સમજીને પહેલાથી જ આ રેતી માફીયાઓ સામે કાર્યવાહી કરી હોત તો આ પ્રકારે લોકોએ પોતાનો જીવ ગુમાવવો જ પડ્યો ન હોત. આવા અનેક સવાલ સાથે પંથકમાં અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે.

### સુરતમાં અરજદારને પડતી અગવડને પગલે વરાછાના જનપ્રતિનિધિના સૂચનો

# કલેક્ટરને રજૂઆત બાદ ધારાસભ્ય કાનાણીએ કચેરીમાં જાત નિરીક્ષણ કર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ગઈકાલે તા.૧૫મી મે ને બુધવારના દિવસે સુરત જિલ્લા કલેક્ટરને એક પત્ર લખી વિદ્યાર્થી અને વાલીઓને આવકના દાખલા મેળવવામાં પડતી તકલીફનું નિવારણ લાવવા અપીલ કરી હતી. કલેક્ટરે પત્રને ધ્યાને લીધો કે નહીં તે તો ખબર નહીં પરંતુ લોકોની સમસ્યા દૂર કરવા ધારાસભ્ય કુમાર કાનાણી આજે જ નાગરિક સુવિધા કેન્દ્રો પર પહોંચી ગયા હતા અને કર્મચારી-અધિકારીઓને લોકો માટે સારૂં કામ કરવા સલાહ આપી હતી. લેટર લખ્યાના બીજા દિવસે કુમાર કાનાણી ઝોન ઓફિસ પહોંચ્યા હતાં. મામલતદાર સહિતના અધિકારીઓ તાત્કાલિક ઓફિસે પહોંચ્યા હતાં. લોકોને તડકામાં મુશ્કેલી ન પડે તે માટે મંડપ પણ બાંધી દેવાયો હતો. સાથે જ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. કુમાર કાનાણીએ મામલતદાર સહિતના અધિકારીઓને જરૂરી સૂચન આપી લોકો સાથે વાતચીત પણ કરી હતી. કુમાર કાનાણીએ કહ્યું કે, ધો.૧૦ અને ૧૨ના રિઝલ્ટ બાદ આવકના દાખલા, ક્રિમિલેયર સર્ટિફિકેટ માટે વાલી, વિદ્યાર્થીઓનો કચેરીઓ પર ધસારો થઈ રહયો છે. ત્યારે લોકોને તડકામાં કલાકો સુધી ઉભા રહેવું પડે છે. તેઓને ઝડપથી દાખલા મળી રહ્યા નથી તેવી ફરિયાદ મળી હતી. આ મામલે કલેક્ટરને પત્ર લખી લોકો માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અપીલ કરી હતી, તેની કેટલી અસર પડી તે જોવા આવ્યો છું. આજે હું જાતે સ્થળ પર આવ્યો છે. કાનાણીએ કહ્યું કે, હું જોવા માંગતો હતો કે મારી રજૂઆતથી કોઈ ફરક પડ્યો છે કે નહીં જોકે, વ્યવસ્થા થઈ છે. તડકામાં લોકોને ઉભા ન રહેવું પડે તે માટે મંડપ બાંધી દેવાયા છે. પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

### પેસેજમાં ડ્રેનેજનું પાણી વહેતું હોવાની રાવ

# સુરતનાં આનંદ મહેલ રોડ પર મનપાના આવાસમાં પારાવાર ગંદકી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

સુરત શહેરમાં સફાઈની કામગીરી કરી શહેરને સ્વચ્છતામાં અગ્રેસર લાવનારા પાલિકાના ચોથા વર્ગના કર્મચારીઓના આવાસમાં જ પારાવાર ગંદકી થઈ રહી છે. રાંદેર ઝોનમાં આનંદ મહેલ રોડ પર પાલિકાના આવાસમાં પારાવાર ગંદકી પેસેજમાં ડ્રેનેજના પાણી વહેતું હોવાથી વસવાટ કરતા લોકોના આરોગ્ય સામે પ્રશ્નઉભો થયો છે. આ ઉપરાંત પાલિકાના ચોથા વર્ગના કર્મચારીઓ માટે બનાવેલા આવાસ ભાડે અપાયાની ફરિયાદ થઈ રહી છે. આવી અનેક ફરિયાદ હોવા છતાં પણ આ જગ્યાએ સફાઈ કરવામાં આવતી નથી.

સુરત પાલિકાના રાંદેર ઝોનમાં આનંદ મહલ રોડ પર પાલિકાના ચોથા વર્ગના કર્મચારીઓ માટે આવાસ બનાવવામા આવ્યા છે. આ કેમ્પસમાં છેલ્લા કેટલાક વખતથી ભારે ગંદકી ફેલાઈ રહી છે. સુરત પાલિકાના સફાઈ કર્મચારીઓ માટે આનંદ મહલ રોડ પર આવાસ બનાવવામા આવ્યા છે. પરંતુ તેમાં હાલ ગંદકીની સમસ્યા વધી રહી છે. આ અંગે પાલિકાને ફરિયાદ કરવામાં આવી છે કે ચોથા વર્ગના કર્મચારીઓ માટે આવાસ બનાવવામાં આવ્યા છે તે આવાસમાં કર્મચારીઓ ભાગ્યે જ રહે છે મોટા ભાગના આવાસ ભાડે આપી દેવામા આવ્યા છે. કેટલાક આવાસમાંથી ગંદકી ફેલાઈ રહી છે અને તેના કારણે પેસેજમાં પણ ગંદા પાણી ફેલાઈ રહયા છે. જેના કારણે આ આવાસમાં કેટલાક સફાઈ કર્મચારીઓ રહે છે તેમના આરોગ્ય સામે પ્રશ્ન ઉભો થયો છે. કેટલાક કર્મચારીઓએ આવાસ ભાડે આપી દીધા છે પરંતુ અન્ય કર્મચારીઓની હાલત કફોડી થઈ રહી છે. તેથી તાકીદે ગંદકીની સફાઈ કરાવવા સાથે જવાબદાર સામે પગલાં ભરવા માટેની માગણી થઈ રહી છે.

# ભાવનગરની યુવતી ઉપર બોટાદના યુવકે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું

ભાવનગર, તા.૧૭

ભાવનગરમાં રહેતી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી મૂળ નવસારીની યુવતીને બોટાદમાં રહેતા શખ્સે લગ્ન કરશે તેવી લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરવાના બનાવમાં સંડોવાયેલા આરોપીના પિતાએ આગોતરા જામીન અરજી મૂકતા ન્યાયાધીશે અરજદારની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા કેટલાક વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે અને બોટાદમાં રહેતો આરોપી જય ગવલી પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હોવાના કારણે બંને વર્ષ ૨૦૨૧માં એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. આરોપીએ યુવતીને લગ્નની લાલચ આપી હતી અને તેણે વારંવાર યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ યુવતીના બિભત્સ ફોટોગ્રાફ્સ પણ મેળવ્યા હતા. પોલીસે આ બનાવ અંગે જય તેમજ તેના માતા-પિતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યા બાદ આરોપીના પિતા દિનકરભાઈ ગવલીએ આગોતરા જામીન અરજી મૂકતા તેની સુનાવણીમાં સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, તપાસ હાલ નિર્ણાયક તબક્કમાં છે ત્યારે જો આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો તે પુરાવ સાથે ચેડાં કરશે. તપાસ અધિકારીએ સોગંદનામુ રજૂ કરી આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂર હોય આગોતરા અરજી નામંજૂર કરવાની રજૂઆત કરી હતી. ન્યાયાધીશે બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

### ખેડા સ્થિત ફ્રોઝન ઓરેન્જ પલ્પ કંપનીના ખાદ્ય નમૂના મિસ બ્રાન્ડેડ જાહેર

# કોકાકોલા કંપનીને ૧૫ લાખનો દંડ ફટકારાયો

**● અગાઉના એક કેસમાં પણ પેઢીને ૮ લાખનો દંડ ફટકારાયો ● ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ વર્ષ ૨૦૨૨માં નમૂના લઈ ફૂડ એનાલિસ્ટ ભૂજને ચકાસણી અર્થે મોકલતા નમૂના મિસ બ્રાન્ડેડ જાહેર થયા હતા**


અમદાવાદ,તા.૧૭


રાજયમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાના બનાવો અવારનવાર સામે આવે છે ત્યારે ખેડામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વર્ષ ૨૦૨૨માં લીધેલા ફ્રોજન ઓરેન્જ પલ્પના નમુના મિસ બ્રાન્ડ જાહેર થયા હતા જેને કારણે ખેડામાં કોકાકોલા કંપનીને અધિક નિવાસી કલેકટર દ્વારા ૧૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સમગ્ર બાબત જોઈએ તો રાજયના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુકત મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજયમાં ખાદ્ય ચીજોના નમુનાનું પરીક્ષણ કરી કાયદાના ભંગ કરતા તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરે છે ત્યારે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દ્વારા નડિયાદ કચેરીને ગોબલજ, તા. જિ. ખેડા ખાતે તા. ૧૪-૦૯-૨૦૨૨ ના રોજ રૂટીન તપાસ દરમિયાન લેબલીંગની મિસ્ટેકવાળા ઈમ્પોટેડ ફ્રોઝન ઓરેંજ પલ્પ ના સ્ટોરેજ પેઢી કોલ્ડ મેન લોજીસ્ટીક પ્રા. લી. ને. હાઈવે નં. ૮, બીડજ ખાતે તા જી. ખેડામાં પેઢી હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી., મુ. ગોબલેજ તા. માતર જી. ખેડા નો ઈમ્પોર્ટ કરાયેલા ઈનગ્રેડીયેન્ટસ (ફ્રોઝન ઓરેન્જ પલ્પ-પીસ રીવર બ્રાંડ-૨૦ કિગ્રા. પેક બોક્સ X ૪૦૦ બોક્સ = ૮૦૦૦ કિગ્રા)નો જથ્થો સંગ્રહ થયેલ છે તેવુ જોવા મળ્યું હતું. નડિયાદ-ખેડા કચેરી ના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફટી ઓફિસરો દ્વારા સંયુક્ત પણે રેડ કરી શંકાસ્પદ ખાદ્ય પદાર્થના નમુના લેવાની કામગીરી કરવામાં આવી હતી. જે અન્વયે, મે. હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસ પ્રા. લી. નામની પેઢીના નોમીની અભિષેક પ્રેમપ્રકાશ અગ્રવાલની હાજરીમાં નમુનો લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત આશરે ૮૦૦૦ કિલોગ્રામ નો જથ્થો કે જેની અંદાજીત કિંમત રૂ.૧૧ લાખ થાય છે, તે શંકાસ્પદ જથ્થો સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવ્યો હતો અને જપ્ત કરાયેલ આ નમૂનો ફુડ એનાલીસ્ટ ભુજ ને નિયમાનુસાર ચકાસણી અર્થે મોકલી આવ્યો હતો. જે તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ મીસબ્રાન્ડેડ જાહેર કરવામાં આવ્યો હતો ત્યારે આ કેસ ને લગતી તમામ માહિતી મેળવી તા. ૦૪/૧૧/૨૦૨૩ ના રોજ એડ્જ્યુડીકેટીંગ ઓફિસર ખેડા (નડિયાદ) સમક્ષ ફુડ સેફટી ઓફિસર દ્વારા કુલ પાંચ ઈસમો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે બાબતે તાજેતરમાં એડ્જ્યુડીકેશન ઓફિસર દ્વારા ગુના ની ગંભીરતા ને ધ્યાને લેતા તમામે તમામ પાંચે ઈસમો ને કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ દંડ કરવામાં આવ્યો છે.જે કુલ દંડ (રૂપિયા પંદર લાખ) જેટલો છે. જયારે આ પેઢી દ્વારા અગાઉ વર્ષ ૨૦૨૧ માં પણ આ પ્રકારની ગુનો કરતા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે અંગે પણ તેઓને એડ્જ્યુડીકેશન ઓફિસર દ્વારા (રૂપિયા આઠ લાખ)નો દંડ કરવામાં આવ્યો હતો. આ અંગે (ડો. એચ.જી. કોશિયા) કમિશનર ઓફ ફુડ સેફટી ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ જણાવ્યું છે કે આજ દિન સુધી માં સબસ્ટાન્ડર્ડ/મિસબ્રાંડેડ જાહેર થયેલા ખાદ્યપદાર્થના નમુના માં રૂ ૩૭ કરોડ થી પણ વધુનો દંડ રાજયના વિવિધ જીલ્લાના એડ્જ્યુડીકેશન ઓફિસર દ્વારા જે તે ખોરાક વિક્રેતા/ઉત્પાદકો ને ફટકારવામાં આવ્યો છે. આમ કડક કાર્યવાહી થતા ભેળસેળ કરનારાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# બોડેલીના જોજવા ગામે નકલી મરચું બનાવતી ફેક્ટરી પકડાઈ, ચાર ટન નકલી મરચું કબજે

ગાંધીનગર, તા.૧૭

બોડેલી તાલુકાના જોજવા ગામે નકલી મરચું બનાવતી ફેક્ટરી ફૂડ સેફટી અધિકારી ઝડપી પાડી આશરે ૪૦૨૭ કિલોગ્રામ નકલી મરચાંનો જથ્થો જેની અંદાજીત કિંમત રૂા.૬,૨૦,૦૦૦/- ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખોરાક અને ઔષધ નિયમન ખાતા ગાંધીનગરની ફૂડ ટીમ તથા છોટા ઉદેપુર જિલ્લાની ફૂડ ટીમ દ્વારા બોડેલી તાલુકાના જોજવા ગામે વેપારી ખત્રી મયુદ્દીનભાઈ નુરમોહંમદભાઈ ફૂડ સેફટી પરવાનો મેળવ્યા વગર સર્વે નં-૪૩/૨ પૈકી ૧ વાળી જમીનમાંથી



૨૫૦૦ ચોરસ ફૂટમાં તૈયાર કરેલ શેડ, હલકી કક્ષાનાં મરચાં પાવડરમાં અખાદ્ય કલર તથા ઓલીયો ભેળસેળનું કૌભાંડ પકડી પાડેલ છે. સદર કૌભાંડ પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ ઉપર મરચાં પાવડરનું ઉત્પાદન થતુ હતું અને મરચા પાવડરમાં અખાદ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ થતી હતી. તપાસ દરમિયાન સ્થળ પર "અખાદ્ય લાલ કલર"નો ૨૫ કિલોગ્રામ જથ્થો તથા "Capsicum Oleoresin"નો ૯ કિલોગ્રામ જથ્થો સ્થળ પર જ હાજર સ્ટોકમાં પકડી પાડેલ છે. વેપારી દ્વારા મરચાં પાવડર એક્સ્ટ્રા હોટ તેજા મરચું અને કાશ્મીરી કુમઠી (મોળુ મરચું) લેબલથી પેક કરતા હતા જેના પર કાયદા મુજબ બેચ નમ્બર, પેકિંગ તારીખ, ઉત્પાદકનું સરનામું કે અન્ય કોઈ માહિતી છાપેલ ન હતી, તથા લૂઝમાં મરચા પાવડરનો જથ્થો માનવ વપરાશ અર્થે તૈયાર કરેલ હતો, વધુમાં સ્થળ પરથી આશરે ૪૦૨૭ કિલોગ્રામ નકલી મરચાં જથ્થો જેની અંદાજીત કિંમત રૂા.૬,૨૦,૦૦૦/- જથ્થો જપ્ત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વડોદરા સેશન્સ કોર્ટે આરોપીઓની જામીન અરજી રદ કરી

# હરણી બોટ દુર્ઘટનાના સૂત્રધાર પરેશ તથા તેના પુત્ર સહિતના જામીન ફગાવાયા

**અન્ય ૧૪ આરોપીઓ જામીન પર મુક્ત**

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૭

વડોદરા શહેરના હરણી તળાવ ખાતે ગત તા.૧૮ જન્યુઆરી ૨૦૨૪ના રોજ, વાઘોડીયા રોડ સ્થિત ન્યૂ સનરાઈઝ સ્કૂલના ભૂલાકાઓ પ્રવાસે આવ્યાં હતા. જયાં બોટની ક્ષમતા કરતા વધુ બાળકો બોટમાં બેસાડતા પલટી મારી અને ૧૨ માસૂમ બાળકો અને ૨ શિક્ષિકાઓએ જીવ ગુમાવ્યો હતો. આ મામલે કોટિયા પ્રોજેક્ટસના તમામ ભાગીદારો તથા પેટા કોન્ટ્રાક્ટર મળી કુલ ૨૦ લોકો સામે ગુનો નોધી તમામની ધરપકડ કરવમાં આવી હતી. ત્યારે આ ગુનામાં સામેલ ત્રણ આરોપીઓએ વડોદરા સેશન કોર્ટમાં જામીન અરજી કરતા આજે ત્રણેયની જામીન અરજી સેશન કોર્ટે રદ કરી હતી. હરણી બોટ દુર્ઘટનાએ સમગ્ર રાજયને હચમચાવી નાખ્યું હતું. કોટિયા પ્રોજેક્ટસના તમામ ભાગીદારો અને પેટા કોન્ટ્રાક્ટ તથા હરણી લેક ઝોન પર કામ કરતા બોટ ચાલક, સુપરવાઈઝર અને મેનેજરની ધરપકડ કરવામાં આવી હતી. બીજી તરફ આ મામલે હાઈકોર્ટે પણ કોન્ટ્રાક્ટ આપનાર વડોદરા મહાનગર પાલિકાના તત્કાલીન મ્યુનિસીપલ કમિશન ડો, વિનોદ રાવે આપેલી મંજુર અંગે પણ ટકોર કરી તપાસના આદેશ કર્યા હતા. દરમિયાન કોટિયા પ્રોજેક્ટસના મહિલા ભાગીદાર નૂતન શાહ, નેહા દોશી અને તેજલ આશીષ દોષી અને વૈશાખી પરેશ શાહના થોડા દિવસો પૂર્વે હાઈકોર્ટે જામીન મંજુર કર્યા હતા. ત્યારબાદ વડોદરા કોર્ટે કુલ ૧૧ આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા. જોકે આમને પણ જામીન મળી જવાની આશા હોવાથી પરેશ શાહ, વત્સલ શાહ અને શાંતિલાલ સોલંકીએ સેશન કોર્ટમાં જામીન અરજી કરી હતી. જો કે આજરોજ સેશન કોર્ટે આ ત્રણેયની જામીન અરજી રદ કરતા, હવે વધુ સમય જેલમાં રહેવાનો વારો આવ્યો છે.

### 'હું તને બીજે લગ્ન નહીં કરવા દઉં'; પાટણમાં સામે આવ્યો અનોખો કિસ્સો

# યુવકે પ્રેમિકાના લગ્ન પ્રસંગમાં પહોંચી લગ્ન મંડપમાં ભારે હોબાળો મચાવ્યો

**યુવતીના દાદાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમદાવાદ, તા.૧૭

છેલ્લા કેટલાક સમયથી અવાર-નવાર એવા કિસ્સા સામે છે જે ચૌકાવી દે છે ત્યારે પાટણમાં પણ એક અજીબો-ગરીબ કિસ્સો સામે આવ્યો છે. પાટણમાં પ્રેમિકા અને પ્રેમીનો અનોખો કિસ્સો સામે આવ્યો. 'હું તારી સાથે જ લગ્ન કરવા માંગુ છું' એમ કહી યુવાને લગ્નમાં ધમાલ મચાવી. આ કિસ્સામાં યુવકે પ્રેમિકાના લગ્નમાં મોટો હોબાળો મચાવ્યો હતો. યુવતી લગ્ન કરી રહી હતી ત્યારે ફિલ્મી સ્ટાઈલની જેમ જ એક યુવાન ત્યાં પંહોચ્યો અને યુવતી તેની સાથે જ લગ્ન કરે તેવું દબાણ કરતો હતો અને સાથે શાબ્દિક ધમકી પણ ઉચ્ચારી કે તારા લગ્ન બીજે નહિં થવા દઉ. ત્યારે યુવતીના દાદાએ પોલીસ બોલાવતા પોલીસે આ મામલાની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

કોઈ ફિલ્મની સ્ટોરીની જેમ પાટણમાં પણ એક લગ્ન પ્રસંગ દરમ્યાન રોમાંચક સીન જોવા મળયો હતો. યુવતીના લગ્નની વિધિઓ થઈ રહી હતી ત્યારે અચાનક એક યુવક આવી ચડ્યો હતો. આ યુવક લગ્ન મંડપમાં આવીને મોટે-મોટેથી કહેવા લાગ્યો 'હું તારી સાથે જ લગ્ન કરવા માંગુ છું'. હું તને પ્રેમ કરું છું. તારે મારી સાથે જ લગ્ન કરવાના છે. હું તારા લગ્ન બીજે નહિ થવા દઉ એમ કહી યુવાને લગ્નમંડપમાં તોફાન મચાવ્યું હતું. લગ્ન મંડપને ઉખેડી નાંખવાની ધમકી આપતા યુવતીના પરિવારનાં લોકો સાથે કરી મારામારી કરી હતી. આ ઝગડામાં પરીવારના કેટલાક લોકોને ઈજા પંહોચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે યુવાનના આતંકથી પરેશાન યુવતીના દાદાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસ આ મામલાની નોંધ લેતા તપાસ હાથ ધરી છે. યુવતીના લગ્નમંડપમાં યુવાનનું પંહોચી જવું અને ધમાલ કરવું તે આપણને હિન્દી ફિલ્મની સ્ટોરી જેવું લાગે છે. આજકાલ લોકો પ્રેમમાં જલદી પડે છે અને વિખૂટા પણ જલદી પડે છે. આજે યુવક અને યુવતી ફ્રેન્ડશિપને કેટલીક વખત પ્રેમ માનવા લાગે છે. ત્યારે બીજાને એ સમજાવવું મુશ્કેલ બને છે. છોકરીઓ સહેજ હસીને વાત કરે તો યુવાનો તરત જ તેને પોતાની પ્રેમિકા માનવા લાગે છે. આવો જ કિસ્સો પાટણમાં જોવા મળ્યો. જો કે પોલીસમાં ફરિયાદ થયા બાદ મામલાની વધુ વિગતો સામે આવશે.

# ધોરણ-૮ પાસ વિદ્યાર્થી ધોરણ-૯માં પ્રવેશ મેળવે તેનું ટ્રેકિંગ કરવામાં આવશે

**● અમદાવાદ ગ્રામ્ય DEO દ્વારા બાળકોનું ટ્રેકિંગ કરી ડેટા એન્ટ્રી કરવા સૂચના આપવામાં આવી ● અમદાવાદ શહેરમાં પણ સ્કૂલોને ૧૦૦ ટકા નામાંકન કરવા માટે ડીઈઓની તાકીદ**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ધોરણ-૮માં પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓ ધોરણ-૯માં પ્રવેશ મેળવે તે માટે ચાઈલ્ડ ટ્રેકિંગ કરાશે. અમદાવાદ ગ્રામ્ય DEO દ્વારા બાળકોનું ટ્રેકિંગ કરી તે અંગેની એન્ટ્રી કરવા માટે સુચના આપી છે. ઉપરાંત જો કોઈ બાળક પ્રવેશ ન મેળવે તો તે અંગેનું કારણ દર્શાવવા માટે પણ સુચના અપાઈ છે. અમદાવાદ ગ્રામ્યની સાથે અમદાવાદ શહેરમાં પણ ધોરણ-૯માં ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે સ્કૂલોને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપા જહાએ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં ધોરણ-૮નો અભ્યાસ પુર્ણ કરી ધોરણ-૯માં પ્રવેશ મેળવનારા તમામ વિદ્યાર્થીઓનું સ્કૂલ ટ્રેકિંગ કરવાનું નક્કી કર્યુ છે. જેથી ધોરણ-૮ પછી ધોરણ-૯માં પ્રવેશ વખતે ડ્રોપ આઉટ રેશ્યો ઘટાડી શકાય અને ધોરણ-૮ પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓ ધોરણ-૯માં પ્રવેશ મેળવે તે પણ સુનિશ્ચિત કરી શકાશે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ધોરણ-૮ પાસ થયેલા વિદ્યાર્થીઓ કે જે હવે ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર છે તેમની યાદી તૈયાર કરી છે અને આ યાદીના આધારે ટ્રેકિંગની ડેટા એન્ટ્રીની કામગીરી કરવા માટે જણાવાયું છે.

અમદાવાદ ગ્રામ્યના બાળકોની ટ્રેકિંગની તમામ માહિતી ઝઈઝ કો-ઓર્ડિનેટર તેમજ શાળાના મુખ્ય શિક્ષકે ભરવાની રહેશે, તેમજ આ અંગેનું સંકલન મ્ઈઝ કો-ઓર્ડિનેટરે કરવાનું રહેશે. ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં એન્ટ્રી કરવાની જવાબદારી બાળક ધોરણ-૯માં જે શાળામાં દાખલ થયો હોય તે શાળાની રહેશે. જો, કોઈ બાળક ધોરણ-૯માં પ્રવેશ ન મળવે તો તે અંગેનું કારણ દર્શાવવાનું રહેશે. અમદાવાદ શહેર DEO દ્વારા પણ શહેરની તમામ સ્કૂલોને ધોરણ-૮માં પાસ થયેલા વિદ્યાર્થીઓના ૧૦૦ ટકા પ્રવેશ ધોરણ-૯માં થાય તે માટે તાકીદ કરી છે.


## તેજસ્વી તારલા

અમદાવાદના વટવા વિસ્તારમાં રહેનાર રંગરેજ મોહમ્મદ જીશાન ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૯૨.૨૨ પર્સેન્ટાઈલ ગુણ સાથે




ઉત્તીર્ણ થયો છે. ફર્નિચર કારપેન્ટર રંગરેજ અબ્દુલ વાહિદના પુત્રે પોતાની સિદ્ધિ બદલ તેના શિક્ષકો અને માતા-પિતાને સફળતાનો શ્રેય આપ્યો છે. મોહમ્મદ જીશાન ભવિષ્યમાં કોમર્સ પ્રવાહમાં અભ્યાસ કરીને આઈએએસ બનવા ઈચ્છે છે.

ધોરણ-૧૦ના પરિણામમાં પાટીવાલા મોઅજજમા મોહંમદ મુસ્તાકએ ૯૭.૧૫ પી.આર.




સાથે એ-૧ ગ્રેડ મેળવી પરિવાર અને શાળાનું નામ રોશન કર્યુ છે.

તિરમીઝી મોઈન માહિર હુસેને ધોરણ ૧૦ની બોર્ડની




પરીક્ષામાં ૯૫.૩૯ પર્સન્ટાઈલ રેન્ક સાથે ૮૯% ગુણ મેળવી ઉત્તિર્ણ થઈ પરિવારનું નામ રોશન કર્યું છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ટંકશાલી નોમાન



આસીફ ઈકબાલે ૯૭.૨૫ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી સમાજ અને પરિવારનું નામ રોશન કર્યું છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં શેખ લાએબાબાનું મોહંમદ ઈમરાને એ-૨ ગ્રેડ સાથે ૯૭.૪૯




પી.આર. મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. તેણીએ કેમિસ્ટ્રી વિષયમાં ૯૫ ગુણ અને બાયોલોજી વિષયમાં ૯૭ ગુણ મેળવી પરિવારનું નામ રોશન કર્યું છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં મન્સુરી આયેશા શકીલભાઈએ એ-૨ ગ્રેડ સાથે



૯૬.૫૮ પી.આર. મેળવી પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યુ છે.

એસએસસી બોર્ડના



પરિણામમાં એફ.ડી. ઈંગ્લિશ હાઈસ્કૂલ, મક્તમપુરા, સારખેજ રોડની વિદ્યાર્થિની સૈયદ ઈન્સિયાફાતેમા સાહિદહુસેનએ ૯૫.૩૯ પી.આર. તથા એ-૨ ગ્રેડ મેળવીને શાળાનું તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.

ધોરણ-૧૦ના પરિણામમાં મન્સુરી આયેશા અબ્દુલ રશીદે



૮૫.૮૦ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે જર્મન કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગ

# રિન્યુએબલ એનર્જી-ઓટોમોબાઈલ સહિતના ક્ષેત્રે સહયોગ માટે તત્પર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી. જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી. ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેંક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ગિફ્ટ્સિટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી. તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટ્મેન્ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું.

જર્મન કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં AI, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજ્યોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદર, મુખ્યમંત્રીનાં સચિવ આ સૌજન્ય મુલાકાતમાં જોડાયા હતા.

### બનાવટી સહીઓ કરી વકફ બોર્ડમાં ખોટો રિપોર્ટ રજૂ કર્યો હતો

# સુરત : વકફ ટ્રિબ્યુનલ દ્વારા મસ્જિદના ટ્રસ્ટીઓ વિરૂદ્ધ FIR નોંધવાનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

ખોટી અને બનાવટી સહીઓ કરીને વકફ બોર્ડમાં ફેરફાર રિપોર્ટ રજૂ કરનારાઓ વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ધારા હેઠળ કાનૂની કાર્યવાહી કરવાનો આદેશ ગુજરાત રાજય વકફ ટ્રિબ્યુનલ ગાંધીનગર દ્વારા કરાયો છે. ટ્રિબ્યુનલ સમક્ષ થયેલી અરજી અંશતઃ મંજૂર કરાઈ હતી અને આદેશ કરાયો હતો કે, આ કામના સામાવાળા નુરમહંમદ બાગવાલા અને મોહંમદ શકીમિયા શેખ કે જે સુરતના નિવાસી છે. તેમણે ખલીફા મોહલ્લા મસ્જિદ વકફના પીટીઆરમાં મુત્તવલ્લી-ટ્રસ્ટી તરીકે પોતાના નામો દાખલ કરવા માટે ખોટા અને બનાવટી ઠરાવ તથા સહીઓ કરી ફેરફાર રિપોર્ટ રજૂ કર્યો હતો, જે રિપોર્ટ બિનતકરારી ગણી વકફ બોર્ડે મંજૂર કર્યો હતો. પરંતુ તેને પણ રદ કરવામાં આવે છે.

વકફ ટ્રિબ્યુનલના અધ્યક્ષ સવાઈસિંહ રાજપુરોહિત, સભ્ય અનવર હુસેન શેખ અને દિપેશ ચૌહાણ દ્વારા આ હુકમ કરાયો છે. જેમાં ઠરાવાયું છે કે, 'આ કામના સામાવાળાઓએ ખલીફા મોહલ્લા મસ્જિદ વકફના પીટીઆરમાં ટ્રસ્ટી તરીકે પોતાના નામો દાખલ કરવા માટે પોતાના સગા સંબંધીઓની સહીઓ લઈ ખોટો અને બનાવટી ઠરાવ ઊભો કરી વકફ બોર્ડમાં ફેરફાર રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રીતે તેમણે વકફ બોર્ડને ગેરમાર્ગે દોરી ફેરફાર રિપોર્ટ કર્યો હતો. જેને બિનતકરારી ગણી મંજૂર કરતો હુકમ મેળવી લીધો હતો. તેથી આ કામ કરનારાઓ વિરૂદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત સહિતની ધારા હેઠળ હુકૂમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવે. વિવાદીઓ દ્વારા ખલીફા મોહલ્લા મસ્જિદ, વકફની મિલક્ત પર સુરત મનપાની મંજૂરી વિના બે માળનું પાકું બાંધકામ કરાવેલું હોઈ અને બાંધકામ માટે ખલીફા મોહલ્લાવાસીઓ પાસેથી ગેરકાયદેસર રીતે નાણાં ઉપરાવેલા હોઈ તે અંગે તેઓની વિરૂદ્ધ વકફ અધિનિયમ ૧૯૯૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરાય. જો આ બાંધકામ ઈમ્પેક્ટ ફી ભરી રેગ્યુલરાઈઝ થવા પાત્ર હોય તો તે અંગે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાનો મુખ્ય કારોબારી અધિકારીને આદેશ કરવામાં આવે છે. ઈમ્પેક્ટ ફી અને તે અંગે થતો તમામ ખર્ચ આ કામના વિવાદીઓ તથા હનીફ જી. શેખ અને વસીમ જરીવાલા પાસેથી વસૂલ કરવો. વધુમાં એવો આદેશ કરાયો છે કે, હાલના તબક્કે ખલીફા મોહલ્લા મસ્જિદ વકફનો સુયોગ્ય વહીવટ થાય, વકફની મિલકતને નુકસાન ન થાય તથા વકફના ગેરવહીવટ તથા વક્ફની આવક-જાવક અને નાણાકીય ઉચાપતની વકફ અધિનિયમ ૧૯૯૫ની કમલ ૭૦ની જોગવાઈ મુજબ યોગ્ય તપાસ કરી તપાસ પૂર્ણ ન થાય તે સમય દરમિયાન ખલીફા મોહલ્લા મસ્જિદ વકફ તથા વકફની મિલકતોના સુયોગ્ય વહીવટ માટે વહીવટદારની છ મહિના માટે નિમણૂક કરવામાં આવે. જેનો પગાર વકફના કાયદા મુજબ ચૂકવવાનો રહેશે.

### અમદાવાદમાં ફરી એક વખત આગની ઘટના

# સીજી રોડના કોમ્પ્લેક્સના પહેલાં માળે આગ : ૧૦૦ લોકોનું રેસ્ક્યુ કરાયું

**ફાયર બ્રિગેડની ૧૫ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં ફરી એક વખત બિલ્ડીંગમાં આગનો બનાવ સામે આવ્યો છે. સીજી રોડ પર આવેલા પરિસીમા કોમ્પ્લેક્સમાં પહેલા માળે આજે સાંજના સમયે આગ લાગી હતી. આગ લાગવાની જાણ થતાં ફાયરબ્રિગેડની ૧૫ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. કોમ્પ્લેક્સના આર. કે. કુમાર ઓપ્ટિકલ્સ નામની દુકાન ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલી છે અને પહેલા માળે ચશ્માનું ગોડાઉન બનાવ્યું હતું. જેમાં ચશ્માની શોપમાં આગ લાગી હતી, જેને પગલે રોડ પર લોકોનાં ટોળા એકઠા થયા હતા. ફાયરબ્રિગેડે ૨ દિવ્યાંગ સહિત ૧૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું.ભારે જહેમત બાદ આગ કાબૂમાં લેવાઈ હતી. સીજી રોડ પર પરિસીમા કોમ્પ્લેક્સમાં પહેલા માળે સીડીની બાજુમાં આવેલી GF-14 નંબરની દુકાનમાં રાખેલા સામાનમાં આગ લાગી હતી. દુકાનમાં R KUMAR OPTICIANSનો ચશ્મા રાખવાના કવર અને અન્ય સામગ્રીમાં આકસ્મિક કારણથી આગ લાગી હતી. જેનાથી દુકાનની સામેની બાજુમાં મન મંદિર શોરૂમ અને અપરાધિતા દુકાનના એસીના આઉટ ડોર યુનિટમાં આગ પ્રસરી ગઈ હતી અને આઉટડોર યુનિટમાં ધડાકો થતાં સંપૂર્ણ બિલ્ડિંગના પગથિયાં મારફતે ધુમાડો ફેલાઈ ગયો હતો. જેમાં સંપૂર્ણ બિલ્ડિંગમાં કામ કરતા વ્યક્તિઓને સ્થળાંતર કરવાની કામગીરી ફાયર ફાયટિંગ સાથે કરવામાં આવી, જેમાં ૧૦૦થી વધુ લોકોને સહી સલામત રીતે રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે.

# ગાઝાના સમર્થનમાં ૧૦૦ કલાકારો UK મ્યુઝિક ફેસ્ટિવલમાંથી બહાર નીકળી ગયા

(એજન્સી) તા.૧૭

૧૦૦થી વધુ કલાકારોએ ગ્રેટ એસ્કેપ મ્યુઝિક ફેસ્ટિવલમાંથી બહાર નીકળી ગયા છે કારણ કે, આ ઈવેન્ટ બાર્કલેઝ દ્વારા પ્રાયોજિત છે, જે કાર્યકરો કહે છે કે, ઈઝરાયેલ સાથે વેપાર કરતી શસ્ત્ર કંપનીઓમાં રોકાણ કરે છે. બ્રિટનના દરિયા કિનારે આવેલા શહેર બ્રાઈટનમાં વાર્ષિક કોન્સર્ટમાં સામાન્ય રીતે લગભગ ૫૦૦ કલાકારો આવે છે, જો કે, હવે ગાઝામાં પેલેસ્ટીનીઓના સમર્થનમાં મોટી સંખ્યામાં કલાકારો બહાર આવ્યા છે. આ પગલું બેન્ડના બોયકોટ બાર્કલેઝ ઝુંબેશના ભાગરૂપે આવ્યું છે. એક નિવેદનમાં સમૂહે જણાવ્યું કે 'બાર્કલેઝ ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે નરસંહાર કરી રહ્યું છે અને પછી ગ્રેટ એસ્કેપ જેવા સંગીત ઉત્સવો સાથે ભાગીદારી કરીને તેની પ્રતિષ્ઠાને કલંકિત કરી રહ્યું છે. બાર્કલેઝ ઘણા વિરોધનો વિષય છે, જેમાં પેલેસ્ટીની સોલિડેરિટી કેમ્પેઈન (PSC) સમૂહો તેના ગ્રાહકોને ઈઝરાયેલને શસ્ત્રો સપ્લાય કરતી 'સંબંધો' સાથે 'નોંધપાત્ર નાણાકીય સંબંધો'નો ઉલ્લેખ કરીને તેમના નાણાં બેંકમાંથી દૂર કરવા આહ્‌વાન કર્યું છે. આ મહિનાની શરૂઆતમાં બહાર પાડવામાં આવેલ એક અહેવાલમાં જાણવા મળ્યું છે કે, બાર્કલેઝ પાસે હવે એવી કંપનીઓમાં £2 બિલિયન (૨૫૦ કરોડ ડૉલર)થી વધુ શેર છે જેમના શસ્ત્રો, ઘટકો અને લશ્કરી ટેક્નોલોજીનો ઉપયોગ ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓ વિરુદ્ધ હિંસામાં કરવામાં આવ્યો છે. બાર્કલેઝ આ હથિયારો અને લશ્કરી ટેક્નોલોજી કંપનીઓને £6.1 બિલિયન (૭૬૦ કરોડ ડૉલર)થી વધુની લોન અને અન્ડરરાઈટિંગ પણ પ્રદાન કરે છે. આમાં એલ્બિટ સિસ્ટમ્સમાં £2.7 મિલિયન (૩૩.૬૦ લાખ ડૉલર)નો હિસ્સો સામેલ છે, જે ઈઝરાયેલી સૈન્યને ગાઝામાં તેના હુમલામાં ઉપયોગમાં લેવાતા બખ્તરબંધ ડ્રોન, યુદ્ધસામગ્રી




અને આર્ટિલરી શસ્ત્રો પૂરા પાડે છે. આવા અહેવાલોને રદિયો આપતા, બેંક તેની વેબસાઈટ પર કહે છે. બાર્કલેઝ બે દલીલોના આધારે ગાઝાના સંબંધમાં ટીકાનો વિષય છે: બાર્કલેઝ આ વ્યવસાયોમાં રોકાણકાર છે અને અમે ગ્રાહકોને વિવિધ નાણાકીય સેવાઓ પ્રદાન કરીએ છીએ. જે સાધનોનું ઉત્પાદન કરે છે. ઈઝરાયેલી સંરક્ષણ દળો દ્વારા ઉપયોગમાં લેવાય છે. તેમણે જણાવ્યું કે, અમને પૂછવામાં આવ્યું છે કે, અમે ઈઝરાયેલને સપ્લાય કરતી નવ સંરક્ષણ કંપનીઓમાં શા માટે રોકાણ કરીએ છીએ, પરંતુ અમે જે કરીએ છીએ તે ખોટું છે. અમે ક્લાયન્ટની સૂચનાઓ અથવા માંગના પ્રતિભાવમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં વેપાર કરીએ છીએ અને પરિણામે અમારી પાસે શેર હોઈ શકે છે. અમે બાર્કલેઝ માટે રોકાણ કરી રહ્યા નથી અને આ કંપનીઓના સંબંધમાં આ અર્થમાં બાર્કલેઝ 'શેરહોલ્ડર' અથવા 'રોકાણકાર' નથી.

# ઈરાન શસ્ત્રો મોકલી રહ્યું હોવાના અહેવાલોને જોર્ડન મુસ્લિમ બ્રધરહૂડે નકાર્યા

(એજન્સી) તા.૧૭

જોર્ડનમાં મુસ્લિમ બ્રધરહૂડે રોઈટર્સના અહેવાલની ટીકા કરી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, સામ્રાજ્યએ તોડફોડના કૃત્યો કરવા માટે સમૂહમાં શસ્ત્રોની દાણચોરી કરવાના શંકાસ્પદ ઈરાની આગેવાની હેઠળના કાવતરાને નિષ્ફળ બનાવ્યો છે.

જૂથના પ્રવક્તા, મોઆઝ અલ-ખ્વાલ્ડેહે એક અખબારી નિવેદનમાં જણાવ્યું કે, 'આરોપોની સત્યતાની પુષ્ટિ કરવા માટે રોઈટર્સે સમુહના નેતૃત્વ સાથે વાતચીત કરવાની તસ્દી લીધા વિના તેની વાર્તા બે અનામી સ્ત્રોતોને આભારી છે, પરંતુ તેના બદલે તેને હકીકત તરીકે ગણવામાં આવે છે.'

ગઈકાલે રોઈટર્સે જોર્ડનના બે સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું કે, રાજ્યએ સીરિયાથી જોર્ડનિયન મુસ્લિમ બ્રધરહૂડ સેલમાં શસ્ત્રોની દાણચોરી કરવાની ઈરાની આગેવાનીવાળી કાવતરૂં નિષ્ફળ બનાવ્યું હતું, જે પેલેસ્ટીની સમૂહ હમાસ લશ્કરી શાખાથી સંબંધિત છે. રોઈટર્સે તેના અહેવાલમાં દાવો કર્યો કે, 'જ્યારે સેલના સભ્યો પેલેસ્ટીની મૂળના જોર્ડનિયનોની માર્ચના અંતમાં ધરપકડ કરવામાં આવી ત્યારે રોકડ જપ્ત કરવામાં આવી હતી.' સૂત્રોએ કથિત રીતે કયા તોડફોડનું આયોજન કરવામાં આવ્યું હતું તે કહેવાનો ઈનકાર કર્યો હતો.

ગઈકાલે એક નિવેદનમાં હમાસે જણાવ્યું કે, 'જોર્ડનને નિશાન બનાવતા કોઈપણ કૃત્યો સાથે તેનો કોઈ સંબંધ નથી' અને તે ફક્ત ઈઝરાયેલને નિશાન બનાવવા માંગે છે.

તેમના ભાગ માટે અલ-ખ્વાલેદેહે જણાવ્યું કે, 'સમૂહની સ્થિર



નીતિ બદલાઈ નથી' ભારપૂર્વક જણાવ્યું કે, તેના સમગ્ર ઈતિહાસમાં સમૂહ જોર્ડનની સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે ઉત્સુક છે. તેમણે જણાવ્યું કે, આ પ્રકારનું વર્તન 'સમૂહની નીતિઓ અને નિર્ણયોનું ઉલ્લંઘન કરે છે.'

તેમણે આવા સમાચારોના પ્રકાશનના સમય પર પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું કે, તેમાં 'છૂપાયેલા ઈરાદાઓ અને ધ્યેયો' છે જે રાષ્ટ્રીય દશ્યને અસ્વસ્થ કરવા માંગે છે અને ગાઝા પટ્ટી નરસંહારનો ભોગ બની રહી છે ત્યારે વિભાજન સર્જે છે.

આક્રમણને રોકવા અને તેના બહાદૂર પ્રતિકારને ટેકો આપવા માટે તેમણે ઉમેર્યું કે, ગાઝા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

# ઈઝરાયેલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે : એક નવા અભ્યાસમાં ખુલાસો

(એજન્સી) તા.૧૭

પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના ગઠબંધન દ્વારા કરવામાં આવેલા ગ્રાઉન્ડ બ્રેકિંગ અભ્યાસે તારણ કાઢ્યું છે કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહી એ પેલેસ્ટીની લોકોનો નરસંહાર છે.

યુનિવર્સિટી નેટવર્ક ફોર હ્યુમન રાઈટ્સ, બોસ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ લો ખાતે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ક્લિનિક, કોર્નેલ લો સ્કૂલ ખાતે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ક્લિનિક, પ્રિટોરિયા યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ અને લોવેનસ્ટેઈન હ્યુમન રાઈટ્સ દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટીનીઓનો ભૌતિક વિનાશ માટે ગણતરીપૂર્વક તેમના જીવનને ગંભીર નુકસાન પહોંચાડવા, અને જીવનની પરિસ્થિતિઓ મુશ્કેલ બનાવવા માટે નરસંહારના કૃત્યો કર્યા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ અને ૧ મે, ૨૦૨૪ની વચ્ચે, ઈઝરાયેલે ગાઝામાં ઓછામાં ઓછા ૩૪,૫૬૮ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે અને ૭૭,૭૬૫ લોકોને ઘાયલ કર્યા છે, જે ગાઝાની વસ્તીના પાંચ ટકાથી વધુનો છે. આઘાતજનક રીતે, ગાઝાના બે ટકાથી વધુ બાળકો માર્યા ગયા છે અથવા ઘાયલ થયા છે, જેમાં કુલ ૧૪,૫૦૦ પેલેસ્ટીની બાળકો માર્યા ગયા છે.

અભ્યાસના અહેવાલમાં ઘરો, હોસ્પિટલો, શાળાઓ, યુએન સુવિધાઓ અને સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાના સ્થળો સહિત નાગરિક માળખાકીય સુવિધાઓના વિનાશને પણ દર્શાવવામાં આવ્યો છે. ઈઝરાયેલના લશ્કરી આક્રમણના પરિણામે, ૧૭ લાખ નાગરિકો – જે ગાઝાની વસ્તીના ૭૫ ટકાથી વધુ છે – તેઓ બળજબરીથી વિસ્થાપિત થયા છે, અને મૂળભૂત આવશ્યકતાઓની ઍક્સેસ પર ઈઝરાયેલના પ્રતિબંધને કારણે




નાગરિકોને ભૂખમરાનો સામનો કરવો પડે છે.

આ અહેવાલ એવું તારણ આપે છે કે ગાઝામાં ઈઝરાયેલના હુમલા એ નરસંહારના કૃત્યો છે, ઈઝરાયેલી નેતાઓના પેલેસ્ટીનીઓ પ્રત્યે અમાનવીયતા અને ક્રૂરતા દર્શાવતા નિવેદનો દ્વારા તેના પુરાવા મળે છે, તેમજ તેમને નષ્ટ અને ખતમ કરવાના ઈરાદા દર્શાવે છે. અહેવાલમાં જણાવાયું છે કે ગાઝામાં ઈઝરાયેલી લશ્કરી દળો દ્વારા કરવામાં આવતા હુમલાઓ ઈઝરાયેલના નરસંહારના ઈરાદાને વધુ મજબૂત બનાવે છે.

આ શૈક્ષણિક સંસ્થાઓએ નરસંહારના આંતરરાષ્ટ્રીય કાનૂની પ્રતિબંધના ઈઝરાયેલ દ્વારા કરવામાં આવતા ઉલ્લંઘનને તાત્કાલિક બંધ કરવા અને અન્ય તમામ રાજ્યોની જવાબદારીઓ પર ભાર મૂક્યો છે. તેઓએ ઈઝરાયેલના આ ભંગને કાયદેસર તરીકે ઓળખવા, અને તેને અટકાવવા અને તેને સજા કરવા માટે સકારાત્મક પગલાં લેવા અને ગાઝામાં પેલેસ્ટીની લોકો સામે નરસંહારના કૃત્યો અટકાવવા માટે આહ્વાન કર્યું છે.

# યમનની સેનાએ તાજેતરના પેલેસ્ટીન તરફી અભિયાનમાં અમેરિકી યુદ્ધ જહાજ પર હુમલો કર્યો

(એજન્સી) તા.૧૭

યમનના સશસ્ત્ર દળોએ પેલેસ્ટીની પ્રતિકારના સમર્થનમાં અને આરબ દેશ પર યુએસ-બ્રિટિશ હુમલાનો બદલો લેવા માટે તેમના નવીનતમ ઓપરેશનમાં લાલ સમુદ્રમાં યુએસ વિનાશક અને એક જહાજને નિશાન બનાવ્યું છે.

એક નિવેદનમાં પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું હતું કે, દળોએ વિનાશક મેસુન પર બહુવિધ નૌકાદળ મિસાઈલોથી હુમલો કર્યો હતો. ઉપરાંત, યમનની નૌકાદળ, મિસાઈલ અને વાયુ દળોએ લાલ સમુદ્રમાં ડેસ્ટિનીના જહાજને નિશાન બનાવીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જહાજે ૨૦ એપ્રિલના રોજ ઉમ્મ અલ-રશરાશ બંદરમાં પ્રવેશ કરીને ઈઝરાયેલના કબજા હેઠળના પ્રદેશોમાં બંદરો પર જતા જહાજો પર યમનના પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યું છે. આનાથી જહાજને યમનની સશસ્ત્ર દળોની બ્લેકલિસ્ટમાં મૂકવામાં આવ્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી ગાઝામાં નરસંહાર બંધ ન થાય ત્યાં સુધી યમનની સશસ્ત્ર દળો પેલેસ્ટીની લોકો સાથે એકતા અને યમનની પ્રાદેશિક અખંડિતતાના સંરક્ષણમાં લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે.

ઓકટોબર ૨૦૨૩થી જ્યારે ઈઝરાયેલી શાસને ગાઝામાં તેનું નરસંહાર અભિયાન શરૂ કર્યું ત્યારથી આરબ દેશે ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજો સામે આવા ડઝનેક ઓપરેશન હાથ ધર્યા છે. યમની દળોએ આ અભિયાનની શરૂઆત ઈઝરાયલી જહાજો અથવા કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશોના બંદરો તરફ જતા જહાજો પર હુમલો કરીને શરૂ કરી હતી જે યમનના દરિયાઈ વિસ્તારોમાંથી પસાર થઈ શકે છે. દળોએ ધીમે-ધીમે કબજા હેઠળના પ્રદેશો અને હિંદ મહાસાગરમાંથી પસાર થતાં જહાજોમાં સ્થિત લક્ષ્યોને નિશાન બનાવ્યા, કારણ કે, ઈઝરાયેલી શાસને ગાઝા



સામે દુશ્મનાવટ અને ઘેરાબંધી સમાપ્ત કરવાની તેમની માંગણીઓનું પાલન કરવાનો ઈનકાર કર્યો હતો.

મેની શરૂઆતમાં સારીએ પેલેસ્ટીન તરફી ઓપરેશનના ચોથા તબક્કાની શરૂઆતની જાહેરાત કરતા કહ્યું હતું કે, યમની દળો ભૂમધ્ય સમુદ્રમાં અમારી પહોંચની અંદરના કોઈપણ વિસ્તારમાં ઈઝરાયેલી બંદરો તરફ જતા તમામ જહાજોને નિશાન બનાવશે.

તેમણે ચેતવણી આપી હતી કે, યમન દળો ઈઝરાયેલના બંદરોને સપ્લાય અને એક્સેસ કરવામાં સામેલ કંપનીઓના તમામ જહાજો પર પ્રતિબંધ મૂકશે, તેમની રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વગર અને તે કંપનીઓના તમામ જહાજો, તેમના ગંતવ્યને ધ્યાનમાં લીધા વિના, સશસ્ત્ર દળોના ઓપરેશનલ ઝોનમાંથી પસાર થતા અટકાવશે.

સોમવારે તેમના નિવેદનમાં વધુ ઉમેરતા યમનના પ્રવક્તાએ કહ્યું, જો દુશ્મન ગાઝા પર તેનું આક્રમણ ચાલુ રાખશે, તો ઈશ્વરની ઈચ્છાથી અમે અમારા પેલેસ્ટીન તરફી ઓપરેશનના પાંચમા અને છઠ્ઠા તબક્કામાં પહોંચીશું.

# ગાઝામાં ઈઝરાયેલની હાર અને અમેરિકા દ્વારા માનવતા સાથે દગો

(એજન્સી) તા.૧૭

પીએમ નેતાન્યાહુ આ રાજકીય લડાઈ જીતી રહ્યા નથી અને ગાઝાના નિર્દોષ લોકોને રફાહમાં ખતમ કરવા માટે અત્યંત ખંડિત માનસિકતાનો આશરો લઈ રહ્યા છે. તે એક તાનાશાહી વ્યક્તિ છે, નેતા નથી. તેઓમાં નૈતિકતા, આધ્યાત્મિકતા અને સદગુણ અને દુર્ગુણ વચ્ચેના ભેદનો અભાવ છે અને માનવ સુરક્ષા, સંઘર્ષના નિરાકરણ અને શાંતિ નિર્માણના આંતરરાષ્ટ્રીય સંસ્કારી ધોરણોનું ઉલ્લંઘન કરતી વ્યૂહરચનાના સ્ત્રોત તરીકે સત્તાના તર્કનો ઉપયોગ કરે છે.

સમગ્ર યુ.એસ.માં, વિચારશીલ લોકોની નવી પેઢીઓ યુનિવર્સિટી કેમ્પસમાં ઈઝરાયેલ રાજ્ય અને ગાઝામાં યુદ્ધના સમર્થન સામે વિરોધ કરે છે અને તેઓ વિનાશક માનવીય વેદના, માનવતા વિરુદ્ધના ગુનાઓ અને પેલેસ્ટીનીઓના કથિત નરસંહારની તર્કસંગતતા પર પ્રશ્ન કરે છે. અમેરિકા અને ઈઝરાયેલ ICJના ચુકાદાના કાયદાકીય બંધનકર્તા અસરોને અવગણી રહ્યા હોય તેવું લાગે છે. ICJએ ઈઝરાયેલને ગાઝામાં નરસંહારના તમામ કૃત્યો અટકાવવા માંગણી કરી છે.

**પશ્ચિમી સંસ્થાનવાદ અને આરબ-મુસ્લિમ નેતાઓનો વિશ્વાસઘાત**

પેલેસ્ટીનમાં યુદ્ધવિરામ અને શાંતિ માટેના અર્થહીન ઠરાવને આગળ ધપાવવા માટે માત્ર કાગળ પરની સંસ્થા - OIC (ઈસ્લામિક પરિષદોની સંસ્થા)માં વિશ્વસનીયતાનો અભાવ છે. આ પેપર પર હસ્તાક્ષર કરનારાઓમાંના કેટલાક ઈઝરાયેલ સાથે વ્યવસાયિક સંબંધો ધરાવે છે. તેઓ યુદ્ધના અસહાય પીડિતોને મદદ કરવાના ઈસ્લામિક સિદ્ધાંતો પ્રત્યે ઉદાસીનતા અને વિશ્વાસઘાત માટે આરબ લોકોને જવાબદાર ગણે છે. ગાઝામાં ઈઝરાયેલી દળો સાથે લડતા કેટલાક હજારો પશ્ચિમી (જર્મન, ફ્રેન્ચ, યુએસ, બ્રિટિશ) ભાડૂતી સૈનિકો છે.

પૃથ્વી માનવજાત માટે તેના અસ્તિત્વ, જીવન નિર્વાહ, અસ્તિત્વ, પ્રગતિ અને ભાવિ નિર્માણ માટે છે. જેઓ પૃથ્વી પર બોમ્બમારો કરે છે અને માનવ જીવન અને રહેઠાણોનો નાશ કરે છે તેઓ સામાન્ય માનવી નથી અને માનવજાત સામેના તેમના ગુનાઓના પરિણામો માટે અલ્લાહ તેમને જવાબદાર ઠેરવશે. કુર્આન કહે છે કે, અલ્લાહથી ડરો અને 'પૃથ્વી પર શાંતિ અને ધર્મના કરારનું ઉલ્લંઘન કરશો નહીં', બાઈબલ, તોરાહ અને કુર્આનના ઉપદેશો તમામ માનવજાતને યાદ કરાવો, નહીં તો અપરાધીઓ માટે અલ્લાહની સજા ભયંકર હશે. શું તેઓ પૃથ્વી પર મુસાફરી કરીને જોતા નથી કે તેમની આગળના લોકોનો અંત શું હતો ? તેઓ શક્તિમાં તેમના કરતાં પણ ચડિયાતા હતા; અને તેઓ જમીનમાં તેમના નિશાનો છોડી ગયા છે. પરંતુ અલ્લાહે તેઓને તેમના પાપોનું ફળ આપ્યું અને અલ્લાહ પાસે તેમનો બચાવ કરવા માટે તેમની પાસે કોઈ આવશે નહીં.

જેઓ દૈવી યહુદી ધર્મમાં વિશ્વાસ કરે છે અને તેનું પાલન કરે છે તે ઈઝરાયેલની પેઢીઓને અલ્લાહ દ્વારા યાદ આપવામાં આવે




છે કે, (કુર્આન ૨: ૮૪-૮૫): અને યાદ રાખો, અમે ઈઝરાયેલના વંશજો પાસેથી એક કરાર લીધો છે, અલ્લાહ સિવાય કોઈની ઈબાદત કરશો નહીં; તમારી વચ્ચે કોઈ લોહી વહેવડાવશો નહીં, લોકોને ઘરોમાંથી વિસ્થાપિત કરશો નહીં: નહીં તો કયામતના દિવસે તેઓને સૌથી ગંભીર દંડ આપવામાં આવશે, કારણ કે તમે જે કઈ કરો છો તેનાથી અલ્લાહ બેધ્યાન નથી.

નિર્દોષ લોકોની હત્યા ટેન કમાન્ડમેન્ટ્સ (તોરાહ) માં પણ પ્રતિબંધિત છે:

તે કહે છે કે, 'તમે કોઈને મારશો નહીં.' યહૂદી કાયદો નિર્દોષ લોકોનું લોહી વહેવડાવવાને ખૂબ જ ગંભીરતાથી જુએ છે, અને આ હત્યાને ત્રણ પાપો પૈકી એક (જેમાં મૂર્તિપૂજા અને જાતીય અનૈતિકતા) તરીકે સૂચિબદ્ધ કરે છે. 'યહુદી કાયદો કાયદેસર લશ્કરી લડાઈ દરમિયાન પણ નિર્દોષ લોકોની હત્યાને પ્રતિબંધિત કરે છે. આજે વૈશ્વિક સંસ્થાઓ નિષ્ક્રિય છે. ૨૫ કરોડ નાગરિકોને યુએનઓ અને અગ્રણી સત્તાઓ દ્વારા સુરક્ષિત રાખવા જોઈએ. ગાઝાની ત્રણ હોસ્પિટલોમાંથી તબીબી વ્યાવસાયિકોની સામૂહિક કબરો, નિર્દોષ નાગરિકોને બંદૂકની અણી પર નિશાન બનાવવામાં આવ્યા છે, પરંતુ પશ્ચિમી દેશો કોઈની જવાબદારી લેતા નથી. જો આરબ-મુસ્લિમ વિશ્વ પાસે ગાઝાના લોકોની સુરક્ષા માટે સશસ્ત્ર દળો અને પ્રામાણિક નેતાઓ હોય તો ?

ઈઝરાયેલની જેમ, પેલેસ્ટીન પણ એક રાષ્ટ્ર છે, તે પણ માનવ સંસ્કૃતિ છે. પ્રાણીઓ પાસે એકબીજાને મારવા માટે કોઈ બોમ્બ, બંદૂક અને ગોળીઓ નથી અને જીવનની આવશ્યકતાઓને પ્રતિબિંબિત કરતા નથી. આપણે, મનુષ્યો, આ પૃથ્વી પર બુદ્ધિશાળી અને જવાબદાર પ્રજાતિ હોવાનું માનવામાં આવે છે. યુદ્ધ દ્વારા જુલમને તમામ રીતે બંધ કરવું જોઈએ અને નિર્દોષો પર બોમ્બમારો કરવા માટે જવાબદાર લોકોને નરસંહાર અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે જવાબદાર ગણવા જોઈએ.

**- ડૉ. મહેબુબ ખ્વાજા** **(સૌ.: મુસ્લિમ મિરર.કોમ)**

# પેલેસ્ટીન માટે 'ગ્લોબલ ટ્રિબ્યુનલ' તેનું કામ શરૂ કરશે

(એજન્સી) તા.૧૭

જીનીવા સ્થિત પાંચ માનવ અધિકાર એનજીઓ દ્વારા પેલેસ્ટીન માટે ગ્લોબલ ટ્રિબ્યુનલ (GTP)ની સ્થાપનાની માર્ચની શરૂઆતમાં જાહેરાત કરવામાં આવી હતી. આ ઈવેન્ટની સફળતા સુનિશ્ચિત કરવાના પ્રયાસો ચાલુ છે. અનેક ન્યાયશાસ્ત્રીઓ, વકીલો, ન્યાયાધીશો, ઈતિહાસકારો અને ફિલસૂફો તેમાં ભાગ લઈ રહ્યા છે.

અમે GTPના પ્રિપેરેટરી કમિટીના કોઓર્ડિનેટર ડૉ. હેથમ મન્ના સાથે આ પ્રયાસોની પ્રગતિ વિશે પૂછપરછ કરવા કરી હતી.

**પ્રશ્ન : આ સદીની શરૂઆતથી, તમે ગાઝા પર ઘેરો, એકપક્ષીય પ્રતિબંધો જેવા વિવિધ સ્થાનિક મુદ્દાઓને સંબોધિત કરવા નાગરિક સમાજ સંગઠનો દ્વારા અભિપ્રાય અને અંતરાત્માની અદાલતોના આયોજનમાં સામેલ છો. શું તમે એવા નિષ્કર્ષ પર આવ્યા છો કે આવી અદાલતો નરસંહારના અત્યાચારના પ્રતિભાવમાં નાગરિક સમાજના સંગઠનો દ્વારા હાથ ધરવામાં આવતી મર્યાદિત કાર્યવાહીનું પ્રતિનિધિત્વ કરે છે?**

ડો હેથમ મન્ના : ગયા વર્ષે ૧૪ ડિસેમ્બરે, અમે જીનીવામાં પેલેસ્ટીન માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય સિમ્પોસિયમ આયોજિત કર્યું હતું, જ્યાં કેન્દ્રીય પ્રશ્ન હતો કે ''આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ: ટુ બી કે નોટ ટુ બી ?'' છેલ્લા પંદર વર્ષમાં આ કોર્ટ સાથેનો અમારો અનુભવ નિરાશાજનક રહ્યો છે.

આ સિમ્પોઝિયમ દરમિયાન, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ અને ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસને જવાબદાર રાખવા માટે ટ્રિબ્યુનલની સ્થાપના કરવાનો વિચાર આવ્યો હતો. ત્યારબાદ, ૪ માર્ચે, ફરીથી જીનીવામાં અમે ટ્રિબ્યુનલ્સ વોચ નામની કાયમી દેખરેખ સંસ્થાની સ્થાપના અંગે ચર્ચા કરવા માટે અમારું બીજું સિમ્પોઝિયમ યોજ્યું હતું. અહીં, અમે એક નવા પ્રકારની કોર્ટની રચનાના વિષય પર ચર્ચા કરી છે. મેં કૈરો, બ્રસેલ્સ અને બૈરૂતમાં અંતઃકરણની અદાલતોમાં ભાગ લીધો છે. આ અદાલતને સાતત્ય, અસરકારકતા અને સાર્વત્રિકતા સહિતના મૂળભૂત કાર્યો સોંપવામાં આવ્યા છે. આમાંના સૌથી નોંધપાત્ર કાર્યો આ છે:

● નરસંહાર, રંગભેદ અને અન્ય ઈઝરાયેલી ગુનાઓ અંગે મૌનને તોડવા માટે કાયમી પ્લેટફોર્મ તરીકે સેવા આપવી.

● પીડિતો, તેમજ સંશોધકો, તપાસકર્તાઓ અને નરસંહાર અને રંગભેદના કેસોમાં સામેલ ન્યાયશાસ્ત્રીઓ માટે ખુલ્લું પ્લેટફોર્મ પૂરું પાડવું. પીડિતો આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય અદાલતો સમક્ષ તેમનો અવાજ ઉઠાવવા માટે તેનો આશરો લઈ શકે છે.

● તમામ સ્થાયી અદાલતો સમક્ષ લાવવામાં આવેલા કેસોને ટ્રૅક કરીને, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે દસ્તાવેજી ફરિયાદો દાખલ કરીને અને ન્યાયાધીશો, ફરિયાદીઓની કામગીરી અને ન્યાયિક પ્રણાલીમાં અખંડિતતા, સ્વતંત્રતા, નિષ્પક્ષતા અને ન્યાયના ધોરણોનું મૂલ્યાંકન કરીને ટ્રિબ્યુનલ્સ વૉચ દ્વારા અદાલતોનું નિરીક્ષણ કરી શકે છે.

● જવાબદારીની હિમાયત કરતા તમામ વકીલો અને ન્યાયશાસ્ત્રીઓ માટે એક મંચ તરીકે સેવા આપવી.

આપણે પેલેસ્ટીનીઓ વિરુદ્ધ નરસંહારના સાક્ષી છીએ. નવી પેઢીના વિશ્વભરના વિદ્યાર્થીઓ પેલેસ્ટીની મુદ્દા પર સ્ટેન્ડ લેવાને ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વચ્ચેની કેન્દ્રિય કડી માને છે. પેલેસ્ટીન માટેની વૈશ્વિક ટ્રિબ્યુનલને અમારો વાસ્તવિક પ્રોજેક્ટ ગણી શકાય, કારણ કે આ ટ્રિબ્યુનલ પહેલ શાંતિ અને ન્યાય માટે ફિલસૂફો, ઈતિહાસકારો, વકીલો અને કાયદાકીય વિદ્વાનો સાથે એકસાથે કામ કરે છે. અમારી વર્તમાન પહેલમાં ન્યાયાધીશો, વકીલો, યુએનના વિશેષ સંવાદદાતાઓ અને ગાઝા




અને કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશોમાં હકીકત-શોધ મિશનમાં સહભાગીઓનું એક ચુનંદા જૂથ સામેલ છે.

**પ્રશ્ન : શું તેમના મિશનમાં નરસંહારનો ભોગ બનેલા પેલેસ્ટીનીઓને સાંભળવું અથવા તેમની સાથે જોડાવવાનો સમાવેશ થશે ?**

આ કોર્ટની જવાબદારીઓમાંની એક છે. હાલમાં, સંશોધકોનું એક વૈવિધ્યસભર જૂથ પેલેસ્ટીની મુદ્દાના વિવિધ પાસાઓને સંબોધતા લેખિત પેપર્સ તૈયાર કરી રહ્યું છે. કોર્ટ નરસંહાર અને રંગભેદના ગુનાઓનું દસ્તાવેજીકરણ કરતી આ ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવેલ ફીલ્ડ રિપોર્ટ્સ સાંભળશે. બધા GTP દસ્તાવેજો ઓછામાં ઓછા અરબી અને અંગ્રેજીમાં પ્રકાશિત કરવા માટેના પુસ્તકમાં સંકલિત કરવામાં આવશે.

**પ્રશ્ન : GTP કોર્ટ પછી હવે શું થશે ?**

આ સત્રમાં સામેલ આ હશે:

● કોર્ટના આગામી સત્રો માટે સ્થાયી સમિતિનું આયોજન અને ચૂંટણી.

● આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય અદાલતોની દેખરેખ રાખવા અને તેમની કામગીરી, રાજકીય દબાણો અને ન્યાય વિરોધી લોબીંગનું મૂલ્યાંકન કરવા માટે કાર્યકારી ટીમની સ્થાપના કરવી.

● પેલેસ્ટીન સંદર્ભમાં નરસંહાર અને રંગભેદની વ્યવસ્થાનો સામનો કરવા માટે આંતરશાખાકીય અભિગમ પ્રદાન કરવા માટે સંશોધન કાર્યકારી જૂથની રચના કરવી.

● પીડિતોની હિમાયત કરવા અને વિશ્વભરના વિવિધ દેશોના વકીલો દ્વારા ન્યાય મેળવવા માટે સંકલન જૂથની સ્થાપના કરવી.

**પ્રશ્ન : તમે આ પહેલ સાથેના પ્રતિભાવ અને ક્રિયાપ્રતિક્રિયાનું મૂલ્યાંકન કેવી રીતે કરો છો ?**

સહભાગિતા માટેની માંગ અમારી બધી અપેક્ષાઓ કરતાં વધુ છે. લગભગ ૩૮ રાષ્ટ્રના આશરે ૧૩૨ લોકોએ શારીરિક અથવા દૂરસ્થ રીતે ભાગ લેવા વિનંતી કરી છે. અમને શારીરિક સહભાગિતા માટે નોંધણી કરવાનું બંધ કરવાની ફરજ પડી હતી, કારણ કે સમિતિ ઈચ્છતી હતી કે શારીરિક હાજરી ૭૬ લોકો સુધી રાખવામાં આવે, જે નકબાની શરૂઆતના વર્ષોની સંખ્યા છે. મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રોફેસરો અને વકીલો અમારી સાથે વર્ચ્યુઅલ રીતે મળશે, અને બેરૂતમાં લેબેનીઝ યુનિવર્સિટીમાં તેનું આયોજન કરવામાં આવશે. આ અદાલત વિશ્વને સર્વોચ્ચ પેલેસ્ટીની કેડરનો પરિચય કરાવશે, અને તે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય કાયદામાં, અને આ સદીના ભયંકર નરસંહાર જેવા સૌથી મોટા ગુનાના પીડિતો માટે તેમનો અવાજ બનશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દેશના સૌથી મોટા બોર્ડનું પરિણામ ઉત્સાહવર્ધક

એકતરફ દેશના કરોડો મતદારો લોકસભાના ઉમેદવારોની પરીક્ષા લઈ રહ્યા છે અને તેમાં કેટલા અને કોણ કોણ પાસ થશે એની ખબર તો ચોથી જૂને પડશે. પરંતુ સમગ્ર દેશના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા CBSEનું પરિણામ આવી ગયું છે.

આપણા દેશના સૌથી મોટા શિક્ષણ બોર્ડ CBSEએ ધો.૧૦ અને ૧૨ના જે પરિણામો જાહેર કર્યા છે એ એકંદરે પાછલા વર્ષોની સરખામણીએ આ વખતે પરિણામો પ્રમાણમાં સારા છે. ધો.૧૦માં ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. કુલ ૨૨,૩૮,૮૨૭ વિદ્યાર્થીઓમાંથી ૨૦,૯૫,૪૬૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ધો.૧૨નું પરિણામ પણ ૮૭.૯૮ ટકા છે. ધો.૧૦ના પરિણામની વાત કરીએ તો આ વર્ષે પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૩માં ધો.૧૦ની પાસ થનારાની ટકાવારી ૯૨.૧૨ હતી, પરંતુ આ વર્ષે પાસની ટકાવારી ૯૩.૬૦ છે. આ વખતે પણ છોકરીઓની સફળતાની ટકાવારી સારી રહી છે. જ્યારે ૯૨.૭૧ ટકા છોકરાઓએ સફળતા મેળવી છે, જેમાં સફળતા મેળવનાર છોકરીઓની ટકાવારી ૯૪.૭૫ છે અને સફળ થયેલા ટ્રાન્સજેન્ડરોની ટકાવારી ૯૧.૩૦ છે.

ટ્રાન્સજેન્ડરો અને છોકરીઓમાં શિક્ષણ પ્રત્યે સતત વધી રહેલી જાગૃતિ આનંદદાયક છે. હવે આવનારા વર્ષોમાં આપણે વધુ સારા પરિણામોની અપેક્ષા રાખી શકીએ છીએ. આ પરિણામોના આધારે શાળાઓની ગુણવત્તા પર નજર કરીએ તો ફરી એકવાર જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૯૯.૦૯ ટકા સાથે શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. ખાનગી અને સ્વતંત્ર શાળાઓના ૯૪.૫૪ ટકા વિદ્યાર્થીઓ પણ સફળ થયા છે. સરકારી શાળાઓમાં સફળતાની ટકાવારી ૮૬.૭૩ છે. આ પ્રશ્ન ફરી એકવાર પ્રાસંગિક બન્યો છે કે, શું સરકારી શાળાઓને કેન્દ્રીય વિદ્યાલયના સ્તરે બનાવી શકાય. સરકારી શાળાઓ અને ખાસ કરીને સરકારી અનુદાનિત શાળાઓએ ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. જો આ સરકારી અને સરકારી સહાયિત શાળાઓમાં ૧૩ ટકાથી ૧૬ ટકા બાળકો સફળતા મેળવી શકતા નથી, તો તેનો અર્થ એ છે કે, આ શાળાઓમાં દર દસમાંથી ઘણાં બાળકોનું શિક્ષણ એક પડકાર છે. કેન્દ્રીય વિદ્યાલયમાં કદાચ સોમાંથી માત્ર એક જ વિદ્યાર્થી નાપાસ થાય તો તેમના વખાણ કરવા ઉપરાંત તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણમાંથી શીખવાની જરૂર છે. તાજેતરના પરિણામો ફરીથી સૂચવે છે કે, સરકારી અને સરકારી સહાયિત શાળાઓના શૈક્ષણિક વાતાવરણ તેમજ માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાની જરૂર છે. સરકારી શાળાઓ સાથેનું આકસ્મિક વર્તન હવે બંધ કરવું જોઈએ.

દક્ષિણ ભારતની શાળાઓનું પ્રદર્શન ઉત્તર ભારતની શાળાઓ કરતાં ઘણું સારૂં છે. પરીક્ષા આપનાર મોટાભાગના બાળકોમાં ખુશીનો માહોલ છે અને ૯૦ ટકાથી વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૧૨,૩૮૪ છે જ્યારે ૯૫ ટકાથી વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭,૯૮૩ છે. એટલે કે ૨.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સારૂં પ્રદર્શન કર્યું છે, પરંતુ જે વિદ્યાર્થીઓને પ્રમાણમાં ઓછાં માર્કસ આવ્યા છે, તેમણે નિરાશ થવું જોઈએ નહીં. જેઓ પ્રમાણમાં ઓછા માર્ક્સ સાથે ધો.૧૦માં પાસ થયા છે તેઓને ૧૨માની પરીક્ષા વધુ સારા માર્ક્સ સાથે પાસ કરવાની તક છે. ૧૦ અને ૧૨માં ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓએ તેમના ભાવિ જીવનમાં પણ સફળતા મેળવી છે. આ પરીક્ષાના પરિણામો માત્ર એક સીમાચિહ્નરૂપ છે, આપણે તેમાંથી બોધપાઠ લઈને આગળ વધવું જોઈએ.

# 'મુસ્લિમ વસ્તી' અંગે EAC-PMનું પેપર એ સંશોધન પદ્ધતિની મજાક છે

## કોઈપણ રાજ્યની વસ્તીના સૌથી ગરીબ વર્ગના પ્રજનન દર પર શૈક્ષણિક અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને આરોગ્ય અને શૈક્ષણિક પરિણામોના સૂચકાંકોના સંદર્ભમાં લિંગ તફાવતો દ્વારા અસર થાય છે, ધર્મથી નહીં

**ચર્ચાની એરણે**

**- સંતોષ મેહરોત્રા અને બીર સિંહ**

ઐતિહાસિક રીતે, વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદની ભૂમિકા રાષ્ટ્રીય આયાતની આર્થિક બાબતો પર ભારત સરકારને સંશોધન અને સલાહ આપવાની રહી છે. વર્તમાન સરકારે ૨૦૧૭ના અંતમાં EAC-PM બનાવવાનું નક્કી કર્યું, લગભગ એક પછીના વિચાર તરીકે, તે સત્તામાં આવ્યાના ત્રણ વર્ષ પછી. ત્યારથી, તેની ભૂમિકા પરચુરણ વિષયો પર વિવિધ સંશોધન પત્રો લખવાની રહી છે, પછી ભલે તેઓને રાષ્ટ્રીય આયાતના આર્થિક મુદ્દાઓ સાથે ઘણું કરવાનું હોય.

આ મહિને, EAC-PM પેપરમાં એક સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે - કે ભારતની વસ્તીમાં હિંદુ હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૭.૮% ઘટ્યો છે, જ્યારે મુસ્લિમોનો હિસ્સો સમાન સમયગાળામાં ૪૩% વધ્યો છે. રાષ્ટ્રીય મીડિયાએ આ વિષય ઉપાડ્યો, એક કહેવાતા 'સાંસ્કૃતિક સંગઠન'માં સત્તામાં રહેલા પક્ષ અને તેના વૈચારિક એંકરો તેનું વર્ણન કરે છે અને પ્રસારણ કરે છે - એક નિર્ણાયક ક્ષણે, જ્યારે રાષ્ટ્ર ચૂંટણીમાં જાય છે, ત્યારે સત્તાને પકડી રાખવા અને જીતવા માટે. સરકાર તેના તમામ વિકલ્પો પર અને તમામ માધ્યમો સાથે પ્રયાસ કરી રહી છે. આ દાવો શમિકા રવિ, દ્વારા લખાયેલા એટ અલ પરના પેપર પર આધારિત છે, જે ઘણી તાર્કિક અને પદ્ધતિસરની ઘાતક ભૂલોથી ભરપૂર છે. તેણે એસોસિયેશન ઓફ રિલિજિયન ડેટા આર્કાઈવ (ARDA) દ્વારા પ્રકાશિત સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કર્યો છે જેમાં માત્ર ૨,૩૪,૫૨૦ અવલોકનો છે. ધર્મ મુજબના સમુદાયોની અંદાજિત વસ્તીના કદનો કોઈ ઉલ્લેખ નથી (અવલોકનો દરેક દેશમાં વિવિધ ધાર્મિક વર્ગો સાથે જોડાયેલા સર્વેક્ષણ કરાયેલા લોકોની વસ્તી અને ટકાવારીનો ડેટા પ્રદાન કરે છે.) એક જાણકાર વાચક દાવો કરવા માટે ઉપયોગમાં લેવાતા ડેટા સ્ત્રોતના કવરેજ, અધિકૃતતા અને ચોકસાઈને જુએ છે. સર્વેક્ષણના ડેટાને બદલે વસ્તી ગણતરીના ડેટામાં આ બધી વિશેષતાઓ હોવાથી, તે વધુ વિશ્વાસપાત્ર અને વિશ્વસનીય છે. તેથી આપણે પેપરમાં અનુસરવામાં આવેલી પદ્ધતિ વિશે શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉભા કરવા આગળ વધીશું - જે એક અનિવાર્ય નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે તેમના તારણો શંકાસ્પદ છે.

**શા માટે ARDA - અને ભારતની વસ્તી ગણતરી નહીં ?**

પ્રથમ, EAC-PMના લેખકો એ નિષ્કર્ષ પર કેવી રીતે પહોંચ્યા કે હિંદુ હિસ્સો લગભગ ૮ ટકા (૮૪ થી ૭૬ સુધી) ઘટ્યો છે?

૧૯૫૦થી ૨૦૧૫ દરમિયાન હિંદુઓ અને મુસ્લિમોની વસ્તીના હિસ્સામાં આ ફેરફાર તેમના કદનો ઉલ્લેખ કર્યા વિના સમયની શરૂઆતમાં અથવા અંતમાં દર્શાવવામાં આવ્યો છે. અમે તેનું કદ લાખોમાં જાણીએ છીએ કારણ કે તે ભારતના સેન્સસ ડેટા દ્વારા પ્રદાન કરવામાં આવે છે - પરંતુ વિચિત્ર રીતે તે લેખકો દ્વારા ઉપયોગમાં લેવાતો ડેટા સ્ત્રોત નથી. વધુમાં, પેપરમાં આવો દાવો કરતા પહેલા ભારતની વસ્તીના અન્ય મહત્વપૂર્ણ સૂચકાંકોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

આકૃતિ ૧. મુખ્ય ધાર્મિક જૂથો દ્વારા વસ્તીનો હિસ્સો, ૧૯૫૧-૨૦૧૧

સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર. ભારત માટે, વસ્તીના માપદંડો અંગેનો વ્યાપક અને સૌથી સચોટ ડેટા સેન્સસ ઓફિસ દ્વારા એકત્રિત અને પ્રકાશિત કરવામાં આવે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, વર્ષ ૨૦૧૧માં હિંદુ અને મુસ્લિમ વસ્તીનો હિસ્સો અનુક્રમે લગભગ ૭૯.૮% (૯૬૬ મિલિયન) અને ૧૪.૨% (૧૭૨ મિલિયન) છે (ઉપરનું આકૃતિ ૧ જુઓ). તેનાથી વિપરીત, EAC-PM પેપરમાં ૧૯૫૦ માટે હિંદુઓનો હિસ્સો ૮૪.૬૮% (૧૯૫૧ની વસ્તી ગણતરીના પોતાના રેકોર્ડ કરતાં ૪.૯% વધુ) અને ૨૦૧૫માં ૭૮.૦૬% તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આનાથી વસ્તીના હિંદુ હિસ્સામાં ભારત સરકારના પોતાના ડેટા દ્વારા ખાતરી આપવામાં આવે છે તેના કરતા ઘણા મોટા ઘટાડાના અંદાજ તરફ દોરી જાય છે - અને જે રાજકીય રીતે ભરપૂર વિષય છે, ખાસ કરીને ચૂંટણી સમયે, એક હકીકત જેનાથી સંશોધકો સંભવતઃ અજાણ નહીં હોય. કદાચ આ તમામ દેશોમાં સ્ત્રોત સમાન રાખવા માટે



કરવામાં આવ્યું હતું, કારણ કે આ એક ક્રોસ-કન્ટ્રી અભ્યાસ છે. જો કે, EAC-PM એવી સરકારને સલાહ આપે છે કે જે સતત ફરિયાદ કરે છે કે ભારત સાથે સરખામણી કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોનો ઉપયોગ ન કરવો જોઈએ, લેખકો અવિચલિત છે.

**કોષ્ટક ૧: ધાર્મિક જૂથો પ્રમાણે ભારતની વસ્તી, ૧૯૫૧-૨૦૧૧ (મિલિયન)**

| સેન્સસ વર્ષ | કૂલ વસ્તી | હિંદુ | મુસ્લિમ | ખ્રિસ્તી | શીખ | બૌદ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૩૬૧ | ૩૦૪ | ૩૫ | ૮.૩ | ૬.૮ | ૨.૭ |
| ૧૯૬૧ | ૪૩૯ | ૩૬૭ | ૪૭ | ૧૦ | ૭ | ૩.૨ |
| ૧૯૭૧ | ૫૪૮ | ૪૫૩ | ૬૧ | ૧૪ | ૧૦ | ૩.૯ |
| ૧૯૮૧ | ૬૮૩ | ૫૬૨ | ૮૦ | ૧૬ | ૧૩ | ૪.૭ |
| ૧૯૯૧ | ૮૪૬ | ૬૯૦ | ૧૦૭ | ૧૯ | ૧૬ | ૬.૪ |
| ૨૦૦૧ | ૧૦૨૯ | ૮૨૮ | ૧૩૮ | ૨૪ | ૧૯ | ૭.૯ |
| ૨૦૧૧ | ૧૨૧૧ | ૯૬૬ | ૧૭૨ | ૨૭ | ૨૦ | ૮.૪ |

**સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર.**

EAC-PM પેપર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આ સમયગાળા દરમિયાન બહુમતી વસ્તીનો હિસ્સો ૭.૮૧% ઘટ્યો છે, પરંતુ ભારતની વસ્તી ગણતરીના ડેટા દર્શાવે છે કે હિંદુ વસ્તીના હિસ્સામાં ઘટાડો ખરેખર ૧૯૫૧-૨૦૧૧ની સરખામણીમાં ૪.૩ ટકા પોઈન્ટ છે (અને ૭.૮૩% EAC-PM પેપર દ્વારા દાવો કરવામાં આવ્યો છે.) સંબંધિત મુદ્દો એ છે કે તેઓ સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરી રહ્યાં છે, જે વ્યાખ્યા મુજબ વસ્તી ગણતરીના ડેટા જેટલો સચોટ હોઈ શકતો નથી. અમે સમજી શકીએ છીએ કે લેખકોએ સરખામણી સમગ્ર ડેટા સ્ત્રોતોમાં ક્ષમતા જાળવવાના કારણોસર ARDA ડેટાનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તે કરવાથી તેઓ એવા નિષ્કર્ષ પર આવે છે જે કમનસીબે તેમન સામે બહુવિધ અને વધુ પ્રશ્નો ઉભા કરે છે. તેઓ ધાર્મિક જૂથોની સંબંધિત વસ્તીના ભાગના જે આંકડાઓ આપે છે તે ભારતની વસ્તી ગણતરી આપણને આપે છે તેનાથી ખૂબ જ અલગ છે.

**કોષ્ટક ૨: ધાર્મિક જૂથો દ્વારા વસ્તીની ટકાવારી**

| સેન્સસ વર્ષ | % હિંદુ વસ્તી | % મુસ્લિમ વસ્તી | % ખ્રિસ્તી વસ્તી | %શીખ વસ્તી | %બૌદ્ધ વસ્તી | % જૈન વસ્તી |
|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૮૪.૧ | ૯.૮ | ૨.૩ | ૧.૭૯ | ૦.૭૪ | ૦.૪૬ |
| ૧૯૬૧ | ૮૩.૫ | ૧૦.૭ | ૨.૪૪ | ૧.૭૯ | ૦.૭૪ | ૦.૪૬ |
| ૧૯૭૧ | ૮૨.૭ | ૧૧.૨ | ૨.૬ | ૧.૮૯ | ૦.૭ | ૦.૪૮ |
| ૧૯૮૧ | ૮૨.૩ | ૧૧.૮ | ૨.૪૪ | ૧.૯૨ | ૦.૭ | ૦.૪૭ |
| ૧૯૯૧ | ૮૧.૫ | ૧૨.૬ | ૨.૩૨ | ૧.૯૪ | ૦.૭૭ | ૦.૪ |
| ૨૦૦૧ | ૮૦.૫ | ૧૩.૪ | ૨.૩૪ | ૧.૮૭ | ૦.૭૭ | ૦.૪૧ |
| ૨૦૧૧ | ૭૯.૮ | ૧૪.૨ | ૨.૩ | ૧.૭૨ | ૦.૭ | ૦.૩૭ |
| બદલાવ | -૪.૩ | ૪.૪ | ૦ | -૦.૦૭ | -૦.૦૪ | -૦.૦૯ |
| %બદલાવ | -૫.૧૧ | ૪૪.૮૯ | ૦ | ૦-૩.૯૧ | -૫.૪૦ | -૧૯.૫૬ |

**સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર.**

વાસ્તવિક, ચોખ્ખા આંકડાઓ મેળવવા માટે ભારતના પોતાના સેન્સસ ડેટાને બદલે, સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરીને, લેખકો ત્રીજી ગંભીર ભૂલ કરે છે. મુસ્લિમ વસ્તી માટે તેઓ વસ્તીના એવા હિસ્સા પર પહોંચે છે જે વાસ્તવિકતાથી અલગ છે - તે વસ્તી ગણતરી દ્વારા સૂચવવામાં આવેલા હિંદુ હિસ્સામાં નોંધપાત્ર રીતે વધુ ઘટાડાની અતિશયોક્તિ કરે છે. આ વિશ્લેષણ સાથે વધારાની સમસ્યા છે. લેખકો વાસ્તવમાં ભારતની વસ્તીના હિંદુ હિસ્સામાં ૭.૮૧% અતિશયોક્તિપૂર્ણ ઘટાડા પર પહોંચ્યા છે, કારણ કે તેઓ શોધી કાઢે છે કે ARDA સર્વેક્ષણ ડેટા દર્શાવે છે કે ખ્રિસ્તી અને શીખ વસ્તી હિસ્સો હિંદુઓના ભોગે પણ વધ્યો છે. આ દાવો એક પ્રાથમિક તથ્યને અવગણે છેઃ કે આપણે કેટલાક દાયકાઓથી જાણીએ છીએ કે ૧૯૯૨ (પ્રથમ NFHS)થી શીખ અને ખ્રિસ્તી વસ્તીમાં છેલ્લા ત્રણ દાયકા કે તેથી વધુ સમયથી હિંદુઓ (કોષ્ટક ૨ જુઓ) કરતાં ઘણો ઓછો પ્રજનન દર છે. શીખ અને ખ્રિસ્તી વસ્તી વસ્તીમાં હિંદુ હિસ્સાને કેવી રીતે નીચે ધકેલી શકે છે જો તેમનો TFR અન્ય તમામ સમુદાયો કરતા સતત ઓછો રહ્યો છે ?

**પ્રજનન દરના નિર્ધારકો તરીકે વસ્તી વિષયકતા, શૈક્ષણિકતા અને ગરીબીને અવગણવી**

PMEAC પેપરમાં ત્રીજી સમસ્યા છે. તે એક તરફ વસ્તી વિષયક વર્તણૂક અને બીજી તરફ શૈક્ષણિક અને ગરીબી સ્તર વિશેની મુખ્ય અને જાણીતી વૈશ્વિક હકીકતની અવગણના કરે છે. જે સમુદાયોમાં શૈક્ષણિક પ્રાપ્તિનું સૌથી નીચું સ્તર છે, ખાસ કરીને સ્ત્રીઓમાં, પ્રજનન દર સૌથી વધુ છે. આમ, NFHS ડેટાને આભારી છે, જે ૧૯૯૨-૧૯૯૩ (NFHS ૧થી નવીનતમ NFHS ૫, ૨૦૧૯-૨૦૨૧)થી સતત પાંચ વાર્ષિક અંતરાલ પર ઉપલબ્ધ છે, આપણે દાયકાઓથી જાણીએ છીએ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો તેમજ મુસ્લિમો, સૌથી વધુ પ્રજનન દર ધરાવે છે.

કોષ્ટક ૩ ધર્મ અને જાતિ જૂથોમાં પ્રજનન દરમાં વલણો દર્શાવે છે. આ ત્રણ સમુદાયો ભારતના તમામ સામાજિક જૂથો (અન્ય ધાર્મિક જૂથો અને ઉચ્ચ જાતિના જૂથોની તુલનામાં)માં સૌથી વધુ શૈક્ષણિક રીતે વંચિત છે, અને ઐતિહાસિક રીતે સૌથી વધુ ગરીબી દરમાંથી પણ પીડાય છે.

**કોષ્ટક ૩: ધર્મ/જાતિ દ્વારા કુલ પ્રજનન દર, ૧૯૯૩-૨૦૨૧**

| NFHS વર્ષ | બધા | હિંદુઓ | મુસ્લિમો | એસસી | એસટી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૨-૯૩ | ૩.૩૯ | ૩.૩ | ૪.૪૧ | ૩.૯૨ | ૩.૫૫ |
| ૧૯૯૬-૯૯ | ૨.૮૫ | ૨.૭૮ | ૩.૫૯ | ૩.૧૫ | ૩.૦૬ |
| ૨૦૦૫-૦૬ | ૨.૬૮ | ૨.૫૯ | ૩.૪ | ૨.૯૨ | ૩.૧૨ |
| ૨૦૧૫-૧૬ | ૨.૧૮ | ૨.૧૩ | ૨.૬૨ | ૨.૨૬ | ૨.૪૮ |
| ૨૦૧૯-૨૧ | ૧.૯૯ | ૧.૯૪ | ૨.૩૬ | ૨.૦૮ | ૨.૦૯ |
| %change (૧૯૯૨-૨૦૨૧) | -૪૧.૩૦ | -૪૧.૨૧ | ૦-૪૬.૪૯ | -૪૬.૯૪ | -૪૧.૧૩ |

Source:NFHS Rounds,૧-૫

**સ્ત્રોતઃ NFHS રાઉન્ડ,૧-૫**

કોઈપણ ગંભીર સંશોધક સાક્ષરતા સ્તરો અને પ્રજનન દર અને આ દરોમાં ફેરફારના દર પરના ડેટાને કોઈપણ સમુદાય વિશે સામાન્ય નિવેદન કરવા માટે અવગણશે નહીં.

કોષ્ટક ૪ દર્શાવે છે કે મુસ્લિમોમાં નિરક્ષરતાનો દર ઘણો ઊંચો છે અને આઝાદીના સાત દાયકા પછી પણ, તે તમામ ધાર્મિક સમૂહોમાં ૪૮.૧% (સ્ત્રીઓ) અને ૩૭.૫૯% (પુરુષો) સાથે સૌથી વધુ છે.

તે હિંદુઓ, ખાસ કરીને પુરુષો (૨૯.૨૨%)માં ઘણું ઓછું છે. સ્પષ્ટપણે, મુસ્લિમ સામાજિક નેતાઓની જવાબદારી છે કે તમામ મુસ્લિમ બાળકો શાળાએ જાય (ફક્ત મદ્રેસાઓમાં જ નહીં), ખાસ કરીને, ૧૯૯૦ના દાયકાની શરૂઆતથી ભારત સરકારે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો પ્રયાસ કર્યા પછી, અને મુસ્લિમો સહિત તમામ સામાજિક જૂથોમાં નોંધણી વધી છે.

**કોષ્ટક ૪: ધાર્મિક જૂથો દ્વારા નિરક્ષરતા (%)**

| વસ્તી | સ્ત્રીઓ | પુરુષો |
|---|---|---|
| બધા ધર્મો | ૪૪.૦૨ | ૩૦.૨૪ |
| મુસ્લિમો | ૪૮.૧ | ૩૭.૫૯ |
| હિંદુઓ | ૪૪.૦૨ | ૨૯.૨૨ |
| જૈનો | ૧૫.૦૭ | ૧૨.૧૪ |
| ખ્રિસ્તીઓ | ૨૮.૦૩ | ૨૩.૨૨ |
| શીખો | ૩૬.૭૧ | ૨૮.૬૮ |
| બૌદ્ધો | ૩૪.૪ | ૨૨.૧૩ |
| અન્ય | ૫૮.૬૨ | ૪૦.૬૨ |

**સ્ત્રોતઃ સેન્સસ ડેટા, ૨૦૧૧**

**કોષ્ટક ૫: ધાર્મિક જૂથો દ્વારા પ્રજનન દર (%)**

| NFHS વર્ષ | મુસ્લિમ | હિંદુ | ખ્રિસ્તી | બૌદ્ધ | શીખ | જૈન | કુલ ભારત |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૨-૯૩ | ૪.૪ | ૩.૩ | ૨.૯ | ૨.૯ | ૨.૪ | ૨.૪ | ૩.૪ |
| ૧૯૯૬-૯૯ | ૩.૬ | ૨.૮ | ૨.૪ | ૨.૧ | ૨.૩ | ૧.૯ | ૨.૮ |
| ૨૦૦૫-૦૬ | ૩.૪ | ૨.૬ | ૨.૩ | ૨.૩ | ૧.૯ | ૧.૫ | ૨.૭ |
| ૨૦૧૫-૧૬ | ૨.૬ | ૨.૧ | ૨ | ૧.૭ | ૧.૬ | ૧.૨ | ૨.૨ |
| ૨૦૧૯-૨૧ | ૨.૪ | ૧.૯ | ૧.૮૮ | ૧.૩૯ | ૧.૬૧ | ૧.૬ | ૨ |
| Percent decline (૧૯૯૨-૨૦૨૧) | ૪૫ | ૪૨ | ૩૫ | ૫૨ | ૩૩ | ૩૩ | ૪૧ |

**સ્ત્રોતઃ NFHS રાઉન્ડ, ૧-૫**

કોષ્ટક ૫ એ ૧૯૯૨થી NFHS દ્વારા અંદાજિત ધાર્મિક જૂથોમાં પ્રજનન દરો પર પ્રકાશ ફેંકે છે. કોઈ શંકા નથી કે આ સમયગાળા દરમિયાન મુસ્લિમો માટે પ્રજનન દર સૌથી વધુ રહ્યો છે, પરંતુ તે SC અથવા ST માટે છે તેના કરતા વધારે નથી (કોષ્ટક ૩) - જે મુદ્દો અમે અગાઉ ઉઠાવ્યો હતો કે વિશ્વની સૌથી ગરીબ વસ્તીમાં સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર અને વધુ પ્રજનન દર સારી રીતે શિક્ષિત વસ્તી કરતા હંમેશા વધુ રહ્યો છે. પરંતુ જો આપણે ૧૯૯૨થી ૨૦૧૯ દરમિયાન ટકાવારીમાં થયેલા ઘટાડા પર નજર કરીએ, તો આપણે શોધી કાઢીએ છીએ કે મુસ્લિમ મહિલાઓ માટે પ્રજનન દરમાં ઘટાડો સૌથી વધુ (૪૫%) રહ્યો છે. આ ઘટાડો રાષ્ટ્રીય સરેરાશ (૪૧%) કરતા વધારે છે. જ્યારે હિંદુ મહિલાઓ (૪૨%) માટે આ ઘટાડો તુલનાત્મક રીતે ઓછો છે. પ્રજનનક્ષમતાના ઘટાડાની ડિગ્રીમાં આ તફાવતના પ્રકાશમાં, મુસ્લિમ વસ્તી હિન્દુ વસ્તી કરતા વહેલા સ્થિર થશે.

**રાજ્યોઃ વિવિધ સામાજિક જૂથો માટે તેઓ પ્રજનનક્ષમતામાં કેવી રીતે અલગ પડે છે**

એક અંતિમ મુદ્દો નોંધનીય છે. કોઈપણ રાજ્યની વસ્તીના સૌથી ગરીબ વર્ગના પ્રજનન દર, શૈક્ષણિક સેવાઓની ગુણવત્તા, આરોગ્ય સેવાઓ અને આરોગ્ય અને શૈક્ષણિક પરિણામ સૂચકાંકોના સંદર્ભમાં લિંગ તફાવતો દ્વારા પ્રભાવિત થાય છે. ચાલો એક સરળ ઉદાહરણ સાથે સમજાવીએ. વિવિધ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સામાજિક જૂથોના રાજ્યવાર ટીએફઆરની વિગતવાર તપાસ સ્પષ્ટ કરશે કે કાશ્મીર અને કેરળ બંનેમાં મુસ્લિમ મહિલાઓની ટીએફઆર ઉત્તર પ્રદેશ અથવા બિહારના 'ઉચ્ચ' જાતિના હિન્દુઓની ટીએફઆર કરતાં ઓછી કેમ છે. અમે આયોજન પંચના બીજા રાષ્ટ્રીય માનવ વિકાસ અહેવાલમાં આ હકીકત દર્શાવી હતી. મુસ્લિમોની રાષ્ટ્રીય સરેરાશ ટીએફઆર કરતાં વધુને રાજકીય મૂડી બનાવવા માંગતા તમામ વિચારધારકોએ આ હકીકત પર વિચાર કરવો જોઈએ. તમે જે પણ રાજ્યનું પરીક્ષણ કરો છો, જો જાહેર આરોગ્ય સેવાઓ અને જાહેર શિક્ષણની ગુણવત્તા શ્રેષ્ઠ છે, તો મુસ્લિમો, તેમજ SC અને STના મોટાભાગના સામાજિક પરિણામ સૂચકાંકો અન્ય રાજ્યો કરતાં વધુ સારા છે જ્યાં આમાંની કોઈપણ સ્થિતિ નથી. જે રાજ્યોએ, ભારતના ભવિષ્ય માટે, તમામ મહિલાઓ માટે તેમના પ્રજનન દરમાં ઘટાડો કરવાની જરૂર છે - તેમણે રાજકીય લાભ માટે રાજકીય રોટલા શેકવામાં તેમનો સમય અને શક્તિ વેડફવાની જરૂર નથી, પરંતુ માત્ર એટલું જ સુનિશ્ચિત કરવું જોઈએ કે જાહેર શિક્ષણ અને આરોગ્ય સેવાઓ, ખાસ કરીને માતા અને બાળકના સ્વાસ્થ્ય અને મહિલા શિક્ષણમાં ઝડપથી સુધારો થાય. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડે આને તેમની ટોચની પ્રાથમિકતાઓ તરીકે ધ્યાનમાં લેવી જોઈએ - નહીં કે તેઓ $૧ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બની જાય. અર્થવ્યવસ્થા સમાવિષ્ટ અને સતત આર્થિક વૃદ્ધિ સાથે, યોગ્ય સમયે અનુસરશે.

**(સંતોષ મેહરોત્રા એક સ્વતંત્ર માનવ વિકાસ અર્થશાસ્ત્રી છે. બીર સિંહ દિલ્હી યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર છે)**

**(સમાપ્ત)** **(સૌ. : ધ વાયર.ઈન)**

### હત્યા કે પછી આત્મહત્યા; પોસ્ટમોર્ટમ બાદ બહાર આવશે

# ઝનોરના મેડિકલ ઓફિસરનો મોતાલી ગામ નજીક ડી કમ્પોઝ મૃતદેહ મળી આવ્યો

અંકલેશ્વર, તા.૧૭

ભરૂચ તાલુકાના ઝનોર ગામના મેડિકલ ઓફિસરનો અંકલેશ્વર તાલુકાના મોતાલી ગામ નજીકથી ડી કમ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અંકલેશ્વરના ગડખોલ ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્ર એક દિવસ માટે ફરજ પર આવ્યા અને ઘરે જ પરત ફર્યા ન હતા. બે દિવસથી ગુમ થયેલા તબીબના મૃતદેહ પર પહેરેલા કપડાંમાંથી આઈકાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ મળી આવતા હત્યા કે પછી આત્મહત્યા તે અંગે બી-ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે.



અંકલેશ્વરના અંદાડા મોતાલી રોડની બાજુમાંથી એક અજાણ્યા વ્યક્તિનો ડી કમ્પોઝ હાલતમાં મૃતદેહ જોવા મળ્યો હતો. જે અંગે સ્થાનિકો દ્વારા અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસ કાફલો સ્થળ પર મળી આવ્યો હતો. જ્યાં મૃતદેહનો ચહેરો ડી કમ્પોઝ હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસે તપાસ કરતા શરીર કોઈ ઈજાના નિશાન જોવા મળ્યા ન હતા જ્યારે કપડાંની તલાશી લેતા અંદરથી ડ્રાઈવીંગ લાઈસન્સ અને આઈડી કાર્ડ મળી આવ્યો હતો. કાર્ડ પર રાજેશકુમાર સિંધા નામ હતું જે આધારે પોલીસે તપાસ કરતા ઝનોર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા સરકારી તબીબ હોવાનું અને ૨ દિવસથી ગુમ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તાત્કાલીક અસરથી તેમના પરિજનોને જાણ કરતા પરિવારજનો દોડી આવ્યા હતા પોલીસે વધુ તપાસ કરતા બે દિવસ પૂર્વે ૧૪ મે ના રોજ અંકલેશ્વરના ગડખોલ સી.એચ.સી સેન્ટર પર એક દિવસ માટે ફરજ પર તેઓ આવ્યા બાદ ઘરે પરત પહોંચ્યા ન હતા. ત્યારે બી ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યા કે પછી આત્મહત્યા એ તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ બહાર આવી શકશે.

### ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના માર્ગદર્શન માટે

# હિંમતનગરમાં આજે અને ૨૨મીએ વિદ્યાર્થીઓ વાલીઓ માટે સેમિનારનું આયોજન

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં સરકારી પોલીટેક્નીક હિંમતનગર દ્વારા ધોરણ - ૧૦ પછી પ્રથમ વર્ષ ડિપ્લોમા એન્જિનિયરિંગમાં અને ITI પછી બીજા વર્ષડિપ્લોમા એન્જિનિયરિંગમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના માર્ગદર્શન માટેસેમિનારનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. વર્ષ ૨૦૨૪-૨૫ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન કરવાનો સરકાર દ્વારા ઠરાવવામાં આવેલ છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી તે અંગેના ક્રમિક પગલાં તથા વિદ્યાર્થીઓ તથા વાલીઓના પ્રવેશ પ્રક્રિયાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ માટેની નોડલ સંસ્થા સરકારી પોલીટેક્નીક હિંમતનગર દ્વારા વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે સેમિનારનું આયોજન કરેલ છે. એમ ગવર્નમેન્ટ પોલીટેક્નીક હિંમતનગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે. જેમાં તા.૧૮/૫/૨૦૨૪ રોજ સવારે ૧૧:૩૦ કલાકે અને ૨૨/૫/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂમ નં.૨૨, મેઈન બિલ્ડિંગ, સરકારી પોલીટેક્નીક હિંમતનગર ખાતે આ આયોજન કરાયું છે.

# નડિયાદ ખાતે જિલ્લાના હજ યાત્રિકો માટે રસી કેમ્પ યોજાયો

નડિયાદ, તા ૧૭

ખેડા જિલ્લામાંથી ચાલુ વર્ષે હજ કમિટી દ્વારા લગભગ ૨૨૦ જેટલા હજ યાત્રી કો હજ માટે જનાર છે તેમને રસી મુકવાનો કેમ્પ નડિયાદ અમીના હોસ્ટેલ ખાતે યોજાયો હતો સંસ્થાના કાર્યકરોની સેવાકીય કામગીરીના કારણે કોઈપણ હજયાત્રિકને રસી મૂકવામાં તકલીફ પડી ન હતી આ કેમ્પમાં તમામ હાજીઓનો ૧૦૦% હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા હતા. નડિયાદ અમીના હોસ્ટેલ ખાતે હજ યાત્રીકોને રસી મુકવાના કેમ્પમાં સિવિલ હોસ્પિટલ તેમજ જિલ્લા આરોગ્ય કેન્દ્રના સહયોગથી આઠ મેડિકલ ઓફિસરો હાજર રહ્યા હતા અને તમામ હજ માટે જતા યાત્રિકોને રસી મૂકી હતી તેમજ તેમના મેડિકલ બાબતના પ્રશ્નોના ઉકેલ પણ આપ્યા હતા ખેડા જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના ૧૨ જેટલા હાજી ને પણ વેક્સિન તથા હેલ્થ કાર્ડ ઈસ્યુ કરાયા હતા.



આ પ્રસંગેખેડા જિલ્લા પંચાયત ખેડાના મેડિકલ સ્ટાફ તથા વેલ્ફેર એન્ડ એજયુકેશન સોસાયટીના સદસ્યોની ટીમ તથા અમીના હોસ્ટેલના ટ્રસ્ટીઓ અન્ય ખિદમતગારો ખડેપગે જવાબદારી અદા કરી હતી.ખેડા જિલ્લા ફિલ્ડ ટ્રેનર હાજી સોકત ખાન,શાહિદ ભાઈ સૈયદ, મુજજમીલખાન પઠાણ, ઈમ્તિયાઝ વૈદ, હફીઝભાઈ મલેક , ઈકબાલ મેમણ,મૈયુદિન મોમીન, મુસ્તાક આવી સૈયદ,શફીભાઈ શેખ, જુનેદ મલેક ,વસીમ શેખ,નદીમ મલેક, તથા એઝાઝ સૈયદે હાજર રહીને કામગીરી કરી હતી.

# અંકલેશ્વરમાં કારમાંથી ૪.૯૪ લાખનો ગાંજાનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર ઉમરવાડા રોડ ઉપર ગુજરાત ગેસ કંપની પાસેથી શહેર એ-ડિવિઝન પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન કારમાંથી ૪૯ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી હતી તેમજ અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી ગાંજાનો જથ્થો કાર અને મોબાઈલ મળી રૂપિયા ૧૦ લાખ ૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે . પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસનો સ્ટાફ શહેરના સુરતી ભાગોળથી ઉમરવાડા રોડ ઉપર નાઈટ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન સુરતી ભાગોળ તરફથી ઉમરવાડા તરફ જતી હુન્ડાઈ વરના કાર શંકાસ્પદ જણાતાં તેને ગુજરાત ગેસ કંપની પાસે રોકી હતી અને પોલીસે કાર ચાલકની પૂછપરછ કરતા તે મૂળ સુરત જિલ્લાના બારડોલી અને હાલ ઉમરવાડા રોડ ઉપર આવેલ ફૈઝ પાર્ક સોસાયટીમાં રહેતો સમીર મજીદ રાઠોડ હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની ડીકી ખોલાવતાં તેમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સમીર રાઠોડની ધરપકડ કરી ૪ લાખ ૯૪ હજાર રૂપિયાનો ૪૯ કિલો ૪૧૦ ગ્રામ ગાંજાનો જથ્થો, ૫ લાખની કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧૦ લાખ ૬ હજાર ૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી સઘન પૂછપરછ કરતા તે વહેલી સવારે ભરૂચના દહેગામ ચોકડી ઉપર ઈમ્તિયાઝ અબ્દુલ હક્ક પઠાણે આ ગાંજાનો જથ્થો ભરેલ વરના કાર આપી હતી. આ કાર લઈને સુરતના કિમ ખાતે રાજુ નામના શખ્સને આપવાનો હતો તેવું જણાવ્યું હતું. શહેર એ ડિવિઝન પોલીસે ગુન્હો નોંધી ભરૂચ રહેતા ઈમ્તિયાઝ અબ્દુલ હક્ક પઠાણ અને રાજુ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી તેઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દેશના સૌથી મોટા બોર્ડનું પરિણામ ઉત્સાહવર્ધક

એકતરફ દેશના કરોડો મતદારો લોકસભાના ઉમેદવારોની પરીક્ષા લઈ રહ્યા છે અને તેમાં કેટલા અને કોણ કોણ પાસ થશે એની ખબર તો ચોથી જૂને પડશે. પરંતુ સમગ્ર દેશના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા CBSEનું પરિણામ આવી ગયું છે.

આપણા દેશના સૌથી મોટા શિક્ષણ બોર્ડ CBSEએ ધો.૧૦ અને ૧૨ના જે પરિણામો જાહેર કર્યા છે એ એકંદરે પાછલા વર્ષોની સરખામણીએ આ વખતે પરિણામો પ્રમાણમાં સારા છે. ધો.૧૦માં ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. કુલ ૨૨,૩૮,૮૨૭ વિદ્યાર્થીઓમાંથી ૨૦,૯૫,૪૬૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ધો.૧૨નું પરિણામ પણ ૮૭.૯૮ ટકા છે. ધો.૧૦ના પરિણામની વાત કરીએ તો આ વર્ષે પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૩માં ધો.૧૦ની પાસ થનારાની ટકાવારી ૯૨.૧૨ હતી, પરંતુ આ વર્ષે પાસની ટકાવારી ૯૩.૬૦ છે. આ વખતે પણ છોકરીઓની સફળતાની ટકાવારી સારી રહી છે. જ્યારે ૯૨.૭૧ ટકા છોકરાઓએ સફળતા મેળવી છે, જેમાં સફળતા મેળવનાર છોકરીઓની ટકાવારી ૯૪.૭૫ છે અને સફળ થયેલા ટ્રાન્સજેન્ડરોની ટકાવારી ૯૧.૩૦ છે.

ટ્રાન્સજેન્ડરો અને છોકરીઓમાં શિક્ષણ પ્રત્યે સતત વધી રહેલી જાગૃતિ આનંદદાયક છે. હવે આવનારા વર્ષોમાં આપણે વધુ સારા પરિણામોની અપેક્ષા રાખી શકીએ છીએ. આ પરિણામોના આધારે શાળાઓની ગુણવત્તા પર નજર કરીએ તો ફરી એકવાર જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૯૯.૦૯ ટકા સાથે શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. ખાનગી અને સ્વતંત્ર શાળાઓના ૯૪.૫૪ ટકા વિદ્યાર્થીઓ પણ સફળ થયા છે. સરકારી શાળાઓમાં સફળતાની ટકાવારી ૮૬.૭૩ છે. આ પ્રશ્ન ફરી એકવાર પ્રાસંગિક બન્યો છે કે, શું સરકારી શાળાઓને કેન્દ્રીય વિદ્યાલયના સ્તરે બનાવી શકાય. સરકારી શાળાઓ અને ખાસ કરીને સરકારી અનુદાનિત શાળાઓએ ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. જો આ સરકારી અને સરકારી સહાયિત શાળાઓમાં ૧૩ ટકાથી ૧૬ ટકા બાળકો સફળતા મેળવી શકતા નથી, તો તેનો અર્થ એ છે કે, આ શાળાઓમાં દર દસમાંથી ઘણાં બાળકોનું શિક્ષણ એક પડકાર છે. કેન્દ્રીય વિદ્યાલયમાં કદાચ સોમાંથી માત્ર એક જ વિદ્યાર્થી નાપાસ થાય તો તેમના વખાણ કરવા ઉપરાંત તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણમાંથી શીખવાની જરૂર છે. તાજેતરના પરિણામો ફરીથી સૂચવે છે કે, સરકારી અને સરકારી સહાયિત શાળાઓના શૈક્ષણિક વાતાવરણ તેમજ માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાની જરૂર છે. સરકારી શાળાઓ સાથેનું આકસ્મિક વર્તન હવે બંધ કરવું જોઈએ.

દક્ષિણ ભારતની શાળાઓનું પ્રદર્શન ઉત્તર ભારતની શાળાઓ કરતાં ઘણું સારૂં છે. પરીક્ષા આપનાર મોટાભાગના બાળકોમાં ખુશીનો માહોલ છે અને ૯૦ ટકાથી વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૧૨,૩૮૪ છે જ્યારે ૯૫ ટકાથી વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭,૯૮૩ છે. એટલે કે ૨.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સારૂં પ્રદર્શન કર્યું છે, પરંતુ જે વિદ્યાર્થીઓને પ્રમાણમાં ઓછાં માર્કસ આવ્યા છે, તેમણે નિરાશ થવું જોઈએ નહીં. જેઓ પ્રમાણમાં ઓછા માર્ક્સ સાથે ધો.૧૦માં પાસ થયા છે તેઓને ૧૨માની પરીક્ષા વધુ સારા માર્ક્સ સાથે પાસ કરવાની તક છે. ૧૦ અને ૧૨માં ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓએ તેમના ભાવિ જીવનમાં પણ સફળતા મેળવી છે. આ પરીક્ષાના પરિણામો માત્ર એક સીમાચિહ્નરૂપ છે, આપણે તેમાંથી બોધપાઠ લઈને આગળ વધવું જોઈએ.

# 'મુસ્લિમ વસ્તી' અંગે EAC-PMનું પેપર એ સંશોધન પદ્ધતિની મજાક છે

## કોઈપણ રાજ્યની વસ્તીના સૌથી ગરીબ વર્ગના પ્રજનન દર પર શૈક્ષણિક અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને આરોગ્ય અને શૈક્ષણિક પરિણામોના સૂચકાંકોના સંદર્ભમાં લિંગ તફાવતો દ્વારા અસર થાય છે, ધર્મથી નહીં

ચર્ચાની એરણે

- સંતોષ મેહરોત્રા અને બીર સિંહ

ઐતિહાસિક રીતે, વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદની ભૂમિકા રાષ્ટ્રીય આયાતની આર્થિક બાબતો પર ભારત સરકારને સંશોધન અને સલાહ આપવાની રહી છે. વર્તમાન સરકારે ૨૦૧૭ના અંતમાં EAC-PM બનાવવાનું નક્કી કર્યું, લગભગ એક પછીના વિચાર તરીકે, તે સત્તામાં આવ્યાના ત્રણ વર્ષ પછી. ત્યારથી, તેની ભૂમિકા પરચુરણ વિષયો પર વિવિધ સંશોધન પત્રો લખવાની રહી છે, પછી ભલે તેઓને રાષ્ટ્રીય આયાતના આર્થિક મુદ્દાઓ સાથે ઘણું કરવાનું હોય.

આ મહિને, EAC-PM પેપરમાં એક સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે - કે ભારતની વસ્તીમાં હિંદુ હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ૭.૮% ઘટ્યો છે, જ્યારે મુસ્લિમોનો હિસ્સો સમાન સમયગાળામાં ૪૩% વધ્યો છે. રાષ્ટ્રીય મીડિયાએ આ વિષય ઉપાડ્યો, એક કહેવાતા 'સાંસ્કૃતિક સંગઠન'માં સત્તામાં રહેલા પક્ષ અને તેના વૈચારિક એંકરો તેનું વર્ણન કરે છે અને પ્રસારણ કરે છે - એક નિર્ણાયક ક્ષણે, જ્યારે રાષ્ટ્ર ચૂંટણીમાં જાય છે, ત્યારે સત્તાને પકડી રાખવા અને જીતવા માટે. સરકાર તેના તમામ વિકલ્પો પર અને તમામ માધ્યમો સાથે પ્રયાસ કરી રહી છે. આ દાવો શમિકા રવિ, દ્વારા લખાયેલા એટ અલ પરના પેપર પર આધારિત છે, જે ઘણી તાર્કિક અને પદ્ધતિસરની ઘાતક ભૂલોથી ભરપૂર છે. તેણે એસોસિયેશન ઓફ રિલિજિયન ડેટા આર્કાઈવ (ARDA) દ્વારા પ્રકાશિત સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કર્યો છે જેમાં માત્ર ૨,૩૪,૫૨૦ અવલોકનો છે. ધર્મ મુજબના સમુદાયોની અંદાજિત વસ્તીના કદનો કોઈ ઉલ્લેખ નથી (અવલોકનો દરેક દેશમાં વિવિધ ધાર્મિક વર્ગો સાથે જોડાયેલા સર્વેક્ષણ કરાયેલા લોકોની વસ્તી અને ટકાવારીનો ડેટા પ્રદાન કરે છે.) એક જાણકાર વાચક દાવો કરવા માટે ઉપયોગમાં લેવાતા ડેટા સ્ત્રોતના કવરેજ, અધિકૃતતા અને ચોકસાઈને જુએ છે. સર્વેક્ષણના ડેટાને બદલે વસ્તી ગણતરીના ડેટામાં આ બધી વિશેષતાઓ હોવાથી, તે વધુ વિશ્વાસપાત્ર અને વિશ્વસનીય છે. તેથી આપણે પેપરમાં અનુસરવામાં આવેલી પદ્ધતિ વિશે શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉભા કરવા આગળ વધીશું - જે એક અનિવાર્ય નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે તેમના તારણો શંકાસ્પદ છે.

**શા માટે ARDA - અને ભારતની વસ્તી ગણતરી નહીં ?**

પ્રથમ, EAC-PMના લેખકો એ નિષ્કર્ષ પર કેવી રીતે પહોંચ્યા કે હિંદુ હિસ્સો લગભગ ૮ ટકા (૮૪ થી ૭૬ સુધી) ઘટ્યો છે?

૧૯૫૦થી ૨૦૧૫ દરમિયાન હિંદુઓ અને મુસ્લિમોની વસ્તીના હિસ્સામાં આ ફેરફાર તેમના કદનો ઉલ્લેખ કર્યા વિના સમયની શરૂઆતમાં અથવા અંતમાં દર્શાવવામાં આવ્યો છે. અમે તેનું કદ લાખોમાં જાણીએ છીએ કારણ કે તે ભારતના સેન્સસ ડેટા દ્વારા પ્રદાન કરવામાં આવે છે - પરંતુ વિચિત્ર રીતે તે લેખકો દ્વારા ઉપયોગમાં લેવાતો ડેટા સ્ત્રોત નથી. વધુમાં, પેપરમાં આવો દાવો કરતા પહેલા ભારતની વસ્તીના અન્ય મહત્વપૂર્ણ સૂચકાંકોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

આકૃતિ ૧. મુખ્ય ધાર્મિક જૂથો દ્વારા વસ્તીનો હિસ્સો, ૧૯૫૧-૨૦૧૧

સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર. ભારત માટે, વસ્તીના માપદંડો અંગેનો વ્યાપક અને સૌથી સચોટ ડેટા સેન્સસ ઓફિસ દ્વારા એકત્રિત અને પ્રકાશિત કરવામાં આવે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, વર્ષ ૨૦૧૧માં હિંદુ અને મુસ્લિમ વસ્તીનો હિસ્સો અનુક્રમે લગભગ ૭૯.૮% (૯૬૬ મિલિયન) અને ૧૪.૨% (૧૭૨ મિલિયન) છે (ઉપરનું આકૃતિ ૧ જુઓ). તેનાથી વિપરીત, EAC-PM પેપરમાં ૧૯૫૦ માટે હિંદુઓનો હિસ્સો ૮૪.૬૮% (૧૯૫૧ની વસ્તી ગણતરીના પોતાના રેકોર્ડ કરતાં ૪.૯% વધુ) અને ૨૦૧૫માં ૭૮.૦૬% તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આનાથી વસ્તીના હિંદુ હિસ્સામાં ભારત સરકારના પોતાના ડેટા દ્વારા ખાતરી આપવામાં આવે છે તેના કરતા ઘણા મોટા ઘટાડાના અંદાજ તરફ દોરી જાય છે - અને જે રાજકીય રીતે ભરપૂર વિષય છે, ખાસ કરીને ચૂંટણી સમયે, એક હકીકત જેનાથી સંશોધકો સંભવતઃ અજાણ નહીં હોય. કદાચ આ તમામ દેશોમાં સ્ત્રોત સમાન રાખવા માટે



કરવામાં આવ્યું હતું, કારણ કે આ એક ક્રોસ-કન્ટ્રી અભ્યાસ છે. જો કે, EAC-PM એવી સરકારને સલાહ આપે છે કે જે સતત ફરિયાદ કરે છે કે ભારત સાથે સરખામણી કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોનો ઉપયોગ ન કરવો જોઈએ, લેખકો અવિચલિત છે.

**કોષ્ટક ૧: ધાર્મિક જૂથો પ્રમાણે ભારતની વસ્તી, ૧૯૫૧-૨૦૧૧ (મિલિયન)**

| સેન્સસ વર્ષ | કૂલ વસ્તી | હિંદુ | મુસ્લિમ | ખ્રિસ્તી | શીખ | બૌદ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૩૬૧ | ૩૦૪ | ૩૫ | ૮.૩ | ૬.૮ | ૨.૭ |
| ૧૯૬૧ | ૪૩૯ | ૩૬૭ | ૪૭ | ૧૦ | ૭ | ૩.૨ |
| ૧૯૭૧ | ૫૪૮ | ૪૫૩ | ૬૧ | ૧૪ | ૧૦ | ૩.૯ |
| ૧૯૮૧ | ૬૮૩ | ૫૬૨ | ૮૦ | ૧૬ | ૧૩ | ૪.૭ |
| ૧૯૯૧ | ૮૪૬ | ૬૯૦ | ૧૦૭ | ૧૯ | ૧૬ | ૬.૪ |
| ૨૦૦૧ | ૧૦૨૯ | ૮૨૮ | ૧૩૮ | ૨૪ | ૧૯ | ૭.૯ |
| ૨૦૧૧ | ૧૨૧૧ | ૯૬૬ | ૧૭૨ | ૨૭ | ૨૦ | ૮.૪ |

**સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર.**

EAC-PM પેપર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આ સમયગાળા દરમિયાન બહુમતી વસ્તીનો હિસ્સો ૭.૮૧% ઘટ્યો છે, પરંતુ ભારતની વસ્તી ગણતરીના ડેટા દર્શાવે છે કે હિંદુ વસ્તીના હિસ્સામાં ઘટાડો ખરેખર ૧૯૫૧-૨૦૧૧ની સરખામણીમાં ૪.૩ ટકા પોઈન્ટ છે (અને ૭.૮૩% EAC-PM પેપર દ્વારા દાવો કરવામાં આવ્યો છે.) સંબંધિત મુદ્દો એ છે કે તેઓ સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરી રહ્યાં છે, જે વ્યાખ્યા મુજબ વસ્તી ગણતરીના ડેટા જેટલો સચોટ હોઈ શકતો નથી. અમે સમજી શકીએ છીએ કે લેખકોએ સરખામણી સમગ્ર ડેટા સ્ત્રોતોમાં ક્ષમતા જાળવવાના કારણોસર ARDA ડેટાનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તે કરવાથી તેઓ એવા નિષ્કર્ષ પર આવે છે જે કમનસીબે તેમન સામે બહુવિધ અને વધુ પ્રશ્નો ઉભા કરે છે. તેઓ ધાર્મિક જૂથોની સંબંધિત વસ્તીના ભાગના જે આંકડાઓ આપે છે તે ભારતની વસ્તી ગણતરી આપણને આપે છે તેનાથી ખૂબ જ અલગ છે.

**કોષ્ટક ૨: ધાર્મિક જૂથો દ્વારા વસ્તીની ટકાવારી**

| સેન્સસ વર્ષ | % હિંદુ વસ્તી | % મુસ્લિમ વસ્તી | % ખ્રિસ્તી વસ્તી | %શીખ વસ્તી | %બૌદ્ધ વસ્તી | % જૈન વસ્તી |
|---|---|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૮૪.૧ | ૯.૮ | ૨.૩ | ૧.૭૯ | ૦.૭૪ | ૦.૪૬ |
| ૧૯૬૧ | ૮૩.૫ | ૧૦.૭ | ૨.૪૪ | ૧.૭૯ | ૦.૭૪ | ૦.૪૬ |
| ૧૯૭૧ | ૮૨.૭ | ૧૧.૨ | ૨.૬ | ૧.૮૯ | ૦.૭ | ૦.૪૮ |
| ૧૯૮૧ | ૮૨.૩ | ૧૧.૮ | ૨.૪૪ | ૧.૯૨ | ૦.૭ | ૦.૪૭ |
| ૧૯૯૧ | ૮૧.૫ | ૧૨.૬ | ૨.૩૨ | ૧.૯૪ | ૦.૭૭ | ૦.૪ |
| ૨૦૦૧ | ૮૦.૫ | ૧૩.૪ | ૨.૩૪ | ૧.૮૭ | ૦.૭૭ | ૦.૪૧ |
| ૨૦૧૧ | ૭૯.૮ | ૧૪.૨ | ૨.૩ | ૧.૭૨ | ૦.૭ | ૦.૩૭ |
| બદલાવ | -૪.૩ | ૪.૪ | ૦ | -૦.૦૭ | -૦.૦૪ | -૦.૦૯ |
| %બદલાવ | -૫.૧૧ | ૪૪.૮૯ | ૦ | ૦-૩.૯૧ | -૫.૪૦ | -૧૯.૫૬ |

**સ્ત્રોતઃ ભારતની વસ્તી ગણતરી, વિવિધ મુદ્દાઓ, ભારતના રજિસ્ટ્રાર જનરલ, ભારત સરકાર.**

વાસ્તવિક, ચોખ્ખા આંકડાઓ મેળવવા માટે ભારતના પોતાના સેન્સસ ડેટાને બદલે, સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરીને, લેખકો ત્રીજી ગંભીર ભૂલ કરે છે. મુસ્લિમ વસ્તી માટે તેઓ વસ્તીના એવા હિસ્સા પર પહોંચે છે જે વાસ્તવિકતાથી અલગ છે - તે વસ્તી ગણતરી દ્વારા સૂચવવામાં આવેલા હિંદુ હિસ્સામાં નોંધપાત્ર રીતે વધુ ઘટાડાની અતિશયોક્તિ કરે છે. આ વિશ્લેષણ સાથે વધારાની સમસ્યા છે. લેખકો વાસ્તવમાં ભારતની વસ્તીના હિંદુ હિસ્સામાં ૭.૮૧% અતિશયોક્તિપૂર્ણ ઘટાડા પર પહોંચ્યા છે, કારણ કે તેઓ શોધી કાઢે છે કે ARDA સર્વેક્ષણ ડેટા દર્શાવે છે કે ખ્રિસ્તી અને શીખ વસ્તી હિસ્સો હિંદુઓના ભોગે પણ વધ્યો છે. આ દાવો એક પ્રાથમિક તથ્યને અવગણે છેઃ કે આપણે કેટલાક દાયકાઓથી જાણીએ છીએ કે ૧૯૯૨ (પ્રથમ NFHS)થી શીખ અને ખ્રિસ્તી વસ્તીમાં છેલ્લા ત્રણ દાયકા કે તેથી વધુ સમયથી હિંદુઓ (કોષ્ટક ૨ જુઓ) કરતાં ઘણો ઓછો પ્રજનન દર છે. શીખ અને ખ્રિસ્તી વસ્તી વસ્તીમાં હિંદુ હિસ્સાને કેવી રીતે નીચે ધકેલી શકે છે જો તેમનો TFR અન્ય તમામ સમુદાયો કરતા સતત ઓછો રહ્યો છે ?

**પ્રજનન દરના નિર્ધારકો તરીકે વસ્તી વિષયકતા, શૈક્ષણિકતા અને ગરીબીને અવગણવી**

PMEAC પેપરમાં ત્રીજી સમસ્યા છે. તે એક તરફ વસ્તી વિષયક વર્તણૂક અને બીજી તરફ શૈક્ષણિક અને ગરીબી સ્તર વિશેની મુખ્ય અને જાણીતી વૈશ્વિક હકીકતની અવગણના કરે છે. જે સમુદાયોમાં શૈક્ષણિક પ્રાપ્તિનું સૌથી નીચું સ્તર છે, ખાસ કરીને સ્ત્રીઓમાં, પ્રજનન દર સૌથી વધુ છે. આમ, NFHS ડેટાને આભારી છે, જે ૧૯૯૨-૧૯૯૩ (NFHS ૧થી નવીનતમ NFHS ૫, ૨૦૧૯-૨૦૨૧)થી સતત પાંચ વાર્ષિક અંતરાલ પર ઉપલબ્ધ છે, આપણે દાયકાઓથી જાણીએ છીએ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો તેમજ મુસ્લિમો, સૌથી વધુ પ્રજનન દર ધરાવે છે.

કોષ્ટક ૩ ધર્મ અને જાતિ જૂથોમાં પ્રજનન દરમાં વલણો દર્શાવે છે. આ ત્રણ સમુદાયો ભારતના તમામ સામાજિક જૂથો (અન્ય ધાર્મિક જૂથો અને ઉચ્ચ જાતિના જૂથોની તુલનામાં)માં સૌથી વધુ શૈક્ષણિક રીતે વંચિત છે, અને ઐતિહાસિક રીતે સૌથી વધુ ગરીબી દરમાંથી પણ પીડાય છે.

**કોષ્ટક ૩: ધર્મ/જાતિ દ્વારા કુલ પ્રજનન દર, ૧૯૯૩-૨૦૨૧**

| NFHS વર્ષ | બધા | હિંદુઓ | મુસ્લિમો | એસસી | એસટી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૨-૯૩ | ૩.૩૯ | ૩.૩ | ૪.૪૧ | ૩.૯૨ | ૩.૫૫ |
| ૧૯૯૬-૯૯ | ૨.૮૫ | ૨.૭૮ | ૩.૫૯ | ૩.૧૫ | ૩.૦૬ |
| ૨૦૦૫-૦૬ | ૨.૬૮ | ૨.૫૯ | ૩.૪ | ૨.૯૨ | ૩.૧૨ |
| ૨૦૧૫-૧૬ | ૨.૧૮ | ૨.૧૩ | ૨.૬૨ | ૨.૨૬ | ૨.૪૮ |
| ૨૦૧૯-૨૧ | ૧.૯૯ | ૧.૯૪ | ૨.૩૬ | ૨.૦૮ | ૨.૦૯ |
| %change (૧૯૯૨-૨૦૨૧) | -૪૧.૩૦ | -૪૧.૨૧ | ૦-૪૬.૪૯ | -૪૬.૯૪ | -૪૧.૧૩ |

Source:NFHS Rounds,૧-૫

**સ્ત્રોતઃ NFHS રાઉન્ડ,૧-૫**

કોઈપણ ગંભીર સંશોધક સાક્ષરતા સ્તરો અને પ્રજનન દર અને આ દરોમાં ફેરફારના દર પરના ડેટાને કોઈપણ સમુદાય વિશે સામાન્ય નિવેદન કરવા માટે અવગણશે નહીં.

કોષ્ટક ૪ દર્શાવે છે કે મુસ્લિમોમાં નિરક્ષરતાનો દર ઘણો ઊંચો છે અને આઝાદીના સાત દાયકા પછી પણ, તે તમામ ધાર્મિક સમૂહોમાં ૪૮.૧% (સ્ત્રીઓ) અને ૩૭.૫૯% (પુરુષો) સાથે સૌથી વધુ છે.

તે હિંદુઓ, ખાસ કરીને પુરુષો (૨૯.૨૨%)માં ઘણું ઓછું છે. સ્પષ્ટપણે, મુસ્લિમ સામાજિક નેતાઓની જવાબદારી છે કે તમામ મુસ્લિમ બાળકો શાળાએ જાય (ફક્ત મદ્રેસાઓમાં જ નહીં), ખાસ કરીને, ૧૯૯૦ના દાયકાની શરૂઆતથી ભારત સરકારે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો પ્રયાસ કર્યા પછી, અને મુસ્લિમો સહિત તમામ સામાજિક જૂથોમાં નોંધણી વધી છે.

**કોષ્ટક ૪: ધાર્મિક જૂથો દ્વારા નિરક્ષરતા (%)**

| વસ્તી | સ્ત્રીઓ | પુરુષો |
|---|---|---|
| બધા ધર્મો | ૪૪.૦૨ | ૩૦.૨૪ |
| મુસ્લિમો | ૪૮.૧ | ૩૭.૫૯ |
| હિંદુઓ | ૪૪.૦૨ | ૨૯.૨૨ |
| જૈનો | ૧૫.૦૭ | ૧૨.૧૪ |
| ખ્રિસ્તીઓ | ૨૮.૦૩ | ૨૩.૨૨ |
| શીખો | ૩૬.૭૧ | ૨૮.૬૮ |
| બૌદ્ધો | ૩૪.૪ | ૨૨.૧૩ |
| અન્ય | ૫૮.૬૨ | ૪૦.૬૨ |

**સ્ત્રોતઃ સેન્સસ ડેટા, ૨૦૧૧**

**કોષ્ટક ૫: ધાર્મિક જૂથો દ્વારા પ્રજનન દર (%)**

| NFHS વર્ષ | મુસ્લિમ | હિંદુ | ખ્રિસ્તી | બૌદ્ધ | શીખ | જૈન | કુલ ભારત |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯૨-૯૩ | ૪.૪ | ૩.૩ | ૨.૯ | ૨.૯ | ૨.૪ | ૨.૪ | ૩.૪ |
| ૧૯૯૬-૯૯ | ૩.૬ | ૨.૮ | ૨.૪ | ૨.૧ | ૨.૩ | ૧.૯ | ૨.૮ |
| ૨૦૦૫-૦૬ | ૩.૪ | ૨.૬ | ૨.૩ | ૨.૩ | ૧.૯ | ૧.૫ | ૨.૭ |
| ૨૦૧૫-૧૬ | ૨.૬ | ૨.૧ | ૨ | ૧.૭ | ૧.૬ | ૧.૨ | ૨.૨ |
| ૨૦૧૯-૨૧ | ૨.૪ | ૧.૯ | ૧.૮૮ | ૧.૩૯ | ૧.૬૧ | ૧.૬ | ૨ |
| Percent decline (૧૯૯૨-૨૦૨૧) | ૪૫ | ૪૨ | ૩૫ | ૫૨ | ૩૩ | ૩૩ | ૪૧ |

**સ્ત્રોતઃ NFHS રાઉન્ડ, ૧-૫**

કોષ્ટક ૫ એ ૧૯૯૨થી NFHS દ્વારા અંદાજિત ધાર્મિક જૂથોમાં પ્રજનન દરો પર પ્રકાશ ફેંકે છે. કોઈ શંકા નથી કે આ સમયગાળા દરમિયાન મુસ્લિમો માટે પ્રજનન દર સૌથી વધુ રહ્યો છે, પરંતુ તે SC અથવા ST માટે છે તેના કરતા વધારે નથી (કોષ્ટક ૩) - જે મુદ્દો અમે અગાઉ ઉઠાવ્યો હતો કે વિશ્વની સૌથી ગરીબ વસ્તીમાં સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર અને વધુ પ્રજનન દર સારી રીતે શિક્ષિત વસ્તી કરતા હંમેશા વધુ રહ્યો છે. પરંતુ જો આપણે ૧૯૯૨થી ૨૦૧૯ દરમિયાન ટકાવારીમાં થયેલા ઘટાડા પર નજર કરીએ, તો આપણે શોધી કાઢીએ છીએ કે મુસ્લિમ મહિલાઓ માટે પ્રજનન દરમાં ઘટાડો સૌથી વધુ (૪૫%) રહ્યો છે. આ ઘટાડો રાષ્ટ્રીય સરેરાશ (૪૧%) કરતા વધારે છે. જ્યારે હિંદુ મહિલાઓ (૪૨%) માટે આ ઘટાડો તુલનાત્મક રીતે ઓછો છે. પ્રજનનક્ષમતાના ઘટાડાની ડિગ્રીમાં આ તફાવતના પ્રકાશમાં, મુસ્લિમ વસ્તી હિન્દુ વસ્તી કરતા વહેલા સ્થિર થશે.

**રાજ્યોઃ વિવિધ સામાજિક જૂથો માટે તેઓ પ્રજનનક્ષમતામાં કેવી રીતે અલગ પડે છે**

એક અંતિમ મુદ્દો નોંધનીય છે. કોઈપણ રાજ્યની વસ્તીના સૌથી ગરીબ વર્ગના પ્રજનન દર, શૈક્ષણિક સેવાઓની ગુણવત્તા, આરોગ્ય સેવાઓ અને આરોગ્ય અને શૈક્ષણિક પરિણામ સૂચકાંકોના સંદર્ભમાં લિંગ તફાવતો દ્વારા પ્રભાવિત થાય છે. ચાલો એક સરળ ઉદાહરણ સાથે સમજાવીએ. વિવિધ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સામાજિક જૂથોના રાજ્યવાર ટીએફઆરની વિગતવાર તપાસ સ્પષ્ટ કરશે કે કાશ્મીર અને કેરળ બંનેમાં મુસ્લિમ મહિલાઓની ટીએફઆર ઉત્તર પ્રદેશ અથવા બિહારના 'ઉચ્ચ' જાતિના હિન્દુઓની ટીએફઆર કરતાં ઓછી કેમ છે. અમે આયોજન પંચના બીજા રાષ્ટ્રીય માનવ વિકાસ અહેવાલમાં આ હકીકત દર્શાવી હતી. મુસ્લિમોની રાષ્ટ્રીય સરેરાશ ટીએફઆર કરતાં વધુને રાજકીય મૂડી બનાવવા માંગતા તમામ વિચારધારકોએ આ હકીકત પર વિચાર કરવો જોઈએ. તમે જે પણ રાજ્યનું પરીક્ષણ કરો છો, જો જાહેર આરોગ્ય સેવાઓ અને જાહેર શિક્ષણની ગુણવત્તા શ્રેષ્ઠ છે, તો મુસ્લિમો, તેમજ SC અને STના મોટાભાગના સામાજિક પરિણામ સૂચકાંકો અન્ય રાજ્યો કરતાં વધુ સારા છે જ્યાં આમાંની કોઈપણ સ્થિતિ નથી. જે રાજ્યોએ, ભારતના ભવિષ્ય માટે, તમામ મહિલાઓ માટે તેમના પ્રજનન દરમાં ઘટાડો કરવાની જરૂર છે - તેમણે રાજકીય લાભ માટે રાજકીય રોટલા શેકવામાં તેમનો સમય અને શક્તિ વેડફવાની જરૂર નથી, પરંતુ માત્ર એટલું જ સુનિશ્ચિત કરવું જોઈએ કે જાહેર શિક્ષણ અને આરોગ્ય સેવાઓ, ખાસ કરીને માતા અને બાળકના સ્વાસ્થ્ય અને મહિલા શિક્ષણમાં ઝડપથી સુધારો થાય. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડે આને તેમની ટોચની પ્રાથમિકતાઓ તરીકે ધ્યાનમાં લેવી જોઈએ - નહીં કે તેઓ $૧ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બની જાય. અર્થવ્યવસ્થા સમાવિષ્ટ અને સતત આર્થિક વૃદ્ધિ સાથે, યોગ્ય સમયે અનુસરશે.

**(સંતોષ મેહરોત્રા એક સ્વતંત્ર માનવ વિકાસ અર્થશાસ્ત્રી છે. બીર સિંહ દિલ્હી યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર છે)**

(સમાપ્ત) (સૌ. : ધ વાયર.ઈન)

# ભારતમાં સતત છઠ્ઠા વર્ષે વૈશ્વિક સ્તરે સૌથી વધુ ઈન્ટરનેટ શટડાઉન જોવા મળ્યું : રિપોર્ટ

## રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, એક દિવસનું શટડાઉન દેશમાં ૩૭૯ લોકોને બેરોજગારી તરફ ધકેલી શકે છે

(એજન્સી) તા.૧૭

એક્સેસ નાઉ કે જે એક બિન-લાભકારી જૂથ કે જે ડિજિટલ અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેના દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ ભારતમાં ઈન્ટરનેટ વિક્ષેપના આશ્ચર્યજનક ૧૧૬ કિસ્સાઓ નોંધાયા છે, જે વિશ્વભરમાં કુલ ૨૮૩ શટડાઉનમાં નોંધપાત્ર ૪૧% હિસ્સો ધરાવે છે. આ સતત છઠ્ઠું વર્ષ છે જ્યારે ભારતે ૨૦૧૬થી કુલ ૭૭૩ દસ્તાવેજીકૃત શટડાઉન સાથે, ઈન્ટરનેટ શટડાઉનની વૈશ્વિક સૂચિમાં નેતૃત્વ કર્યું છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે, ઈન્ટરનેટ શટડાઉનની સંખ્યા ૨૦૨૨માં ૨૦૧થી ૪૧% વધીને ૨૦૨૩માં ૨૮૩ થઈ ગઈ છે. એક્સેસ નાઉના ડેટા વિશ્લેષણ મુજબ, ભારતમાં માર્ચમાં પંજાબમાં લાંબા સમય સુધી રાજ્યવ્યાપી બંધને પગલે મણિપુર રાજ્ય ૪૭ શટડાઉનનો સામનો કરનાર યાદીમાં ટોચ પર છે. મણિપુરે લિંગ-આધારિત હિંસાના દસ્તાવેજીકરણના પ્રયાસોને અવરોધતા, ઈન્ટરનેટ ઍક્સેસ વિના કુલ ૨૧૨ દિવસ સહન કર્યા. વધુમાં બિહાર સહિત અન્ય ૧૩ રાજ્યોમાં ઈન્ટરનેટ બંધ થવાના કુલ ૧૨ કિસ્સા જોવા મળ્યા, ત્યારબાદ હરિયાણા (૧૧), પશ્ચિમ બંગાળ (૬), મહારાષ્ટ્ર (૫) અને રાજસ્થાન (૫) આવે છે. એક્સેસે નોંધ્યું છે કે, તમામ શટડાઉનમાંથી ૪૧% પાંચ કે તેથી વધુ દિવસો સુધી ચાલ્યા હતા, જે પાછલા વર્ષ કરતાં નોંધપાત્ર વધારો છે. જો કે, જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટરનેટ શટડાઉન ૨૦૨૨માં ૪૯થી ઘટીને ૨૦૨૩માં ૧૭ થઈ ગયું. અહેવાલો સૂચવે છે કે, ઈન્ટરનેટ બંધ થવાની અસર ભારતના અર્થતંત્ર પર પણ પડે છે. 'એકલા ૨૦૨૩ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, શટડાઉનને કારણે ભારતને ૧૯૦ કરોડ ડૉલર અને વિદેશી રોકાણમાં ૧૧.૮૦ કરોડ ડૉલરનું નુકસાન થયું હોવાના અહેવાલ છે.' ઈન્ટરનેટ સોસાયટીના નેટલોસ કેલ્ક્યુલેટરને ટાંકતા સંશોધન મુજબ રિપોર્ટમાં જણાવાયું છે કે, એક દિવસનું શટડાઉન દેશમાં ૩૭૯ લોકોને બેરોજગારી તરફ ધકેલી શકે છે. મ્યાનમાર ૩૭ ઈન્ટરનેટ શટડાઉન સાથે ભારત પછીના ક્રમે છે અને ઈરાન ૩૪ સાથે ત્રીજા ક્રમે છે. ૨૦૨૩માં ૩૯ દેશોએ ઈન્ટરનેટ બંધ કર્યું હતું. પાકિસ્તાનમાં ૭ જ્યારે ઈરાકમાં ૬ શટડાઉન થયા હતા. અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, 'અધિકારીઓએ હિંસા, યુદ્ધ ગુનાઓ અને અન્ય અત્યાચારો જેવી પરિસ્થિતિમાં આડેધડ રીતે એક સ્પષ્ટ સાધન તરીકે ઈન્ટરનેટ શટડાઉનનો લાભ લીધો છે,' પેલેસ્ટીન અને યુક્રેન જેવા દેશો સરહદ સંઘર્ષો વચ્ચે શટડાઉનનો અનુભવ કરી રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને વચગાળાની રાહત ન આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે શુક્રવારના રોજ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની વચગાળાની મુક્તિ માટેની અરજી પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો જેથી કરીને તેઓ વર્તમાન લોકસભા ચૂંટણી દરમિયાન પ્રચાર કરી શકે. જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચ કથિત જમીન કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસના સંબંધમાં તેમની ધરપકડ સામે દાખલ કરવામાં આવેલી સોરેનની અરજી પર સુનાવણી કરી રહી હતી. જો કે, ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની પણ બનેલી બેન્ચે ફેડરલ એન્ટિ-મની લોન્ડ્રિંગ એજન્સીને ૨૦ મે સોમવાર સુધીમાં વચગાળાની રાહત સહિત તેનો જવાબ દાખલ કરવા જણાવ્યું હતું. સોરેન તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે, ઝારખંડમાં મતદાન ૧૩ મેના રોજ શરૂ થયું હતું અને ચૂંટણીના બાકીના ત્રણ તબક્કા ૨૦મે, ૨૫મે અને ૧લી જૂનના રોજ યોજાશે. સિબ્બલે ઉમેર્યું હતું કે, ઝારખંડ મુક્તિ મોરચા (JMM) નેતા સામે કોઈ પુરાવા અસ્તિત્વમાં નથી અને મની લોન્ડ્રિંગનો કેસ મૌખિક નિવેદનો પર આધારિત છે જેમાં જણાવ્યું હતું કે, વિવાદિત જમીન પૂર્વ મુખ્યમંત્રીની છે. તેમણે કહ્યું, મારી પાસે જમીનનો કબજો નથી અને ક્યારેય નહીં હોય. આનો વિરોધ કરતાં એડિશનલ સોલિસિટર જનરલ (ASG) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)નું પ્રતિનિધિત્વ કરતા એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે, સોરેન સીધા સંડોવાયેલા છે અને તેમને વચગાળાના જામીન પર મુક્ત કરી શકાયા નથી કારણ કે, લોકસભા ચૂંટણીના સમયપત્રકની જાહેરાત થાય તે પહેલાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ASG રાજુએ કહ્યું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને સોરેનની અરજીનો જવાબ આપવા માટે સમયની જરૂર પડશે. રજૂઆતને સ્વીકારીને સુપ્રીમ કોર્ટે આ મામલો ૨૧ મેના રોજ વેકેશન બેન્ચ સમક્ષ ફરીથી સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હેમંત સોરેને ૩૧ જાન્યુઆરીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું, જ્યારે EDએ તેમને જાણ કરી હતી કે, તે તેમની પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) હેઠળ ધરપકડ કરી રહી છે. ૩ મેના રોજ પસાર કરાયેલા આદેશમાં ઝારખંડ હાઈકોર્ટે EDની ધરપકડ સામે સોરેનની રિટ પિટિશનને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, એવા ઘણા દસ્તાવેજો છે જે અરજદારની ધરપકડ અને પોલીસ અને ન્યાયિક કસ્ટડીમાં રિમાન્ડ માટે આધાર બનાવે છે.

# પરિસરમાં ત્રણ વર્ષનો બાળક મૃત મળી આવતા રોષે ભરાયેલી ભીડે પટણાની શાળાને આગ ચાંપી

(એજન્સી) તા, ૧૭

પોલીસે જણાવ્યું કે, બિહારની રાજધાની પટણામાં શુક્રવારે સવારે એક વિદ્યાર્થીનો મૃતદેહ શાળા પરિસરની અંદર એક ટાંકીમાંથી મળી આવ્યા બાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ શાળાને આગ ચાંપી દીધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના દિઘા પોલીસ સ્ટેશન વિસ્તારના રામજીચક વિસ્તારમાં બની હતી. રોષે ભરાયેલા સ્થાનિકોએ રસ્તા રોક્યા અને શાળાને આગ ચાંપી દીધી. આશરે ત્રણ વર્ષનો મૃતક બાળક શાળાએ ગયો હતો, જ્યાં તે શાળાના સમય બાદ ટ્યુશન ભણતો હતો અને સાંજ સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે જણાવ્યું કે આજે સવારે ૩ વાગ્યે શાળાના પરિસરમાં એક ટાંકીમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પછી સ્થાનિક લોકોએ રસ્તો બ્લોક કરી દીધો અને સ્કૂલને આગ ચાંપી દીધી. ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી. આ ઘટનાની વિગતો આપતાં પટણાના પોલીસ અધિક્ષક ચંદ્ર પ્રકાશે જણાવ્યું કે, મોડી રાત્રે માતા-પિતા દ્વારા અમને જાણ કરવામાં આવી હતી, જેના પછી અમારી ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પુરાવા એકત્ર કરવાનું શરૂ કર્યું. સીસીટીવીમાં અમે જોયું કે બાળક શાળામાં પ્રવેશી રહ્યો હતો પરંતુ તે તેનો કોઈ અર્થ નથી, તે શાળાના પરિસરમાંથી બહાર નીકળતો જોઈ શકાય છે. અમે તેની હત્યાના કેસ તરીકે તપાસ કરીશું કારણ કે તેઓ લાશને છુપાવી રહ્યા હતા અને તે ગુનાહિત ઈરાદો દર્શાવે છે અમે ત્રણ લોકોની અટકાયત કરી છે. તપાસ ચાલુ છે.

# પ.બંગાળ : આકાશથી વીજળી પડવાની જુદી-જુદી ઘટનાઓમાં ૧૧ લોકોનાં મોત, મમતા બેનરજીએ સહાનુભૂતિ વ્યક્ત કરી

(એજન્સી) માલદા, તા.૧૭

પશ્ચિમ બંગાળના માલદામાં ગુરૂવારે કુદરતનો કહેર જોવા મળ્યો હતો. વિવિધ જગ્યા પર તોફાન બાદ વીજળી પડવાની ઘટનાઓ સામે આવી છે, જેમાં અત્યાર સુધીમાં ૧૧ લોકોનાં મોત થઈ ગયા છે. આ દરમ્યાન બે લોકો ઘાયલ પણ થયા છે. મૃતકોમાં બે શાળાના વિદ્યાર્થી પણ છે. પોલીસે જણાવ્યું કે, મૃતકોમાં બે સગીર પણ સામેલ છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૧માંથી ત્રણ જૂના માલદા પોલીસ સ્ટેશન સાહપુર વિસ્તારના છે. અન્ય બેના ઘર ગાજોલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના અદીના અને રતુઆના બાલુપુરના છે. બાકીના ઘર હરિશ્ચંદપુર અને ઈંગ્લિશ બજાર થાનઈ વિસ્તારમાં છે. પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ માટે માલદા મેડિકલ કોલેજમાં લઈ જવાની વ્યવસ્થા કરી દીધી છે. માલદા જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન સિંઘાનિયાએ જણાવ્યું કે, વહીવટીતંત્ર તમામ મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને અંતિમ સંસ્કાર માટે ૨૦૦૦ રૂપિયા વળતર આપશે. તેમજ મુખ્યમંત્રી મમતા બેનરજીએ લોકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર મૃતકોના નામ ચંદન સહની (૪૦), રાજ મૃધા (૧૬), મનોજીત મંડલ (૨૧), અસિત સાહા (૧૯), સુમિત્રા મંડલ (૪૬), પંકડ મંડલ (૨૩), નયન રોય (૨૩), પ્રિયંકાસિંહ રોય (૨૦), રાણા શેખ (૮), અતુલ મંડલ (૬૫) અને સબરૂલ શેખ (૧૧) છે.

**હદીસ બોધ**

જ્યાં સુધી તું બૂરાઈનો માર્ગ ભૂલી ન જાય ત્યાં સુધી ભલાઈનો માર્ગ મળવાનો નથી. (હદીસ બોધ)

**બોધ વચન**

તમારા મગજને મહાન વિચારોથી ભરી દો. -બેન્જામિન ડિસરાઈલી

**આજની આરસી**

૧૮ મે શનિવાર ૨૦૨૪
૯ ઝિલકદ હિજરી ૧૪૪૫
વૈશાખ સુદ દસમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૯
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલુએ આફતાબ (સૂર્યોદય)૫-૫૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ટી-૨૦ વર્લ્ડકપ માટે પસંદગીકારોની પસંદગી અંગે જય શાહનો મત ફક્ત IPL પ્રદર્શનના આધારે પસંદગી ના કરી શકાય, વિદેશી અનુભવ મહત્ત્વનો : જય શાહ

નવી દિલ્હી, તા.૧૭ આગામી ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૪ માટે પસંદગી કરાયેલી ભારતીય ટીમે સોશિયલ મીડિયા પર અનેક પ્રશંસકોમાં હલચલ મચાવી દીધી છે. અમુક મોટા નામ ગાયબ છે તો અમુક અમેરિકાની ટિકિટ મેળવવામાં સફળ રહ્યા છે. હાલની ટીમ પર તેમના વિચારો વિશે પૂછતા



બીસીસીઆઈના સચિવ પાસે ખૂબ જ સરળ જવાબ હતો. એક ઈન્ટરવ્યુમાં બીસીસીઆઈ સચિવ જય શાહે વિભિન્ન મુદ્દે લાંબી વાતચીત કરી અને તેમાં મુખ્યરૂપે ટી-૨૦ વિશ્વકપ ટીમ માટે પસંદગીનો માપદંડ પણ સામેલ હતો. રોહિત શર્મા પોતાના પ્રથમ ટી-૨૦ વિશ્વકપ માટે ૧૫ સભ્યોની ટીમનું નેતૃત્વ કરશે અને બીસીસીઆઈ સચિવ સહિત અનેક લોકો આશા કરી રહ્યા હશે કે મેન ઈન બ્લ્યુ ક્રિકેટના તેજ વર્ચસ્વવાળા બ્રાન્ડને જાળવી રાખશે. જેવું કે તેમણે તાજેતરમાં સમાપ્ત થયેલા ૫૦ ઓવરના વિશ્વકપની ફાઈનલમાં હાર છતાં કરી બતાવ્યું હતું. જય શાહે કહ્યું કે, પસંદગીકારોએ અનુભવ અનો હાલના સારા ફોર્મ બંનેમાં એક સારૂં સંતુલન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, પસંદગીકારોએ ફક્ત આઈપીએલ પ્રદર્શનના આધારે જ નહીં પણ વિદેશોમાં રમવાના તેમના અનુભવને પણ ધ્યાનમાં રાખ્યો છે. આમાં ફોર્મ અને અનુભવ વચ્ચે સારૂં સંતુલન છે. પસંદગીકારો ફક્ત આઈપીએલના પ્રદર્શનના આધારે પસંદગી કરી શકતા નથી. કારણ કે, વિદેશી અનુભવ પણ જરૂરી છે. ૧૫ સભ્યોની ટીમમાં રિંકુસિંહ અને શુભમન ગિલ જેવા અનેક મોટા નામ નથી જેના કારણે ઘણો હોબાળો થયો. પણ હાલની ટીમમાં રિષભ પંત, સંજુ સેમસન, વિરાટ કોહલી અને બીજા અન્ય નામ છે. જેમને ટીમમાં જોવા માંગતા હતા. જેમ-જેમ આઈપીએલની હાલની સિઝન નોકઆઉટ રાઉન્ડ તરફ આગળ વધી રહી છે. ખેલાડી એકવાર ફરીથી રાષ્ટ્રીય ટીમના રંગમાં આવવા માટે પોતાને તૈયાર કરી રહ્યા હશે અને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશને તે ટાઈટલ પરત અપાવવામાં મદદ કરશે. જે ઘણા લાંબા સમયથી તેમનાથી દૂર છે.

# નીરજ ચોપરાએ ત્રણ વર્ષમાં ભારતીય ધરતી પર પ્રથમ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો

ભુવનેશ્વર, તા.૧૫ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાએ અહીં ફેડરેશન કપમાં પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો હતો, ત્રણ વર્ષમાં ભારતની ધરતી પર તેના પ્રથમ સ્પર્ધાત્મક દેખાવમાં અસામાન્ય રીતે ધીમી શરૂઆત કર્યા પછી બુધવારની સાંજે તેનો ભાલો આકાશમાં ઝબૂકતો હતો. ૨૬ વર્ષીય સુપરસ્ટાર સ્પર્ધામાં આગળ વધવા માટે સંઘર્ષ કર્યો અને ત્રણ રાઉન્ડ પછી બીજા સ્થાને હતો. તેણે ચોથા રાઉન્ડમાં ૮૨.૨૭ મીટરના પ્રયત્ન સાથે લીડ મેળવી હતી અને અંતિમ રાઉન્ડમાં પ્રવેશ કર્યો ન હતો કારણ કે તેણે સિલ્વર મેડલ જીતનાર ડી.પી મનુ પછી લીડ મેળવી હતી. ચોપરાએ છેલ્લે ૧૭ માર્ચ, ૨૦૨૧ના રોજ આ જ ઈવેન્ટમાં ઘરેલુ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જ્યારે તેણે ૮૭.૮૦ મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ત્યારથી, ચોપરાએ ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો છે, ૨૦૨૨માં ડાયમંડ લીગ ચેમ્પિયન બન્યો છે, ૨૦૨૩ માં વર્લ્ડ ચેમ્પિયનશિપ જીત્યો છે અને ચીનમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીત્યો છે. તેણે ડાયમંડ લીગના ત્રણ વ્યક્તિગત તબક્કાઓ પણ જીત્યા અને ૨૦૨૨ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જો કે, તે હજુ સુધી ૯૦ મીટરના આંકને સ્પર્શી શક્યો નથી. તેનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ અને રાષ્ટ્રીય રેકોર્ડ ૮૯.૯૪ મીટરનો છે.

# આગ્રા : ખંડૌલીમાં ગુંડાઓએ દલિત મજૂરોને થાંભલા સાથે બાંધીને માર માર્યો, કેસ નોંધાયો

## ખંડૌલીમાં ગુંડાઓએ એક દલિત મજૂરને થાંભલા સાથે બાંધીને માર માર્યો હતો, પીડિત ફરિયાદ લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, ફરિયાદ બાદ પોલીસે જીવલેણ હુમલા અને SC-STનો કેસ નોંધ્યો છે

(એજન્સી) તા.૧૭ આગ્રાના ખંડૌલી પોલીસ સ્ટેશન વિસ્તારના બહરમપુર ગામમાં, બે દલિત મજૂરોને ખેતરોમાં લગાવેલા વાયરને હટાવવા બદલ તેમને વીજળીના થાંભલા સાથે બાંધી બળજબરીથી મારવામાં આવ્યા હતા. પીડિતો બે દિવસ સુધી પોલીસ સ્ટેશનના ચક્કર લગાવતા રહ્યા. હવે પોલીસે આરોપીઓ વિરૂદ્ધ જીવલેણ હુમલો અને એસસી-એસટીનો કેસ નોંધ્યો છે. પોલાસ દ્વારા હુમલાખોરોની શોધ કરવામાં આવી રહી છે.

આગ્રાના બાલ્કેશ્વરના રહેવાસી અરવિંદ પાલ સિંહ અને બહેરામપુરમાં ખંડૌલીના રહેવાસી અરવિંદ સિકરવારના ખેતરો બહેરામપુરમાં બાજુમાં આવેલા છે. ખેતરના અમુક ભાગનો વિવાદ ઘણા સમયથી ચાલી રહ્યો છે. થોડા સમય પહેલા અરવિંદ સીકરવારે વિવાદિત જમીન પર વાયર વડે થાંભલા લગાવ્યા હતા. ૧૨ મેના રોજ અરવિંદ પાલે બાલ્કેશ્વરના રાધા નગરમાં રહેતા ખેત મજૂર મુલાયમ સિંહને બહેરામપુર ફાર્મમાં મોકલ્યા હતા. મુલાયમ સિંહ અને તેમના સહયોગી મંગેશ સિંહે વિવાદિત જમીનમાંથી વાયરો ખોલ્યા હતા.

આ અંગેની માહિતી મળતા અરવિંદ સિકરવાર તેના પુત્રો દીપક અને રૂપેશ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પીડિતોએ આરોપ લગાવ્યો કે અરવિંદ સિકરવાર અને તેમના પુત્રોએ મુલાયમ સિંહ અને મંગેશ પર લાકડીઓથી હુમલો કર્યો હતો. જાતિ આધારિત શબ્દોનો ઉપયોગ કરીને, તેઓએ તેમને વીજળીના થાંભલા સાથે બાંધી દીધા અને તેમને ખરાબ રીતે માર્યા હતા. જ્યારે હોબાળો થયો ત્યારે નજીકના ગ્રામજનોએ કોઈક રીતે બંને કામદારોને છોડાવવામાં સફળતા મેળવી હતી. પોલીસ બે દિવસ સુધી પીડિતોને નજરઅંદાજ કરતી રહી હતી. સોમવારે રાત્રે મુલાયમ સિંહની ફરિયાદ પર પિતા-પુત્રો વિરૂદ્ધ જીવલેણ હુમલાનો કેસ અને એસસી-એસટી કેસ નોંધવામાં આવ્યો હતો. સ્ટેશન ઈન્ચાર્જે કહ્યું કે, આરોપી વિરૂદ્ધ રિપોર્ટ નોંધવામાં આવ્યો છે અને તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે.

# દલિત મતો પર નજર રાખીને ભાજપનું સંપર્ક અભિયાન

(એજન્સી) પ્રયાગરાજ,તા.૧૭ દલિત મતદારોને આકર્ષવા માટે, ભાજપના જિલ્લા એકમે અલ્હાબાદ અને ફુલપુર સંસદીય બેઠકો પરથી ચૂંટણી લડી રહેલા પક્ષના ઉમેદવારો માટે સમર્થન મેળવવા માટે ‘બસ્તી સંપર્ક’ (ઝૂંપડપટ્ટી સાથે જોડો) અને ‘ચલો ચલે બસ્તી કી ઓર’ (ઝૂંપડપટ્ટીની મુલાકાત) ઝુંબેશ શરૂ કરી છે.

ભાજપે મંડલ સ્તરે બંને બેઠકો માટે ૪૦-સદસ્યના જૂથોને જોડ્યા છે જેમાં દરેક ટીમમાં એક ઝૂંપડપટ્ટી કન્વીનર અને પક્ષના SC/ST સેલના ૨૦ કાર્યકરો છે. દલિતોને અનુક્રમે ૧૧ અને ૧૪ મેના રોજ કોરાઓન અને ફાફામૌ વિધાનસભા બેઠકો પર એસસી અને એસટી સંમેલનમાં હાજરી આપવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

ભાજપના નેતાઓ દાવો કરે છે કે આ નિર્ણય બીએસપીનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે, જે પોતાને દલિત હિતોના ચેમ્પિયન તરીકે રજૂ કરે છે.

પાર્ટીના પ્રવક્તા રાજેશ કેસરવાણીએ મીડિયાને જણાવ્યું, “BJPએ દલિતો સાથે જોડાવા માટે મેગા કેમ્પેઈન શરૂ કર્યું છે. બંને સંસદીય બેઠકો પર પાર્ટી પાસે ૬૦ મંડલ છે અને તે માટે પાર્ટીના SC/ST મોરચાના ૨,૪૦૦ કાર્યકરોને ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ સાથે જોડવા અને એનડીએ સરકાર દ્વારા શરૂ કરાયેલી કલ્યાણ નીતિઓ વિશે માહિતગાર કરવા માટે જોડવામાં આવ્યા હતા.

બંને બેઠકો પર લગભગ ૧૫-૨૦ ટકા દલિત મતદારો કોઈ પણ ઉમેદવારની જીત સુનિશ્ચિત કરવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે તેવો દાવો કરીને, પક્ષ તેમને આકર્ષવામાં કોઈ કસર છોડી રહી નથી.

ભાજપે ઝુગ્ગી જોપરી સેલની પણ રચના કરી છે અને SC/ST મોરચા સાથે સેલના સભ્યોને ઝૂંપડપટ્ટીના મતદારો સાથે જોડવા માટે જોતરવામાં આવી રહ્યા છે. અલ્હાબાદ ઉત્તર, અલ્હાબાદ પશ્ચિમ અને અલ્હાબાદ દક્ષિણ ત્રણ શહેરી આધારિત મતવિસ્તારોમાં પક્ષના કાર્યકરો ઝૂંપડપટ્ટીમાં દરેક દરવાજા ખટખટાવી રહ્યા છે. અલ્હાબાદ દક્ષિણમાં સૌથી વધુ સ્લમ મતદારો છે.

કેસરવાણીએ કહ્યું કે, ભાજપના ઝુગ્ગી ઝોપરી સેલના સભ્યો પણ ઝૂંપડપટ્ટીના લોકો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓ વિશે પૂછપરછ કરી રહ્યા છે અને તેને ઉકેલવા માટે સુધારાત્મક પગલાં લઈ રહ્યા છે. પાર્ટીના કાર્યકરો પણ લાભાર્થીઓ સુધી પહોંચી ગયા છે.

પાર્ટીના એક વરિષ્ઠ કાર્યકર્તાએ કહ્યું : ‘પક્ષે નરેન્દ્ર મોદીને સતત ત્રીજી મુદત માટે વડાપ્રધાન બનાવવા માટે લાયક સ્લમ મતદારોનો સંપર્ક કર્યો છે અને તે માટે, ઝૂંપડપટ્ટીના લોકોને ફાફામૌ અને કોરાઓન વિધાનસભા બેઠકોમાં SC/ST સંમેલનમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.’

મહારાષ્ટ્રમાં ૧૧ બેઠકો માટે પક્ષો માટે અગ્નિ પરીક્ષણ છે , કારણ કે મતદારો નક્કી કરે છે કે મહારાષ્ટ્રમાં ત્રીજા તબક્કાના મતદાનમાં મુખ્ય લડાઈ કયા પક્ષો વચ્ચે હશે . NCP અને કોંગ્રેસ નિર્ણાયક ક્ષેત્રોમાં ભાજપ અને શિવસેનાને પડકાર આપે છે. સાંગલી અને હાથકંગલેમાં ત્રિકોણીય લડાઈ ચૂંટણીના લેન્ડસ્કેપમાં જટિલતા ઉમેરે છે.

ફુલપુર, અલ્હાબાદ બેઠકો પર, પ્રથમ વખતે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો વચ્ચે ટક્કર છે.પ્રયાગરાજમાં, ભાજપ, ઈન્ડિયા બ્લોક, બસપા જેવા મુખ્ય પક્ષોના ઉમેદવારો સાથે લોકસભાની બેઠકો માટે ત્રિકોણીય હરીફાઈ નક્કી કરવામાં આવી છે. પ્રથમ ટાઈમર્સ અને અનુભવી રાજકારણીઓ એક રસપ્રદ ચૂંટણી લડાઈનું વચન આપતા સ્પર્ધા કરે છે.

અખિલેશ દલિતોને ધિક્કારે છે, દલિત મત માંગવાનો કોઈ અધિકાર નથીઃ માયાવતી માયાવતીએ યુપીમાં સમાજવાદી પાર્ટીના શાસનની ટીકા કરી અને વિકાસ અને સામાજિક ન્યાય પર બસપાનું ધ્યાન કેન્દ્રિત હોવાનું જણાવ્યું., તેમણે મતદારોને આગામી ચૂંટણીમાં બસપાના ઉમેદવારોને સમર્થન આપવા વિનંતી કરી.

# આસામના મુખ્યમંત્રીના બહાને દલિત મતદારોને રીઝવવાનો પ્રયાસ

(એજન્સી) તા.૧૭ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા દ્વારા શુદ્રો પર કરેલી ટિપ્પણી પર નિશાન સાધ્યું અને અનેક નિશાન સાધ્યા. તેમની નજર દલિત મતદારો પર હતી પરંતુ તેમનું નિશાન ભાજપ અને મોદી પર હતું. તેમણે દલિતો માટેની કોંગ્રેસની નીતિને ભાજપની વિચારસરણી અને વિચારધારા સાથે જોડીને દલિત મતદારોને રીઝવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. બાંસગાંવ લોકસભા ક્ષેત્રમાં દલિત મતદારોની બહુમતી છે. રાજકીય પક્ષોના સર્વે દર્શાવે છે કે અહીં સાડા ચાર લાખથી વધુ દલિત મતદારો છે. દલિત મતદારો એક સમયે કોંગ્રેસના મુખ્ય મતદારોમાં હતા, પરંતુ બાદમાં કાંશીરામ અને પછી માયાવતીએ આ મોટી વોટબેંક કબજે કરી હતી, પરંતુ છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે તેમનામાં ફટકો માર્યો છે. હવે કોંગ્રેસની નજર તેના જૂના પરંપરાગત મતદારો પર છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે બાંસગાંવમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષને બોલાવવા પાછળનું કારણ દલિત મતદારોને સંદેશ આપવાનું હતું. ખડગેએ પણ એવું જ કર્યું. જ્ઞાતિ સમીકરણના આધારે કોંગ્રેસે દલિત સમુદાયમાંથી આવતા સદલ પ્રસાદને મેદાનમાં ઉતાર્યા છે. હવે ખડગેએ આસામના મુખ્યમંત્રીના ટ્રોલિંગ ભાષણનો એક ભાગ ઉઠાવીને ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો. આસામના મુખ્ય મંત્રી કહે છે કે શુદ્રની સેવા કરવી જોઈએ. વડાપ્રધાન મોદી આવી વિચારધારાને સમર્થન આપે છે. કોંગ્રેસે દલિતોને સમાન અધિકાર આપવાનો પ્રયાસ કર્યો. નેહરૂએ દેશમાં ડૉ. આંબેડકરના બંધારણનો અમલ કર્યો. અમારી વિચારસરણી એવી છે, દલિત ભાઈઓએ આ વિશે વિચારવું જોઈએ. ખડગે અહીં જ નથી અટક્યા, બીજેપીનું નામ લીધા વગર તેમણે જણાવ્યું કે, તેમની જાળમાં ફસાશો નહીં. તેઓ ગેરમાર્ગે દોરશે અને આકર્ષક વચનો પણ આપશે.

# કોહલી અને ડિવિલિયર્સનો આઠ વર્ષ પહેલાનો રેકોર્ડ આજે પણ અકબંધ

## બંને ધુરંધરોએ ૨૦૧૬માં ગુજરાત લાયન્સ સામે સદી ફટકારી બીજી વિકેટ માટે ૨૨૯ રનની ભાગીદારી કરી હતી

નવી દિલ્હી, તા.૧૭ : ક્રિકેટમાં રેકોર્ડ બને છે તૂટવા માટે પણ અમુક રેકોર્ડ એવા છે જે આજે પણ તૂટ્યા નથી. કોહલી અને ડિવિલિયર્સે આઠ વર્ષ પહેલા આઈપીએલમાં બનાવેલો ભાગીદારીનો રેકોર્ડ આજે પણ તૂટ્યો નથી. આઈપીએલ ઈતિહાસમાં સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના વિરાટ કોહલી અને ડિવિલિયર્સના નામે છે. ૨૦૧૬ની સિઝનમાં ગુજરાત લાયન્સ સામે આ બંનેએ બીજી વિકેટ માટે ૯૭ બોલમાં ૨૨૯ રનની તોતિંત ભાગીદારી કરી હતી. બંને દિગ્ગજ બેટ્સમેનોએ સદી ફટકારી હતી. ડિવિલિયર્સે ૫૨ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૧૨ સિક્સરની મદદથી ૧૨૯ રનની ઈનિંગ રમી હતી. તેનો સ્ટ્રાઈક રેટ ૨૪૮નો હતો. જ્યારે કોહલીએ ૫૫ બોલમાં પાંચ ચોગ્ગા અને આઠ સિક્સરની મદદથી ૧૦૯ રન બનાવ્યા હતા. આ બંનેની રેકોર્ડ ભાગીદારીની મદદથી બેંગ્લોરે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૪૮ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ગુજરાત લાયન્સની ટીમ ૧૦૪ રનમાં સમેટાઈ ગઈ હતી.


# કોહલી રન નહીં બનાવે તો ભારત ટી-૨૦ વર્લ્ડકપ જીતી શકશે નહીં : ટિમ પેઈન

સિડની, તા.૧૭ : ભારતે ધોનીની કપ્તાનીમાં ૨૦૦૭માં પ્રથમ વખત ટી-૨૦ વર્લ્ડકપનું ટાઈટલ જીત્યું હતું. ત્યાર બાદ ૧૭ વર્ષ થઈ ગયા, પરંતુ ટીમે આ ટ્રોફી જીતી નથી. ક્રિકેટનો ‘મહાકુંભ’ વેસ્ટઈન્ડિઝ અને અમેરિકામાં યોજાવા જઈ રહ્યો છે. રોહિત શર્મા ૧૭ વર્ષની આ આતુરતાનો અંત લાવશે તેવું દેશવાસીઓ ઈચ્છી રહ્યા છે. પરંતુ ઓસ્ટ્રેલિયાનો પૂર્વ કેપ્ટનનું માનવું છે કે, ટીમ ઈન્ડિયા આ વર્લ્ડકપ જીતી શકશે નહીં. ઓસ્ટ્રેલિયાના પૂર્વ ટેસ્ટ કેપ્ટન ટિમ પેઈને ફિન્ચ અને માઈકલ ક્લાર્ક સાથે વાત કરતી વખતે કહ્યું કે, જો વિરાટ કોહલી રન નહીં બનાવે તો ભારત માટે ટી-૨૦ વર્લ્ડકપ જીતવો મુશ્કેલ થઈ જશે. તેણે કહ્યું કે, કોહલીના રન અને ભારતના વર્લ્ડકપ વચ્ચે સીધો સંબંધ છે. ટિમ પેઈને ભારતીય બેટ્સમેનોના હાલના ખરાબ ફોર્મને તેની પાછળનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. ભારતના ટોપ-૪માં માત્ર વિરાટ કોહલી જ IPLમાં ફુલ ફોર્મમાં જોવા મળ્યો છે. તેણે વર્લ્ડકપ જેવા મોટા સ્ટેજ પર હંમેશા શાનદાર પ્રદર્શન કર્યું છે. આઈપીએલ ૨૦૨૪માં વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેની બેટિંગના દમ પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ ફરીથી પ્લેઓફની રેસમાં આવી ગઈ છે. આ સિઝનમાં તેણે ૧૩ મેચમાં ૧૫૫ના સ્ટ્રાઈક રેટથી ૬૬૧ રન બનાવ્યા છે, જેમાં પાંચ અડધી સદી અને ૧ સદીનો પણ સમાવેશ થાય છે.

# મગજની ઈજાથી બચવા માટે કેડમોરે ગળામાં ક્યુકોલર પહેર્યું

નવી દિલ્હી, તા.૧૭ : આઈપીએલની એક મેચમાં રાજસ્થાન રોયલ્સનો વિકેટકીપર ટૉમ કોહલર-કૈડમોર ગળામાં ડિવાઈસ પહેરેલું હતું. કૈડમોરે જે ડિવાઈસ પહેર્યું હતું. તેનું નામ ક્યુકોલર છે. આ ગેજેટ ખેલાડીઓને બ્રેઈનની ઈજાથી બચાવે છે. એવું નથી કે, કૈડમોરે પહેલીવાર આ ગેજેટનો ઉપયોગ કર્યો છે. તેણે ગત વર્ષે ૧૭ ઓગસ્ટે આ ડિવાઈસ પહેર્યું હતું. ત્યારે આ ગેજેટ પર સીકોઈનું ધ્યાન પડ્યું હતું. કોઈપણ વ્યક્તિની બ્રેઈન સુરક્ષાને ધ્યાને રાખી ક્યુ કોલર ગેજેટ બનાવાયું છે. તેનાથી મગજને ઈજા થવાનું જોખમ ઘટે છે. સામાન્ય રીતે ક્રિકેટ અથવા અન્ય સ્પોર્ટ્સ રમતી વખતે માથામાં ઈજા થવાની સંભાવના વધુ હોય છે, તેથી ક્યૂ કોલર તે ઈજાની અસર ઓછી થવા દે છે. ક્યૂકોલર ગળાની નસો પર આંશિક દબાણ કરે છે, જેના કારણે મગજમાં લોહીનું પ્રમાણ વધી જાય છે. તેનાથી મગજ સ્થિર રહે છે. જ્યારે માથામાં ઈજા થાય ત્યારે બ્રેઈનની હલનચલનના કારણે જ બ્રેઈન ઈન્જરી થાય છે, તેથી આ કોલરથી ઈજા વખતે મગજની હલનચલન ઓછી થાય છે. આ ડિવાઈસ બ્લડ વોલ્યૂમનો વધારો કરીને મગજને ઈજા થવાની શક્યતા ઘટાડે છે.

# બુરખો પહેરેલી પ્રશંસકને ગળે ભેટવાનું શાહરૂખ ખાને ટાળી લોકોના દિલ જીત્યાં, વીડિયો વાયરલ થયો



(એજન્સી) તા.૧૭ બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન માત્ર તેના ઓનસ્કીન ચાર્મ અને મૂવીઝ માટે જ નહીં, પરંતુ તેની ઑફસ્કીન વ્યક્તિત્વ અને હૃદયસ્પર્શી પળો માટે પણ જાણીતો છે. તે બોલિવૂડના સૌથી પ્રિય અને આદરણીય અભિનેતાઓમાંનો એક છે. કિંગ ખાનનો એક જૂનો વીડિયો ઓનલાઈન વાયરલ થઈ રહ્યો છે જેમાં અભિનેતા એક ઈવેન્ટ દરમિયાન સ્ટેજ પર તેના ચાહકોને મળી રહ્યો છે. ક્લિપમાં જે દેખાય છે તે બુરખા પહેરેલી મહિલા ચાહક પ્રત્યે શાહરુખ ખાનનો આદરપૂર્ણ હાવભાવ છે. જ્યારે તે અન્ય ચાહકોને ગળે લગાવે છે, જ્યારે હિજાબ પહેરેલી ચાહક પણ તેની નજીક આવે છે, ત્યારે તે શારીરિક સંપર્કમાં આવ્યા વિના અસ્સલામુ અલયમકુમ કહીને આદરપૂર્વક તેનું સ્વાગત કરે છે. ઈન્સ્ટાગ્રામ પર SRKની એક ફેન ક્લબ દ્વારા ફરીથી શેર કરવામાં આવેલ વીડિયોને વ્યક્તિઓ અને તેમની માન્યતાઓ માટે શાહરૂખ ખાનના ઊંડા આદરને દર્શાવવા માટે, ચાહકો દ્વારા ઑનલાઈન પ્રશંસા મેળવવા માટે વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી રહી છે. પ્રોફેશનલ વર્ક ફ્રન્ટની વાત કરીએ તો હાલમાં શાહરૂખ અનેક ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. તેમાં પઠાણ ૨ તથા સુહાના ખાનની કિંગ પણ સામેલ છે. તે ફરી એકવાર સિલ્વર સ્ક્રિન પર ધૂમ મચાવવા તૈયાર છે.


**મોતીલાલ ઓસ્વાલ હોમ ફાયનાન્સ લિમિટેડ**

MOTILAL OSWAL HOME LOANS

રજિ. ઓફિસ : મોતીલાલ ઓસ્વાલ ટાવર, રહીમતુલ્લાહ સયાની રોડ, પરેલ એસટી ડેપોટ સામે, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫, ટેલિ. : સીએસ : ૮૨૯૧૮૮૯૮૯૮
વેબસાઈટ : www.motilaloswalhf.com, ઈમેઈલ: hfquery@motilaloswal.com

**કબજા નોટિસ (સ્થાવર મિલકત/તો માટે)**

**(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૧) હેઠળ)**

જ્યારે નીચે હસ્તાક્ષરિત મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ, (અગાઉની એસ્પાયર હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાય છે)ના અધિકૃત અધિકારી તરીકે, નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, અહીં ઉલ્લેખિત તારીખની ડિમાન્ડ નોટિસ બહાર પાડીને નીચેના દેણદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્‌વાન કર્યું છે. ઉપરોક્ત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસ.
નીચેના દેણદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી નીચેના દેણદારોને નોટિસ આપવામાં આવે છે અને સામાન્ય રીતે નીચે હસ્તાક્ષર કરનાર લોકોને પેટા કલમ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો કબજો લેવામાં આવ્યો છે. (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અહીં દર્શાવેલ તારીખે :

| ક્રમ નં. | લોન કરાર નં./દેણદાર/સહ-દેણદાર/ગેરેન્ટરના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને બાકી રકમ | કબજો લેવાની તારીખ | સ્થાવર મિલકતની વિગત |
|---|---|---|---|---|
| | LXMEH00416-170028499 શૈલેષકુમાર રવાભાઈ પ્રજાપતિ અને નીતાબેન શૈલેષભાઈ પ્રજાપતિ | ૨૩.૧૨.૨૦૨૦ માટે રૂા.૯૦૮૯૩૨/- | ૧૩.૦૫.૨૦૨૪ | ઘર નં.- ૩/૫૬૩, પ્રજાપતિ વાસ, મુ.સુજાનપુરા, સિદ્ધપુર, પાટણ, ગુજરાત-૩૮૪૧૫૧ |

ખાસ કરીને દેણદાર અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરવો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે ઉપરોક્ત ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ.
દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૮-૦૫-૨૦૨૪

સહી/-
અધિકૃત અધિકારી
(મોતીલાલ ઓસ્વાલ હોમ ફાયનાન્સ લિમિટેડ)

* ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.



**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

રિટેલ કલેક્શન્સ, ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, વડગાંવશેરી, સર્વે નં.૧૩/બી૧, બીર,બી૩, સર્વે નં.૧૪, કલ્યાણી નગર, પૂને- ૪૧૧૦ ૧૪.
વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરો : શ્રી હારૂન શેખ, ફોન : ૦૨૦-૬૭૦૦૯૭૯૯ / ૯૮૨૩૨૮૮૦૫૫,ઈમેઈલ : haroongulamrasool.shaikh@sc.com
મહેરબાની કરીને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક/સુરક્ષિત લેણદારની વેબસાઈટ પર આપવામાં આવેલી લિંકનો સંદર્ભ લો એટલે કે,
https://www.sc.com/in/important-information/public-sale-notice-of-properties-under-the-possession-of-bank/

**ઈ-હરાજી નોટિસ**

**સરફેસી અધિનિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટેની જાહેર સૂચના, સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઈ સાથે વાંચો**

જ્યારે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (અધિનિયમ) હેઠળ અને સિક્યોરિટીના નિયમ ૩ સાથે વાંચેલી કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરી વ્યાજ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (નિયમો) એ ૧૦/૫/૨૦૨૨ના રોજ માંગણી નોટિસ જારી કરી હતી જેમાં દેણદારને બોલાવવામાં આવ્યા હતા ૧. જવાહર પોલીવેર ૨. જવાહર સિન્થેટીક્સ ૩. શ્રી રાજેન્દ્રકુમાર અગ્રવાલ ૪. શ્રી નરેશકુમાર અગ્રવાલ, ૫. શ્રી ઘનશ્યામદાસ ગુપ્તા, ૬. શ્રીમતી અનુરાધા જાલન, ૭. શ્રી પ્રભુ દયાલ ગુપ્તા, ૮. શ્રી ગોપાલ ક્રિષ્ન અગ્રવાલ, ૯. શ્રી ગૌરવ રાજેન્દ્ર અગ્રવાલ, સરનામું દુકાન નં.૫૦૦૩, સોમેશ્વર ટેક્ષટાઈલ માર્કેટ કામેલા દરવાજા રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ તેમને બાકીની રકમ રૂા.૧,૩૪,૧૨,૭૫૮.૫૭/- (ફક્ત રૂા. એક કરોડ ચોત્રીસ લાખ બાર હજાર સાતસો અઠ્ઠાવન અને સત્તાવન પૈસા) સાથે ૮.૫૦ પ્રતિ. વ ષ વધારાના વ્યાજ સહિત ૧૦.૦૫.૨૦૨૨ ના રોજ આ સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવણીની વાસ્તવિક તારીખ સુધી.
દેણદાર/સહ-દેણદાર/નિયામક/જામીનદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, આથી દેણદાર/સહ-દેણદાર/ડિરેક્ટર/બાંયધરી આપનારને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવી હતી કે નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના અધિકૃત અધિકારીએ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, રિટેલ કલેક્શન્સ, ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, વડગાંવશેરી, સર્વે નં.૧૩/બી૧, બીર,બી૩, સર્વે નં.૧૪, કલ્યાણી નગર, પૂને- ૪૧૧૦ ૧૪ શાખાએ આ અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચોના સુરક્ષિત દેવાની વસૂલાત માટે ૨૭.૦૧.૨૦૨૪ના રોજ દેણદાર/ નિયામક/ બાંયધરી આપનારની નીચે વર્ણવ્યા મુજબ નીચેની સુરક્ષિત સંપત્તિનો પ્રતિકાત્મક કબજો લીધો છે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકે હવે સ્થાવર મિલકતોની ઈ-ઓક્શન કરવાનું નક્કી કર્યું છે અને “જેમ છે તે પ્રમાણે”, “જેમ છે તેમ“ અને “જે છે તે પ્રમાણે” ધોરણે ઈ-ટેન્ડર દ્વારા બિડ મંગાવવામાં આવે છે.
દેણદાર(રો)ને આથી સુરક્ષા વ્યાજ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧) હેઠળ આ નોટિસ આપવામાં આવે છે, જેથી આ નોટિસની તારીખથી ૧૫ દિવસની અંદર કોષ્ટકમાં ઉલ્લેખિત બાકી રકમ ચૂકવવામાં આવે, જે નિષ્ફળ જતા સુરક્ષિત સંપત્તિની હરાજી થશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તે તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.૧૦૧(૧-એ), ૪ બેડરૂમ, ૧ હોલ, ૧ કિચન અને ૩ અગાસી, જેનું વિસ્તાર ૨૮૫૦ ચો.ફૂટ એટલે કે ૨૬૪.૭૭ ચો.મી. સ્થિત પહેલો માળ, ધ બ્રિજરત્ન એપાર્ટમેન્ટ, બિન કૃષિની જમીન પર ફાઈનલ પ્લોટ નં.૬૬ જેનું એસ.નં.૩૬/૧ના મોજે ઉમરા, સબ જિ.ચાર્યાસીમાં સુરત જિ. કોમન અધિકાર સાથે પાર્કિંગ, લિફ્ટ, પગથિયા વગેરે. તમામ અધિકાર સાથે નીચે મુજબ ખૂંટ : પૂર્વ તરફ : પગથિયા અને રસ્તો, પશ્ચિમ તરફ : બ્રિજ વાટિકા એપાર્ટમેન્ટ, ઉત્તર તરફ : ગાર્ડન અને રોડ, દક્ષિણ : બ્રિજ રતન ફ્લેટ નં.૧૦૨(૧-બી)

| અનામત રકમ | EMD (અનામત કિંમતના ૧૦%) | બિડની રકમમાં વધારો |
|---|---|---|
| રૂા.૧,૫૬,૭૫,૦૦૦/- | રૂા.૧૫,૬૭,૫૦૦/- | રૂા.૧,૦૦,૦૦૦/- |

| | |
|---|---|
| સંપત્તિનું નિરીક્ષણ : | ૫.૦૬.૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ વચ્ચે |
| ઓનલાઈન ટેન્ડર અને અરજી ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૨૪.૦૬.૨૪ સમય : સાંજે ૫:૦૦ વાગે |
| ઈ-ઓક્શનની તારીખ અને સમય | ઈ-ઓક્શન પોર્ટલ www.matexauctions.com (ઈ-ઓક્શન પ્રદાતાનું વેબ સરનામું) દ્વારા ૨૫.૦૬.૨૪ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ વચ્ચે વેચાણ પૂર્ણ થાય ત્યાં સુધી દરેક ૧૦ મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે થશે. |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર | હારૂન શેખ, અધિકૃત અધિકારી - ૯૮૨૩૨૮૮૦૫૫ |

**ઈ-હરાજીની પ્રક્રિયાના નિયમો અને શરતો નીચે મુજબ છે**

૧. મિલકતની તપાસ ૦૫.૦૬.૨૪ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યાની વચ્ચે થઈ શકે છે.
૨. નિયમો અને શરતો સાથેનું ટેન્ડર/બિડ ફોર્મ વેબસાઈટ http://www.matexauctions.com પરથી ઓનલાઈન મેળવી શકાય છે. ટેન્ડર ફોર્મ અને નિયમો અને શરતો વેબસાઈટ પર ૨૫.૦૫.૨૪થી ૨૪.૦૬.૨૪ સુધી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. તમામ જરૂરી શરતોનું પાલન કરતું બિડ/ટેન્ડર ફોર્મ રૂા.૧૫,૬૭,૫૦૦/- (રૂપિયા પંદર લાખ સડસઠ હજાર પાંચસો માત્ર)ની EMD રકમના પુરાવા સાથે સબમિટ કરવાનું રહેશે. મોર્ગેજ સસ્પેન્સ એકાઉન્ટ નં.42705095742; IFSC: SCBL0036078ની તરફેણમાં EFT/NEFT/RTGS ટ્રાન્સફર દ્વારા સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક ડિપોઝિટની તરફેણ કરતી અર્નેસ્ટ મની ડિપોઝિટ તરફ. બાનાના નાણાંની થાપણમાં કોઈ વ્યાજ રહેશે નહીં. BID ફોર્મ ડાઉનલોડ કરવું અને યોગ્ય રીતે ભરવું અને www.matexauctions.com પર અપલોડ કરવું.
૩. અર્નેસ્ટ મની ડિપોઝિટ સાથે બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૪.૦૬.૨૪ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા અથવા તે પહેલાંની છે.
૪. બિડ ફોર્મની સાથે સૂચિત બિડરે તેનો/તેણીના ઓળખનો પુરાવો અને રહેઠાણનો પુરાવો જેમ કે પાસપોર્ટ, ચૂંટણી પંચ કાર્ડ, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ વગેરેની નકલ અને PANની નકલ પણ જોડવી પડશે. ભારતના આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલ કાર્ડ.
૫. બિડર પાસે સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ માન્ય ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર અને માન્ય ઈ-મેલ આઈડી ધરાવશે (ઈ-મેલ આઈડી ઈચ્છુક બિડર માટે જરૂરી છે કારણ કે મેસર્સ મેટેક્સ નેટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તમામ સંબંધિત માહિતી અને આઈડી અને પાસવર્ડની ફાળવણી થઈ શકે છે. ઈ-મેલ દ્વારા જણાવવામાં આવ્યું.)
૬. હરાજીની તારીખે પ્રાપ્ત થયેલ તમામ બિડ ખોલવામાં આવશે અને સૌથી વધુ બોલી લગાવનારની બિડ, જો તે અનામત કિંમત કરતાં વધુ હોય, તો બેંક દ્વારા સ્વીકારવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં મિલકત અનામત કિંમતથી નીચે વેચવામાં આવશે નહીં. જો કે, હરાજી માટે વ્યક્તિગત રીતે હાજર રહેલા બિડરોને તેમની બિડની કિંમતમાં લઘુતમ રકમ રૂા.૧,૦૦,૦૦૦/- દ્વારા વધુ વધારો કરવાનો અધિકાર છે અને બિડની ઊંચી કિંમત ઓફર કરવામાં આવે તો, બેંકને તે સ્વીકારવાનો અધિકાર છે. દરેક બિડ પછી, આગામી બિડ માટેની વિન્ડો પાંચ મિનિટ માટે ખુલ્લી રહેશે જેમાં આગળની બિડ મૂકી શકાશે. હરાજીનો સમય સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ સુધી૧૨૦ મિનિટનો રહેશે. અમર્યાદિત એક્સટેન્શન્સ સાથે પાંચ મિનિટ દરેક. ઈ-ઓક્શનના બંધ સમયની છેલ્લી પાંચ મિનિટમાં બિડ મૂકવામાં આવે તો, બંધ થવાનો સમય આપોઆપ ૧૦ મિનિટ માટે લંબાવવામાં આવશે.
૭. ત્યારપછી, જ્યારે બેંક વેચાણની પુષ્ટિ કરે છે, ત્યારે ખરીદનારને વેચાણ કિંમતના ૨૫% (પચ્ચીસ ટકા)ની ડિપોઝિટ ચૂકવવાની રહેશે, બાનાની થાપણને સમાયોજિત કર્યા પછી, તરત જ નીચે સહી સાથે. ખરીદી કિંમતની બાકીની ૭૫% રકમ ખરીદનાર દ્વારા ઉપરોક્ત મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પહેલાં અથવા પક્ષકારો દ્વારા લેખિતમાં સંમત થઈ શકે તેવી વિસ્તૃત અવધિના રોજ અથવા તે પહેલાં નીચે હસ્તાક્ષરિત વ્યક્તિને ચૂકવવામાં આવશે. ચૂકવણીના ડિફોલ્ટમાં અને ઉપર દર્શાવ્યા મુજબ સમયની અંદર, બેંક બાનાની ડિપોઝિટ જપ્ત કરવા અને મિલકતની પુનઃ હરાજી સાથે આગળ વધવાની સ્વતંત્રતા પર રહેશે. ડિફોલ્ટિંગ ખરીદનાર તમામ દાવાઓ જપ્ત કરશે મિલકત અથવા રકમના કોઈપણ ભાગ માટે કે જેના માટે તે પછીથી વેચી શકાય.
૮. ખરીદદાર દ્વારા તમામ ચુકવણીઓ મોર્ગેજ સસ્પેન્સ એકાઉન્ટ નં.42705095742; IFSC: SCBL0036078ની તરફેણમાં EFT/NEFT/RTGS ટ્રાન્સફર દ્વારા ડિપોઝિટ દ્વારા કરવામાં આવશે.
૯. સંપૂર્ણ વેચાણ કિંમતની પ્રાપ્તિ પર, બેંક ખરીદનારની તરફેણમાં વેચાણ પ્રમાણપત્ર જારી કરશે અને મિલકતનો કબજો ખરીદનારને સોંપશે.
૧૦. નીચે આપેલા સમયપત્રકમાં વર્ણવેલ જણાવેલ સ્થાવર મિલકત આગ કે ચોરી અથવા અન્ય અકસ્માતો અને વેચાણની પુષ્ટિની તારીખથી અન્ય જોખમ સહિત તમામ બાબતોમાં ખરીદનારના એકમાત્ર જોખમમાં રહેશે અને રહેશે. નીચે હસ્તાક્ષરિત અધિકૃત અધિકારી દ્વારા ખરીદનારને રદ કરવાનો હકદાર રહેશે નહીં, કોઈપણ આધાર પર વેચાણ.
૧૧. અસફળ બિડરોની EMD NEFT/RTGS દ્વારા બિડર/બેંક ખાતાની વિગતો બિડ ફોર્મમાં તેમના દ્વારા પ્રદાન કરવામાં આવશે અને તેમના ઈ-મેલ આઈડી દ્વારા જાણ કરવામાં આવશે.
૧૨. તમામ હેતુઓ માટે, ઉપરોક્ત મિલકતનું વેચાણ ચુસ્ત રીતે **“જેમ છે તે પ્રમાણે” અને “જ્યાં છે તે પ્રમાણે”** બેંકના અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, મિલકત પર અન્ય કોઈ બોજો અસ્તિત્વમાં નથી.
૧૩. ઉપરોક્ત સંદર્ભિત મિલકતના સંદર્ભમાં સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ચાર્જ, ટ્રાન્સફર ચાર્જ અને અન્ય કોઈપણ ચાર્જીસ સંબંધિત તમામ ખર્ચ ખરીદનાર દ્વારા ઉઠાવવામાં આવશે.
૧૪. અધિકૃત અધિકારી સર્વોચ્ચ ઓફર અથવા કોઈપણ અથવા બધી ઓફરો સ્વીકારવા માટે બંધાયેલા નથી અને બેંક તેના કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ બિડ(ઓ)ને નકારવાનો તેનો અધિકાર અનામત રાખે છે.
૧૫. ટેન્ડર દસ્તાવેજમાં ઉલ્લેખિત મિલકતો વિશેની વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી માટે જણાવવામાં આવી છે અને અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટું નિવેદન અથવા ચૂક માટે જવાબદાર રહેશે નહીં. બચત કરો અને ઉપરોક્ત સિવાય, બેંક અન્ય કોઈપણ બોજથી વાકેફ નથી સુરક્ષિત સંપત્તિ.
૧૬. સંભવિત બિડર્સ ઉપર દર્શાવેલ તારીખ અને સમયે મિલકતની તપાસ કરી શકે છે.

**SARFAESI એક્ટ, ૨૦૦૨ના નિયમ ૯(૧) હેઠળ વૈધાનિક ૩૦ દિવસની સૂચના**

૧. જવાહર પોલીવેર ૨. જવાહર સિન્થેટીક્સ ૩. શ્રી રાજેન્દ્રકુમાર અગ્રવાલ ૪. શ્રી નરેશકુમાર અગ્રવાલ, ૫. શ્રી ઘનશ્યામદાસ ગુપ્તા, ૬. શ્રીમતી અનુરાધા જાલન, ૭. શ્રી પ્રભુ દયાલ ગુપ્તા, ૮. શ્રી ગોપાલ ક્રિષ્ન અગ્રવાલ, ૯. શ્રી ગૌરવ રાજેન્દ્ર અગ્રવાલના દેણદાર/નિર્દેશકોને ઈ-ઓક્શનની તારીખ પહેલાં અપ-ટુ-ડેટ વ્યાજ અને આનુષાંગિક ખર્ચાઓ સાથે ઉપર જણાવ્યા મુજબ લેણાં ચૂકવવા આથી સૂચિત કરવામાં આવે છે, તેમાં નિષ્ફળ થવા પર સૂચિ મિલકતોની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો વ્યાજ અને કિંમત સાથે વસૂલ કરવામાં આવશે.

તારીખ : ૧૮.૦૫.૨૦૨૪
સ્થળ : સુરત

સહી/-
અધિકૃત અધિકારી
સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

# કોવેક્સિન લેનારા દર ૩માંથી ૧ને આડઅસર; નવા અભ્યાસમાં ખુલાસો

## BHU ખાતે સંશોધકોની એક ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા એક વર્ષના અનુવર્તી અભ્યાસ અનુસાર ભારત બાયોટેકની કોવેક્સિન વિરોધી રસી કોવેક્સિન મેળવનાર વ્યક્તિઓમાંથી લગભગ એક તૃતીયાંશ લોકોએ 'વિશેષ રસની પ્રતિકૂળ ઘટનાઓ' અથવા AESIની ફરિયાદ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

અભ્યાસમાં આવરી લેવાયેલા ૯૨૬ સહભાગીઓ પૈકી લગભગ ૫૦ ટકા લોકોએ ફોલો-અપ સમયગાળા દરમિયાન ચેપની ફરિયાદ કરી હતી, જેમાં વાયરલ ઉપલા શ્વસન માર્ગના ચેપનો પ્રભાવ હતો.

અભ્યાસ કે જે કિશોરો અને પુખ્ત વયના લોકોમાં BBV152 રસીની લાંબાગાળાની સલામતી પર ધ્યાન આપે છે તેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ગંભીર AESI, જેમાં સ્ટ્રોક અને ગુઈલેન-બેરે સિન્ડ્રોમનો સમાવેશ થાય છે તે એક ટકા વ્યક્તિઓમાં નોંધવામાં આવ્યો હતો.

સ્પ્રિંગર નેચર જર્નલમાં પ્રકાશિત, આ અભ્યાસ UK ફાર્માસ્યુટિકલ જાયન્ટ એસ્ટ્રાઝેનેકાના એવા સ્વીકારને પગલે કરવામાં આવી છે કે, તેની કોવિડ રસી યુકે કોર્ટમાં લોહીના ગંઠાઈ જવાની અને પ્લેટલેટની સંખ્યા ઘટાડવાની દુર્લભ આડઅસરોનું કારણ બની શકે છે.

જાન્યુઆરી ૨૦૨૨થી ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે, 'લગભગ એક તૃતીયાંશ વ્યક્તિઓમાં AESI જોવા મળ્યું છે. નવી-શરૂઆત ત્વચા અને સબક્યુટેનીયસ ડિસઓર્ડર, સામાન્ય વિકૃતિઓ અને નર્વસ સિસ્ટમની વિકૃતિઓ રસી મેળવ્યા પછી કિશોરોમાં જોવા મળતી ત્રણ સૌથી સામાન્ય વિકૃતિઓ હતી.'

અભ્યાસમાં ૬૩૫ કિશોરો અને ૨૯૧ પુખ્તા વયના લોકો સામેલ હતા, જેમને BBV152 રસી મળી હતી. રસીકરણના ૧ વર્ષ પછી વિશેષ રસની લાંબાગાળાની પ્રતિકૂળ ઘટનાઓ વિશે સહભાગીઓની ટેલિફોનિક મુલાકાત લેવામાં આવી હતી.

કિશોરોમાં નવી-પ્રારંભિક ત્વચા અને ચામડીની નીચેની વિકૃતિઓ (૧૦.૫ ટકા), સામાન્ય વિકૃતિઓ (૧૦.૨ ટકા) અને ચેતાતંત્રની વિકૃતિઓ (૪.૭ ટકા) સામાન્ય AESI હતી.

પુખ્ત વયના લોકોમાં સામાન્ય વિકૃતિઓ (૮.૯), મસ્ક્યુલોસ્કેલેટલ વિકૃતિઓ (૫.૮ ટકા) અને નર્વસ સિસ્ટમ વિકૃતિઓ (૫.૫ ટકા) સામાન્ય AESI હતા.

અભ્યાસમાં ઉમેરવામાં આવ્યું હતું કે, ૪.૬ ટકા મહિલા સહભાગીઓમાં માસિક સ્રાવની અસામાન્યતા જોવા મળી હતી. ૨.૭ ટકા અને ૦.૬ ટકા સહભાગીઓમાં આંખની અસાધારણતા અને હાઈપોથાઈરોડિઝમ જોવા મળ્યું હતું, પુખ્ત વયના લોકોમાં ચાર મૃત્યુ (ત્રણ સ્ત્રી વ્યક્તિઓ, એક પુરૂષ વ્યક્તિ) નોંધાયા હતા.

ચારેયને ડાયાબિટીસ હતો, જ્યારે ત્રણમાં હાયપરટેન્શન અને




તેમાંથી બેમાં પ્રી-રસીકરણ કોવિડ-૧૯નો ઈતિહાસ હાજર હતો.

બે મૃત્યુમાં સ્ટ્રોક મુખ્ય ફાળો આપનાર હતો અને એક મૃત્યુ પોસ્ટ-કોવિડ-૧૯ ગેંડોસેરેબ્રલ મ્યુકોર્માયકોસિસને કારણે થયું હતું, જે રસીકરણ પછી પ્રસારિત થયું હતું.

ચોથું મૃત્યુ રસીકરણ પછી બેભાનતાના બહુવિધ ઈતિહાસ ધરાવતી મહિલામાં થયું હતું, જેની ઈટીઓલોજી મૃત્યુ સુધી અજાણી રહી હતી. ચોક્કસ કાર્યકારણ જોડાણની ગેરહાજરીમાં આ ઘટનાઓમાંથી કોઈ નિષ્કર્ષ કાઢી શકાય નહીં.

મોટાભાગના AESI નોંધપાત્ર સમયગાળા માટે ચાલુ રહે છે, અભ્યાસમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, કોવિડ-૧૯-રસી કરાયેલ વ્યક્તિઓનું વિસ્તૃત દેખરેખ અંતમાં શરૂ થયેલા AESIના અભ્યાસક્રમ અને પરિણામોને સમજવા માટે જરૂરી છે.

ગંભીર AESI અસામાન્ય ન હોઈ શકે અને કોવિડ-૧૯ રસીકરણ પછી રોગપ્રતિકારક અસરની ઘટનાઓને સમજવા માટે વધુ જાગૃતિ અને વિસ્તૃત અભ્યાસની આવશ્યકતા હોય છે.

સ્ત્રી વ્યક્તિઓ, પ્રિ-રસીકરણ કોવિડ-૧૯વાળી કિશોરીઓ, કો-રોબિડિટીઝ ધરાવતી અને રસીકરણ પછીના ટાઈફોઈડ સાથે અનુક્રમે ૧.૬, ૨, ૨.૭ અને ૩.૨ ગણી વધુ AESIની સંભાવના હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, અગાઉથી રોગો ધરાવતા પુખ્ત વયના લોકોમાં AESI અને સતત AESIની બે ગણી વધુ સંભાવનાઓ હતી.

અભ્યાસમાં જણાવાયું છે કે, કોવેક્સિનના બે ડોઝ મેળવનારા પુખ્ત વયના લોકોની સરખામણીમાં ત્રણ ડોઝ મેળવનારા પુખ્ત વયના લોકો અને BBV152નો એક ડોઝ મેળવનારાઓને AESI થવાનું જોખમ અનુક્રમે ચાર અને બે ગણું વધારે હતું.

# રાજસ્થાન : સરકાર સંચાલિત અંગ્રેજી માધ્યમની શાળાઓ ટૂંક સમયમાં ઈતિહાસ બની શકે



(એજન્સી) તા.૧૭

ડિસેમ્બર ૨૦૨૩થી શરૂ થતાં તેના કાર્યકાળની શરૂઆતથી જ મુખ્યપ્રધાન ભજનલાલ શર્માની આગેવાની હેઠળની રાજસ્થાનની ભાજપ સરકાર અશોક ગેહલોત હેઠળની અગાઉની કોંગ્રેસ સરકાર દ્વારા શરૂ કરાયેલા તમામ પ્રોજેક્ટ્સને પલટાવવા અથવા તેનું નામકરણ કરવા માટે આકાશ-પાતાળ એક કરી રહી છે અને આ દિશામાં સૌથી તાજેતરનું એક પગલું એ છે કે, અગાઉની સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલી અંગ્રેજી-માધ્યમની શાળાઓને બંધ કરવી અથવા તેમનું હિન્દી-માધ્યમમાં રૂપાંતર કરવું. ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમોની શ્રેણીના ભાગરૂપે, તત્કાલીન કોંગ્રેસ સરકારે વર્ગ ૧થી ૧૨ સુધી મહાત્મા ગાંધી રાજકીય વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) શરૂ કરવાનો નિર્ણય લીધો હતો.

આજે મહાત્મા ગાંધી અંગ્રેજી માધ્યમની શાળાઓની પહેલની છત્રછાયા હેઠળ ૩૭૩૭ અંગ્રેજી માધ્યમની શાળાઓ છે. આ ઉપરાંત ૧૪૬૩ નવી અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ પ્રસ્તાવિત કરવામાં આવી છે. પરંતુ દેખીતી રીતે સરકાર સંચાલિત અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ માટેની ખૂબ મોટી સંખ્યામાં અરજીઓ પ્રત્યે આંખ આડા કાન કરતાં રાજ્ય સરકાર તેને બદલે હિન્દી-માધ્યમ શાળાઓમાં રૂપાંતરિત કરવા મક્કમ જણાય છે.

રાજ્યની રાજધાની જયપુરમાં વિવિધ મહાત્મા ગાંધી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ૧૬થી ૩૪ ઉમેદવારો એક બેઠક માટે અરજી કરે છે. એ જણાવવાની જરૂર નથી કે ઓછી આવક ધરાવતા જૂથના પરિવારો તેમના બાળકોને ખાનગી અંગ્રેજી-માધ્યમ શાળાઓમાં મોકલવામાં અસમર્થ છે, જેઓ સરકારી શાળાઓમાં પ્રવેશ માટે દોટ લગાવે છે. ટ્રાન્સપોર્ટ ઓપરેટર અને ભાજપના કાર્યકર હનુમાન બાગરાએ કહ્યું. 'સાંગાનેર (મુખ્યમંત્રીનો વિધાનસભા વિસ્તાર)માં માનસરોવર વિસ્તારમાં એક મહાત્મા ગાંધી શાળા છે જેમાં પ્રત્યેક વર્ગમાં ૫૪ની ક્ષમતા છે, પરંતુ શાળાને ૧૮૮૦ અરજીઓ મળી છે. આ દર્શાવે છે કે, લોકો તેમના બાળકોના શિક્ષણ મેળવવા માટે કેટલા આતુર છે.'

રાજ્ય સરકારની કર્મચારી વસાહતો અને IAS અધિકારીઓના નિવાસસ્થાન ધરાવતા શહેરના સમૃદ્ધ ગાંધી નગર વિસ્તારમાં મહાત્મા ગાંધી શાળાને એક વર્ગમાં પ્રવેશ માટે લગભગ ૩૧૦ અરજીઓ મળી છે જેમાંથી કેટલીક અરજીઓ તો IAS અધિકારીઓ તરફથી પણ કરવામાં આવી છે. શાળાની ૬૭૦ બેઠકો ખૂબ જ ઓછા સમયમાં ભરાઈ ગઈ, તેથી રાજ્ય સરકારે ૫૫ બેઠકો ઉમેરી, જેના માટે શાળાને પહેલેથી જ ૩૩૦ અરજીઓ મળી છે. ધોલપુર જિલ્લાના શેરપુરમાં ૨૮૭ વિદ્યાર્થીઓ ધરાવતી આવી એક શાળા પણ સત્તત બેઠકોની સંખ્યા વધારવાની માંગનો સામનો કરી રહી છે.

'આ શાળાઓનો હેતુ એવા લોકોને અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપવાનો હતો કે જેઓ તેમના બાળકોને ઊંચી ફીના કારણે ખાનગી શાળાઓમાં મોકલી શકતા ન હતા. ગ્રામીણ બાળકોને પણ અંગ્રેજી માધ્યમ શાળાઓમાં અભ્યાસ કરવાની તક મળવી જોઈએ તે બાબત પર ઘણો વિચાર કરવામાં આવ્યો હતો.'

ગેહલોતે કહ્યું છે કે, 'અમે રાજસ્થાનના છોકરાઓ અને છોકરીઓને અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેતી વખતે અડચણોનો સામનો કરતા જોયા કારણ કે, તેઓ પૂરતું

### કોંગ્રેસ સરકારે ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ધો.૧-૧૨ માટે મહાત્મા ગાંધી રાજકીય વિદ્યાલય યોજના શરૂ કરી હતી

અંગ્રેજી જાણતા ન હતા. મારા પોતાના ઘરમાં, મને મારી પૌત્રી દ્વારા પ્રેરણા મળી, જે અસ્ખલિત અંગ્રેજી બોલે છે. શિક્ષણવિદોએ પણ અંગ્રેજી માધ્યમની વધુ શાળાઓ ખોલવાનું સૂચન કર્યું હતું.'

આ પહેલા રાજસ્થાનની શાળાઓમાં માત્ર છઠ્ઠા ધોરણથી અંગ્રેજી શિક્ષણ આપવામાં આવતું હતું, જેને લીધે અત્યાર સુધી હિન્દી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓને શીખવામાં મુશ્કેલી પડતી હતી. કોંગ્રેસ સરકારમાં શિક્ષણ મંત્રી બી.ડી. કલ્લાએ શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ વિઝન ૨૦૨૮ પેપર મુજબ શ્રેષ્ઠતાના કેન્દ્રોના વિકાસ પર ચાંપતી નજર રાખી હતી, જેમાં ધો.૧થી આઠ સુધી શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હતું.

'પ્રતિસાદ જબરદસ્ત હતો અને ૨૦૨૧-૨૨ સુધીમાં અમારે ૫૩૩ સરકારી સંચાલિત શાળાઓને અંગ્રેજી માધ્યમમાં રૂપાંતરિત કરવાની હતી. ટૂંક સમયમાં આ સંખ્યા ૨૦૨૯ને સ્પર્શી ગઈ. અંગ્રેજી પૃષ્ઠભૂમિ ધરાવતા શિક્ષકો શોધવાનું કાર્ય પણ પડકારરૂપ હતું. અમે સ્તર ૧ અને ૨માં વિભાજિત ૧૦,૦૦૦ કરાર આધારિત. શિક્ષકો રાખવાનું નક્કી કર્યું હતું.

'લેવલ ૧ માટે ફરજિયાતપણે અરજદારે અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કર્યો હોવો જોઈએ અને અંગ્રેજીમાં ધો.૧૨ બોર્ડની પરીક્ષા પાસ કરી હોય. તેણે અથવા તેણીએ પ્રાથમિક ડિપ્લોમા પણ ધરાવવો પડશે. સ્તર ૨ની પાત્રતા ઓછામાં ઓછા B.Ed ડિગ્રી સાથે અંગ્રેજી માધ્યમમાં સ્નાતકને દર મહિને રૂ.૧૬,૯૦૦ ચૂકવવામાં આવશે. ગેહલોતે કહ્યું, 'ભાજપ સરકારે અંગ્રેજી માધ્યમની શાળાઓ સાથે ત્યારે છેડછાડ કરવાનો નિર્ણય લીધો છે જયારે તેઓએ પરિણામ આપવાનું શરૂ કર્યું હતું. આ નિર્ણય ગરીબોને ગુણવત્તાયુક્ત અંગ્રેજી શિક્ષણથી વંચિત કરશે. અમારા પ્રયત્નો કોઈ માન્ય કારણ વગર વેડફાઈ રહ્યા છે.'

વર્તમાન શિક્ષણ મંત્રી મદન દિલાવરે જણાવ્યું હતું કે, 'આ શાળાઓ રાજકીય હેતુઓ માટે ખોલવામાં આવી હતી, જેનો હેતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો નહોતો. અમને સરકારી અધિકારીઓ દ્વારા આવી શાળાઓની સમીક્ષા કરવાની સલાહ આપવામાં આવી છે.' વાલીઓનું સંગઠન એવા અભિભાવક સંઘના સચિવ અભિષેક જૈન બિટ્ટુએ જણાવ્યું હતું કે, 'ભાજપ સરકાર દ્વારા વંચિત બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરવાની તક નકારી કાઢવાનું કાવતરૂં છે. તેમને બંધ કરવાને બદલે સરકારે આવી શાળાઓનું ધોરણ સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ અને પાયાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઉપલબ્ધ કરાવવી જોઈએ.'

'આ શાળાઓ ખોલવાથી યુવાનોને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં અંગ્રેજી સાહિત્યમાં ઓનર્સ અભ્યાસક્રમો લેવા માટે પણ પ્રેરણા મળી હતી, એવી આશામાં કે તેઓ અંગ્રેજી શિક્ષક તરીકે નોકરી મેળવશે. આનાથી આ શાળાઓમાં ધોરણ સુધારવાનો માર્ગ મોકળો થયો હોત. પરંતુ ભાજપ સરકાર હવે આ શાળાઓને બંધ કરવાનું કામ કરી રહી છે, જે કમનસીબ છે.'

અત્રે એ જણાવી દઈએ કે, રાજ્ય સરકારે નવા અભ્યાસક્રમો, ફી માળખાં અને શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની નીતિ સૂચવવા માટે સાત રાજ્ય-અનુદાનિત યુનિવર્સિટીઓમાં મુખ્ય મેનેજમેન્ટ હોદ્દા પર ૧૧ ધારાસભ્યોની સમિતિની નિમણૂક કરી છે.

કમનસીબે ૧૧ ધારાસભ્યોમાંથી સાત પાસે શાળા સ્તરથી આગળની કોઈ શૈક્ષણિક લાયકાત નથી. બાંસવાડાની ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ યુનિવર્સિટીના બોર્ડમાં નિયુક્ત થયેલા ધારાસભ્ય શંકર લાલ દેચાએ ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. ધારાસભ્ય કૈલાશ મીણા એક ખાનગી કોલેજમાંથી સ્નાતકની ડિગ્રીનો અભ્યાસ કરે છે, જ્યારે બહાદુર સિંહ, જેમણે આઠ ધોરણ પછી અભ્યાસ છોડી દીધો હતો તેમને બ્રજ યુનિવર્સિટીની મેનેજમેન્ટ કમિટીમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

# અત્યાર સુધીની લડાયેલી ચૂંટણી બેઠકો માટેનું મતદાન ૬૮ ટકા ઘટ્યું, મુખ્ય રાજ્યોમાં તમામ ૪ તબક્કામાં ઘટાડો જોવા મળ્યો છે

## જો કે, કુલ મતદારોની સંખ્યામાં બે કરોડનો વધારો થયો છે, ૭ બેઠકો પર મતદાનમાં બે આંકડાની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો હતો, The Printએ ૩૭૪ બેઠકોના ડેટાનું વિશ્લેષણ કર્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ThePrint વિશ્લેષણ અનુસાર અત્યાર સુધી મતદાન થયેલ ૬૭.૬ ટકા મતદારક્ષેત્રોમાં જે મતદાન ૨૦૧૯માં થયુ હતું તે ઘટી ગયું છે. ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા જાહેર કરાયેલ ડેટા દર્શાવે છે કે, સંપૂર્ણ રીતે મતદાન કરનારા લોકોની સંખ્યામાં બે કરોડનો વધારો થયો હોવા છતાં ૩૭૪ બેઠકોમાંથી ૨૫૩ બેઠકો પર મતદાન ઘટી ગયું છે.



કુલ ૫૪૩માંથી બાકીની ૧૬૯ બેઠકોમાંથી માત્ર ૧૬૪ બેઠકો પર જ મતદાન થશે.

આસામમાં સીમાંકન કવાયત દરમિયાન ચાર બેઠકો, દરરંગ-ઉદલગુરી, દીપુ, કાઝીરંગા અને સોનિતપુર બનાવવામાં આવી હતી અને ત્યાં કોઈ મતદાન થયું ન હતું. વધુમાં ગુજરાતમાં સુરત બેઠક પર, ભાજપના વર્તમાન સાંસદ, બિનહરિફ જાહેર થતાં ત્યાં પણ મતદાન થયું ન હતું.

તેથી હવે ૧૬૪ બેઠકો પર મતદાન થવાનું બાકી છે, ત્યારે વલણ પહેલેથી જ સ્પષ્ટ છે. એવી સાત જેટલી બેઠકો છે જ્યાં ડબલ ડિજિટમાં ઘટાડો થયો હતો. નાગાલેન્ડમાં એકંદરે મતદારોની સંખ્યામાં ૨૫.૩ ટકા અને મધ્યપ્રદેશના સિધીમાં, ૧૩ ટકા પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. મધ્યપ્રદેશમાં ત્રણ બેઠકો બે અંકોમાં ઘટી હતી - ખજુરાહો (-૧૧.૩૧ ટકા પોઈન્ટ), રીવા (- ૧૧.૦૧ ટકા પોઈન્ટ) અને શાહડોલમાં (-૧૦.૦૭ ટકા પોઈન્ટ)નો ઘટાડો નોંધાયો હતો.

ઉત્તરપ્રદેશના મથુરા (-૧૧.૬૮ ટકા પોઈન્ટ) અને કેરળના પથાનમથિટ્ટા (-૧૦.૯ ટકા પોઈન્ટ)માં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

મુખ્ય રાજ્યો જ્યાં ઓછામાં ઓછી ૧૫ બેઠકો પર મતદાન થયું છે - તમામ ચાર તબક્કામાં મતદાનમાં ઘટાડો જોવા મળ્યો છે. કેરળ અને પશ્ચિમ બંગાળની તમામ ૩૮ બેઠકો પર મતદાન થયું છે, જેમાં મતદાનમાં ઘટાડો જોવા મળ્યો છે. ગુજરાત અને બિહારમાં જ્યાં સંયુક્ત ૬૫માંથી ૪૪ બેઠકો પર મતદાન થયું છે, ત્યાં બે (દરેક રાજ્યમાં એક)માં ઘટાડો જોવા મળ્યો છે. તમિલનાડુમાં લગભગ ૯૦ ટકા (અથવા ૩૯ માંથી ૩૫) બેઠકો પર મતદારો દૂર રહેતા જોવા મળ્યા.

હિન્દી હાર્ટલેન્ડના બે મુખ્ય રાજ્યોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો - ઉત્તરપ્રદેશ (૩૯માંથી ૩૩ બેઠકો જે મતદાન થયું છે) અને રાજસ્થાન (૨૫માંથી ૨૨ બેઠકો કે જેમાં મતદાન થયું હતું) - જેમ કે મહારાષ્ટ્ર (૩૫માંથી ૧૫ બેઠકો કે જેમાં મતદાન થયું હતું) અને મધ્યપ્રદેશ (૨૯માંથી ૨૩ બેઠકો) પર પણ મતદાનમાં ઘટાડો જોવા મળ્યો હતો.

જો કે, કર્ણાટક અને તેલંગાણાએ આ વલણને સમર્થન આપ્યું હતું, કારણ કે, સંયુક્ત કુલ ૪૫ બેઠકોમાંથી માત્ર પાંચ બેઠકો પર મતદાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. સંપૂર્ણ સંખ્યામાં પણ ૨૦૧૯ની સરખામણીમાં ૩૭૪ બેઠકોમાંથી ૧૦૨ બેઠકો પર ઓછા લોકો મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. નાગાલેન્ડ અને જમ્મુની લોકસભા બેઠકોમાં લગભગ બે લાખ ઓછા મતદારો મતદાન કરવા આવ્યા હતા.

જો આપણે હાલના આંકડાઓની સરખામણી ૨૦૧૪ સાથે કરીએ, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત ચૂંટાયા ત્યારે ૨૨૦ જેટલા મતવિસ્તારોમાં મતદાનની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો છે. આ એ હકીકત હોવા છતાં કે અત્યાર સુધીમાં ૬.૪ કરોડ વધુ લોકો મતદાન કરી ચૂક્યા છે.

આમાંની મોટાભાગની બેઠકો તમિલનાડુ (કુલ ૩૯માંથી ૩૫), ઉત્તરપ્રદેશ (કુલ ૩૯માંથી ૩૦ બેઠકો જે ચૂંટણી થઈ હતી), ગુજરાત (૨૫માંથી ૨૩), પશ્ચિમ બંગાળ (તેની તમામ ૧૮ બેઠકો) અને મહારાષ્ટ્ર (૩૫માંથી ૧૬ જેમાં મતદાન થયું હતું).

**બધા ખરાબ સમાચાર નથી :-** જો કે, સફળતાની વાતોઓ પણ છે. શ્રીનગરમાં જેણે છેલ્લા ત્રણ દાયકામાં બહિષ્કારની હાકલ જોઈ છે, ૨૦૧૯ની તુલનામાં ૪.૮ લાખ વધુ મતદારો આવ્યા.

દરમિયાન તેલંગાણાના મલકાજગીરી અને ચેવેલામાં પણ મતદારોની સંખ્યામાં સંયુક્ત રીતે ૩.૫ લાખનો વધારો જોવા મળ્યો હતો.

ત્યાં ૧૫૩ અન્ય બેઠકો હતી જ્યાં મતદાનની ટકાવારીમાં ઘટાડો હોવા છતાં વધુ મતદારોએ તેમના આદેશનો ઉપયોગ કર્યો હતો. દાખલા તરીકે ગુજરાતના દાહોદમાં મતદારોના મતદાનમાં ૭ ટકાથી વધુ પોઈન્ટ્સનો ઘટાડો થયો છે, તેમ છતાં લગભગ ૪૮,૦૦૦ વધુ મતદારોએ આ ચૂંટણી સિઝનમાં મતદાન કર્યું હતું.

બિહારના અરરિયામાં મતદાનમાં લગભગ ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ ૮૦,૦૦૦ વધુ મતદારો જોવા મળ્યા હતા. રાજ્યના સુપૌલમાં પણ મતદાનમાં ૨.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ ૧.૧ લાખ મતદારોની સંખ્યામાં વધારો થયો હતો. ૨૦૧૯ની તુલનામાં ECI અનુસાર, દેશના મતદારોમાં ૭.૨૮ કરોડ વધુ મતદારો ઉમેરવામાં આવ્યા હતા. ચૂંટણી પહેલા, ૯૬.૮૮ કરોડ નોંધાયેલા મતદારો મતદાર યાદીમાં હતા.

માત્ર પાંચ રાજ્યો એવા છે જ્યાં અત્યાર સુધીમાં ૧૦થી વધુ બેઠકો પર મતદાનમાં વધારો થયો છે - આંધ્રપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ. છત્તીસગઢમાં તમામ ૧૧ બેઠકો પર મતદાનની ટકાવારી વધી છે.

સૌથી વધુ નાટકીય વધારો શ્રીનગરમાં થયો હતો, જેમાં ૧૯૯૬ પછી સૌથી વધુ મતદાનની ટકાવારી જોવા મળી હતી જેમાં છેલ્લી લોકસભાની ચૂંટણીની સરખામણીમાં ૨૪.૦૬ ટકાનો વધારો થયો હતો. મેઘાલયની રાજધાની શિલોંગમાં પણ ૮.૩૨ ટકાનો વધારો જોવા મળ્યો હતો. અન્ય ચાર બેઠકો પર મતદાનમાં પાંચ ટકા કે તેથી વધુનો વધારો જોવા મળ્યો હતો. તેમાંથી ત્રણ તેલંગાણામાં હતા - નાગરકર્નૂલ, મહબૂબનગર, ઝહિરાબાદ અને કર્ણાટકના રાયચુરમાં.

શું વધુ કે ઓછું મતદાન ચૂંટણી પરિણામો વિશે કંઈ કહે છે? મોટાભાગના રાજકીય વિશ્લેષકો અને મનોવિજ્ઞાનીઓ તેમના ડેટાને જોતાં એવું માનતા નથી.

૨૦૧૮માં મનોવૈજ્ઞાનિકો મિલન વૈષ્ણવ અને જોનાથન ગાયે એક પેપરમાં લખ્યું હતું, 'અમારા વિશ્લેષણ (ડેટાનું) શું દર્શાવે છે તે એ છે કે, નાગરિકો વધુ સંખ્યામાં મતદાન કરવા આવે છે ત્યારે તેઓ સજા કરવા પ્રેરિત થાય છે તેવી માન્યતાની લોકપ્રિયતા હોવા છતાં વર્તમાન સરકાર, ત્રણ દાયકાના ચૂંટણી ડેટા વધુ અસ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે.'

તેઓએ ઉમેર્યું હતું કે, મતદાતાઓનું મતદાન, ડેટા અનુસાર, જરૂરી નથી કે તે સત્તા તરફી અથવા વિરોધી હોય પરંતુ તે સંબંધ આ બે ચલો વચ્ચે સંભવતઃ હાથ પરના ચોક્કસ સંદર્ભ દ્વારા આકાર આપવામાં આવ્યો હતો.

તેઓએ કહ્યું, '"અન્ય સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય ચૂંટણી ડેટાનો ઉપયોગ કરીને સમાન વિશ્લેષણો તુલનાત્મક વાર્તા કહે છે : મતદારોના મતદાનમાં ફેરફાર ભવિષ્યના ચૂંટણી પરિણામો માટે ખૂબ માહિતીપ્રદ નથી.'

# બાઈડેન અને ટ્રમ્પ બે રાષ્ટ્રપતિય ચર્ચાઓ માટે સંમત, પ્રથમ ચર્ચા CNN પર ૨૭ જૂને

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭

રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બંનેએ ૨૭ જૂને CNN તરફથી ચર્ચા માટેનું આમંત્રણ સ્વીકાર્યું છે, જે ઐતિહાસિક રીતે પ્રારંભિક શોડાઉન છે જે ૨૦૨૪ના ઝુંબેશના અંતિમ મહિનાઓ માટે તખ્તો સેટ કરશે.

બાઈડેને X પરની પોસ્ટમાં કહ્યું, 'મને ૨૭મી જૂને ચર્ચા માટે @CNN તરફથી આમંત્રણ મળ્યું અને સ્વીકાર્યું. હવે હું તમારા પર છોડી દઉં છું, ડોનાલ્ડ. જેમ તમે કહ્યું, ગમે ત્યાં, કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ.'

ટ્રમ્પે પાછળથી સીએનએનના કેટલાન કોલિન્સને કહ્યું, 'જવાબ હા છે, હું સ્વીકારીશ.' બાદમાં બંને જણાંએ કહ્યું કે, તેઓએ ૧૦ સપ્ટેમ્બરે બીજી ચર્ચા કરવા માટે ABC તરફથી આમંત્રણ સ્વીકાર્યું છે. બે રાજકીય પ્રતિસ્પર્ધીઓ વચ્ચેની ચર્ચાઓ પર ઝડપથી વધી રહેલા જેવા સાથે તેવાની નીતિમાં સમાચાર તાજો ઘટનાક્રમ છે. બાઈડેનની ઝુંબેશ અગાઉ ટ્રમ્પને સમાચાર સંસ્થાઓ દ્વારા યોજાયેલી બે પ્રમુખપદની ચર્ચાઓ માટે તેમની સાથે જોડાવા માટે હાકલ કરી હતી અને ઔપચારિક રીતે પ્રેસિડેન્શિયલ ડિબેટ્સ પરના કમિશનને જાણ કરી હતી કે, રાષ્ટ્રપતિ તેની અગાઉની નિર્ધારિત ચર્ચાઓમાં ભાગ લેશે નહીં. પૂર્વ રાષ્ટ્રપતિએ તરત જ કહ્યું કે, તેઓ અગાઉની ચર્ચાઓમાં ભાગ લેશે અને રેડિયો હોસ્ટ હ્યુ હેવિટને તેમણે કહ્યું કે, તેઓ કોઈપણ મધ્યસ્થીને સ્વીકારશે. બાઈડેને તાજેતરમાં જ કહ્યું હતું કે, તેઓને ટ્રમ્પ સાથે ચર્ચા કરવાનું ગમશે, પરંતુ તેઓ આવી ચર્ચાના ફોર્મેટ પર બિન-પ્રતિબદ્ધ હતા, રેડિયો હોસ્ટ હોવર્ડ સ્ટર્નને તેમણે કહ્યું કે, 'તેમની(ટ્રમ્પ) સાથે ચર્ચા કરવાનું ગમશે.' સોશિયલ મીડિયા વીડિયોમાં અને પ્રેસિડેન્શિયલ ડિબેટ્સ પરના કમિશનને અનુગામી પત્રમાં બાઈડેનની ઝુંબેશમાં જૂન અને સપ્ટેમ્બરમાં સંભવિત ચર્ચાની તારીખો સહિત તેની સૂચિત શરતો રજૂ કરવામાં આવી હતી. કેમેરા સમક્ષ પ્રત્યક્ષ વાતચીતનો બાઈડેનનો વીડિયો વધુ સીધો પડકાર હતો. તેમાં બાઈડેને કહ્યું કે, '૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પ મારી સામે બે ડિબેટ હારી ગયા ત્યારથી તેઓ ડિબેટ માટે હાજર થયા નથી. હવે તે એવું વર્તન કરી રહ્યા છે કે, તે મારી સાથે ફરીથી ચર્ચા કરવા માંગે છે.'

બાઈડેને ટ્રમ્પના કોર્ટના સમયપત્રકને સંકેત આપતા ચાલુ રાખ્યું અને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે, તમે બુધવારે મુક્ત છો, ખૂબ સરસ, ચાલો મારો દિવસ પણ સુધારી દયો, હું બે વાર ચર્ચા



કરવા માટે પણ તૈયાર છું મિત્ર, તો ચાલો તારીખો પસંદ કરીએ, ડોનાલ્ડ,' પત્રમાં બાઈડેનની ઝુંબેશ સ્વીકારે છે કે, ટ્રમ્પની ગુનાહિત હશ-મની ટ્રાયલ સમાપ્ત થયા પછી પ્રથમ ચર્ચા સંભવતઃ થશે. બુધવારે ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે નાવા સમયપત્રકને સ્વીકાર્યું અને કહ્યું કે, 'હું જૂન અને સપ્ટેમ્બરમાં બે સૂચિત સમયે બદમાશ જો (બાઈડેન) ચર્ચા કરવા માટે તૈયાર હોય તો હું પણ તૈયાર છું,' તેમણે ઉમેર્યું હતું કે, હું તો બે કરતાં વધુ ચર્ચાઓની 'જોરદાર ભલામણ' કરૂ છું. ટ્રમ્પના એક વરિષ્ઠ સલાહકારે સીએનએનને કહ્યું કે, તેઓ બાઈડેન સાથે 'ચર્ચા કરવા માટે તૈયાર છે' અને શરતોની સમીક્ષા કરી રહ્યા છે અને સ્ટેજ પર તેમનો મુકાબલો કરવા માટે આતુર છે.

ટ્રમ્પની ટીમે બાઈડેન દ્વારા વિનંતી કરાયેલ સંખ્યા કરતા બમણી એમ કુલ ચાર ચર્ચાઓમાં ભાગ લેવા માટે પણ હાકલ કરી હતી પરંતુ બાઈડેનના પ્રચારતંત્રે તે વિનંતી ફગાવી દીધી હતી. બાઈડેનના ડેપ્યુટી કેમ્પેઈન મેનેજર ક્વેન્ટિન ફુલ્કસે સીએનએનના વુલ્ફ બ્લિટ્ઝરને કહ્યું હતું કે, 'પ્રમુખ બાઈડેને વીડિયોમાં શબ્દો ચોર્યા વગર સાફ સાફ કહ્યું હતું કે, મતદારો તેમનો મત આપવાનું શરૂ કરે તે પહેલા બે ચર્ચાઓ - એક જૂનમાં, એક સપ્ટેમ્બરમાં ભાગ લઈશ તે પહેલાં - કોઈ તમાશો નહીં. નિયમો માટે મને આદર છે. ચર્ચાઓ વિશે બાઈડેન અને ટ્રમ્પ ઝુંબેશ વચ્ચેની અનૌપચારિક વાતચીત તાજેતરના અઠવાડિયામાં થઈ છે અને મોટાભાગે તે રાષ્ટ્રપતિની ચર્ચાઓ પરના કમિશન અને કમિશનની આસપાસ કામ કરવા માટેના સંભવિત પરિસ્થિતિઓ માટે પરસ્પર અણગમો પર કેન્દ્રિત હોવાનું ચર્ચાઓથી માહિતગાર ત્રણ સૂત્રોએ સીએનએનને જણાવ્યું હતું. વોશિંગ્ટન પોસ્ટે તે વાતચીતો પર સૌ પ્રથમ અહેવાલ આપ્યો હતો.

પ્રિ-મોન્સૂનની કામગીરીની મોટી ડંફાસો વચ્ચે પાલિકાની લાલિયાવાડી

# સુરત મનપા દ્વારા કરાયેલા સર્વેમાં ૩૦ ઓવરબ્રિજ જોખમી

## ૧૬ ઓવરબ્રિજની કામગીરી માત્ર કાગળ ઉપર જ રહી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

મોરબી દુર્ઘટના બાદ સફાળી જાગેલી સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ૧૨૪ ઓવરબ્રિજ પૈકી ૧૧૭ ઓવર બ્રિજના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે પૈકી ૩૦ ઓવરબ્રીજ ત્રીજી કેટેગરી ત્રણમાં સમાવેશ થયો હતો. જેથી આ તમામ ઓવરબ્રિજને તાત્કાલિક ધોરણે તપાસ કરાવી રીપેરીંગ કામગીરી કરવાની કવાયત સુરત મહાનગરપાલિકાએ હાથ ધરવાની હતી. પરંતુ તે પૈકી હજુ સુધી ૧૬ ઓવરબ્રિજોની કામગીરી માત્ર કાગળ ઉપર રહી છે. સુરત શહેરમાં ૧૨૪ ઓવર બ્રિજ હોવાને કારણે સુરત શહેરને બ્રિજ સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે. મોરબી દુર્ઘટના સર્જાયા બાદ સફાળી જાગેલી સુરત મહાનગર પાલિકાએ સુરત શહેરના કુલ ૧૧૭ ઓવર બ્રિજનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન પાલિકા દ્વારા ચાર અલગ અલગ કેટેગરી નક્કી કરવામાં આવી હતી. પાલિકા દ્વારા કરાયેલા સર્વેમાં કેટેગરી એકમાં ૬૦ બ્રિજ તથા કેટેગરી બેમાં ૧૯ બ્રિજ અને કેટેગરી ત્રણમાં ૩૦ બ્રિજનો સમાવેશ થયો હતો. જ્યારે કેટેગરી ચારમાં એક પણ ઓવરબ્રિજ નો સમાવેશ થયો ન હતો.સુરત મહાનગરપાલિકા દ્વારા કરાયેલા આ સર્વેની કામગીરીમાં ૩૦ ઓવર બ્રિજ સુરત શહેર માટે જોખમી તરીકે ઉભરી આવ્યા હતા. જેથી સુરત મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કે હજુ સુધી સુરત મહાનગરપાલિકા દ્વારા માત્ર ૧૪ ઓવર બ્રિજની તપાસ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે હજુ પણ ૧૬ જેટલા ઓવરબ્રિજ એવા છે કે જેની કામગીરી માત્ર સુરત મહાનગર પાલિકાના કાગળ ઉપર રહી છે. આગામી દિવસોમાં વરસાદની સિઝન શરૂ થવાની સાથે જ આ ઓવરબ્રીજો સુરત શહેરની જનતા માટે જોખમી સાબિત થઈ શકે તેવી શક્યતાઓ છે ત્યારે હાલ તો સુરત મહાનગરપાલિકા પ્રિમોન્સૂનની કામગીરીની મોટી ડંફાસો વચ્ચે પાલિકાના અધિકારીઓની ગંભીર લાલીયાવાડી સામે આવી છે.

ડીંડોલી બ્રિજ પર દોડતા ટેમ્પોના બોનેટ પર બેઠેલ યુવકનો વીડિયો વાયરલ

# સુરતમાં રોલો પાડવા જોખમી સ્ટન્ટ કરનાર બે ઈસમોને પોલીસે કાન પકડાવીને માફી મંગાવી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

સોશિયલ મીડિયા રિલ્સ બનાવવાના ઈરાદે યુવાનો પોતાનો અને અન્યોનો જીવ જોખમમાં મુકતા હોય છે. આવા જોખમી સ્ટંટનો ટ્રેન્ડ હમણાં ચાલી નીકળ્યો છે, ત્યારે થોડા દિવસ પહેલાં શહેરના ડીંડોલી બ્રિજ પર એક દોડતા ટેમ્પોના બોનેટ પર બેઠેલા યુવકનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયો જોઈ પોલીસ હરકતમાં આવી હતી અને ટેમ્પો ચાલક તથા સ્ટંટ કરનાર બંને યુવકોને પકડી કાન પકડાવીને માફી મંગાવી હતી. સુરતના રસ્તા પરથી પસાર થતા વાહનમાં સ્ટન્ટ કરનાર સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે ડિંડોલી બ્રિજ પરથી અસુરક્ષિત રીતે પીક અપડ ગાડીના બોનેટ પર બેસીને સ્ટન્ટ કરવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ કરતા તે વીડિયો તા.૧૫/૦૫/૨૦૨૪ના સાંજના સાતેક વાગ્યાના અરસાનો ડીંડોલી પ્રમુખ પાર્ક ઓવરબ્રિજ ખાતેનું હોવાની વિગતો બહાર આવી હતી. વીડિયોમાં દ્રશ્યમાન થતી મહિન્દ્રા પીક-અપ ગાડીના ચાલક ડ્રાઈવર તથા ગાડીના બોનેટ ઉપરથી કેબિનમાં આવતા યુવકને હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેકનિકલ સર્વેલન્સથી ગણતરીના કલાકોમાં પકડી પાડી ડીંડોલી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે કાયદેસરની કાર્યવાહી કરી હતી.પોલીસે આ કેસમાં મુકેશ સંજય બુવા (ઉં.વ. ૨૭) અને નૌસાદ નઈમખાન આલમ (ઉં.વ. ૨૦)ની ધરપકડ કરી કલમ ૨૭૯, ૩૩૬, ૧૧૪ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૨૩, ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કર્યો છે. પોલીસે આ બંને આરોપીની ધરપકડ કર્યા બાદ તેઓના કાન પકડાવી માફી મંગાવી હતી.

# ટંકારીઆ ગામના વીજ પુરવઠાને લગતા પડતર પ્રશ્નોને લઈ પાલેજ ડે.એન્જિનિયરને આવેદન

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧૭



પાલેજ સહિત ટંકારીઆ પંથકના ગામોમાં ફૂંકાયેલા વાવાઝોડાને કારણે વીજ લાઈનોને થયેલાં નુકશાન તેમજ અનિયમિત વીજ પુરવઠા સંબધિત ટંકારીયા ગામ આગેવાનો એ પાલેજ ડી.જી.વી.સી.એલ.ના ડેપ્યુટી એન્જિનિયરને આવેદનપત્ર પાઠવ્યું હતું.ટંકારીયા ગામમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત આગેવાનોને ડે. એન્જીનયરે ગામને લગતાં વીજ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ કરવાનું આશ્વાસન પાઠવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર ટંકારીઆ ગામમાં અનિયમિત વીજ પુરવઠાના કારણે વીજ સમસ્યા સર્જાય છે. ત્યારે હેલ્પરને ફરિયાદ કરવામાં આવે છે ત્યારે તેઓ પાલેજ વીજ કચેરીએ ફરિયાદ માટે જાઓ તો હું રાત્રે નહીં આવું સવારે આવીસ એવા જવાબો મળે છે. અહીં રાત્રે હેલ્પર અલગ મુકવાની પણ માંગ કરી છે. તેમજ હેલ્પરની બદલીની પણ લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. ટંકારીઆ ગામનો વિસ્તાર ઘણો મોટો છે. અહીં એક વિસ્તારમાં વીજ મેન્ટેનન્સના કામે સમગ્ર ગામનો વીજ પુરવઠો બંધ કરવામાં આવે છે. તેની સામે વિસ્તાર વાર વીજ પુરવઠો ચાલુ રહે એવી વ્યવસ્થાનો અભાવ છે. ડી પી સ્ટેશન પણ એક જ છે. ગામના વીજ લોડ સર્વે કરી વધુ ડી પી ઉભી કરવા માંગ કરવામાં આવી છે. ટંકારીઆ તેમજ સિતપોન ગામો એક જ વીજ લાઈનથી જોડાયેલા છે. તે અલગ કરવા માંગ કરી છે. તેમજ સિતપોણ ગામે ફોલ્ટ થાય ત્યારે ટંકારીઆનો વીજ પુરવઠો ચાલુ રહે એવી વ્યવસ્થાનો અભાવ છે. પાલેજ ૬૬ કે વી સબ સ્ટેશનથી ટંકારીઆ ગામને સીધો વીજ પુરવઠો મળે એવી વ્યવસ્થાની માંગણી આવેદનપત્રમાં કરવામાં આવી છે. આગામી સમયે ઉચ્ચ કક્ષા એ પણ વીજ પુરવઠાને લગતા પડતર પ્રશ્નોની રજુઆત કરવા ગ્રામજનો એ નિર્ણય કર્યો છે.

# સુરતમાં ૨૨ વર્ષીય યુવતી બેભાન થઈ રોડ પર પડી : મહિલા પોલીસે બચાવ્યો જીવ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

સુરત સહિત સમગ્ર રાજયમાં અચાનક બેભાન થયા બાદ મોતને ભેટવાના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ચોક બજાર વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવતી અચાનક રોડ પર બેભાન થઈ ગઈ હતી. જેથી તાત્કાલિક સ્થાનિકોની સાથે સાથે મહિલા પોલીસ જવાનો પણ દોડી આવ્યાં હતાં. મહિલા પોલીસ દ્વારા સીપીઆર આપવામાં આવ્યું હતું. સાથે યુવતીની પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી. બાદમાં યુવતી હોશમાં આવી જતાં તાત્કાલિક પોલીસના વાહનમાં જ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અચાનક બેભાન થઈ મોતને ભેટવાના કિસ્સામાં ચિંતાજનક હદે વધારો થયો છે. આવા બનાવ સુરત શહેર સહિત સમગ્ર રાજયમાં બની રહયા છે. યુવાન વયના લોકો પણ આ રીતે મૃત્યુ પામી રહયા છે. આવી જ એક ઘટના ચોકબજાર વિસ્તારમાં બની હતી. ચોક બજાર વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવતી અચાનક રોડ પર બેભાન થઈ ગઈ હતી. અચાનક જ રસ્તા પર યુવતી પડી જતા આસપાસના લોકો તથા નજીકમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મચારી પણ દોડી ગયા હતા. મહિલા પોલીસ કર્મચારીએ તાત્કાલિક સીપીઆર આપી યુવતીને પ્રાથમિક સારવાર આપી હતી. થોડી જ વારમાં યુવતી હોંશમાં આવી ગઈ હતી. ત્યારબાદ તેણીને પોલીસના વાહનમાં જ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મહિલા પોલીસે કહ્યું હતું કે, હાર્ટ એટેકના બનાવ બન્યા બાદ પોલીસ કર્મચારીઓને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી છે, જેથી પોલીસ કર્મચારીઓ લોકોની મદદ કરી શકે. તે તાલીમ આજે કામમાં આવી.

### ધો. ૧૨ (સાયન્સ)માં FMCT સ્કૂલનો વિદ્યાર્થી ફઝલઅબ્બાસ મોમીન ૯૯.૮૫ P.R. સાથે ધોળકા કેન્દ્રમાં પ્રથમ



ધોળકા, તા. ૧૭

ધોળકાની FMCT સ્કૂલનો વિદ્યાર્થી મોમીન ફઝલઅબ્બાસ આબીદઅલી ધોરણ - ૧૨ (સાયન્સ)ની બોર્ડની પરીક્ષામાં ૯૯.૮૫ સાયન્સ પર્સન્ટાઈલ મેળવી ધોળકા કેન્દ્રમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ FMCT સ્કૂલ અને મોમીન સમાજનું ગૌરવ વધાર્યું છે. તેણે A2 ગ્રેડ પ્રાપ્ત કરેલ છે અને બાયોલોજીમા ૧૦૦માંથી ૧૦૦ માર્કર્સ મેળવ્યા છે.

સમા વિસ્તારના રહીશોનો વીજ કચેરીએ હોબાળો

# વડોદરા ખાતે ૪૦ ડિગ્રી તાપમાનમાં જમીન પર બેસી સ્માર્ટ મીટરનો પ્રચંડ વિરોધ

## જૂના વીજ મીટરમાં બે મહિનાનું બિલ રૂા.૩૬૦૦ આવતું જ્યારે હાલ દસ જ દિવસમાં બે હજારનું રિચાર્જ પૂરૂં થઈ ગયું, ગાંધીનગરમાં મોરચો માંડવાની ચીમકી

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૭

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી શરૂ થયેલો નવા વિરોધ હવે ધીમે ધીમે પૂર્વ વિસ્તાર તરફ પ્રયાણ કરી રહ્યો છે. આજે શહેરના સમા વિસ્તાર વોર્ડ નંબર બેમાં સમાવિષ્ટ સોસાયટીના રહીશોએ મધ્ય ગુજરાત વીજ કંપનીની સમા પેટા વિભાગીય કચેરી ખાતે મોરચો માંડી ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો અને નવા સ્માર્ટ મીટર કાઢી નાખી જૂના સ્માર્ટ મીટર લગાવી આપવા માંગ કરી હતી. સ્થાનિકો દ્વારા ૪૦ ડિગ્રી ઉપરાંત ના આકરા તાપમાં બેસી ભારે સૂત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉપરાંત ગાંધીનગરમાં પણ વિરોધ કરવાની ચિમકી ઉચ્ચારાઈ છે. છેલ્લા ત્રણ દિવસના વિરોધ બાદ આજે સતત ચોથા દિવસે પણ શહેરના સમા વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર બેમાં સમાવિષ્ટ ન્યુ સમા રોડ ઉપર આવેલી સરસ્વતી સોસાયટી, આકાશગંગા, સુંદરવન, દાદા પાર્ક, જવાહર પાર્ક જાદવ પાર્ક સહિતની સોસાયટીના રહીશોએ આજે એકત્ર થઈ મધ્ય ગુજરાત વીજ કંપનીની સમા પેટા વિભાગીય કચેરી ખાતે હલ્લો મચાવ્યો હતો. આકરા તાપ વચ્ચે લોકોએ જમીન પર બેસી જઈ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. રજૂઆત કરવા પહોંચેલા લોકોએ જણાવ્યું હતું કે જુના વીજ મીટરમાં બે મહિનાનું બિલ ૩૬૦૦ રૂપિયા આવતું હતું. હાલ દસ દિવસમાં જ ૨૦૦૦ રૂપિયાનું રિચાર્જ પૂરૂં થઈ ગયું છે. દર બે ત્રણ દિવસમાં ૧૦૦૦-૧૫૦૦ રૂપિયાનું રિચાર્જ કરવું પડે છે જે અમને પરવડે તેમ નથી. રોષે ભરાયેલા લોકોએ જીઈબી કચેરીની બહાર આકરા તાપમાન જમીન પર બેસી ઉગ્ર સૂત્રોચ્ચારો કર્યા હતા અને નવા સ્માર્ટ વીજ મીટર કાઢી નાખી જુના સ્માર્ટ મીટર લગાવી આપવા માંગણી કરી હતી.



(તસવીર : અતીક શેખ, વડોદરા)

### અલકાપુરી વિસ્તારના રહીશોએ પણ વીજ કચેરીએ પહોંચી હોબાળો મચાવ્યો

અલકાપુરી વિસ્તારની વિવિધ સોસાયટીના વીજ ગ્રાહકો અલકાપુરી વીજ કચેરીમાં પહોંચી ગયા હતા અને જુના મિટર પરત કરો તેવા ભારે સૂત્રોચ્ચાર કર્યા હતાં. રજૂઆત કરવા પહોંચેલા લોકોએ જણાવ્યું હતું કે, જુના વીજ મીટરમાં બે મહિનાનું બિલ ૩૬૦૦ રૂપિયા આવતું હતું. હાલ દસ દિવસમાં જ ૨૦૦૦ રૂપિયાનું રિચાર્જ પૂરૂં થઈ ગયું છે. દર બે ત્રણ દિવસમાં ૧૦૦૦-૧૫૦૦ રૂપિયાનું રિચાર્જ કરવું પડે છે જે અમને પરવડે તેમ નથી. રોષે ભરાયેલા લોકોએ જીઈબી કચેરીની બહાર આંકરા તાપમા જમીન પર બેસી ધુન બોલાવી હતી, તેમજ ઉગ્ર સૂત્રોચ્ચારો કર્યા હતા અને નવા સ્માર્ટ વીજ મીટર કાઢી નાખી જુના મીટર લગાવી આપવા માંગણી કરી હતી.

### વીજ તંત્રની મનમાનીનો ભોગ બનેલા લોકોનો આક્ષેપ

### સ્માર્ટ મીટર નહીં લગાવો તો ૧૦ હજાર દંડની બીક બતાવતું વીજ તંત્ર

સ્માર્ટ સીટી વડોદરામાં સ્માર્ટ મીટરના વિરોધમાં શહેરભરમાં ઠેર ઠેર શરૂ થયેલા આક્રોશને દબાવવા માટે વીજ નિગમ દ્વારા હવે પોલીસનો સહારો લેવાઈ રહ્યો છે. લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે હાલમાં આચાર સંહિતા લાગુ હોવા સંદર્ભે બીક બતાવીને આંદોલનકારોને સ્માર્ટ મીટરનો વિરોધ કરતા રોકવાની કોશિશ કરતી હોવાની શક્યતા સેવાઈ રહી છે. વીજ નિગમ કચેરીવાળા ગમે ત્યારે આવે છે અને રનીંગ વીજ બીલ યેનકેન પ્રકારે માંગી લેતા હોય છે. ઈન્કાર કરનાર સ્થાનિક રહીશને એવી બીક બતાવવામાં આવે છે કે જો તમે સ્માર્ટ મીટર નહીં લગાવો તો ભવિષ્યમાં વીજ નિગમ કચેરી દ્વારા રૂપિયા ૧૦ હજાર જેવો દંડ કરવામાં આવશે તેમ કહીને લોકોને ડરાવવામાં આવતા હોવાના પણ ટોળાએ આક્ષેપો કર્યા હતા. સ્માર્ટ મીટર લગાવવાથી તોતિંગ બિલ વધારો થતો હોવાના મુદ્દે અકોટા બાદ ફતેગંજમાં પણ સ્થાનિક રહીશોએ વીજ નિગમ કચેરીએ હંગામો મચાવ્યો હતો. દિનપ્રતિદિન સ્માર્ટ મીટર અંગે વીજ નિગમ સામે થતા હોબાળાથી બચવા વીજ અધિકારીઓએ પોલીસ તંત્રનો સહારો લીધો હોવાની બાબત નકારી શકાતી નથી. સ્માર્ટ વીજ મીટર આગામી દિવસોમાં શહેરના તમામ વીજધારકોના જૂના ડિજિટલ મીટર કાઢી નવા સ્માર્ટ મીટર લગાવવાની વીજ નિગમની ખેવના છે. એવી પણ ચોંકાવનારી વિગતો જાણવા મળી છે કે, સ્માર્ટ મીટર લગાવવા અંગે શહેરીજનોના ઠેર ઠેરથી શરૂ થયેલા વિરોધથી વીજ નિગમના અધિકારીઓ પણ મૂંઝવણમાં મુકાયા છે પરંતુ નિયત સમયમાં કામગીરી પૂરી કરવાના ઈરાદે વીજ નિગમ દ્વારા સ્માર્ટ મીટરના વિરોધને રોકવા અને વીજ નિગમ કચેરીએ એકત્ર થતા ટોળાને કારણે પોલીસની કામગીરી પણ વધી ગઈ છે. એવા વખતે હવે વીજ નિગમ વિભાગ દ્વારા રજૂઆત કરવા આવનારાઓને અવનવી રીતો બતાવીને સામાજિક કાર્યકરોને પોલીસ વિભાગની આડકતરી રીતે ધાક ધમકીઓ આપતા સ્માર્ટ મીટર બાબતે રજૂઆત કરવા ટોળા રૂપે જનારા સામાન્ય રીતે સ્થાનિક પોલીસમાં જાણ કરાય છે ત્યારે જે તે પોલીસ મથકના અધિકારીઓ દ્વારા એવું કહેવામાં આવે છે કે, હાલમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું અમલમાં છે. જેથી ટોળા સ્વરૂપે બહાર નીકળવાથી પોલીસ ધરપકડ પણ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી એવું કહેવામાં આવે છે. પરિણામે ટોળા રૂપે સ્થાનિક વીજ કચેરીએ સ્માર્ટ મીટર અંગે રજૂઆત કરવા જનારાઓમાં ગભરાટ ફેલાય છે અને રજૂઆત કરવા જનાર આ વિષયથી ખસી જવાનું પસંદ કરતો હોય તો નવાઈ નહીં.

### ઓલ ગુજરાત ઈલેક્ટ્રિસિટી યુઝર્સ એસો.નો સ્માર્ટ મીટર સામે વિરોધ, કલેકટરને આવેદનપત્ર

વડોદરામાં ઓલ ગુજરાત ઈલેક્ટ્રિસિટી યુઝર્સ એસોસિએશને આજે વડોદરા કલેકટર કચેરી થકી મુખ્યમંત્રીને એક આવેદનપત્ર મોકલી આપીને તાત્કાલિક અસરથી સરકારની ચારે વીજ વિતરણ કંપનીઓ સ્માર્ટ મીટરો લગાવવાનુ બંધ કરે તેવી રજૂઆત કરી છે.

સંગઠને કહ્યું હતું કે, વડોદરામાં તો વીજ કંપનીએ રાતોરાત લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો છે. લોકોની સંમતિ અને મંજૂરી લીધા વગર સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ કરીને લોકોના મૂળભૂત અધિકારોનુ પણ ઉલ્લંઘન કરવામાં આવ્યુ છે. હવે ગ્રામ્ય કક્ષાએ પણ મીટરનો વિરોધ શરુ થયો છે. કારણકે લોકોને ખબર જ નથી કે કેવી રીતે ટેરિફ વસૂલવામાં આવી રહ્યુ છે. ભૂતકાળમાં તો વીજ બિલમાં યુનિટ વપરાશના સ્લેબ તેમજ ફ્યુલ ચાર્જને લઈને થોડી પણ પારદર્શિતા હતી પણ નવા મીટરને લઈને તો ગ્રાહક સાવ અંધારામાં છે.

ઓલ ગુજરાત ઈલેક્ટ્રિસિટી યુઝર્સ એસોસિએશનની દલીલ છે કે, પહેલા લોકોને બિલ ભરવા માટે ૧૦થી ૧૫ દિવસનો સમય મળતો હતો પણ હવે તો રિચાર્જ નહીં કરાવ્યું હોય તો જોડાણ કપાઈ જશે. લોકો સ્માર્ટ મીટરોમાં ૬ ગણુ પેમેન્ટ કરી રહ્યા છે તેવું અમારા ધ્યાનમાં આવ્યું છે.

# પાવીજેતપુરના ભીંડોલ ગામે ઝાડ સાથે એમ્બ્યુલન્સ અથડાતા ડ્રાઈવરનું મોત

પાવીજેતપુર, તા.૧૭

પાવીજેતપુર તાલુકાના ભીંડોલ ગામે બોડેલીથી કવાંટ જઈ રહેલ એમ્બ્યુલન્સ જંગલી ભૂંડને બચાવવા જતા વૃક્ષ સાથે અથડાતા એમ્બ્યુલન્સના ડ્રાઈવરનું સારવાર દરમિયાન મોત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ કંવાટ તાલુકાના વીજળી ગામના રહીશ દિનેશભાઈ વીરાભાઈ રાઠવા ૮ મેના રોજ બોડેલી મુકામે દર્દીને પોતાની એમ્બ્યુલન્સમાં ઉતારીને કવાંટ મુકામે પરત આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં પાવીજેતપુર તાલુકાના ભીંડોલ ગામે જંગલી ભૂંડ આવી જતા તેને બચાવવા જતા સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવતા એમ્બ્યુલન્સ વૃક્ષ સાથે રીતે અથડાતા દિનેશભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તાત્કાલિક તેઓને બોડેલી ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસએસજીમાં ખસેડવામાં આવ્યા હતા, પેટમાં ભાગે લીવર અને બીજા પેટના અંગોને ગંભીર ઈજાયો થયેલ હોવાથી ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. જ્યાં તેઓનું ૧૫ મે ના રોજ સારવાર દરમિયાન કરૂણ મોત થવા પામ્યું છે.

મુંબઈમાં બનેલ ગોઝારી ઘટના બાદ

# મોડાસામાં જોખમી હોર્ડિંગ્સ ઉતારવા શહેરીજનોની ઉગ્ર માંગ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૭

મુંબઈમાં ગેરકાયદેસર હોર્ડિંગ્સ પડવાથી ૧૬ લોકો મોતને ભેટ્યા છે ૭૦થી વધુ લોકોના શરીરે નાની-મોટી ઈજાઓ પહોચી હતી તેમજ ૧૦૦ થી વધુ વાહનોનો કડૂચલો બોલાઈ ગયો છે આ ગોઝારી ઘટના બાદ પણ જીલ્લા વહિવટી તંત્ર અને મોડાસા નગરપાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ મોડાસા શહેર સહિત જિલ્લાના માર્ગો પર ઠેર-ઠેર મસમોટા ગેરકાયદેસર હોર્ડિંગ્સ યથાવત જોવા મળી રહ્યા છે જાણે તંત્ર કોઈ ના મોતની રાહ તો નથી જોઈ રહ્યુંને એવી ચર્ચાએ જોર પકડ્યું છે ચાર દિવસ અગાઉ મોડાસા શહેર સહિત જીલ્લાના અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવે ની શહેરીજનોમાં માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળી રહ્યો છે. શહેરના ચાર રસ્તાથી કોલેજ રોડ અને મોડાસા હજીરા વિસ્તાર તેમજ માલપુર અને મેઘરજ રોડ પર આવેલ કોમ્પલેક્ષ અને બિલ્ડિંગ પર લગાવેલ હોર્ડિંગ્સ મોતનું કારણ બને તો નવાઈ નહીં અરવલ્લી જીલ્લાના માર્ગો પર ઠેર-ઠેર મસમોટા હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે રોડ રસ્તા પર લાગેલ બેનર તંત્ર દ્વારા ઉતરી લેવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.

# ભરૂચ રેલવે સ્ટેશને અજાણ્યા ઈસમનું કુદરતી રીતે મોત

પાલેજ, તા.૧૭

ભરૂચ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૪/૫ ઉપર એક અજાણ્યો ઈસમ ઉ.વર્ષ આશરે ૪૦નો ૧૬મેં નારોજ દક્ષિણ. છેડે પિલર નંબર ૧ અને ૨ની વચ્ચે કોઈપણ બીમારીના કારણે કુદરતી રીતે મૃત્યુ પામેલ હતો. જે અંગે પો.હેડ.કો./હેમેન્દ્ર કુમાર રમણલાલ એ ભરૂચ રેલવે પોલીસ સ્ટેશન એ કાયદેસર કાગળો કરી તપાસ કરી રહેલ છે. મરનાર ઈસમ શરીરે મધ્યમ બાધાનો રંગે ઘઉંવર્ણી. જમણા હાથની પહેલી આંગણી નથી. વાળ સફેદ કાળા આસમાની કલરનો આખી બાયનો શર્ટ કમરે બ્લ્યૂ કલરનું પેન્ટ પહેરેલ છે. પોલીસે કાયદેસર કાગળો કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ઘોઘા ખાતે હઝરત ઈબ્રાહીમશા બગદાદીનો રવિવારે શાનદાર ઉર્સ શરીફ ઉજવાશે

ભાવનગર, તા.૧૭

ભાવનગર જિલ્લાના ઘોઘાના મુખ્ય કબ્રસ્તાનમાં આવેલા હઝરત રોશન ઝમીર સૈયદ ઈબ્રાહીમશા બગદાદીનો ઉર્સ શરીફ શાનદાર રીતે ઉજવાશે. આ ઉર્સ પ્રસંગે તા.૧૯/૫/૨૦૨૪ને રવિવારે અસરની નમાઝ બાદ વરકુંવાડા મોહલ્લામાંથી મિલાદ શરીફ પઢતા એક જુલૂસ નીકળશે. મગરીબની નમાઝ બાદ દરગાહ શરીફમાં સૈયદ મેશનમિયાં બાપુ તેમજ તમામ સૈયદ સાદાતોની દુઆઓથી અને સૈયદ હુસૈનમિયાં બાપુ અલફદાક હસ્તે સંદલ ચઢાવવામાં આવશે. ત્યારબાદ ચાદર શરીફ, સલાતો સલામ, સામૂહિક દુઆઓ તેમજ ન્યાઝ અને ઈશાની નમાઝ બાદ મિલાદ શરીફ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે તો તમામ બિરાદરો હાજરી આપે તેમ અલબગદાદી ખિદમત કમિટી ભાવનગરના આગેવાનોએ જાહેર અનુરોધ કર્યો છે.

૧૧ વાહનો બળીને ખાખ થયા

# વરાછા પોલીસે જપ્ત કરેલા વાહનોમાં ફરી આગ લાગતા ભાગદોડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

વરાછા વિસ્તારમાં આવેલી સુરત મહાનગર પાલિકાના મલ્ટી લેવલ પાર્કિંગમાં પાછળના ભાગમાં પોલીસ દ્વારા પાર્કિંગ કરવાના વાહનોમાં મોડી રાત્રે અચાનક જ કોઈ કારણોસર આગ લાગતા કુલ ૧૧ જેટલા વાહનો આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. બનાવની જાણ થવાની સાથે જ ત્રણ અલગ અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ બનાવવામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થવા પામી ન હતી.

વરાછા વિસ્તારમાં મીની બજાર ખાતે આવેલ વરાછા પોલીસ સ્ટેશનની પાછળ સુરત મહાનગરપાલિકાના મલ્ટી લેવલ પાર્કિંગના પાછળના ભાગમાં વરાછા પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં જ કરાયેલા વાહનો મૂકી રાખવામાં આવ્યા છે. ગતરોજ મોડી રાત્રે ૯:૪૫ વાગ્યાના અરસામાં અચાનક જ કોઈ કારણોસર આ વાહનોમાં આગ લાગી હતી. ગણતરીની મિનિટોમાં જ આગ અન્ય વાહનોમાં પ્રસરી જતા બે ઓટો રીક્ષા, ત્રણ મોપેડ, અને છ બાઈક મળી ૧૧ જેટલી વાહનો આગની જપેટમાં આવી ગયા હતા. આ બનાવને પગલે તાત્કાલિક ફાયર બ્રિગેડ કંટ્રોલ વિભાગને જાણ કરવામાં આવતા કાપોદ્રા, પુણા અને સરથાણા ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જોકે ત્યાં સુધીમાં ૧૧ વાહનો સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે આ બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી ન હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ વરાછા પોલીસ મથકમાં પોલીસ દ્વારા જ કરવામાં આવેલા વાહનોમાં બે વાર આગ લાગી ચુકી છે. જયારે ગતરોજ ત્રીજીવાર આગ લાગતા ૧૧ વાહનો સળગી ગયા હતા.

# પાવીજેતપુરમાં વૃક્ષ નીચે વિસામો લેતું ઘેટાંઓનું ટોળું



ગરમીનો પારો આસમાને પહોંચતા અને સૂરજદાદા આકાશમાંથી અગનગોરા વરસાવતા માનવીથી લઈ મૂંગા પશુઓ પણ ત્રાહિમામ પોકારી રહ્યા છે. કાળા માથાનો માનવી પંખા નીચે તેમજ એસીમાં બેસી ઠંડા પીણા પી ગરમીથી સાંત્વના મેળવી લે છે. પરંતુ મૂંગા પશુ પક્ષીઓનું શું ? ત્યારે કચ્છ વિસ્તારમાંથી પોતાના પશુઓને દાન મળી રહે તેમજ પાણી મળી રહે તે હેતુસર દરબદરની ઠોકરો ખાતા પશુપાલકો પાવીજેતપુરમાં આવા બળબળતા બપોરમાં પોતાના ઘેટાઓના ટોળાને એક વૃક્ષ નીચે ઊભા રાખી વિસામો લઈ રહેલા તસવીરમાં નજરે પડે છે. **(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)**

### ક્ષત્રિય આંદોલનના વિરામની જાહેરાત મુદ્દે પદ્મિનીબાના સમિતિ સામે આકરા પ્રહારો

# પાપડ ભાંગવાની પણ સંકલન સમિતિમાં ત્રેવડ નથી : રૂપાલાને માફ કરો કાં આંદોલન કરો

## પદ્મિનીબાએ રૂપાલાને આપી માફી : અમારી ટીમને સમિતિએ હાથો જ બનાવ્યો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

છેલ્લા ઘણા સમયથી ચાલતા પુરષોત્તમ રૂપાલાના નિવેદન વિવાદનો ચૂંટણીના મતદાન બાદ અંત આવ્યો એવું લાગી રહ્યું હતું. કારણ કે ગઈકાલે (ગુરૂવાર) ક્ષત્રિય સંકલન સમિતિની બેઠક મળી હતી, જેમાં આંદોલનના વિરામની જાહેરાત કરવામાં આવી હતી. આ મુદ્દે ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાએ પ્રેસ કોન્ફરન્સ કરીને સંકલન સમિતિને આડેહાથ લીધી હતી. ક્ષત્રિય આગેવાન પદ્મિનીબા વાળાએ આંદોલનના વિરામની જાહેરાત મુદ્દે પોતાનું નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો છે. તેમણે કહ્યું કે, કરણસિંહ ચાવડાએ કોના કહેવાથી આ ડીસીઝન લીધું ?



પદ્મિનીબા વાળાએ વધુમાં સંકલન સમિતિની જાહેરાત મુદ્દે કહ્યું કે, કરણસિંહ ચાવડાએ કોના કહેવાથી આ ડીસીઝન લીધું ? પોતાનું ડીસીઝન હોઈ તેવું લાગતું નથી. ક્ષત્રિય સમાજમાં વિરોધ હતો તો કોનો હતો ? કરણસિંહ ડબલ બોલી રહ્યા છે. અગાઉ સંકલન સમિતિના સભ્ય પી ટી જાડેજાએ પણ ઓડિયો જાહેર કર્યો હતો. જેમાં સંકલન સમિતિના તૃપ્તિબા રાઓલ અંગે પી.ટી.જાડેજા બોલ્યા હતા. પરંતુ પી ટી.જાડેજા હવે ક્યાં છે ? પદ્મિનીબા વાળાએ સંકલન સમિતિ પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, સમાજની અત્યારે પથારી ફરાઈ ગઈ છે. બહેનો દીકરીઓને હાથો બનાવી રાજકારણ કરી રહ્યા છો. ક્ષત્રિયોમાં ૧૨૦ સંસ્થાઓ છે તો કઈ છે તે જાહેર કરો. રૂપાલાને માફ કરો કાં આંદોલન કરો. પોદરામાં સાંઠો ન રાખો. પદ્મિનીબા વાળાએ કહ્યું કે ક્ષત્રિય સમાજનું આંદોલન એક રીતે જોઈએ તો નિષ્ફળ ગયું.

પદ્મિનીબા વાળાએ એક મોટું નિવેદન આપીને પરશોત્તમ રૂપાલાને હાશકારો કરાવ્યો છે. પદ્મિનીબા વાળાએ કહ્યું રૂપાલાભાઈએ ચૂંટણી પછી નારી શક્તિની માફી માંગી જેથી અમે બહેનો દીકરીઓ પરસોત્તમ રૂપાલાને માફી આપીએ છીએ. સંકલન સમિતિ પાપડ પણ ભાંગી શકે તેમ નથી. પદ્મિનીબા વાળા અને મારી ટીમને સંકલન સમિતિએ હાથો જ બનાવ્યો. પરશોત્તમ રૂપાલાનું રાજીનામુ તો સંકલન સમિતિ લઈ ન શકી, હવે જો આંદોલન થાય તો ટિકિટ અને સત્તા માટેનું જ રહેશે. તેમણે ભાજપમાં જોડાવવા અંગ કહ્યું કે, તે અંગે વિચારીશ યોગ્ય લાગશે તો ભાજપમાં જોડાઈશ.

પદ્મિનીબા વાળાએ વધુમાં કહ્યું કે પુરષોત્તમ રૂપાલા ઈચ્છશે તો હું અને મારી નારી શક્તિની ટીમ રૂપાલાની મુલાકાત કરશે. સામેથી બોલાવશે તો અમે મળવા જઈશું. જયરાજસિંહ જાડેજાએ જે કર્યું હતું તે બરાબર હતું. સંકલન સમિતિએ પણ છેલ્લે એ જ કર્યું.

### કાર્યકરોના ટોળા સાથે સામ-સામે આવી જતા પોલીસે કરી દરમિયાનગીરી

# દેડિયાપાડામાં ભાજપ અને ''આપ''ના ઉમેદવારો જાહેરમાં બાખડી પડ્યા

## વિસ્તાર મુદ્દે બોલાચાલીમાં કહ્યું; ''૪ જૂને ખબર પડશે કોનો વિસ્તાર છે''

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

ભરૂચ લોકસભાની હોટ સીટ પર ચૂંટણી દરમિયાન તો ભારે ટક્કર રહ્યા બાદ આજે પણ આપ અને ભાજના ઉમેદવાર વચ્ચે રાજકીય ધમાસણ જોવા મળ્યું હતું.

દેડિયાપાડામાં આજે ચૈતર વસાવા અને મનસુખ વસાવાના સમર્થકો સાથે બન્ને પક્ષના કાર્યકરોના ટોળે ટોળા ઉમટી પડતા વણસતી પરિસ્થિતિને નિયંત્રિત કરવા પોલીસે દોડવું પડ્યું હતું.

બપોરે ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા દ્વારા પોતાના ફેસબુક પર મેસેજ મુકાયો હતો કે, દેડિયાપાડા તાલુકા પંચાયત કચેરીમાં TDO સાથે ચૈતર વસાવા ધાક ધમકી કરી રહ્યાં છે.

બંધ ઓફિસમાં સ્ટાફના બીજા લોકોને બહાર કાઢી મૂકી અધિકારી સાથે ગેરવર્તન કરાતા કર્મચારીઓમાં ડરનો માહોલ ફેલાયો છે. જે બાબતની જાણ થતાં મનસુખ વસાવા તાત્કાલિક દેડિયાપાડા જવા રવાના થયા હતા. સાથે જ તેઓએ પોતાની FB પોસ્ટમાં બીજા તાલુકા પંચાયતના સભ્યોને પણ કચેરીએ પહોંચવા જણાવી કોઈપણ કર્મચારીએ ગભરાવવાની જરૂર નથી, સરકાર તમારી સાથે હોવાનો મેસેજ સોશ્યલ મીડિયા પર વહેતો કર્યો હતો.

બીજી તરફ દેડિયાપાડા તાલુકા પંચાયત બહાર ભારે ભીડ વચ્ચે ચૈતર વસાવા અન્ય વિપક્ષી સભ્યો અને તેમના સમર્થકો સાથે હાજર હતા. આપ અને ભાજપના બંને ઉમેદવારો તાલુકા પંચાયત ખાતે સમર્થકોના ટોળા લઈ પહોંચતા પોલીસ પણ વાતાવરણ બગડે નહિ તે માટે એક્શનમાં આવી ગઈ હતી.

દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મનસુખ વસાવા દેડિયાપાડાના નાગરિક નથી અને કોઈપણ પદ પર નથી. ત્યારે આજે તાલુકા પંચાયતમાં ક્યાં હોદાની રૂએ ખુરશીમાં કલાકથી બેઠા હોવાનો સવાલ પૂછ્યો હતો.

બધાને શું કરવા મનસુખ વસાવાએ દેડિયાપાડા બોલાવ્યા છે. એમને બહાર બોલાવો, TDOને પણ બોલાવો, ચોખવટ કરાવોનો સૂર વ્યક્ત કરી હાજર પોલીસ પણ તેઓ સાથે હોવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, મનસુખ વસાવા તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં આવતા જ બહાર રહેલા ચૈતર વસાવા અને તેમના સમર્થકોની હાજરીમાં સામ સામે ઉગ્ર બોલાચાલી તેમજ આક્ષેપ પ્રતિ આક્ષેપનો મારો ચાલ્યો હતો.

દરમિયાન AAP નેતા ચૈતર વસાવા અને સાંસદ મનસુખ વસાવા બંને જાહેરમાં બાખડી પડ્યાં હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ સાંસદ મનસુખ વસાવાને કહ્યું કે મારો વિસ્તાર છે, માહોલ બગાડવા દોડ્યા ન આવો. તો સામે સાંસદ મનસુખ વસાવાએ પણ કહ્યું કે હું આ વિસ્તાનો સાંસદ છું, આ મારો પણ આ વિસ્તાર છે. બંનેએ સામસામે કહ્યું કે ૪ જૂને એટલે કે લોકસભા ચૂંટણીના પરિણામના દિવસે ખબર પડી જશે કે આ વિસ્તાર કોનો છે.

### વેકેશન ટાણે એક્ટિવિટી બંધ હોઈ પ્રવાસીઓમાં ધરમધક્કા ને નિરાશા

# રિવરફ્રન્ટમાં વોટર સ્પોર્ટ્સ-બોટિંગ માટે હજુ લાયસન્સની જોવાતી રાહ !

## હરણી દુર્ઘટનાને પગલે ત્રણ માસથી એક્ટિવિટી બંધ : લાયસન્સની પ્રક્રિયા બધી પૂર્ણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

વડોદરાના હરણી ખાતે આવેલા મોટનાથ તળાવમાં વિદ્યાર્થીઓ ભરેલી બોટ પલટી જવાની દુર્ઘટના બાદ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાલતી વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી અને બોટિંગ બંધ કરાવવામાં આવી હતી. આજે ત્રણ મહિના બાદ પણ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી શરૂ કરવામાં આવી નથી. હાલમાં વેકેશનનો સમય ચાલી રહ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી માણવા માટે અનેક લોકો તત્પર હોય છે, પરંતુ હાલમાં રિવરફ્રન્ટ પર બોટિંગ બંધ રહેવાના કારણે લોકો બોટિંગ અને વોટર સ્પોર્ટ એક્ટિવિટીની મજા માણી શકતા નથી. પોલીસ તરફથી લાયસન્સ ન મળવાના કારણે આ એક્ટિવિટી શરૂ થઈ શકી નથી. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સત્તાધીશો દ્વારા જાણવા મળ્યા અનુસાર સાબરમતી



રિવરફ્રન્ટ પર વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ એક્ટિવિટી ચાલુ કરવા માટે એજન્સી પાસે રાજ્ય સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણેના MOU અને તમામ પ્રકારના લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. બિલ્ડીંગ અને અન્ય એજન્સીઓના લાયસન્સ પણ મેળવી લેવામાં આવ્યા છે, પરંતુ પોલીસ કમિશનર તરફથી હજી સુધી લાયસન્સ આપવામાં આવ્યું નથી. વધુમાં જાણવા મળ્યા અનુસાર સાબરમતી રિવરફ્રન્ટ પર ચાલતી વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ એક્ટિવિટી શરૂ કરવા માટે પોલીસને ૧૫ દિવસ પહેલા પત્ર લખી જાણ કરવામાં આવી હતી. પોલીસ તરફથી પરમિશન ઝડપી મળે તેના માટે જાણ કરવામાં આવી છે, પરંતુ પોલીસ પરમિશન ન મળવાના કારણે આ એક્ટિવિટી ચાલુ થઈ શકતી નથી. આ ઉપરાંત રાજ્ય સરકારમાં પણ આ બાબતે અમે જાણ કરી છે. કારણ કે વેકેશનનો સમયગાળો હોવાથી અત્યારે લોકો વધારે રિવરફ્રન્ટ પર આવતા હોય છે. ત્યારે જો વોટર સ્પોર્ટ અને બોટિંગ એક્ટિવિટી બંધ રહે તો લોકો તેની મજા માણી શકશે નહીં. સાબરમતી રિવરફ્રન્ટ પર વલ્લભ સદન પાસે એટલાન્ટા વર્લ્ડ નામની કંપનીને વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ એક્ટિવિટી માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. હાલમાં એટલાન્ટા વર્લ્ડની ઓફિસ બંધ છે અને તમામ બોટો રિવરફ્રન્ટના વોકવે ઉપર લાવીને મૂકી દેવામાં આવી છે. સાંજના સમયે જ્યાં મ્યુઝિક અને બોટિંગ એક્ટિવિટી જોવા મળતી હતી તે હવે જોવા મળતી નથી. લોકો માત્ર બોટિંગ સ્થળ ઉપર આવીને પરત જતા રહે છે. સાબરમતી રિવરફ્રન્ટ પર સરદાર બ્રિજ નજીક કાયા કિંગ નામની પણ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી ચાલતી હતી. જે એક્ટિવિટી હાલમાં પણ બંધ છે.

### રાજકોટમાં હીટ એન્ડ રનનો કમકમાટીપૂર્ણ બનાવ

# પગપાળા જઈ રહેલ બે બાળક અને મહિલાને બેફામ કારચાલકે અડફેટે લેતા બેનાં મોત

## ફુલ સ્પીડે કાર હંકારી ચાલક ફરાર : માતા-પુત્રનાં મોત, અન્ય બાળક ગંભીર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

રાજકોટ કાલાવડ હાઈવે પર આવેલી મેટોડા ઔદ્યોગિક વસાહત પાસે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. બે બાળક સાથે પગપાળા જઈ રહેલી મહિલાને બેફામ સ્પીડે આવી રહેલ હ્યુન્ડાઈની વર્ના કારના ચાલકે અડફેટે લેતાં ત્રણેયને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યા ટૂંકી સારવાર દરમિયાન બે વર્ષના પુત્ર અને માતાનું મોત નીપજ્યું



હતું. જ્યારે અન્ય એકને ઈજા પહોંચતાં પરપ્રાંતીય પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. રાજકોટ કાલાવડ હાઈવે પર મેટોડાના મણિદ્વીપ મંદિરની સામે રોડ ક્રોસ કરતી વેળાએ શીલુદેવી ચંદનકુમાર શાહ (ઉં.વ.૨૧), અંકુશ ચંદનકુમાર શાહ (ઉં.વ.૨) અને રાજા કૈલાસભાઈ પાસવાન (ઉં.વ.૧૩) સહિત કુલ ત્રણ વ્યક્તિને પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે અડફેટે લીધાં હતાં. હિટ એન્ડ રનનો બનાવ બનતાંની સાથે જ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં એકત્ર થયાં હતાં અને ત્રણેય લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બીજી તરફ વર્ના કારનો ચાલક ઘટનાસ્થળેથી પૂરપાટ કાર હંકારી નાસી છૂટ્યો હતો. અકસ્માતથી ગંભીર ઈજા થતાં ત્રણેયને પ્રથમ સારવાર માટે મેટોડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં તેમની હાલત વધુ નાજુક હોઈ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાં હતાં, પરંતુ અહીં ફરજ પરના તબીબોએ શીલુદેવી તેમજ તેમના પુત્ર અંકુશને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતાં પોલીસ સ્ટાફે હોસ્પિટલ આવી જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. અકસ્માત સર્જી નાસી છૂટનાર કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મહિલા અને તેમનો પુત્ર કારખાનામાંથી કામ પૂર્ણ કરી ઘરે જવા નીકળ્યાં હતાં. એ વેળાએ રોડ ક્રોસ કરતી વખતે બનાવ બન્યો હતો. અકાળે માતા-પુત્રનાં મોત નીપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જ્યારે અન્ય ૧૩ વર્ષીય કિશોરીની સ્થિતિ ગંભીર હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

### પોલીસે જ પોલીસને ફટકાર્યો દંડ

# સામાન્ય બાબતમાં કોન્સ્ટેબલને દસ રૂપિયાનો દંડ ફટકાર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં સામાન્ય બાબતમાં પોલીસે જ પોલીસને દંડ કર્યો હોવાની ઘટના ઉજાગર થઈ છે. એક સામાન્ય પોલીસ કર્મચારીને મોઢું લુછવા માટે કેપ કાઢી અને તેની જાણ થતાં તેને ૧૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે અને આ કોઈ સામાન્ય વાત નથી, પરંતુ સત્તાવાર આપવામાં આવેલો ૧૦ રૂપિયાનો દંડ છે. ગરમીનો સમય છે અને એક તરફ પોલીસને એર કન્ડિશન હેલ્મેટ આપવાની વાત છે ત્યારે સામાન્ય પોલીસ કર્મચારી બે મિનિટ કેપ હટાવીને પોતાનું મોઢું લુછે તો તેને દંડ થાય તે પોલીસબેડામાં ચર્ચાનો વિષય બન્યો છે. શહેર પોલીસમાં અંગ્રેજો જેવા નિયમો લાગુ થયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેમાં પોલીસે જ પોલીસને દંડ ફટકાર્યો હોવાની વિગતો બહાર આવી. શહેરમાં ફરજ બજાવનાર કોન્સ્ટેબલ ઈકબાલ હુસેન ઈસ્માઈલભાઈને રૂા.૧૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. શહેરમાં અંગ દઝાડતી ગરમીનો માહોલ છે. આવા સમયમાં લોકોની સેવામાં ખડેપગે રહેનાર પોલીસ સાથે પોલીસનું જ અમાનવીય વર્તન જોવા મળતા ચર્ચાનો વિષય બની ગયો હતો. ઉનાળાની ગરમીમાં કોન્સ્ટેબલ ઈકબાલ ભાઈએ માથાના ભાગે ગરમી લાગતા તેમના યુનિફોર્મમાં સામેલ કેપ કાઢી નાખી હતી. કેપ કાઢી તેમણે રૂમાલથી મોં લૂછયું હતું. તેમના આ કાર્ય બદલ તેમની સામે ખાતાકીય કાર્યવાહી કરતા પોલીસ કમિશનર કચેરીથી તેમને રૂા.૧૦ ભરવાની નોટિસ આપવામાં આવી છે.

### AMCના વિપક્ષના નેતાએ કરી માંગ

# શહેરમાં આડેધડ પાર્ક કરેલ વાહનોને દંડ કરવા બાબતે સમાન પોલિસી બનાવો

## પોલીસતંત્ર અને મ્યુ.કોર્પો.ની દંડ વસૂલવાની પોલિસી અલગ-અલગ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં વાહન પાર્કિંગની સમસ્યા અંગે પ્રતિક્રિયા આપતા અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, નગરજનોને પુરતી પાર્કિંગ ફેસિલિટી નહીં મળતી હોવાને કારણે લોકો આડેધડ જ્યાં જગ્યા મળે ત્યાં પોતાના વાહનો પાર્ક કરે છે એક તરફ શહેરના વિવિધ રોડ પર આડેધડ પાર્ક કરાયેલા ફોર વ્હીલર વાહનોને લોક કરવામાં આવે છે અને ટુ વ્હીલર વાહનોને ટો કરવામાં આવે છે. તે વાહનોને છોડવા તથા અનલોક કરવા માટે પોલીસ તંત્ર તથા મ્યુ.કોર્પો.ના તંત્ર દ્વારા દંડ વસૂલવામાં આવે છે તે દંડ વસૂલવા બાબતે કોઈ ચોક્કસ નીતિ અમદાવાદ મ્યુ.કોર્પો. પાસે જ નથી મ્યુ.કોર્પો.નું તંત્ર જોહુકમી કરી નગરજનો પાસેથી આડેધડ દંડ વસૂલે છે જ્યારે પોલીસ તંત્ર આડેધડ પાર્ક કરાયેલા ફોરવ્હીલર વાહનોને અનલોક કરવા તથા ટો કરાયેલ ટુ વ્હીલરને છોડવા માટે દંડ વસૂલવા બાબતે નીતિ છે જેથી પોલીસ તંત્ર અને મ્યુ.કોર્પો. વચ્ચે આડેધડ પાર્ક કરેલા વાહનો માટે દંડ વસૂલવા બાબતે વિસંગતતા જોવા મળે છે. પોલીસ તંત્ર દ્વારા આડેધડ પાર્ક કરાયેલા ફોર વ્હીલર વાહનોને અનલોક કરવા માટે ૧૦૦૦/- અને ટો કરાયેલ ટુ વ્હીલર માટે રૂા.૭૫૦/-નો દંડ વસૂલવામાં આવે છે. મ્યુ.કોર્પો. તંત્ર દ્વારા ફોર વ્હીલર વાહનોને અનલોક કરવા માટે ૨૦૦/- અથવા ૫૦૦/- કેટલાક કિસ્સામાં રૂા.૧૦૦૦/- એમ અલગ અલગ મનફાવે તેવો દંડ વસૂલવામાં આવે છે. એક જ પ્રકારના નિયમોના ભંગ બદલ શહેરમાં અલગ-અલગ દંડ વસૂલવામાં આવે છે તે કાયદાકીય રીતે પણ યોગ્ય નથી. આડેધડ પાર્ક કરાયેલા ફોર વ્હીલર તથા ટુ વ્હીલર વાહનોને દંડ કરવા બાબતે અમદાવાદ મ્યુ.કોર્પો. દ્વારા એકસમાન પોલીસી તાકીદે બનાવવા કોંગ્રેસ પક્ષની માગણી છે.

# બગસરામાં શિકાર કરવા જતાં સિંહણનું કૂવામાં પડી જવાથી મોત

## વન તંત્રએ રેસ્ક્યુ કરી કૂવામાંથી સિંહણને બહાર કાઢતા મૃત જાહેર કરાઈ



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી તા.૧૭

બગસરાના મુંજીયાસર ડેમ વિસ્તારમાં એ જે વિસ્તાર રફાળા અને નાના મુંજીયાસરના સીમાડા પાસે આવેલો છે. આ વિસ્તારમાં આવેલી જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયાની વાડીમાં એક કૂવો આવેલો છે આ કૂવો અંદાજે ૭૦થી ૮૦ ફૂટ જેટલો ઊંડો હોવાથી ગઈકાલે આ કૂવાની અંદર એક બકરી પણ પડેલી હતી જેને બહાર કાઢવામાં આવેલી હતી ત્યારબાદ વહેલી સવાર અથવા તો મોડી રાતના સિંહણ શિકારની શોધમાં નીકળતા ૧૦ વર્ષની સિંહણ શિકાર પાછળ દોટ મુકતા કૂવાની અંદર પડી ગયેલ હતી જ્યારે આ બાબતની જાણ ખેડૂતને સવારે ખેતરે આવતા જાણ થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરી હતી. જંગલ ખાતાએ આ સિંહણ કૂવામાંથી રેસ્ક્યુ કરી બહાર કાઢતા સિંહણ મૃતક જાહેર થઈ હતી ત્યારબાદ આ સિંહણને જંગલ ખાતાના હોસ્પિટલ ખાતે પીએમ કરવા રવાના કરેલ હતી અને પીએમ રિપોર્ટમાં પણ પાણીમાં પડી જવાથી મોત નીપજ્યું છે તેવું જાણવા મળ્યું હતું આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પોતાની વાડીએ જવું ખૂબ મુશ્કેલ બન્યું છે રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિહોના આટા ફેરા અને શિકાર માટે જ્યાં ત્યાં જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગ્રાન્ટેડ સ્કૂલોને વર્ગદીઠ વધારાના પાંચ વિદ્યાર્થીઓના પ્રવેશની છૂટ અપાઈ

## ગ્રાન્ટેડ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત ન રહે તે માટે નિર્ણય લેવાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૭

રાજ્યમાં આ વખતે ધોરણ-૧૦નું પરિણામ ખુબ જ ઉંચુ આવ્યું હોવાના લીધે ધોરણ-૧૧માં પ્રવેશની સમસ્યા સર્જાય તેવી શક્યતા વચ્ચે અમદાવાદ શહેર DEO કચેરી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધોરણ-૯થી ૧૨માં વર્ગોમાં વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધુ પાંચ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયું છે. જોકે, સ્કૂલોએ આવા વધારાના પ્રવેશ ફાળવ્યા બાદ વિદ્યાર્થીઓની યાદી સાથે DEOની ફરજિયાત મંજૂરી લેવાની રહેશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય તથા સંચાલકોને ઉદ્દેશીને પત્ર લખ્યો છે. જેમાં જણાવાયું છે કે, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશ મેળવવા બાબતે વાલીઓ તરફથી રજૂઆત મળેલી છે. જેને ધ્યાને લઈ તેમજ સરકારની વિવિધ યોજનાઓનો મહતમ લાભ વધુને વધુ વિદ્યાર્થીઓને મળી રહે તેમજ અનુદાનિત શાળાઓમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે તે હેતુ ધ્યાને લઈ વિદ્યાર્થીઓના શિક્ષણનાં હિતમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

અમદાવાદ શહેર DEO કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯થી ૧૨ના વર્ગોમાં વિદ્યાર્થી સંખ્યા વિનિયમની જોગવાઈ મુજબ માન્ય વર્ગની મંજૂર થયેલી મહતમ સંખ્યા કરતા વધુ પાંચ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. જે અન્વયે જો શાળામાં વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ આપવાની આવશ્યકતા ઊભી થાય તો વિદ્યાર્થીઓના હિતમાં તથા વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ શાળામાં પ્રવેશથી વંચિત ન રહે તે માટે વર્ગ દીઠ વધારાના પાંચ વિદ્યાર્થીઓને પ્રવેશની મંજુરી આપવાનું નક્કી કરાયું છે. ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓ માટે ભૌતિક સુવિધા હોય તો અને નજીકનાં વિસ્તારમાં આવેલી ગ્રાન્ટેડ શાળાઓને અસર ન થાય તે રીતે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પણ સ્કૂલના સંચાલકોને સુચના આપવામાં આવી છે. આવા વિદ્યાર્થીઓના પ્રવેશ ફાળવ્યા અંગેની વિદ્યાર્થીઓની યાદી કચેરી ખાતે રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીની ફરજીયાત મંજૂરી મેળવી લેવાની રહેશે તેમ પણ જણાવાયું છે.

### બેટરી સંચાલિત ટુ-વ્હીલનું વધુ વેરિએન્ટ લોન્ચ

અમદાવાદ,તા.૧૭

ટકાઉ મોબિલિટી સોલ્યુશન્સ ઓફર કરવા અને ગ્રાહકોને પાવર ઓફ ચોઈસ પુરી પાડવા માટેની પોતાની પ્રતિબદ્ધતા સાથે અગ્રણી ગ્લોબલ ઓટોમેકર ટીવીએસ મોટર કંપનીએ અમદાવાદમાં ૨.૨ કેડબલ્યુએચ બેટરી સાથેના ટીવીએસ આઈક્યુબનું નવું વેરિઅન્ટ લોન્ચ કર્યું હતું. ટીવીએસ આઈક્યુબ એસટી બે વેરિએન્ટસમાં મળશે, ૩.૪ કેડબલ્યુએચ અને ૫.૧ કેડબલ્યુએચ, જે આ સેગમેન્ટમાં સૌથી વધુ બેટરી પેક ધરાવે છે.

### Awfisનો આઈપીઓ આગામી ૨૨મીએ ખુલશે

અમદાવાદ,તા.૧૭

સીબીઆરઈ રિપોર્ટ મુજબ ભારતમાં સૌથી મોટી ફલેકિસબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ કંપની Awfis Space Solutions Limited ૨૨ મે, ૨૦૨૪ના રોજ તેના ઈકિવટી શેર્સનો આઈપીઓ લઈને આવવાની યોજના ધરાવે છે, એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૧ મે, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહેલા રહેશે ઓફર ૨૭ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈકિવટી શેર દીઠ રૂા.૩૬૪થી રૂા.૩૮૩ નક્કી કરવામાં આવી છે બિડસ લઘુતમ ૩૯ ઈકિવટી શેર્સ અને ત્યાર બાદ ૩૯ શેર્સના ગુણાકમાં કરી શકાય છે.

# નકલી લગ્ન નોંધણી કૌભાંડમાં ભદ્રાલાના તલાટીને સસ્પેન્ડ કરાયા

## માત્ર એક મહિનામાં ૧૦૦ અને ૬ મહિનામાં ૫૫૦ નકલી લગ્નની નોંધણી કરી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ગુજરાત રાજ્યના ગોધરામાં નકલી લગ્ન નોંધણી કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં ગોધરાના ભદ્રાલા ગામના એક તલાટી કમ મંત્રીએ ફક્ત એક મહિનામાં જ ૧૦૦ નકલી લગ્ન નોંધાવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. તપાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા છ મહિનામાં, તલાટીઓએ ૫૫૦ નકલી લગ્ન નોંધ્યા છે અને પ્રમાણપત્રો આપ્યા છે. આ કૌભાંડ ગોધરા પૂરતું મર્યાદિત નથી અને અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ભાગેડુ યુગલો પણ તલાટી મારફત નકલી લગ્ન પ્રમાણપત્રો મેળવવામાં સામેલ હતા. ''રાજ્યમાં આવા કેસોમાં સતત વધારો લગ્નની નોંધણીની કાયદેસરતા અંગે ગંભીર ચિંતા પેદા કરે છે. તલાટી માત્ર ગોધરામાં લગ્નની નોંધણી કરાવવામાં જ સામેલ નહોતા પરંતુ ગુજરાત બહારના ભાગેડુ યુગલોને પણ સંભાળતા હતા,'' એમ સૂત્રો જણાવે છે. ભદ્રાલા ગામના તલાટીને સસ્પેન્ડ કરી દેવાયા છે અને આ રેકેટમાં વધુ લોકોની સંડોવણી અંગે તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓ કપલના નકલી લગ્ન પ્રમાણપત્રો મેળવવા પાછળના કારણોની પણ તપાસ કરી રહ્યા છે.

# ટ્યુનિશિયા : રાષ્ટ્રપતિ કૈસ સૈયદની ટીકા કરવા બદલ વકીલો અને પત્રકારો પર ગાળિયો કસવા પછી રાષ્ટ્રવ્યાપી વિરોધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ટ્યુનિશિયામાં સરકારની નીતિઓની ટીકા અને રાષ્ટ્રપતિ કૈસ સૈયદના વિવાદાસ્પદ સત્તા કબજે કરવાને લઈને પત્રકારો અને વકીલો દ્વારા કરવામાં આવેલ નિંદાને લીધે તેમના પર કરવામાં આવેલી સતત કાર્યવાહી પછી દેશવ્યાપી વિરોધ શરૂ થયો છે. સૈયદે ૨૦૧૯માં કાર્યભાર સંભાળ્યો હતો, તેના પર સત્તા સંભાળ્યા પછી વધારાની સત્તાઓ કબજે કરવાનો આરોપ છે. આ સપ્તાહની શરૂઆતમાં ટ્યુનિસમાં બાર એસોસિએશનના હેડક્વાર્ટરમાંથી પ્રખ્યાત વકીલ સોનિયા દહમાનીની ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે, તેઓએ સૈયદની ઉગ્ર ટીકા કરી હતી તે પછી સરકારના વકીલોના સમુદાય અને ટ્યુનિશિયા લોયર્સ કાઉન્સિલ સાથે સંઘર્ષ થયો હતો, જેણે હડતાળની હાકલ કરી છે. અગાઉ બે પત્રકારોની ધરપકડ કરવામાં આવી હતી. ટ્યુનિશિયન જનરલ લેબર યુનિયન અન્ય નાગરિક સમાજ સંગઠનો સાથે પણ જોડાયું છે, વકીલો અને બાર એસોસિએશનને તેમનો ટેકો આપે છે. ગયા અઠવાડિયે સ્થાનિક ટેલિવિઝન કાર્યક્રમમાં ટ્યુનિશિયા વિશે કરેલી વ્યંગાત્મક ટિપ્પણી માટે દહમાનીની ધરપકડ કરવામાં આવી હતી. તેણી પર ખોટી માહિતી વિતરિત કરવાનો અને જાહેર વ્યવસ્થામાં વિક્ષેપ પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

આ ધરપકડો આફ્રિકન સ્થળાંતર કરનારાઓની હિમાયત માટે જાણીતા ટ્યુનિશિયન અસંતુષ્ટ, પ્રખ્યાત સાદિયા મોસ્બાહની અટકાયત પછી કરવામાં આવી હતી. મની લોન્ડ્રિંગના આરોપમાં આ મહિનાની શરૂઆતમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ડિક્રી ૫૪નો ઉપયોગ કરીને અસંતુષ્ટો અને ટીકાકારો પર ટ્યુનિશિયાની સરકાર દ્વારા વધતા ક્રેકડાઉન વચ્ચે આ ધરપકડો કરવામાં આવી હતી. હ્યુમન રાઈટ્સ વોચ સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આ હુકમનામાની કલમ ૨૪ના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી છે, જે અસંમતિને કાબૂમાં લેવા માટે દંડ અને પાંચ વર્ષની જેલની જોગવાઈ કરે છે. ટ્યુનિશિયા, જે ઉત્તર આફ્રિકાના મગરેબ પ્રદેશનો ભાગ છે અને ૨૦૧૧ની ટ્યુનિશિયન ક્રાંતિ પછી એક પ્રગતિશીલ રાષ્ટ્ર માનવામાં આવતું હતું પરંતુ ૨૦૧૯થી રાષ્ટ્રપતિ સૈયદના શાસન હેઠળ નાગરિક સ્વતંત્રતાના પરિમાણોમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. ટ્યુનિશિયન ક્રાંતિ એ નાગરિક પ્રતિકારનું સઘન અભિયાન હતું જે ઉચ્ચ બેરોજગારી, ખાદ્ય ફુગાવો, ભ્રષ્ટાચાર, વાણી સ્વાતંત્ર્યનો અભાવ અને અન્ય રાજકીય સ્વતંત્રતાઓ અને મોટાપાયે લોકોની નબળી જીવનશૈલીને લીધે થતો વિરોધ છે.

ટ્યુનિશિયામાં અનિયમિત સ્થળાંતરનો મુદ્દો સંવેદનશીલ છે અને પત્રકારોને ઘણીવાર સ્થળાંતર કરનારાઓને એક્સેસ કરવાથી અવરોધિત કરવામાં આવે છે જેઓ દરિયાકાંઠાના શહેર સ્ફેક્સની નજીકના ઓલિવ ક્ષેત્રોમાં આશ્રય લેવાની ફરજ પાડવામાં આવે છે, તેઓ બોટ દ્વારા મુસાફરી કરવાની રાહ જોતા હોય છે. દેશના કથળતા નાણાકીય સંજોગોમાંથી બચવા યુરોપ જવાની આશામાં મોટી સંખ્યામાં ટ્યુનિશિયન યુવાનો શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓ સાથે જોડાય છે. ટ્યુનિશિયન ફોરમ ફોર ઈકોનોમિક એન્ડ સોશિયલ રાઈટ્સ અનુસાર, ૨૦૨૩માં ૧૭,૩૨૨ જેટલા ટ્યુનિશિયન નાગરિકો ઈટાલીમાં દસ્તાવેજો વિના આવ્યા હતા. દરમિયાન, રાષ્ટ્રપતિ સૈયદે જુલાઈ ૨૦૨૧થી ટ્યુનિશિયામાં સત્તાની તમામ શાખાઓ સંભાળી લીધી છે. ટ્યુનિશિયાના સરકારી વકીલે



બે પત્રકારો, મુરાદઝગીદી અને બોરહેનબસાઈસની અટકાયત લંબાવી છે, જેમની એક અલગ ઘટનામાં તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સ માટે ધરપકડ કરવામાં આવી હતી. વકીલો અને પત્રકારોએ આ તમામને ફોજદારી કાર્યવાહી અને કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને વખોડી કાઢી છે. દહમાનીએ જણાવ્યું હતું કે, તેણીએ અગાઉ તેણીની સામે જારી કરાયેલા સમન્સનો જવાબ આપ્યો ન હતો કારણ કે, તે તેના જારી કરવા માટેનું કારણ જણાવતું નથી કે તેણે સહાયક દસ્તાવેજો આપ્યા નથી. ટ્યુનિશિયન જનરલ લેબર યુનિયન અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા ધ ટ્યુનિશિયન હ્યુમન રાઈટ્સ લીગ સહિત નાગરિક સમાજ સંગઠનોએ બાર એસોસિએશનને તેમના બિનશરતી સમર્થનની જાહેરાત કરી છે અને અધિકારો અને સ્વતંત્રતા પર સત્તાવાળાઓની નિંદા કરી છે.

જેલમાં બંધ પત્રકાર મોહમ્મદ બૌગલેબને સમર્થન આપતી ફેસબૂક પોસ્ટના સંબંધમાં પત્રકાર મુરદઝેગીદીની ધરપકડ કરવામાં આવી હતી, જેને જાહેર અધિકારીની બદનક્ષી બદલ છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી. સૈયદ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨માં જારી કરાયેલ ડિક્રી ૫૪, જણાવે છે કે, જાહેર સુરક્ષા અને રાષ્ટ્રીય સંરક્ષણને નુકસાન પહોંચાડવા માટે ખોટા સમાચાર પ્રચાર કરવા અથવા પ્રકાશિત કરવા માટે માહિતી નેટવર્કનો ઉપયોગ કરનાર કોઈપણ વ્યક્તિ પાંચ વર્ષની જેલની સજા અને ૫૦,૦૦૦ દિનાર (૧૫,૬૦૦ યુએસ ડૉલર)નો દંડ થઈ શકે છે. જો આવા કૃત્યનો ભોગ બનનાર જાહેર અધિકારી હોય તો જેલની સજા બમણી થઈને ૧૦ વર્ષ થઈ શકે છે. સૈયદ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨માં હસ્તાક્ષર કરાયેલા કાયદાની પત્રકારો અને વિપક્ષી નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી હતી જેઓ દલીલ કરે છે કે, તેનો ઉપયોગ અસંમતિને દબાવવા માટે કરવામાં આવે છે. નેશનલ યુનિયન ઓફ ટ્યુનિશિયન જર્નાલિસ્ટ્સ અનુસાર, તે અમલમાં આવ્યું ત્યારથી ૬૦થી વધુ પત્રકારો, વકીલો અને વિપક્ષી વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જો કે, સૈયદે તેના પર લાગેલા તમામ આરોપોને ફગાવી દીધા છે અને કહે છે કે, તેના પગલાં કાયદેસર છે અને તેનો હેતુ વર્ષોની અરાજકતા અને ભ્રષ્ટાચારનો અંત લાવવાનો છે. રાષ્ટ્રપતિના જણાવ્યા અનુસાર તેમના દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ ભ્રષ્ટાચારમાં સામેલ તમામને જવાબદાર ઠેરવશે. ઘણા વિપક્ષી નેતાઓ મહિનાઓથી જેલમાં છે.

# મોદીની મહારાષ્ટ્રની મુલાકાત : વિરોધ કરી રહેલા ખેડૂતોની અટકાયત, રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા; પરંતુ મોદીએ તેમના પ્રવચનમાં મતદારોની ચિંતાઓને અવગણી હતી

## મહારાષ્ટ્રમાં વડાપ્રધાનની મુલાકાત દરમિયાન સવારથી સાંજ સુધી ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી, જો કે, મતદારોની વાસ્તવિક ચિંતાઓને બદલે મોદીએ ''અસલી'' અને ''નકલી'' શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી જેવા મુદ્દાઓ પર વાત કરી હતી

(એજન્સી) મુંબઈ,તા.૧૭

૧૫ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના એક દિવસના પ્રવાસે હતા. આ મુલાકાત દરમિયાન, મોદીએ નાસિકના ડિંડોરીથી રેલીની શરૂઆત કરી, બાદમાં થાણે જિલ્લાના કલ્યાણ તરફ પ્રયાણ કર્યું અને અંતે મુંબઈના ઘાટકોપરમાં તેમના રોડ શોનું સમાપન કર્યું. આ મુલાકાત, મૂળ મતદારો સુધી પહોંચવા માટે હતી પણ આ વચ્ચે અનેક લોકોની ધરપકડો અને નિવારક અટકાયત, પીક અવર્સ દરમિયાન મેટ્રો ટ્રેનો રદ કરવા અને શહેરમાં મોટા પાયે અરાજકતા સાથે રસ્તાઓ બ્લોક કરવા જેવા અવરોધો સાથે સમાપ્ત થઈ હતી.



નાસિકમાં વડાપ્રધાનના આગમનના કલાકો પહેલાં, શહેર પોલીસ દ્વારા ૫૦થી વધુ ખેડૂતો અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ખેડૂતો તેમના વિરોધી નિર્ણયો અને ગયા વર્ષે ડુંગળી પર લાદવામાં આવેલી ૪૦% નિકાસ ડ્યુટી સામે તેમનો વિરોધ કરવા માટે મોદીની રેલીના સ્થળે ભેગા થવાની યોજના બનાવી હતી. ડિસેમ્બરમાં કેન્દ્રએ પણ કમોસમી વરસાદ અને અતિવૃષ્ટિને પગલે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. દેશની ડુંગળીની ઉપજમાં એકલા મહારાષ્ટ્રનો ફાળો ૪૩% છે. મહારાષ્ટ્રમાં ડુંગળીના કુલ ઉત્પાદનમાંથી ૧૦% નાસિક જિલ્લામાંથી આવે છે. નાસિકમાં લાસલગાંવ દેશનું સૌથી મોટું ડુંગળીના જથ્થાબંધ બજારનું ઘર છે. સામાન્ય ચૂંટણીઓ વચ્ચે કેન્દ્રએ આ પ્રતિબંધ હટાવવાનો નિર્ણય કર્યો, પરંતુ નિકાસકારે હવે સરકારને પ્રતિ મેટ્રિક ટન $550 ચૂકવવા પડશે. ખેડૂતોને લાગે છે કે તે તેમનું વધુ શોષણ કરશે. આ ખેડૂતો સવારથી સાંજ સુધી અટકાયતમાં રહ્યા હતા, ત્યારે મોદીએ અહીં મતદારોની વાસ્તવિક ચિંતાઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી હતી. તેના બદલે તેમણે "અસ્લી" અને "નકલી" શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પર વાત કરી હતી.

આ બંને પક્ષોએ કટોકટીનો સામનો કર્યો હતો જેમાં ઘણા સાંસદો અને ધારાસભ્યોએ ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. આ પક્ષોએ આ વિઘટન માટે ચૂંટણી પંચ સમક્ષ કેસ મૂક્યો હતો અને ભાજપ પર કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરીને વિરોધ પક્ષોના નેતાઓને પક્ષ બદલવા માટે દબાણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આખરે, ભાજપ સાથે હાથ મિલાવનારા જૂથોએ પક્ષના પ્રતીકો જાળવી રાખ્યા હતા.

આ રેલીમાં મોદીએ કહ્યું કેઃ 'નકલી' શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને નકલી એનસીપી (શરદપવારની આગેવાની) કોંગ્રેસમાં મર્જ કરવામાં આવશે. તેઓ માને છે કે કોંગ્રેસમાં નાના પક્ષોનું વિલીનીકરણ કરીને, ઈન્ડિયા જૂથ ઓછામાં ઓછું લોકસભામાં ઔપચારિક વિપક્ષ રચવામાં સક્ષમ બનશે. તેમણે અટકાયતમાં આવેલા વિરોધ પ્રદર્શનકારી ખેડૂતો પર તેમણે મૌન જાળવી રાખ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર શશિકાંત શિંદેના મતવિસ્તાર કલ્યાણ તરફ જવા માટે મોદીએ શહેર છોડ્યા પછી અટકાયતમાં લેવાયેલા લોકોને મુક્ત કરવામાં આવ્યા હતા.

મોદી મુંબઈના ઘાટકોપર પહોંચ્યા તેના કલાકો પહેલાં, આ વિસ્તારમાં મેટ્રો ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીના રોડ-શો પહેલા, સત્તાવાળાઓએ જાગૃતિ નગર અને ઘાટકોપર સ્ટેશનો વચ્ચે "સાવચેતીના પગલા" તરીકે ટ્રેન સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય કર્યો. આ પગલું, સુરક્ષા કારણોસર હતું, જોકે, અગાઉથી જાહેર કરવામાં આવ્યું ન હતું. ઘણા મુસાફરોને સ્ટેશન પર પહોંચ્યા પછી જ સેવાઓ સ્થગિત કરવાની જાણ થઈ. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ઘણા વીડિયોમાં ગુસ્સે ભરાયેલા મુસાફરો આવા અજાણતા નિર્ણય લેવા બદલ અધિકારીઓને પ્રશ્ન કરતા જોઈ શકાય છે. ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી અને સ્ટેશનની આસપાસના મુખ્ય માર્ગો પણ બ્લોક કરવામાં આવ્યા હતા. ભાજપે મોદી માટે રોડ શોનું આયોજન કર્યું હતું જે ઘાટકોપર (પશ્ચિમ)માં અશોક સિલ્ક મિલ્સથી ઘાટકોપર (પૂર્વ)ના પાર્શ્વનાથચોક વચ્ચે હતો. ઘાટકોપરમાં ગુજરાતી અને રાજસ્થાની સ્થળાંતર કરનારાઓની નોંધપાત્ર વસ્તી છે, તે ભાજપના કટ્ટર સમર્થક છે. મોદીની ઘાટકોપરની મુલાકાતના માત્ર બે દિવસ પહેલા, આ વિસ્તારમાં એક ગેરકાયદેસર ૧૨૦ટ૧૨૦ ચોરસ ફૂટનું હોર્ડિંગ તૂટી પડ્યું હતું, જેમાં ૧૬ લોકોના મોત થયા હતા અને ૭૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

મોદી પાર્ટીના ઉમેદવાર મિહિર કોટેચા માટે આપત્તિ સ્થળથી માત્ર ૩ કિલોમીટર દૂર પ્રચાર કરી રહ્યા હતા, ત્યારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) એ તેમના બચાવ પ્રયાસો ચાલુ રાખ્યા હતા. ૧૬ મૃત્યુમાંથી બે મૃતદેહો મોદીની મુલાકાતના કલાકો બાદ મળી આવ્યા હતા. ૬૬ કલાક સુધી ચાલેલા ઓપરેશનને ૧૫ મે ગુરુવારે સવારે બંધ કરવામાં આવ્યું હતું.

# બ્રાહ્મણ રાજા અને મુસ્લિમ સુલતાન વચ્ચે શું સામ્ય છે ? બંનેએ કાશ્મીરના મંદિરો લૂંટ્યા હતા

## સુલતાનો દ્વારા નિયુક્ત કાશ્મીરી બ્રાહ્મણોએ તેમના મંદિરના હુમલાઓને શૈવ રાજાઓની પ્રવૃત્તિઓની કુદરતી પ્રગતિ તરીકે રજૂ કર્યા હતા

(એજન્સી) તા.૧૭

કાશ્મીર પ્રદેશ જે એક સમયે શૈવ અને વૈષ્ણવવાદનો ગઢ હતો, તે દક્ષિણ એશિયાના મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રદેશોમાંનો એક કેવી રીતે બન્યો ?

**ઈસ્લામના આગમના પહેલા કાશ્મીર કેવું હતું ? :-** ગંગાના મેદાનોમાં દિલ્હી સલ્તનતની સ્થાપના થયા પછી ઈસ્લામ કાશ્મીરમાં તેના ઈતિહાસમાં ૧૪મી સદીમાં મુખ્ય રાજકીય બળ તરીકે ઉભરી આવ્યો હતો. આ પહેલાં કાશ્મીરને ઘણીવાર યુટોપિયા તરીકે કલ્પના કરવામાં આવે છે. મધ્યયુગીન સમયગાળાના કેટલાક સૌથી પ્રભાવશાળી સૌંદર્યશાસ્ત્રીઓ અને સાહિત્યકારો કાશ્મીરમાં રહેતા હતા અને તે શૈવ, વૈષ્ણવ અને બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હતું. પરંતુ ત્યાં શું ચાલી રહ્યું હતું તે સમજ્યા વિના આપણે અહીં ઈસ્લામના ઉદયને સમજી શકતા નથી.

આપણા મુખ્ય ઐતિહાસિક સ્ત્રોતો પૈકી એક ૧૨મી સદીના ઈતિહાસકાર કલ્હના દ્વારા રાજતરંગિણી, લખાણ છે. રાજતરંગિણી ઘણીવાર એક ઉદ્દેશ્ય ઐતિહાસિક સ્ત્રોત તરીકે જોવામાં આવે છે. કલ્હાન કહે છે કે, રાજાઓ, મંત્રીઓ અને ઉમરાવોના લોભ અને અધમતાને કારણે આ રાજ્ય વારંવાર કટોકટીમાં આવ્યું છે, દુકાળ અને અન્યાયનો ભોગ બન્યું છે. ખાસ કરીને રાજા હર્ષ દ્વારા અવિનાશી મંદિર-લૂંટ કરવામાં આવી હતી. કલ્હાણ એક બ્રાહ્મણ હોવાથી હર્ષના મંદિરને તોડી પાડવાનો સીધો જ તેના સંબંધીઓ પર હુમલો થયો, તેથી તેણે ગુસ્સાથી રાજા પર અનાચારનો આરોપ મૂક્યો હતો. કલ્હાના એ પણ લખે છે કે ડમ્મારા, લાવણ્યા અને તાંત્રિક કુલીન કુળોએ કર ચૂકવવાનો ઈનકાર કર્યો, કઠપૂતળી શાસકોએ ગામડાઓ પર હુમલો કર્યો. હર્ષની મંદિરની લૂંટનો ઉપયોગ એક શક્તિશાળી સૈન્યને સજ્જ કરવા અને જાળવવા માટે કરવામાં આવતો હતો, જેનો ઉપયોગ તેણે આ બેકાબૂ ઉમરાવોને કચડી નાખવા માટે કર્યો હતો.

**કાશ્મીરમાં ઈસ્લામનું આગમન કેવી રીતે થયું ? :-** કાશ્મીર હંમેશા વૈશ્વિક સ્તરે જોડાયેલું સ્થળ હતું. મુસ્લિમ અને બૌદ્ધ મધ્ય એશિયનો અને તુર્કો સદીઓથી તેની રાજનીતિનો ભાગ હતા, તેના સામ્રાજ્યના



પરાકાષ્ઠાકાળમાં અને ૧૨મી સદીમાં તુર્ક કારીગરો શ્રીનગરમાં હતા અને કાશ્મીરી લશ્કરી મજૂર બજારોનો ભાગ હતા. એવા પુરાવા પણ છે કે, રાજા હર્ષે તુર્ક દરબારીની નકલ કરી હતી. જો કે, કાશ્મીરમાં મુસ્લિમ રાજાશાહી તુર્ક વિજેતાઓ સાથે આવી ન હતી. સુલતાન ઝૈન-ઉલ-અબ્દીનના દરબારમાં એક અગ્રણી કાશ્મીરી બ્રાહ્મણ હતા. તે જોનરાજા અનુસાર, કાશ્મીરમાં રાજકીય પરિસ્થિતિ સતત બગડતી ગઈ. મોંગોલોએ દિલ્હી સલ્તનત મેળવી હતી. ૧૩૨૦માં રિંચના નામના તુર્કીકૃત લદાખી બૌદ્ધે સત્તા પર કબજો કર્યો અને શૈવનો ટેકો મેળવવાનો પ્રયાસ કર્યો. જેમને તેના નિમ્ન જન્મના આધારે ઈનકાર કર્યો, તેના બદલે તેણે ઈસ્લામ સ્વીકાર્યો. સુલતાન સિકંદરના શાસન હેઠળ મંદિરની અપવિત્રતા વધી, જેણે પર્શિયન સૂફીઓના સ્થળાંતરને પ્રોત્સાહન આપ્યું. બ્રાહ્મણો અને મંદિરો પર હુમલા કરવા માટે આ સૂફીઓને દોષી ઠેરવતા, જોનરાજા રસપ્રદ રીતે દાવો કરે છે કે, રાજા હર્ષ આ કુશાસનના વૃક્ષનું હતું અને તે તુર્કનું બીજ હતું અને સુહાભટ્ટ જે એક એક કાશ્મીરી બ્રાહ્મણ હતો જેણે સિકંદરના મુખ્યપ્રધાન તરીકે પોતાનું સ્થાન જાળવી રાખવા માટે ઈસ્લામ સ્વીકાર્યો. આજકાલ એક દાવો એ છે કે, હિન્દુ રાજાઓએ મુસ્લિમ રાજાઓ કરતાં અલગ રીતે મંદિરોનો નાશ કર્યો હતો.

# દેશમાં ચૂંટણી વચ્ચે અમિત શાહની કાશ્મીર મુલાકાતથી રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય

## ભાજપે કેન્દ્રશાસિત પ્રદેશની ત્રણ લોકસભા બેઠકોમાંથી એક પણ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યો નથી

(એજન્સી) જમ્મુ, તા.૧૭

ગૃહપ્રધાન અમિત શાહની શ્રીનગરની બે દિવસીય મુલાકાતે છે તેઓ દેશમાં અન્યત્ર વ્યસ્ત હોવા છતાં તેમનું વ્યસ્ત શેડ્યૂલ હોવા છતાં કેન્દ્રશાસિત પ્રદેશમાં તેમની આ મુલાકાતે રાજકીય વર્તુળોને આશ્ચર્યચકિત કર્યા છે, જ્યાં ભાજપે ત્રણ લોકસભા બેઠકોમાંથી એક પણ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી.



શાહ આજે સાંજે ઉચ્ચ સ્તરીય સુરક્ષા-સમીક્ષા બેઠક યોજવા શ્રીનગર પહોંચે તેવી ધારણા છે. ગૃહમંત્રી તેમની મુલાકાત દરમિયાન ભાજપના નેતાઓ સહિત વિવિધ પ્રતિનિધિમંડળોને મળશે. ભાજપના એક નેતાએ શ્રીનગરમાં જણાવ્યું હતું કે, અમિત શાહ આગામી અમરનાથ યાત્રાની વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરશે અને અનંતનાગ અને બારામુલ્લા લોકસભા મતવિસ્તારમાં મોટી હાજરી ધરાવતા ગુર્જરો, બકરવાલ અને પહાડીઓના પ્રતિનિધિમંડળને મળશે.

જો કે, ભાજપે કાશ્મીરમાં પોતાના ઉમેદવારો ઊભા કર્યા નથી, તેના નેતાઓ NC, PDP અને કોંગ્રેસ વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા છે અને અપની પાર્ટી અને પીપલ્સ કોન્ફરન્સ જેવા સમાન વિચારધારાવાળા પક્ષોના ઉમેદવારો માટે મત માંગી રહ્યા છે. શાહની મુલાકાત પર પ્રતિક્રિયા આપતા નેશનલ કોન્ફરન્સ (NC)ના નેતા ઓમર અબ્દુલ્લા, જેઓ બારામુલ્લા સીટ માટે પાર્ટીના ઉમેદવાર છે, તેમણે મીડિયાને જણાવ્યું હતું કે, શું તમને અજુગતું નથી લાગતું કે ગૃહપ્રધાન કાશ્મીરમાં તેમના જોરદાર પ્રચાર વચ્ચે બે દિવસ માટે આવી રહ્યા છે જ્યાં ભાજપે પોતાનો ઉમેદવાર ઉતાર્યો નથી ? તેઓ કદાચ સમજી ગયા છે કે, એનસી એ શ્રીનગર સીટ જીતશે. જેના માટે ૧૩ મેના રોજ મતદાન થયું હતું અને તેથી જ ભાજપ નેતૃત્વ હવે એનસીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે. લોકો અમારી સાથે છે અને અમે બારામુલ્લા અને અનંતનાગ સીટો પર પણ સારો દેખાવ કરીશું.

પીડીપીના વડા અને અનંતનાગ માટે પાર્ટીના ઉમેદવાર મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, શાહની મુલાકાતે લોકોમાં આશંકાઓ પેદા કરી છે કારણ કે, જુલાઈમાં અમરનાથ યાત્રા છે. લોકો આશ્ચર્યમાં છે કે, ગૃહમંત્રીએ અચાનક કાશ્મીરની મુલાકાત લેવાનું કેમ નક્કી કર્યું છે ? તેણીએ કહ્યું કે, ભાજપે આ ચૂંટણીઓમાં તેના પ્રોક્સીઓને મેદાનમાં ઉતાર્યા છે અને કેન્દ્રને ચેતવણી આપી છે કે, ૧૯૮૭ની જેમ ચૂંટણી પ્રક્રિયાને ઉથલાવવાની ભૂતકાળની ભૂલનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ ન કરે કારણ કે, આવી કાર્યવાહીના ગંભીર પરિણામો આવશે.

પીડીપી નેતા અને પૂર્વ મંત્રી નઈમ અખ્તરે કહ્યું કે, નિર્ણાયક ચૂંટણી વચ્ચે, કાશ્મીરની મુલાકાત લેવી જ્યાં પાર્ટી ઉમેદવારો પણ ઊભા નથી કરી રહી તે શંકા ઊભી કરે છે ! આશા છે કે, બધું બરાબર છે. ૨૦ અને ૨૫ મેના રોજ બારામુલા અને અનંતનાગ બેઠકો માટે મતદાન પહેલા શાહની શ્રીનગરની મુલાકાત છે. એવા અહેવાલો હતા કે તેઓ સ્થાનિક ભાજપના નેતાઓ અને આદિવાસી સમુદાયોના સભ્યો સાથે પણ ચૂંટણી વ્યૂહરચનાઓની સમીક્ષા કરશે જેમને સરકારે તાજેતરમાં તેમને અનુસૂચિત જનજાતિ (ST)નો દરજ્જો અને નોકરીઓમાં ૧૦% અનામતનો લાભ આપ્યો છે.

# સ્લોવાક PM રોબર્ટ ફિકોની સર્જરી પછી હાલત સ્થિર, હત્યાના પ્રયાસ પછીની સ્થિતિ 'ખૂબ જ ગંભીર'

## બંદૂકધારીએ ૫૯ વર્ષના ફિકોને સેન્ટ્રલ સ્લોવાક શહેર હેન્ડલોવાની મુલાકાત દરમિયાન ગોળી મારી દીધી હતી, શરૂઆતમાં વડાપ્રધાનને ગંભીર સ્થિતિમાં છોડી દીધા હતા અને બુધવારે થોડા કલાકો પછી સર્જરી કરવામાં આવી હતી

(એજન્સી) બાંસ્કા બાયસ્ટ્રિકા, તા.૧૭

સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો ગુરૂવારે 'ખૂબ જ ગંભીર' પરંતુ સ્થિર સ્થિતિમાં છે. હોસ્પિટલના અધિકારી બોલ્ડ ઈઝર ગ્યોરી જણાવ્યું હતું કે, તેમને હત્યાના પ્રયાસમાં પાંચ વખત ગોળી મારવામાં આવી હતી જેના કારણે દેશમાં ઊંડા રાજકીય ભાગલા પાડ્યા હતા.

આ ગોળીબાર એ કોઈ યુરોપિયન રાજકીય નેતા પર ૨૦ વર્ષથી વધુ સમયમાં પ્રથમ મોટો હત્યાનો પ્રયાસ હતો અને રાજકીય વિશ્લેષકો અને ધારાશાસ્ત્રીઓએ કહ્યું હતું કે, તે સમગ્ર ખંડમાં વધતા જતા તાવ અને ધ્રુવીકૃત રાજકીય વાતાવરણના સૂચક સાથે આંતરરાષ્ટ્રીય નિંદાને વેગ આપ્યો હતો.

સરકારી કચેરીએ જણાવ્યું હતું કે, સ્લોવાકિયા રાજ્ય સુરક્ષા પરિષદની બેઠક બોલાવશે અને ગુરૂવારે સવારે ૧૧:૦૦ વાગ્યાથી (0900 GMT) કેબિનેટ પણ મળશે.



મિરિયમ લપુનીકોવા, એફ.ડી.ના ડિરેક્ટર. બાંસ્કા બાયસ્ટ્રિકાની રૂઝવેલ્ટ યુનિવર્સિટી હોસ્પિટલમાં જ્યાં ફિકો દાખલ છે, જણાવ્યું હતું કે, વડાપ્રધાન પર બહુવિધ ગોળીબારના ઘાવની સારવાર માટે બે ટીમોએ પાંચ કલાકની સર્જરી કરી હતી. તેમણે પત્રકારોને કહ્યું, 'આ સમયે તેમની સ્થિતિ સ્થિર છે પરંતુ તે ખરેખર ખૂબ જ ગંભીર છે, તે સઘન સંભાળ એકમમાં રહેશે.'

નાયબ વડાપ્રધાન રોબર્ટ કાલિનાકે જણાવ્યું હતું કે, ડોક્ટરો ફિકોની સ્થિતિને રાતોરાત સ્થિર કરવામાં વ્યવસ્થાપિત થયા હતા અને વધુ સુધારણા સુરક્ષિત કરવા માટે કાર્યવાહી ચાલી રહી હતી.

'તેમણે કહ્યું, દુર્ભાગ્યે જખમોની જટિલ પ્રકૃતિને કારણે સ્થિતિ ખૂબ જ ગંભીર બની રહી છે પરંતુ અમે બધા દઢપણે વિશ્વાસ કરીએ છીએ કે, અમે પરિસ્થિતિનું સંચાલન કરવામાં સફળ થઈશું.'

સ્લોવાક સમાચાર મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ૭૧ વર્ષીય પુરૂષ શૂટર એક શોપિંગ મોલમાં ભૂતપૂર્વ સુરક્ષા ગાર્ડ હતો, કવિતાના ત્રણ સંગ્રહનો લેખક હતો અને સ્લોવાક સોસાયટી ઓફ રાઈટર્સનો સભ્ય હતો. ન્યુઝ આઉટલેટ Aktuality.skએ તેમના પુત્રને ટાંકીને જણાવ્યું હતું કે, તેમના પિતા બંદૂકનું લાયસન્સ કાયદેસરના ધારક હતા.

ફેસબૂક પર પોસ્ટ કરાયેલા એક અનડેટેડ વીડિયોમાં કથિત હુમલાખોર કહેતો જોવા મળ્યો હતોઃ 'હું સરકારની નીતિ સાથે સહમત નથી.'

'ફડચામાં ગયેલ માસ મીડિયા. શા માટે આરટીવીએસ (જાહેર પ્રસારણકર્તા) પર હુમલો કરવામાં આવી રહ્યો છે ? મઝક, શા માટે તેમને તેમના પદ પરથી હાંકી કાઢવામાં આવ્યા છે,' તેમણે જાન મઝકના સંદર્ભમાં ચાલુ રાખ્યું, જેમને એક રાજ્ય ન્યાયિક પરિષદના અધ્યક્ષ પદેથી દૂર કરવામાં આવ્યા હતા.

રોઈટર્સે ફિકોના ગોળીબાર પછી ધરપકડ કરાયેલ વ્યક્તિની છબીઓ સાથે મેળ ખાતા વીડિયોમાંની વ્યક્તિની ચકાસણી કરી હતી.


# રાહુલે યુપીમાં ન હતું કહ્યું કે મોદી ફરીથી PM બનશે, વાયરલ વીડિયોમાં છેડછાડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને કથિત રીતે એવું કહેતા બતાવવામાં આવી રહ્યા છે કે, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી પછી નરેન્દ્ર મોદી વડાપ્રધાન રહેશે. આ ૫૬ સેકન્ડના વાયરલ વીડિયોમાં ગાંધી એક રેલીને સંબોધતા જોવા મળે છે, જ્યાં તેઓ કથિત રીતે કહી રહ્યા છે કે, નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન રહેશે. હું તમને સત્ય કહેવા માંગુ છું. નરેન્દ્ર મોદી ૪ જૂન, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન રહેશે. તમે તેને લખીને લઈ શકો છો; નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બની શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, તેમનું ગઠબંધન કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી (SP) સાથે ચૂંટણી લડી રહી છે, એક પણ બેઠક જીતી શકશે નહીં.

ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર વીડિયો શેર કર્યો છે. જો કે, વાયરલ ક્લિપ એડિટ કરવામાં આવી છે. વાસ્તવમાં ગાંધીએ કહ્યું હતું કે, મોદી ૪ જૂન, ૨૦૨૪ પછી વડાપ્રધાન નહીં બને. અમે વાયરલ વીડિયોની કીફ્રેમ્સ પર રિવર્સ ઈમેજ સર્ચ કર્યું અને ૧૦ મેના રોજ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ (INC)ની અધિકૃત યુટ્યુબ ચેનલ પર પ્રકાશિત થયેલ અસલ વીડિયો મળ્યો. કોંગ્રેસ નેતાએ આ તારીખે કાનપુરમાં સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવ સહિત ઈન્ડિયા જૂથના નેતાઓ સાથે સંયુક્ત રેલી યોજી હતી.

વીડિયોમાં લગભગ એક મિનિટ ગાંધીને કહેતા સાંભળી શકાય છે, ચાલો હું તમને શરૂઆતમાં સત્ય કહું. આ એવી વાત છે જે ભારતીય મીડિયા તમને ક્યારેય નહીં કહે, પરંતુ તે સાચું છે. નરેન્દ્ર મોદી હવે ૪ જૂન, ૨૦૨૪ના રોજ ભારતના વડાપ્રધાન રહેશે નહીં. આ વાતને લખી લો, નરેન્દ્ર મોદીજી ભારતના વડાપ્રધાન નહીં બની શકે. અમારે જે કરવું




હતું તે અમે કર્યું, અમે સખત મહેનત કરી, હવે તમે જુઓ છો કે અમારા ગઠબંધનને ઉત્તરપ્રદેશમાં ૫૦થી ઓછી એક પણ બેઠક નહીં મળે.

૨:૩૦ મિનિટ અને ૨:૪૯ મિનિટ વચ્ચે મીડિયાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, તેઓ હસતા પણ હતા કારણ કે, તેઓ એ પણ જાણે છે કે, રાહુલ ગાંધી જે કહી રહ્યા છે તે સાચું છે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન નહીં બને, વાર્તાનો અંત.

ગાંધી મોદીની તરફેણમાં બોલ્યા હોવાની છાપ આપવા માટે આ ભાગ સંપાદિત કરવામાં આવ્યો છે. જો કે, તેમના ભાષણ દરમિયાન તેમણે ઘણી વખત પુનરોચ્ચાર કર્યો હતો કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન નહીં બને. સંપાદિત વીડિયોને ખોટો દાવો કરવા માટે શેર કરવામાં આવ્યો હતો કે, રાહુલ ગાંધીએ કહ્યું છે કે, ૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણીઓ પછી મોદી વડાપ્રધાન બનશે. વાસ્તવમાં કોંગ્રેસના નેતાએ તેનાથી વિરુદ્ધ કહ્યું. તેથી અમે આ દાવાને ભ્રામક તરીકે ચિહ્નિત કર્યો છે.

### જાગૃત નાગરિકે કલેકટર વતી આવેદન પાઠવ્યું

# વડોદરામાં સ્માર્ટ મીટરનું જોડાણ અટકાવવા રાષ્ટ્રપતિ-રાજ્યપાલને રજૂઆત કરાઈ

વડોદરા,તા.૧૭

વડોદરામાં વીજગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવા મુદ્દે વડોદરાના જાગૃત નાગરિક મિતેષ પરમારે કલેકટર વતી દેશના રાષ્ટ્રપતિ અને રાજયના રાજયપાલને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ એમ.જી.વી.સી.એલ (જીઈબી) તરફથી તથા કોન્ટ્રાકટરના લોકો દ્વારા ગુજરાતમાં ઘરે ઘરે વર્ષ ૨૦૨૪ના લોકસભાની ચૂંટણી પછી સ્માર્ટ ડિઝિટલ મીટર લગાવવામાં આવી રહ્યા છે. સ્માર્ટ મીટર લગાવવાથી જેમના ઘરમાં બે મહિનાનું લાઈટ બીલ રૂપિયા ૫૦૦/થી ૭૦૦/- આવતુ હતું. તે સ્માર્ટ મીટર લગાવવાથી દિન ૧૦માં ૨૦૦૦/ રૂપિયા કપાઈ જાય છે અને જો બેલેન્સ ના હોય તો વીજ કનેકશન કપાઈ જાય છે. જો બીજા રાજયમાં મફત વીજળી આપવામાં આવે તો ગુજરાતમાં મફત વીજળી કેમ નહીં કે ૫૦ પેસે કે ૧ રૂપિયે યુનિટ કેમ નહીં ? ભાજપ સરકાર લોકોનું શોષણ બંધ કરો. નવા મીટરની હોળી કરો, ગરીબોનું લોહી ચૂસવાનું બંધ કરો. ભાજપના રાજમાં ગરીબો પાસે કામ ધંધા છે નહીં. અને ડિઝિટલના નામે ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓને પબ્લિકના પૈસાની લૂટફાટ કરાવવાનું બંધ કરો. જુના મીટર જેમ બંને તેમ વહેલા લગાવી આપશો જો તેમ કરવામાં નહીં આવે તો હું મિત્તેશ પરમાર વડોદરાની ઓલ્ડ પાદરા રોડ, નવી કલેકટર ઓફિસની બહાર, વડોદરા ખાતે ધરણા બેસવાનો છું. જયાં સુધી નવા સ્માર્ટ ડિઝિટલ મીટર કાઢી જૂના મીટર લગાવવામાં નહીં આવે ત્યાં સુધી મારા ધરણા ચાલુ રહેશે.

# ડીસા ૪૪.૪ ડિગ્રી સાથે અગનભઠ્ઠીમાં ફેરવાયું, સિઝનનો સૌથી ઊંચું તાપમાન

### દેહ દઝાડતી ગરમીથી પંથકમાં કરફયુ જેવો માહોલ

ડીસા, તા.૧૭

ડીસા પંથકમાં છેલ્લા ઘણા દિવસોથી કાળઝાળ પડી રહેલ ગરમીને લીધે લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. ગરમીથી બચવા માટે લોકો ઠંડા પીણા પણ આરોગી રહ્યા છે તો બીજી તરફ બપોરના ૧૨:૦૦ વાગેથી સાંજના પાંચ વાગ્યા સુધી લોકો જરૂરી કામ સિવાય ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે જેથી બપોરના સમયે શહેરના માર્ગો ઉપર કરફયુ જેવો માહોલ જોવા મળે છે ત્યારે શુક્રવારે સીઝનનું સૌથી વધુ તાપમાન ૪૪.૪ ડિગ્રી નોંધાયું હતું. ગરમીના પગલે તેની સીધી અસર લોકોના જનજીવન પર પણ જોવા મળી રહી છે. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી જતા લોકો પરસેવે રેબઝેબ થવાની સાથે તોબા પોકારી ઊઠ્યા છે. બપોરના સુમારે વાહન વ્યવહારથી ધમધમતા માર્ગો અને ગ્રાહકોની ચહલપહલથી ગુંજતા બજારો સુમસામ બની જાય છે. ડીસા સહિત સમગ્ર બનાસકાંઠામાં ગરમીનો કહેર વર્તાઈ રહ્યો છે. જ્યારે મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી ઉપર પહોંચી જતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. હવામાન વિભાગ માટે કામ કરતી એક હવામાન સંસ્થાના જણાવ્યાનુસાર ડીસામાં ગુરૂવારે ૪૩.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે હજુ પણ આગામી દિવસોમાં ગરમીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી હતી જેથી શુક્રવારે સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો તાપમાન ૪૪.૪ ડિગ્રી નોંધાયું હતું ત્યારે હજુ પણ આગામી દિવસોમાં હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ગરમી માં વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

# આણંદમાં જમીન પચાવી પાડી ગેરેજ બનાવી દેનાર બે ભાઈઓ વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૭

આણંદ શહેરના જુના વઘાસી રોડ ઉપર પ્રેરણા પાર્ક સોસાયટીમાં રહેતાં એક વિધવાની માલિકીની જમીનમાં ગેરેજ બનાવી જમીન પચાવી પાડનાર બે ભાઈઓ વિરૂદ્ધ આણંદ શહેર પોલીસે લેન્ડ ગ્રેબીંગની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ શહેરમાં જુના વઘાસી રોડ આવેલ પ્રેરણાપાર્ક સોસાયટી અમુલ હાઈટ્સ સામે દીપાબેન ચંદ્રકાન્ત ગોકળભાઈ પટેલ ઉંમર વર્ષ ૬૮ પોતાના પરિવાર સાથે રહે છે. દીપાબેનના દિવંગત પતિ ચંદ્રકાંતભાઈ ગોકળભાઈ પટેલે આણંદના બ્લોક સર્વે નંબર ૨૭૦૭/૧ ટીપી સ્કીમ નંબર-૨ ફાઈનલ પ્લોટ નંબર ૪૮૫-૧ ચોમી ૭૮૮.૬૭ પૈકી પૂર્વ તરફની ૩૯૪-૩૩ ચોમી વાળી જમીન અમદાવાદના જયાબેન અરવિંદભાઈ પટેલ પાસેથી વેચાણ રાખીને તેનો દસ્તાવેજ કર્યો હતો અને ત્યારથી આ જમીન ઉપર દીપાબેન તેમજ તેમના પતિનો કબ્જો હતો. અને જમીન પડતર પડેલી હતી. અને દીપાબેન તેમજ તેમના પરિવારજનો આ જમીન પર અવર જવર કરતા ન હતાં. વર્ષ ૨૦૨૧માં દીપાબેનના પતિ હયાત હતા ત્યારે દિપાબેન પોતાના પતિ સાથે પોતાની જમીન જોવા ગયાં હતાં. ત્યારે તેઓની જમીન ઉપર નેશનલ ઓટો ગેરેજ નામનું ગેરેજ જોવા મળ્યું હતું. અને ગેરેજના માલીક તરીકે આણંદ નાના અડધ ધર્મશાળા પાસે રહેતા નિલેશ ઉર્ફે પિન્ટુ બહાદુરસિંહ ક્ષત્રિય અને મનોજકુમાર ઉર્ફે લાલાભાઈ બહાદુરસિંહ ક્ષત્રિય હોવાનું જાણવા મળ્યું હતું. તેઓએ દિપાબેનના પ્લોટ ઉપર ગેરકાયદેસર કબ્જો કર્યો હતો. જેથી પૂછપરછ કરતાં જમીન અમારી છે. તેમ કહેતા દીપાબેન પોતાના પતિ તેમજ તેઓના પતિના મિત્ર સાથે અવાર નવાર નિલેશભાઈ ઉર્ફે પીન્ટુ બહાદુરસિંહ ક્ષત્રિય અને મનોજકુમાર લાલાભાઈ બહાદુરસિંહ ક્ષત્રિયને જગ્યા ખાલી કરી દેવા જણાવતાં જગ્યા ખાલી કરવાની ના પાડી તમારાથી થાય તે કરી લેજો તેમ જણાવતાં હતાં. બંને ભાઈઓએ ગેરકાયદેસર રીતે જમીનમાં કબજો કરી જમીનમાં ગેરેજ બનાવી પચાવી પાડી હતી. આખરે આ બાબતે આણંદ કલેકટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબીંગ કમીટીમાં અરજી કરી હતી જે અરજી અંતર્ગત કમીટીના સભ્યોએ તપાસ કરી આ બાબતે આણંદ શહેર પોલીસ મથકને ગુનો દાખલ કરવા હુકમ કરતા આણંદ શહેર પોલીસે દીપાબેન ચંદ્રકાંતભાઈ ગોકળભાઈ પટેલની ફરિયાદ લઈ કિંમતી જમીન પચાવી પાડનાર નિલેશ ઉર્ફે પીન્ટુ બહાદુરસિંહ ક્ષત્રિય અને મનોજકુમાર ઉર્ફે લાલાભાઈ બહાદુરસિંહ ક્ષત્રિય વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગની કલમો ૪(૩) તથા ૫(સી) મુજબ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ચાર ગણું બીલ આવી રહ્યું હોવાનો આક્ષેપ

# સુરેન્દ્રનગરના વોર્ડ નંબર -૩માં લગાવાયેલ ઈલેક્ટ્રોનિક સ્માર્ટ મીટરનો વિરોધ

સુરેન્દ્રનગર,તા.૧૭

હાલ સમગ્ર ગુજરાત રાજયમાં સરકાર દ્વારા ઈલેક્ટ્રોનિક સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા છે પરંતુ આ મીટર લગાવવાની સાથે સમગ્ર ગુજરાત રાજયમાં જાણે વિરોધનો વંટોળ ઉઠ્યો હોય તે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે અત્યારે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં પણ પીજીવીસીએલ વિભાગ દ્વારા સુરેન્દ્રનગર શહેરી વિસ્તારોમાં સ્માર્ટ મીટર અને પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવવાના શરૂ કરી દેવામાં આવ્યા છે પરંતુ આ મીટર તો લગાવવાના શરૂ કરવામાં આવ્યા છે જેને લઈને સ્થાનિક લોકોમાં છે તે રોષ જોવા મળી રહ્યો છે.

જેનું મુખ્ય કારણ એ છે કે જે લોકોના ઘરોમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે તે ઘર માલીકો દ્વારા જણાવવામાં આવેલી વિગત અનુસાર જે સ્માર્ટ અને પ્રિપેડ મીટર લગાવવામાં આવ્યા છે તેમાં વધારે યુનિટ વીજ પાવર વપરાશ દેખાડી રહ્યા છે ખાસ કરી જે ૨૪ કલાકમાં છ યુનિટ જેટલો વપરાશ હોય તેની સામે ૧૫ યુનિટનો વપરાશ દેખાડતા હોવાનો સુરેન્દ્રનગર શહેરી વિસ્તારના લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે અને નવા સ્માર્ટ મીટર મુદ્દે વિરોધ પણ નોંધાવવામાં આવ્યો છે અને પીજીવીસીએલ વિભાગ દ્વારા તાત્કાલિક પણે આ સ્માર્ટ મીટર પરત લઈ લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. સુરેન્દ્રનગર શહેરના વોર્ડ નંબર ૩ વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવવાના શરૂ કરી દેવામાં આવ્યા છે. આ મુદ્દે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

બીજી તરફ એવો પણ એક આક્ષેપ કરવામાં આવ્યું છે કે આ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ચાર ગણું બિલ આવી રહ્યું છે અને મહિને જે ૧૫૦૦ લઈ ૨૫૦૦ સુધીનું બિલ આવતું હતું તે હવે ૩,૫૦૦ થી લઈ ૪૫૦૦ સુધી પહોંચી ગયું છે હવે સવાલ એ છે કે નાના વર્ગના લોકો આવા મીટર લગાવશે તો તેમને આર્થિક બોજો પણ સહન કરવો પડશે અને એક ઘર દીઠ ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયાની નુકસાની ગ્રાહકોને સહન કરવી પડે તે પ્રકારની પરિસ્થિતિ છે.

**ધાર્મિક કાર્યક્રમ**

## ડીસામાં હઝરત સૈયા બાવા તથા હઝરત ભાઈજાન બાવાના સંદલ શરીફની ઉજવણી

ડીસામાં સૂફી સંત હઝરત સૈયા બાવા તથા હઝરત ભાઈ જાન બાવાના સંદલ શરીફની ઉજવણી કરાઈ હતી જેમાં આજે સવારે ખાન કાહ શરીફથી ચાદર મુબારક લઈને હઝરત સૈયા બાવાની મજાર શરીફ પર ચાદર શરીફ પેશ કરી હતી આ પ્રસંગે હજરત સૈયદ ગુલામ હુસેન જિલાની હજરતઅબ્દુલ મન્નાન કલીમી, હસરત સૈયદ અપ્સર અલી બાવા અને હઝરત આલીમ ગીર અશરફ જિલાની સહિત મોટી સંખ્યામાં અકિદત મંદો ઉપસ્થિત રહી નાત શરીફ પઢતા પઢતા સાંજે હઝરત ભાઈ જાન બાવાની મજાર શરીફ પર ચાદર મુબારક પેશ કરી હતી. આ પ્રસંગે રાજસ્થાન મહારાષ્ટ્ર, યુપી સહિત મોટી સંખ્યામાં અકીદતમંદો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં શિકાર કરવા જતાં સિંહણનું કૂવામાં પડી જવાથી મોત

### વન તંત્રએ રેસ્ક્યુ કરી કૂવામાંથી સિંહણને બહાર કાઢતા મૃત જાહેર કરાઈ



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી તા.૧૭

બગસરાના મુંજીયાસર ડેમ વિસ્તારમાં એ જે વિસ્તાર રફાળા અને નાના મુંજીયાસરના સીમાડા પાસે આવેલો છે. આ વિસ્તારમાં આવેલી જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયાની વાડીમાં એક કૂવો આવેલો છે આ કૂવો અંદાજે ૭૦થી ૮૦ ફૂટ જેટલો ઊંડો હોવાથી ગઈકાલે આ કૂવાની અંદર એક બકરી પણ પડેલી હતી જેને બહાર કાઢવામાં આવેલી હતી ત્યારબાદ વહેલી સવાર અથવા તો મોડી રાતના સિંહણ શિકારની શોધમાં નીકળતા ૧૦ વર્ષની સિંહણ શિકાર પાછળ દોટ મુકતા કૂવાની અંદર પડી ગયેલ હતી જ્યારે આ બાબતની જાણ ખેડૂતને સવારે ખેતરે આવતા જાણ થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરી હતી. જંગલ ખાતાએ આ સિંહણ કૂવામાંથી રેસ્ક્યુ કરી બહાર કાઢતા સિંહણ મૃતક જાહેર થઈ હતી ત્યારબાદ આ સિંહણને જંગલ ખાતાના હોસ્પિટલ ખાતે પીએમ કરવા રવાના કરેલ હતી અને પીએમ રિપોર્ટમાં પણ પાણીમાં પડી જવાથી મોત નીપજયું છે તેવું જાણવા મળ્યું હતું આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પોતાની વાડીએ જવું ખૂબ મુશ્કેલ બન્યું છે રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિહોના આટા ફેરા અને શિકાર માટે જ્યાં ત્યાં જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### અંકલેશ્વર નગરપાલિકાની મૌખિક નોટિસ

## દબાણ દૂર કરવા માટે મોપેડ પર માઈક દ્વારા અપીલ કરાઈ




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારમાં દબાણકર્તાઓને દબાણ દૂર કરવા માટે મોપેડ ઉપર માઈક લઈને નીકળેલા પાલિકા કર્મીએ અપીલ કરી હતી. અંકલેશ્વર નગરપાલિકા દ્વારા સમયાંતરે રેલવે સ્ટેશનથી ભરૂચી નાકા સુધી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં વધી રહેલા ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે જાહેર માર્ગને અડીને આવેલા લારી ગલ્લા અને દુકાનદારો, તેમજ આડેધડ વાહન પાર્ક કરતા વાહનચાલકો સામે પોલીસની ટીમ સાથે દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે આજરોજ પાલિકા તંત્ર દ્વારા મોપેડ ઉપર માઈક સાથે વિવિધ વિસ્તારમાં ફૂટપાથ, જાહેર માર્ગ અને અન્ય રીતે ઊભા કરેલા દબાણો હટાવી લેવા અપીલ કરવામાં આવી હતી અને જો દબાણકર્તાઓ દબાણો દૂર નહીં કરે તો તેઓની જાણ બહાર જ દબાણો દૂર કરી કાર્યવાહી કરવામાં આવશે.

### ભિલોડા તાલુકામાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો

## શામળાજી, વિજયનગર, ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ



(તસવીર : ગનીભાઈ મનસુરી, ભિલોડા)

ભિલોડા, તા.૧૭

ભિલોડા તાલુકામાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો આવતા વિજયનગર ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. અસહ્ય ઉકળાટ બાદ વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો હતો ભિલોડા, વિજયનગર, ચિઢોડા તેમજ શામળાજી પંથક ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો ભિલોડા તાલુકામાં મહેરૂ રીંટોડા, ચિઠોડા, વિજયનગર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં રોડ ઉપર પાણી ભરાયા હતા ગરમી બાદ વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે પર અકસ્માત બાદ ટેન્કર ચાલક કેબિનમાં ફસાતા મોત

### ફાયરની ટીમે કેબિનના પતરા કાપી ચાલકને બહાર કાઢ્યો હતો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા. ૧૭

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વડોદરા ટોલ ટેકસ નજીક ટેક્કર અને અન્ય અજાણ્યા વાહન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ટેક્કરનો ચાલક કેબિનમાં જ ફસાયો હોવાનો કોલ વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી સેવાને મળતા તાત્કાલિક છાણી ટીપી ૧૩ ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ હાથ ધર્યું હતું. ફાયરની ટીમે કટર વડે કેબિનના પતરા કાપી ટેન્કર ચાલકને બહાર કાઢ્યો હતો પરંતુ ઈજાગ્રસ્ત ડ્રાઈવર નું મોત નિપજ્યું હતું. આ બનાવ અમદાવાદથી આવતા વડોદરા પાસે આવેલ ટોલ ટેક્સ આગળ વડોદરા એક્સપ્રેસ વે નજીક થયો હતો. જેમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કામગીરી કરાઈ હતી. બાદમાં ચાલક ફસાયો હોવાનો કોલ વડોદરા ફાયર વિભાગને આપવામાં આવ્યો હતો. જે બાદ ફાયરની ટીમ દોડી જઈ સાધનોની મદદથી ભારે જહેમત બાદ ચાલકને બહાર કાઢ્યો હતો. આ બનાવ અંગે ટીપી ૧૩ ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, અમને ૧૦ વાગ્યે કોલ મળ્યો હતો. રેસ્ક્યૂની કામગીરી કરતા અડધો કલાક લાગ્યો હતો. જેમાં ૭ મેમ્બર મળી કામગીરી કરી હતી. અત્યાધુનિક સાધનો વડે ભારે જહેમત બાદ રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ચાલકનું આ અકસ્માતમાં મોત થયું છે. આ ચાલકનું નામ શિવાલય યાદવ ( રહે. આઝમગઢ , યુપી) હોવાનું જાણવા મળ્યું છે.

## બગસરામાં સફાઈ કામદારોનો પગાર ન કરાતા પાલિકા કચેરીનો ફરી ઘેરાવ



બગસરા પાલિકા દ્વારા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો છેલ્લા પાંચ મહિના વિતી ગયા છતાં પાલિકા દ્વારા પગાર ન કરતા અંતે રોષે ભરાયેલા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો જય ભીમ અને પાલિકા હાય હાયના નારા સાથે સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો અને આશરે ૫૦ જેટલા કામદારો દ્વારા પાલિકા કચેરીએ દોડી આવેલ હતા અને પોતાની હૈયા વરાળ ઠાલવી હતી અને ત્રણ દિવસની મુદ્દત બાદ કામદારોએ ફરી પાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો.

### બનાવટી સહીઓ કરી વકફ બોર્ડમાં ખોટો રિપોર્ટ રજૂ કર્યો હતો

# સુરત : વકફ ટ્રિબ્યુનલ દ્વારા મસ્જિદના ટ્રસ્ટીઓ વિરૂદ્ધ FIR નોંધવાનો આદેશ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૭

ખોટી અને બનાવટી સહીઓ કરીને વકફ બોર્ડમાં ફેરફાર રિપોર્ટ રજૂ કરનારાઓ વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ધારા હેઠળ કાનૂની કાર્યવાહી કરવાનો આદેશ ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ ગાંધીનગર દ્વારા કરાયો છે. ટ્રિબ્યુનલ સમક્ષ થયેલી અરજી અંશતઃ મંજૂર કરાઈ હતી અને આદેશ કરાયો હતો કે, આ કામના સામાવાળા નુરમહંમદ બાગવાલા અને મોહંમદ શકીમિયા શેખ કે જે સુરતના નિવાસી છે. તેમણે ખલીફા મોહલ્લા મસ્જિદ વકફના પીટીઆરમાં મુત્તવલ્લી-ટ્રસ્ટી તરીકે પોતાના નામો દાખલ કરવા માટે ખોટા અને બનાવટી ઠરાવ તથા સહીઓ કરી ફેરફાર રિપોર્ટ રજૂ કર્યો હતો, જે રિપોર્ટ બિનતકરારી ગણી વકફ બોર્ડે મંજૂર કર્યો હતો. પરંતુ તેને પણ રદ કરવામાં આવે છે.

વકફ ટ્રિબ્યુનલના અધ્યક્ષ સવાઈસિંહ રાજપુરોહિત, સભ્ય અનવર હુસેન શેખ અને દિપેશ ચૌહાણ દ્વારા આ હુકમ કરાયો છે. જેમાં ઠરાવાયું છે કે, ‘આ કામના સામાવાળાઓએ ખલીફા મોહલ્લા મસ્જિદ વકફના પીટીઆરમાં ટ્રસ્ટી તરીકે પોતાના નામો દાખલ કરવા માટે પોતાના સગા સંબંધીઓની સહીઓ લઈ ખોટો અને બનાવટી ઠરાવ ઊભો કરી વકફ બોર્ડમાં ફેરફાર રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રીતે તેમણે વકફ બોર્ડને ગેરમાર્ગે દોરી ફેરફાર રિપોર્ટ કર્યો હતો. જેને બિનતકરારી ગણી મંજૂર કરતો હુકમ મેળવી લીધો હતો. તેથી આ કામ કરનારાઓ વિરૂદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત સહિતની ધારા હેઠળ હુકૂમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવે. વિવાદીઓ દ્વારા ખલીફા મોહલ્લા મસ્જિદ, વકફની મિલક્ત પર સુરત મનપાની મંજૂરી વિના બે માળનું પાકું બાંધકામ કરાવેલું હોઈ અને બાંધકામ માટે ખલીફા મોહલ્લાવાસીઓ પાસેથી ગેરકાયદેસર રીતે નાણાં ઉપરાવેલા હોઈ તે અંગે તેઓની વિરૂદ્ધ વકફ અધિનિયમ ૧૯૯૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરાય. જો આ બાંધકામ ઈમ્પેક્ટ ફી ભરી રેગ્યુલરાઇઝ થવા પાત્ર હોય તો તે અંગે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાનો મુખ્ય કારોબારી અધિકારીને આદેશ કરવામાં આવે છે. ઈમ્પેક્ટ ફી અને તે અંગે થતો તમામ ખર્ચ આ કામના વિવાદીઓ તથા હનીફ જી. શેખ અને વસીમ જરીવાલા પાસેથી વસૂલ કરવો. વધુમાં એવો આદેશ કરાયો છે કે, હાલના તબક્કે ખલીફા મોહલ્લા મસ્જિદ વકફનો સુયોગ્ય વહીવટ થાય, વકફની મિલકતને નુકસાન ન થાય તથા વકફના ગેરવહીવટ તથા વક્કની આવક-જાવક અને નાણાકીય ઉચાપતની વકફ અધિનિયમ ૧૯૯૫ની કમલ ૭૦ની જોગવાઈ મુજબ યોગ્ય તપાસ કરી તપાસ પૂર્ણ ન થાય તે સમય દરમિયાન ખલીફા મોહલ્લા મસ્જિદ વકફ તથા વકફની મિલકતોના સુયોગ્ય વહીવટ માટે વહીવટદારની છ મહિના માટે નિમણૂક કરવામાં આવે. જેનો પગાર વકફના કાયદા મુજબ ચૂકવવાનો રહેશે.

# મહેસાણામાં ભૂકંપનો હળવો આંચકો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકા હજી અનુભવાઈ રહ્યાં છે. ત્યારે હવે ઉપલેટા અને મહેસાણામાં ધરા ધ્રૂજતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આજે સવારે પોણા બાર વાગ્યાની

**ભૂકંપનું કેન્દ્ર બિંદુ મહેસાણાથી ૧૮ કિ.મી. દૂર**

આસપાસ મહેસાણામાં ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો. ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ મહેસાણાથી ૧૮ કિ.મી દૂર હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપનો આંચકો આવવાથી લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

છેલ્લા મહિનામાં સૌરાષ્ટ્ર પંથકમાં ત્રણેક વખત ભૂકંપનો આંચકો આવ્યો છે. ઉપલેટામાં પણ આંચકો આવતાં લોકો ઘરની બહાર દોડી ગયા હતા. આજે સવારે મોટા ધડાકાનો અવાજ આવ્યો હતો અને ધરતી ધ્રુજતાં લોકોમાં ભૂકંપ આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

# બોડેલીના જોજવા ગામે નકલી મરચું બનાવતી ફેક્ટરી પકડાઈ, ૪ ટન નકલી મરચું કબજે



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી, તા.૧૭

બોડેલી તાલુકાના જોજવા ગામે નકલી મરચું બનાવતી ફેક્ટરી ફૂડ સેફટી અધિકારી ઝડપી પાડી આશરે ૪૦૨૭ કિલોગ્રામ નકલી મરચાંનો જથ્થો જેની અંદાજીત કિંમત રૂા.૬,૨૦,૦૦૦/- ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખોરાક અને ઔષધ નિયમન ખાતા ગાંધીનગરની ફૂડ ટીમ તથા છોટા ઉદેપુર જિલ્લાની ફૂડ ટીમ દ્વારા બોડેલી તાલુકાના જોજવા ગામે વેપારી ખત્રી મયુદ્દીનભાઈ નુરમોહંમદભાઈ ફૂડ સેફટી પરવાનો મેળવ્યા વગર સર્વે નં-૪૩/૨ પૈકી ૧ વાળી જમીનમાંથી ૨૫૦૦ ચોરસ ફૂટમાં તૈયાર કરેલ શેડ, હલકી કક્ષાનાં મરચાં પાવડરમાં અખાદ્ય કલર તથા ઓલીયો ભેળસેળનું કૌભાંડ પકડી પાડેલ છે. સદર કૌભાંડ પ્રાથમિક તપાસ દરમિયાન સ્થળ ઉપર મરચાં પાવડરનું ઉત્પાદન થતુ હતું અને મરચા પાવડરમાં અખાદ્ય કલર તથા ઓલીયો રેઝીનની થતી ભેળસેળ થતી હતી. તપાસ દરમિયાન સ્થળ પર “અખાદ્ય લાલ કલર”નો ૨૫ કિલોગ્રામ જથ્થો તથા “Capsicum Oleoresin”નો ૯ કિલોગ્રામ જથ્થો સ્થળ પર જ હાજર સ્ટોકમાં પકડી પાડેલ છે. વેપારી દ્વારા મરચાં પાવડર એક્સ્ટ્રા હોટ તેજા મરચું અને કાશ્મીરી કુમઠી (મોળુ મરચું) લેબલથી પેક કરતા હતા જેના પર કાયદા મુજબ બેચ નમ્બર, પેકિંગ તારીખ, ઉત્પાદકનું સરનામું કે અન્ય કોઈ માહિતી છાપેલ ન હતી, તથા લૂઝમાં મરચા પાવડરનો જથ્થો માનવ વપરાશ અર્થે તૈયાર કરેલ હતો, વધુમાં સ્થળ પરથી આશરે ૪૦૨૭ કિલોગ્રામ નકલી મરચાં જથ્થો જેની અંદાજીત કિંમત રૂા.૬,૨૦,૦૦૦/- જથ્થો જપ્ત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વર્તમાન શાસકો પ્રજાલક્ષી કાર્ય ન કરી શક્તા હોવાથી

# જૂનાગઢ મનપાને સુપરસીડ કરી નાંખવી જોઈએ : લોકોમાં ચર્ચાતો મુદ્દો

જૂનાગઢ, તા.૧૭

ભાજપ શાસિત જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા પાંચ વર્ષની પ્રજાલક્ષી કામગીરીમાં અનેક ઓટ આવેલી છે. પ્રાથમિક સુવિધાના પ્રશ્ને લોકોમાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ રસ્તાઓના આડેધડ ખોદકામને કારણે પણ પ્રજાને આગામી દિવસોમાં એટલે કે, ચોમાસાના દિવસોમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તે દિવસો હવે દૂર નથી ત્યારે એવી ચર્ચાએ જોર પકડ્યુ છે કે, જો પ્રજા વિકાસના કાર્યો વર્તમાન શાસકો પૂર્ણ કરી શક્તા ન હોય તો શા માટ મહાનગરપાલિકાને સુપરસીડ ન કરવી ? તેવો સવાલ ઉઠવા પામેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકાનું શાસન કર્તવ્યનિષ્ઠ ઉચ્ચ અધિકારીને સોંપવામાં આવે તો તેમના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના લોકોના પ્રાણ પ્રશ્નો તેમજ પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અને વિકાસના કાર્યોને પણ નવો માર્ગ મળે તેવી સંભાવના છે. જૂનાગઢના લોકોમાં ચર્ચા ઉઠવા પામી છે કે, શાસકો પ્રજાલક્ષી કાર્યો ન કરી શકતા હોય તો મહાનગરપાલિકાને સુપરસીડ કરી નાખવી જોઈએ અને કેટલાક સમય માટે નિષ્ઠાવાન વહીવટકર્તાને શાસન આપવું જોઈએ.

# ઠાસરાના મોરઆમલી ગામે લગ્નના વરઘોડામાં ડાન્સ કરવા બાબતે થયેલ આધેડની હત્યામાં બે પકડાયા

નડિયાદ તા ૧૭

ડાકોર પોલીસ સ્ટેશનની હદમાં આવતા મોરઆમલી ગામે બુધવારે રાત્રે લગ્નના વરઘોડામાં ડાન્સ કરવા જેવી નજીવી બાબતે ટોળાઓએ ઘાતક હથિયારો લઈ આવી ૫ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. જેમાં ઘાયલ એક આધેડ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે ડાકોર પોલીસે રાયોટીગ અને હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને હત્યારાઓને ઝડપી લેવાયા હતા. આ હુમલામાં ઈજાગ્રસ્ત ગોવિંદભાઈ સોલંકી નરવત સોલંકી ગુલાબસિંહ સોલંકી અને વિક્રમસિંહ સોલંકીને સારવાર અર્થે ઉમરેઠ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ગોવિંદભાઈ સોલંકીનુ મોત નિપજ્યું હતુ. ડાકોર પોલીસએ આ અંગે નરવતસિંહ સોલંકીની ફરિયાદના આધારે સાવલીના નારા ગામના સુરવીર ઉર્ફે જીગ્નેશ પરમાર સહિતનાઓ વિરૂદ્ધ હત્યા, રાયોટીગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ બનાવ બાદ ડાકોર પોલીસે વિવિધ ટીમો વડોદરા તરફ દોડાવી કારમાં ફરાર થયેલા હત્યારાઓને ઝડપી લીધા છે. જેમાં ૯ આરોપીઓ પૈકી ૨ લોકો અંકુર રતનસિંહ પરમાર અને અલ્પેશ મોહનભાઈ પરમારને ઝડપી લેવાયા છે. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ હોવાનું પીઆઈ મંડોરાએ જણાવ્યું છે.

**તેજસ્વી તારલા**

### હિંમતનગર

હિંમતનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રાજ પુરોહિત મીત



રઘુનાથસિંહે ચાલુ વર્ષે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૬૫૦માંથી ૫૩૮ ગુણ મેળવીને (પી.આર. ૯૪.૩૯) શાળામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થી ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી રાજ્ય અને દેશની સેવા કરવાની ઈચ્છા ધરાવે છે.

### વડોદરા

વડોદરામાં અભ્યાસ કરતી



સૈયદ તાહૂરાબાનુ સાજીદે ધો.૧૨ સાયન્સમાં ૯૮.૯૬ પી.આર. સાથે એ-૨ ગ્રેડ મેળવી શાળા સહિત પરિવારનું નામ રોશન કર્યું છે.

### અંકલેશ્વર-ભરૂચ રોડની બાજુમાં એક્સપાયરી ડેટવાળા ઈન્જેકશનનો ગેરકાયદે નિકાલ કરાતા લોકોમાં રોષ



અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર- ભરૂચ રોડની બાજુમાં જાહેરમાં એક્સપાયર થયેલી સીલપેક ઈન્જેક્શન અને સિરિંજનો ગેરકાયદેસર નિકાલ કરાતા લોકોમાં રોષ ફેલાયો હતો. આ અંગે જીપીસીબીને જાણ કરાતા તપાસ હાથ ધરાઈ હતી. અગાઉ પણ એક્સપાયર થયેલી ટેબલેટ, બ્લિસ્ટર જાહેરમાં સળગાવવા અંગે ફરિયાદ કરી હતી, પરંતુ જવાબદારો સામે કાર્યવાહી કરાઈ હતી કે નહીં જે અંગે અનેકો તર્કવિતર્ક સર્જાયા હતા. આ રીતે જાહેરમાં પર્યાવરણ તથા લોકોના આરોગ્ય ને નુકસાન કરતા તત્વો સામે તંત્ર કાર્યવાહી કરે તેવી લોકોએ માંગ કરી હતી.

# IMDએ ૧૮થી ૨૦ મે સુધી ઉત્તર ભારતના ભાગો માટે 'ગંભીર હીટવેવ'ની ચેતવણી આપી

## દિલ્હીમાં શનિવાર સુધીમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે

(એજન્સી) તા.૧૭

ભારતીય હવામાન વિભાગ (IMD)એ તેની આગાહીમાં જણાવ્યું હતું કે, ૧૮થી ૨૦ મે સુધી પંજાબ અને દિલ્હી સહિત ઉત્તર ભારતના ભાગોમાં તીવ્ર ગરમીની લહેરની ધારણા છે. IMDએ જણાવ્યું કે, 'પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૧૭થી ૨૦ મે દરમિયાન અને પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ૧૮થી ૨૦ મે દરમિયાન ગંભીર હીટવેવની સ્થિતિની સંભાવના છે.' શનિવાર સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, શુક્રવારથી સોમવાર સુધી તાપમાન ૪૦ ડિગ્રી-સેલ્સિયસના ચિહ્નને પાર કરવાની અપેક્ષા સાથે દિલ્હી, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાનના ભાગોમાં 'ગંભીર હીટવેવની સ્થિતિ' થવાની અપેક્ષા છે. જ્યારે ઝારખંડ અને ઓડિશામાં હાલની હીટવેવ ચેતવણી સોમવાર સુધી ચાલુ રહેશે, પશ્ચિમ બંગાળ અને બિહારમાં રવિવાર પછી હવામાનમાં થોડો સુધારો જોવા મળશે. IMD અહેવાલ મુજબ, ગુરૂવારે રાજસ્થાનમાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું, ત્યાં અમુક સ્થળોએ તાપમાનનો પારો ૪૬ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી ગયો હતો. હરિયાણા, ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશના ઘણા ભાગોમાં સમાન હવામાન પ્રવર્તે છે જ્યાં તાપમાન સામાન્ય કરતા ૨-૩ ડિગ્રી વધુ હતું. IMDના ડેટા અનુસાર એપ્રિલમાં હીટવેવના દિવસો પશ્ચિમ બંગાળમાં ગંગા તરફ ૧૫ વર્ષમાં અને ઓડિશામાં નવ વર્ષમાં સૌથી વધુ હતા. હીટવેવ્સ ઊંચા તાપમાન દ્વારા વ્યાખ્યાયિત નથી પરંતુ તાપમાનમાં અસાધારણતા દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ઉનાળા દરમિયાન સામાન્ય રીતે ૪૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન જોવા મળે છે તે સ્થળને તાપમાન ૪૨ અથવા ૪૩ ડિગ્રી સુધી વધે તો પણ હીટવેવનો અનુભવ થતો નથી. બીજી બાજુ, અન્ય એક સ્થાન જો હીટવેવ સિવાયના સમય દરમિયાન તેનું સામાન્ય તાપમાન ૨૭ અથવા ૨૮ ડિગ્રી હોય તો ૩૫ ડિગ્રી પર પણ હીટવેવનો સામનો કરવો પડશે તેમ કહેવાય છે.

**ચોમાસુ અને વરસાદ નજીક આવી રહ્યો છે** :- ભારતના દક્ષિણ ભાગ માટે IMDએ અમુક વિસ્તારો માટે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે કારણ કે, રવિવારની આસપાસ દક્ષિણ આંદામાન સમુદ્ર, બંગાળની ખાડીના ભાગો અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું શરૂ થવાની ધારણા છે. આગામી સપ્તાહમાં તમિલનાડુ, પુડુચેરી, કેરળ, દક્ષિણ કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે IMDએ સોમવાર સુધી તમિલનાડુ અને કેરળ માટે 'ખૂબ ભારે વરસાદ' ચેતવણી જારી કરી છે, અન્ય રાજ્યોમાં આ દિવસોમાં મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. શનિવારે મહારાષ્ટ્ર અને ગોવાના ભાગોમાં વાવાઝોડા સાથે છૂટાછવાયા હળવા વરસાદની અપેક્ષા છે. ઉત્તર-પૂર્વમાં ભેજ ઉપરાંત રાજ્યોમાં પણ આગામી સપ્તાહમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. IMDએ આગાહી પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, મણિપુર મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જો કે, રવિવાર અને સોમવારે અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

# જો યોગ્ય પ્રક્રિયાનું પાલન ન કરવામાં આવે તો ખાનગી મિલકતનું સંપાદન માન્ય નથી : સુપ્રીમ કોર્ટ

## ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, 'કાયદા'ની જરૂરિયાત માત્ર કાયદાની હાજરી સાથે સમાપ્ત થતી નથી, જે સરકારને વ્યક્તિને તેની મિલકતથી વંચિત રાખવાની સત્તા આપે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, ખાનગી મિલકત હસ્તગત કરવા માટે નિર્ધારિત પ્રક્રિયા બંધારણની કલમ 300A હેઠળ મિલકતના અધિકારનો એક ભાગ છે અને તેનું પાલન કર્યા વિના કરવામાં આવેલ કોઈપણ સંપાદન કાયદાના અધિકારની બહાર હશે. કોલકાતા હાઈકોર્ટની ડિવિઝન બેંચના આદેશને સમર્થન આપતા કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાનગી જમીનના ટુકડાને હસ્તગત કરવાના નિર્ણયને નકારી કાઢતા ન્યાયમૂર્તિ પી.એસ. નરસિમ્હા અને અરવિંદકુમારની SC બેન્ચે જણાવ્યું હતું કે, કલમ 300A જમીનમાલિકને આપેલા સાત મૂળભૂત પ્રક્રિયાગત અધિકારો છે અને માન્ય સંપાદન પહેલાં તેનું પાલન કરવું જરૂરી છે. આ કલમ અનુસાર : 'રાજ્યની ફરજ વ્યક્તિને જાણ કરવાની કે તે તેની મિલકત હસ્તગત કરવા માંગે છે - નોટિસ કરવાનો અધિકાર, સંપાદન અંગેના વાંધાઓ સાંભળવાની ફરજ - સાંભળવાનો અધિકાર, વ્યક્તિને તેના હસ્તગત કરવાના નિર્ણયની જાણ કરવાની ફરજ - અધિકાર એક તર્કસંગત નિર્ણય, એ દર્શાવવાની ફરજ કે સંપાદન માત્ર અને માત્ર જાહેર હેતુ માટે છે - પુનઃસ્થાપિત અને પુનર્વસનની ફરજ - વાજબી વળતરનો અધિકાર, સંપાદનની પ્રક્રિયાને અસરકારક રીતે અને કાર્યવાહી નિયત સમયમર્યાદામાં ચલાવવાની ફરજ - અધિકાર કાર્યક્ષમ આચરણ અને કાર્યવાહીનું અંતિમ નિષ્કર્ષ વેસ્ટિંગ તરફ દોરી જાય છે - નિષ્કર્ષનો અધિકાર.' બેંચ માટે લખતા જસ્ટિસ નરસિમ્હાએ કહ્યું, 'સાત પગલાં પ્રક્રિયાઓ હોઈ શકે છે પરંતુ તે કલમ 300A હેઠળ મિલકતના અધિકારના વાસ્તવિક સામગ્રીની રચના કરે છે, આ પ્રક્રિયાઓનું પાલન ન કરવું એ અધિકારના ઉલ્લંઘન સમાન હશે. યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના મિલકત હસ્તગત કરવાની કાર્યવાહી કાયદાના અધિકારની બહાર હશે.' ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, 'કાયદા'ની જરૂરિયાત માત્ર કાયદાની હાજરી સાથે સમાપ્ત થતી નથી જે સરકારને વ્યક્તિને તેની મિલકતથી વંચિત રાખવાની સત્તા આપે છે. 'તેના બદલે આવા કાયદામાં પ્રદાન કરેલ પ્રકૃતિ, લાક્ષણિકતાઓ, જોગવાઈઓ અને પ્રક્રિયાને આવશ્યકપણે ધ્યાનમાં લેવી આવશ્યક છે.' તેમાં કહેવામાં આવ્યું છે કે, 'રાજ્યને કાયદા હેઠળ આપવામાં આવેલી પ્રક્રિયાનું ફરજિયાતપણે પાલન કર્યા વિના જે કલમ 300A હેઠળ માન્ય છે.' અદાલતે ઉમેર્યું હતું કે, 'સંપત્તિના અધિકારના રક્ષણ માટે પ્રક્રિયાગત સલામતીનું અસ્તિત્વ અને તેનું પાલન નિર્ણાયક છે કારણ કે, તે સંપાદનની પ્રક્રિયામાં ન્યાયીતા, પારદર્શિતા, કુદરતી ન્યાય અને સત્તાના બિન-મનસ્વી ઉપયોગને સુનિશ્ચિત કરે છે.' ૨૦૦૮માં કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશને નારકેલડાંગા નોર્થ રોડમાં બિરેંદ્રી બિહારી શાહની મિલકતમાં 'બળપૂર્વક પ્રવેશ અને કબજો' કરવાનો પ્રયાસ કર્યો, તેને HCનો સંપર્ક કરવાની ફરજ પડી. કોર્ટે કોર્પોરેશનને અતિક્રમણની તપાસ હાથ ધરવા અને મિલકત પર કોઈ બાંધકામ ન કરવા નિર્દેશ આપતા અરજીનો નિકાલ કર્યો હતો. એક વર્ષ પછી કોર્પોરેશને માલિકની મિલકતમાંથી તેમનું નામ કાઢી નાખ્યા અને સત્તાવાર રેકોર્ડમાં કોર્પોરેશનનું નામ દાખલ કર્યા પછી શાહે ફરીથી HCનો સંપર્ક કર્યો. જાન્યુઆરી ૨૦૧૧માં હાઈકોર્ટની સિંગલ-જજની બેન્ચે અરજીનો નિકાલ કર્યો હતો, કોર્પોરેશનને શાહના કબજામાં દખલ કરતા અટકાવ્યો હતો અને તેને 'સત્તાવાર રેકોર્ડમાં તેના નામની ખોટી રેકોર્ડિંગ' પર અસર કરવા માટે મનાઈ ફરમાવી હતી. કોર્પોરેશનને આદેશની તારીખથી બે અઠવાડિયામાં અંદર મિલકતમાંથી તેના માણસો અને સામગ્રી દૂર કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

# બંધારણીય બેંચનો ચુકાદો તેનાથી ઓછી સંખ્યાવાળી બેંચ માટે બંધનકર્તા : સુપ્રીમ કોર્ટ

## ૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજના તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે નક્કી કર્યું હતું કે, હરિયાણામાં જમીન કાયદા હેઠળ વાસ્તવિક માલિકો પાસેથી તેમની અનુમતિપાત્ર મર્યાદામાંથી લેવામાં આવેલી જમીનની માલિકીનો દાવો પંચાયત કરી શકતી નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૨૦૨૨ના તેના દ્વારા આપવામાં આવેલા ચુકાદાને યાદ કરતા કહ્યું કે, બંધારણીય બેંચનો ચુકાદો ઓછી તાકાતવાળી બેન્ચ માટે 'બંધનકર્તા' હશે. ૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજના તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે નક્કી કર્યું હતું કે, હરિયાણામાં જમીન કાયદા હેઠળ વાસ્તવિક માલિકો પાસેથી તેમની અનુમતિપાત્ર મર્યાદામાંથી લેવામાં આવેલી જમીનની માલિકીનો દાવો પંચાયત કરી શકતી નથી. સર્વોચ્ચ અદાલતે પરિણામે કહ્યું હતું કે, પંચાયતો ફક્ત માલિકો પાસેથી લેવામાં આવેલી જમીનનું સંચાલન અને નિયંત્રણ કરી શકે છે અને તેના પર દાવો કરી શકતી નથી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, માલિકોની અનુમતિપાત્ર મર્યાદામાંથી પ્રો-રેટા કટ લાગુ કરીને માલિકો પાસેથી લેવામાં આવેલી જમીન માટે, મેનેજમેન્ટ અને નિયંત્રણ એકલા પંચાયત પાસે છે પરંતુ મેનેજમેન્ટ અને નિયંત્રણની આવી નિમણૂક બદલી ન શકાય તેવી છે અને જમીન પુનઃ વિતરણ માટે માલિકોને પરત મળશે નહીં કારણ કે, સામાન્ય હેતુઓ કે જેના માટે જમીન તારાવવામાં આવી છે તેમાં માત્ર વર્તમાન જરૂરિયાતો જ નહીં પરંતુ ભવિષ્યની જરૂરિયાતોનો પણ સમાવેશ થાય છે. સર્વોચ્ચ અદાલતે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની સંપૂર્ણ બેંચના ચુકાદા સામે અપીલના બેચ પર ચુકાદો આપ્યો હતો જેણે હરિયાણા વિલેજ કોમન લેન્ડ્સ (રેગ્યુલેશન) એક્ટ, ૧૯૬૧ની કલમ ૨(જી)ની પેટા કલમ ૬ની કાયદેસરતાની તપાસ કરી હતી. આપવામાં આવેલા ચુકાદામાં જસ્ટિસ બી.આર. ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે, હાઈકોર્ટનો ચુકાદો ૧૯૬૬માં સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેન્ચ દ્વારા નિર્ધારિત કાયદા પર આધારિત હતો, ત્યારે કોર્ટમાં 'ઓછામાં ઓછી અપેક્ષા હતી' સમીક્ષા હેઠળનો ચુકાદો એ સમજાવવાનો હતો કે શા માટે હાઈકોર્ટ ૧૯૬૬ના ચુકાદા પર આધાર રાખવામાં આવી હતી. બેન્ચે કહ્યું, 'બંધારણીય બેન્ચનો ચુકાદો ઓછી તાકાતવાળી બેન્ચ માટે બંધનકર્તા હશે એવું જણાવવા માટે કોઈ કાયદાની જરૂર નથી. ભગત રામ (૧૯૬૬નો) ચુકાદો પાંચ ન્યાયાધીશોની સંખ્યા દ્વારા નક્કી કરવામાં આવ્યો છે, બે ન્યાયાધીશોની બેન્ચની સંખ્યા ધરાવતી આ અદાલત ભગત રામના ફકરા પાંચમાં બંધારણીય બેન્ચ દ્વારા નિર્ધારિત કાયદાને અવગણી શકે નહીં.' એપ્રિલ ૨૦૨૨ના ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, બંધારણીય બેંચ દ્વારા નિર્ધારિત કાયદાની 'અવગણના' કરવી અને તેનાથી તદ્દન વિરુદ્ધનો અભિપ્રાય લેવો એ એક ભૌતિક ભૂલ સમાન છે, જે આદેશની અસરમાં દેખાય છે. તેમાં જણાવ્યું હતું કે, 'બંધારણ બેંચના ચુકાદાને અવગણવાથી અમારા મતે તેની સુદ્રઢતાને નબળી પાડશે. સમીક્ષાને ફક્ત આ ટૂંકા ગ્રાઉન્ડ પર જ મંજૂરી આપી શકાઈ હોત.' સમીક્ષા અરજીને મંજૂરી આપતી વખતે બેન્ચે કહ્યું, 'આ કોર્ટનો ૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજનો ચુકાદો અને આદેશ યાદ કરવામાં આવે છે અને અપીલ ફાઈલ પર પુનઃ સ્થાપિત કરવામાં આવે છે.' ખંડપીઠે નિર્દેશ આપ્યો કે અપીલને ૭ ઓગસ્ટે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે તે સ્થાપિત થયું હતું કે, જો રેકોર્ડ પર કોઈ ભૂલ અથવા ભૂલ દેખાતી હોય અથવા અન્ય કોઈ પર્યાપ્ત કારણ બહાર આવ્યું હોય તો જ સમીક્ષાને મંજૂરી આપવામાં આવશે. તેમાં નોંધવામાં આવ્યું હતું કે, 'ચુકાદાની સમીક્ષા ફક્ત ત્યારે જ માન્ય રહેશે જો કોઈ ભૌતિક ભૂલ, હુકમમાં દેખાય, તેની સુદ્રઢતાને નબળી પાડે અથવા ન્યાયના કસુવાવડમાં પરિણમે. અમે એ પણ જાણીએ છીએ કે આવી ભૂલ રેકોર્ડ પર સ્પષ્ટપણે દેખાતી ભૂલ હોવી જોઈએ અને એવી ભૂલ ન હોવી જોઈએ જેને શોધી કાઢવામાં આવે.'

# મતદાનના ડેટામાં વિલંબને લઈને ચૂંટણી પંચથી વિપક્ષ નારાજ, CPMના યેચુરીએ વિશ્વસનીયતા અંગે ચિંતા વ્યક્ત કરી

## પૂર્વ CEC કુરૈશી પણ સંખ્યા પાછળ રાખવાથી નારાજ ડાબેરી પક્ષ કાનૂની અને અન્ય વિકલ્પોની શોધ કરી રહી છે

(એજન્સી) કોલકાતા, તા.૧૭

સીતારામ યેચુરીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચના વાસ્તવિક મતદાનના આંકડા જાહેર કરવાનો ઈન્કાર સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. સીપીએમના જનરલ સેક્રેટરીએ ટીકા કરીને ઉમેર્યું કે, ચૂંટણી પેનલ જે રીતે તબક્કાવાર મતદાનની ટકાવારી જાહેર કરી રહી છે, તેનો સામનો કરી રહ્યા છે. યેચુરીએ બપોરે અહીં મીડિયાને જણાવ્યું હતું કે, 'EC દ્વારા અંતિમ આંકડાઓ જાહેર ન કરતી હોવાથી તેમાં છેડછાડની આશંકા રહે છે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ઊભો થાય છે.' દિવસ દરમિયાન ચૂંટણી પંચે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે, ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં કુલ ૬૬.૯૫ ટકા મતદાન નોંધાયું છે. જેમાં ૩૭૯ મતવિસ્તારમાં ૪૫.૧ કરોડ મત પડ્યા છે. બાકીના ત્રણ તબક્કાની ૧૬૩ બેઠકો માટે ૧૭ મે, ૨૦ મે અને ૧ જૂને મતદાન થશે. બાકીના વિપક્ષોની જેમ, CPM પણ આ અંગે તેના આગામી પગલાની વિચારણા કરી રહ્યું છે. યેચુરીએ કહ્યું, 'ચૂંટણી પંચ એક વૈધાનિક બંધારણીય સંસ્થા છે. જ્યારે ચૂંટણીઓ ચાલી રહી છે, ત્યારે અદાલતો પણ હસ્તક્ષેપ કરવા માંગતી નથી. અમે કાયદાકીય વિકલ્પો શોધી રહ્યા છીએ. બીજી પદ્ધતિ જાહેર દબાણ વધારવાની છે અને તે ચાલુ છે.' ગયા શનિવારે પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન વુમન્સ પ્રેસ કોર્પ્સ, પ્રેસ એસોસિએશન અને ફોરેન કોરોસ્પોન્ડન્ટ્સ ક્લબના પ્રમુખોએ મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખ્યો હતો, જેમાં પ્રથમ ત્રણ તબક્કામાં મતદાન પૂર્ણ થયા પછી પણ ECએ પ્રેસ કોન્ફરન્સ ન કરી હોવાને લીધે તેમની નારાજગી વ્યક્ત કરી હતી. બધા દ્વારા સહી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, '૨૦૧૯ સુધી છેલ્લી સામાન્ય ચૂંટણી, દરેક તબક્કામાં મતદાન કર્યા પછી પ્રેસ કોન્ફરન્સ કરવી એ સામાન્ય પ્રથા છે. ભારત વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશોમાંનું એક છે અને સામાન્ય ચૂંટણીને 'લોકશાહીનો સૌથી મોટો તહેવાર' તરીકે ગણવામાં આવે છે. લોકોને બંધારણીય સંસ્થા એવા ભારતના ચૂંટણી પંચ તરફથી મતદાનના દિવસે શું થયું છે તે જાણવાનો સંપૂર્ણ અધિકાર છે.' ૨૦૧૦ અને ૨૦૧૨ વચ્ચે કેન્દ્રીય ચૂંટણી પેનલનું નેતૃત્વ કરનાર પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર વાય.એસ. કુરૈશીએ કહ્યું, 'મને સમજાતું નથી કે EC સંપૂર્ણ ડેટા કેમ જાહેર નથી કરી રહ્યું. મારા કાર્યકાળ વખતે મને ક્યારેય આવી કોઈ ફરિયાદ મળી હોવાનું યાદ નથી.' યેચુરી સાથે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, વિપક્ષના મુખ્યપ્રધાનો મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ સહિત તમામ મુખ્ય વિપક્ષી નેતાઓએ આશંકા વ્યક્ત કરીને વાસ્તવિક મતદાનના આંકડા જાહેર કરવામાં વિલંબ અંગે પ્રશ્ન ઊઠાવ્યો હતો. મમતાએ ત્રીજા તબક્કાના મતદાન પહેલા ફરક્કામાં ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, 'ચૂંટણી પંચે અગાઉ જે આંકડા જાહેર કર્યા હતા, તેના કરતાં આખરી મતદાનમાં અચાનક ૫.૭૫ ટકા જેટલો ઉછાળો ચિંતાજનક છે. ભાજપ દ્વારા પરિણામો સાથે છેડછાડની આશંકા છે કારણ કે, ઘણા EVM લાંબા સમયથી ગાયબ હતા.' તૃણમૂલના કૃષ્ણનગરના નોમિની, મહુઆ મોઈત્રાએ ૧૪ મેના રોજ તેમના મતવિસ્તારમાં મતદાન થયું તે દિવસે ચોથા તબક્કામાં દરેક વિધાનસભા ક્ષેત્રમાં મતદારોની કુલ સંખ્યા અને વાસ્તવિક મતોનો ડેટા શેર કર્યો હતો. મોઈત્રાએ તેમના X-હેન્ડલ પર પૂછ્યું કે, 'ECISVEEP (ચૂંટણી પંચનું X હેન્ડલ) ધ્યાન આપે, અહીં મારા મતદારક્ષેત્ર માટેનો ડેટા છે જેમાં મતદાનના ૨૪ કલાકની અંદર સંકલિત મતદારોની સંખ્યા છે. તમે શા માટે ૪ તબક્કાઓ માટે આ આપી શકતા નથી.'

# લોકસભા ચૂંટણીના ૪૮ કલાકની અંદર મતદાન ડેટા જાહેર કરવાની અરજી અંગે ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો

## CJIએ કહ્યું કે, પોલ પેનલને અરજીનો જવાબ આપવા માટે વાજબી સમય આપવામાં આવે અને તેને ૨૪ મેના ઉનાળાના વેકેશન દરમિયાન યોગ્ય બેંચ સમક્ષ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

લોકસભાના દરેક તબક્કા માટે મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર તેની વેબસાઈટ પર મતદાન મથક મુજબ મતદાર મતદાનનો ડેટા અપલોડ કરવા માટે નિર્દેશની માંગ કરતી એનજીઓની અરજી પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચૂંટણી પંચ પાસેથી એક સપ્તાહની અંદર જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચ આ મુદ્દે એનજીઓ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ની અરજી સાંભળવા માટે સાંજે ૬:૩૦ વાગ્યે એકત્ર થઈ હતી. સીજેઆઈએ કહ્યું કે, ચૂંટણી પેનલને અરજીનો જવાબ આપવા માટે વાજબી સમય આપવામાં આવે અને સાત તબક્કાની લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના એક દિવસ પહેલા ૨૪ મેના ઉનાળાના વેકેશન દરમિયાન યોગ્ય બેંચ સમક્ષ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે. અગાઉ એડવોકેટ પ્રશાંત ભૂષણે એનજીઓ વતી આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો અને અરજીની તાકીદે સૂચિની માંગ કરી હતી.

ગયા અઠવાડિયે એનજીઓએ તેની ૨૦૧૯ની પીઆઈએલમાં એક વચગાળાની અરજી દાખલ કરી હતી જેમાં મતદાન પેનલ માટે એવા નિર્દેશો માંગવામાં આવ્યા હતા કે, મતદાન પછી તરત જ તમામ મતદાન મથકોના ફોર્મ 17C ભાગ-૧ની સ્કેન કરેલી સુવાચ્ય નકલો અપલોડ કરવામાં આવે.

# મુંબઈ હોર્ડિંગ અકસ્માત : આરોપી ભાવેશ ભિંડેને ૨૬ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો

(એજન્સી) તા.૧૭

જાહેરાત એજન્સીનો માલિક ભાવેશ ભિંડે જે મુંબઈના ઘાટકોપરમાં તે બિલબોર્ડને સ્થાપિત કરવા માટે જવાબદાર હતો. જે પડી ગયું અને ૧૬ લોકોના જીવ ગયા. તેને ૨૬ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. તેની જાહેરાત કંપની મેસર્સ એગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડે ૧૩ મેએ ધૂળ ભરેલ પવન દરમ્યાન એક પેટ્રોલ પંપ પર પડેલા વિશાળ હોર્ડિંગનું મેનેજમેન્ટ કર્યું હતું. ઘટના પછી ભિંડે ફરાર થઈ ગયો. પોલીસે તેની વિરુદ્ધ કથિત બિનઉદ્દેશ હત્યાનો કેસ દાખલ કર્યો છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ હેઠળ આ હત્યાની શ્રેણીમાં નથી આવતી. ધરપકડ પછી મુંબઈ પોલીસની અપરાધ શાખાએ ભિંડેને એડિશનલ મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કે.એસ. ઝંવરની સામે રજૂ કર્યા અને ૧૪ દિવસ માટે તેમની કસ્ટડીની માંગ કરી. પોલીસે જણાવ્યું કે, તેમની એજન્સીએ વધુ ત્રણ અથવા ચાર હોર્ડિંગ્સનું મેનેજમેન્ટ કર્યું અને મામલામાં ગંભીર તપાસની જરૂરત છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, એક હોર્ડિંગનું સંચાલન કરવા માટે પાંચ કરોડની જરૂરત છે અને ભિંડેના વ્યવસાયના નાણાકીય પાસાઓની તપાસ કરવાની જરૂરત છે. તે ઉપરાંત આ જાણવું પડશે કે સંરચનાત્મક સ્થિરતા માટે પ્રમાણ પત્ર અને સ્થાપના માટે પરવાનગી કોણે આપી. આરોપીના વકીલ રિઝવાન મર્ચન્ટે દાવો કર્યો કે, પોલીસે ભિંડેને તેમની ધરપકડનો આધાર નથી બતાવ્યો જેનાથી રિમાન્ડ અરજી અમાન્ય ગઈ.

## ઘાટકોપર હોર્ડિંગ ક્રેશ સાઈટ પર મળી આવ્યા મૃતદેહ

# મુંબઈ હોર્ડિંગ દુર્ઘટનામાં નિવૃત્ત ATCના અધિકારી અને પત્નીનો મૃતદેહ મળ્યો

(એજન્સી) મુંબઈ, તા.૧૭

ઘાટકોપર હોર્ડિંગ ક્રેશ સાઈટ પરથી બુધવારે મોડી રાત્રે જે બે મૃતદેહો મળી આવ્યા હતા તેમની ઓળખ મનોજ ચાન્સોરિયા તરીકે થઈ હતી, જેઓ માર્ચમાં એર ટ્રાફિક કંટ્રોલ (ATC)માં જનરલ મેનેજર તરીકે નિવૃત્ત થયા હતા અને પત્ની અનિતા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મૃતદેહો સડી ગયેલી હાલતમાં હતા. સોમવારે એમપીમાં જબલપુરમાં તેમના વતન જઈ રહેલા દંપતી ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. ચાણસોરીયાના સેલફોનનું છેલ્લું સિગ્નલ પેટ્રોલ પંપ પર ટ્રેસ થયું હતું. ATCના જવાનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. એવી શંકા છે કે દંપતી આગળ-આગળ વધતા પહેલા ઈંધણ ભરવા માટે સ્થળ પર રોકાઈ ગયું હતું. બીએમસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જે રીતે હોર્ડિંગ પડી ગયું હતું, તે જોતા સંભવ છે કે તેઓ તરત જ મૃત્યુ પામ્યા હશે. સોમવારે સાંજે ધૂળના તોફાન દરમિયાન અકસ્માતના ૬૦ કલાકથી વધુ સમય પછી ગુરૂવારે શોધ અને બચાવ કામગીરી બંધ કરવામાં આવી તે પહેલાં તેઓ છેલ્લા બે પીડિતો હતા. ૭૫થી વધુ ઘાયલો સાથે આંકડો ૧૬ પર હતો. BMCના વડા ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે, કાટમાળ હટાવવાનું કામ ચાલુ રહેશે, જેના પગલે તપાસ માટે સ્થળને સીલ કરવામાં આવશે. સ્થળ પર સર્ચ ઓપરેશનમાં સામેલ બીએમસીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, બચાવ ટીમો કાર સુધી પહોંચવામાં સફળ રહી હતી જેમાં તેમના પીડિતો ફસાયા હતા, પરંતુ ક્રેશની ગંભીર અસરને કારણે તેમને બહાર કાઢવું મુશ્કેલ હતું. એક મોટી ટીમે મૃતદેહોને સુરક્ષિત રીતે બહાર કાઢવા પર જ કામ કર્યું હતું. અધિકારીએ કહ્યું, 'હોર્ડિંગ એવી રીતે પડ્યું કે તે કદાચ તેમને તેમની કારની બેઠકો પર પાછળ ખેંચી ગયું. તે ખૂબ જ સંભવ છે કે તેઓ તરત જ મૃત્યુ પામ્યા હોય' અધિકારીએ જણાવ્યું હતું.

## અમિત શાહની શ્રીનગર મુલાકાતથી ખીણના નેતાઓમાં ખળભળાટ

# 'જ્યારે ભાજપ ચૂંટણી લડી રહ્યો નથી ત્યારે તે અહીં કેમ છે ?'

(એજન્સી) શ્રીનગર, તા.૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જેઓ ઘાટીની બે દિવસીય મુલાકાતે છે, તેમણે ગુરૂવારની સાંજે શ્રીનગરમાં વિવિધ સમુદાયોના સભ્યો અને ભાજપના નેતાઓના જૂથ સાથે મુલાકાત કરી. સૂત્રોએ જણાવ્યું કે, શાહે ભાજપ નેતાઓને વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરવા કહ્યું અને કહ્યું કે, પાર્ટી જમ્મુ અને કાશ્મીરની તમામ સીટો પર ચૂંટણી લડશે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કેન્દ્રશાસિત પ્રદેશમાં આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં વિધાનસભાની ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો છે. શ્રીનગરમાં પહોંચ્યા પછી તરત જ તેઓ ગુર્જર, બકરવાલ, પહાડી અને શીખ સહિત વિવિધ સમુદાયોના ઘણાં પ્રતિનિધિમંડળને મળ્યા. પ્રતિનિધિમંડળને મળ્યા બાદ શાહ શ્રીનગરની એક હોટલમાં ભાજપના નેતાઓના જૂથને મળ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, શાહે જમ્મુ અને કાશ્મીરમાં વંશવાદી શાસન સમાપ્ત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને તેમની પાર્ટીના કાર્યકરોને ખાતરી કરવા કહ્યું હતું કે, મહત્તમ લોકો નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને કોંગ્રેસ વિરુદ્ધ મતદાન કરે. ખીણમાં મુખ્ય પ્રવાહના રાજકીય નેતાઓએ શાહની કાશ્મીરની મુલાકાતના ઉદ્દેશ્યો વિશે આશંકા વ્યક્ત કરી છે, ખાસ કરીને લોકસભાની ચૂંટણી દરમિયાન અને જ્યારે ભાજપ ખીણમાં કોઈ સીટ પર સીધો ચૂંટણી લડી રહ્યો નથી.

# સંદેશખાલી : ખોટી ફરિયાદના કેસમાં ભાજપના કાર્યકરની કોર્ટમાં શરણાગતિ

## પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાની એક અદાલતે ભાજપના કાર્યકર પિયાલી દાસ ઉર્ફે મામ્પીને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધો છે

(એજન્સી) તા.૧૭




પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાની એક અદાલતે ભાજપના કાર્યકર પિયાલી દાસ ઉર્ફે મામ્પીને તેની સામે નોંધાયેલા ફોજદારી કેસમાં તેની સમક્ષ આત્મસમર્પણ કર્યા પછી તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો. એવો આરોપ છે કે દાસે સંદેશખાલીની રહેવાસી એક મહિલાની સહી કાગળની કોરી શીટ પર મેળવી હતી, જે બાદમાં સ્થાનિક TMC (તૃણમૂલ કોંગ્રેસ) નેતા શેખ શાહજહાં (હવે CBI કસ્ટડીમાં) સામે જાતીય શોષણની ફરિયાદ તરીકે રજૂ કરવા માટે ભરવામાં આવી હતી. અને તેના સાથી શિબુ હઝરા અને ઉત્તમ સરદાર, બંને પોલીસ કસ્ટડીમાં છે. બસીરહાટ સબ-ડિવિઝનલ કોર્ટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે દાસની જામીનની અરજી ફગાવી દીધી હતી અને તેને આઠ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. મહિલા રહેવાસીએ સંદેશખાલી પોલીસ સ્ટેશનમાં દાસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે દાસે તેણીને કોરા કાગળ પર સહી કરાવી હતી અને પછી તેના પર જાતીય અત્યાચારના આરોપો સાથે તે ભરી દીધું હતું. ટીએમસી અને તેના નેતા અને પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના દાવાને કે કેટલીક સ્થાનિક મહિલાઓને સંડોવતા 'સંદેશખાલી ચળવળ'ને કેટલાક સ્ટિંગ વીડિયો પ્રકાશમાં આવ્યા પછી પ્રોત્સાહન મળ્યું છે, જેમાં ઓછામાં ઓછા એક સ્થાનિક ભાજપ નેતા ગંગાધર કોયલને દર્શાવવામાં આવ્યા છે. જેમને એમ કહેતા સાંભળી શકાય છે કે ચળવળ મુખ્યત્વે રાજ્ય ભાજપના વડા સુવેન્દુ અધિકારી દ્વારા ગોઠવવામાં આવી હતી, જેમણે ભ્રષ્ટાચારના આરોપો પર તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની તપાસનો સામનો કરીને TMCમાંથી ભાજપમાં પક્ષાંતર કર્યું હતું . ત્યારથી, સંખ્યાબંધ ફરિયાદો પ્રકાશમાં આવી છે, જેમાં સૌથી વધુ જાણીતી ફરિયાદમાં સ્થાનિક મહિલાઓ કાગળની કોરી શીટ્સ પર સહી કરે છે જે પાછળથી જાતીય સતામણી અને બળાત્કારની ફરિયાદોથી ભરેલી હતી.

# 'પૂરતાં પુરાવા જ નથી' : દિલ્હી હાઈકોર્ટે ISIS કેસમાં અબ્દુલ રહેમાનને જામીન આપ્યા

## કોર્ટે નોંધ્યું હતું કે, ઉગ્રવાદી સંગઠન પ્રત્યે માત્ર આકર્ષણ એ આતંકવાદી પ્રવૃત્તિ નથી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૭



દિલ્હી હાઈકોર્ટે ISIS સંબંધિત કેસમાં ઉલ્લાલના પૂર્વ ધારાસભ્ય બી.એમ. ઈદીનાબ્બાના પૌત્ર અમ્મર અબ્દુલ રહેમાનને જામીન આપ્યા છે. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, મોબાઈલ ફોન પર ISISનો ધ્વજ અને પેમ્ફલેટ હોવું એ કોઈને આતંકવાદી ગણાવવા માટે પૂરતાં પુરાવા નથી. રહેમાનની ૨૧ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ISIS સાથે આતંકવાદી સંબંધો હોવાના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. જો કે, અદાલતે કહ્યું હતું કે, ઉગ્રવાદી સંગઠન પ્રત્યે માત્ર આકર્ષણ એ આતંકવાદી સાથે કડી નથી. ISISના વીડિયો ડાઉનલોડ કરવા અને ભાષણો સાંભળવા માટે પણ UAPA એક્ટ હેઠળ આરોપ મૂકી શકાય નહીં. કોર્ટે જણાવ્યું હતું કે, રહેમાનના મોબાઈલ ફોન પર મળેલા પુરાવા, જેમાં ઓસામા બિન લાદેનની ક્લિપ્સ, ISISના ફ્લેગ્સ અને ISIS તરફી ભાષણોનો સમાવેશ થાય છે, તે નિર્ણાયક રીતે તેનું ISIS સાથે જોડાણ સાબિત કરતું નથી. કોર્ટે સ્વીકાર્યું કે આવી સામગ્રી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે અને કોઈપણ તેને ડાઉનલોડ કરી શકે છે. તેથી તેનો ઉપયોગ આતંકવાદી સંડોવણીના નિશ્ચિત પુરાવા તરીકે કરી શકાતો નથી. નોંધનીય છે કે, NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) આ કેસના સંબંધમાં ઘણા લોકો સામે ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે. અમ્મર અબ્દુલ રહેમાન અને તેની પત્ની દીપ્તિ મારલા ઉર્ફે મરિયમની એનઆઈએની વિશેષ આતંકવાદ વિરોધી ટુકડીએ ધરપકડ કરી હતી. જો કે, દિલ્હી કોર્ટના તાજેતરના નિર્ણયમાં લાંબી સુનાવણી પછી વધારાના પુરાવાના અભાવે રહેમાનને જામીન આપવામાં આવ્યા હતા. કોડાગુ જિલ્લાના કુશલનગરની વતની દીપ્તિ મારલા ઉર્ફે મરિયમ, જેણે રહેમાનના પૌત્ર અનસ અબ્દુલ રહેમાન સાથે લગ્ન કર્યા હતા, તેણે ઈસ્લામ અંગીકાર કર્યો હતો. NIAએ તેના પર આ સૂચનાના આધારે ISIS માટે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. દિલ્હી NIA દ્વારા પાંચ માર્ચ, ૨૦૨૧ના રોજ સ્વૈચ્છિક FIR (પ્રથમ માહિતી અહેવાલ) નોંધવામાં આવી હતી. રહેમાનને જામીન આપવામાં આવ્યા છે અને દીપ્તિ મારલા NIAની કસ્ટડીમાં છે.

## કેરળના કાઝીકોડાથી સામે આવ્યો વિચિત્ર કિસ્સો

# બાળકીની વધારાની આંગળી દૂર કરવાની જગ્યાએ ડૉક્ટરે જીભ જ કાપી નાંખી

(એજન્સી) કાઝીકોડા, તા.૧૭

કેરળના કાઝીકોડામાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં એક બાળકીની આગણીઓનું ઓપરેશન કરવાની જગ્યાએ ડૉક્ટરે તેની જીભનું ઓપરેશન કરી નાંખ્યું છે. આ ઘટના બાદ હાલ ડૉક્ટર સામે લોકોનો રોષ જોવા મળ્યો છે. પ્રશાસને ડૉક્ટરને હાલ સસ્પેન્ડ કરી દીધા છે. બાળકીને કાઝીકોડા મેડિકલ કોલેજાની હોસ્પિટલમાં તેની વધારાની છઠ્ઠી આગળીને દૂર કરવા માટે દાખલ કરવામાં આવી હતી. જો કે, બાળકીને જ્યારે ઓપરેશન થિયેટરમાંથી બહાર લાવવામાં આવી ત્યારે તેનો પરિવાર શોકમાં ધકેલાઈ ગયો હતો. બાળકીની વધારાની આગળીને દૂર કરવાની જગ્યાએ ડૉક્ટરે તેની જીભનું ઓપરેશન કરી દીધું હતું. આ અંગે બાળકીના વાલીએ જ્યારે ડૉક્ટરને પુછ્યું તો તેણે જવાબ આપતા કહ્યું હતું કે, મોઢામાં એક ફોલ્લો દેખાતો હતો. તેના પગલે બાળકીની સર્જરી કરવાની ફરજ પડી હતી. જો કે, પરિવારે આ બાબતને ફગાવી હતી અને કહ્યું હતું કે, બાળકીની જીભમાં તો કોઈ તકલીફ જ નહોતી અને આ ઘટના ડોક્ટરની ભૂલની કારણે બની હોવાની વાત કહી હતી.

# ...પોલીસકર્મીએ પેન્ટ ખોલ્યું અને પેશાબ કર્યો : સંયુક્ત પત્રકાર પરિષદ વચ્ચે અખિલેશ વિરૂદ્ધ કેજરીવાલનું જૂનું ટ્વિટ વાયરલ

(એજન્સી) તા.૧૭

આમ આદમી પાર્ટી (AAP)ના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સમાજવાદી પાર્ટી (SP)ના નેતા અખિલેશ યાદવે ગુરૂવારે લખનૌમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકારો દ્વારા પૂછવામાં આવેલા સ્વાતિ માલીવાલના હુમલાના આરોપો અંગેના પ્રશ્નોને સીએમ અરવિંદ કેજરીવાલે ટાળી દેતા પ્રેસ કોન્ફરન્સમાં અખિલેશ દ્વારા જવાબ આપવામાં આવ્યું હતું. અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન દિલ્હીના સીએમનો બચાવ કરતા કહ્યું હતું કે અન્ય મહત્વના મુદ્દાઓ વિશે વાત કરવી જોઈએ. જોકે હવે નવા ઘટનાક્રમ અનુસાર મુખ્યમંત્રીનું ૧૧ વર્ષ જૂનું ટ્વિટ ઓનલાઈન સામે આવ્યું છે. જૂન ૨૦૧૩ માં પોસ્ટ કરાયેલ એક ટ્વિટમાં, કેજરીવાલે લખ્યું, "...અખિલેશ - જ્યારે પાણી માંગવામાં આવ્યું, ત્યારે પોલીસકર્મીએ તેનું પેન્ટ ખોલ્યું અને પેશાબ કર્યો હતો. આ ટ્વિટ્સ ૨૦૧૩ ની છે જ્યારે SPના વડા અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા અને અરવિંદ કેજરીવાલે દિલ્હી પોલીસ AAP કાર્યકરો સાથે કેવું વર્તન કરે છે તે અંગે ફરિયાદ કરતા મુખ્યમંત્રીની આગળ-પાછળ ટીકા કરી હતી. જ્યારે તેઓએ પાણી માંગ્યું ત્યારે તેમની પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને પીવા માટે પેશાબ આપવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર AAP પાર્ટીના કાર્યકર્તાઓ પર ૧૯ જૂન, ૨૦૧૩ના રોજ ગોકુલપુરી પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જ્યારે તેઓ ગેંગરેપ કેસમાં એફઆઈઆર નોંધવાની માંગ કરવા માટે ત્યાં પહોંચ્યા હતા.૨૦૧૨માં, અરવિંદ કેજરીવાલે લખ્યું હતું કે, "અખિલેશ યાદવ પર અનેક ગંભીર ગુનાહિત અને ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહ્યા છે."જેમાં તેમણે તત્કાલિન સીએમ અખિલેશ યાદવ સામે તેમના ભ્રષ્ટાચારના આરોપો અને ફોજદારી કેસ માટે કાર્યવાહીની માંગ કરી હતી. ભૂતકાળની ટ્વિટ્સ ફરી સામે આવ્યા પછી ઘણા વપરાશકર્તાઓએ અરવિંદ કેજરીવાલને ભૂતકાળમાં અખિલેશ યાદવ વિશે જે દાવો કર્યો હતો તેની યાદ અપાવતી પોસ્ટ પર પ્રતિક્રિયા આપી. એક યુઝરે લખ્યું, 'ક્યા ક્યા લીખ ચૂકે હો'.

## ભારતીય મૂળના શખ્સની પણ ધરપકડ

# કેનેડામાં જ્વેલરી લૂંટનાર હેમર ગેંગ પોલીસના હાથે ઝડપાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે તેજપાલ તૂર એક પ્રોફેશનલ ગુનેગાર છે, તેણે તેના અન્ય બે સાથીદારો સાથે મળીને વેશમાં લૂંટ, અન્યની મિલકતો પડાવી લેવા સહિતના અનેક ગુના આચર્યા છે. કેનેડાની પોલીસે બે દિવસમાં મિસીસૌગાના બે મોલમાં બે જ્વેલરી શોપમાં થયેલી લૂંટ બાદ ૨૦ વર્ષીય ભારતીય મૂળના વ્યક્તિ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. એવો આરોપ છે કે હથોડાથી સજ્જ ટોળકીના છ સભ્યોએ મિસીસૌગા મોલમાં લૂંટ ચલાવી હતી. આ લૂંટ ૯ અને ૧૦ મેના રોજ થઈ હતી.૯ મેના રોજ, લૂંટારાઓએ મિસીસૌગા મોલમાં અનેક ડિસ્પ્લે કેસ તોડી નાખ્યા હતા અને મોટી માત્રામાં જ્વેલરીની ચોરી કરી હતી. લૂંટારુઓ ચોરીની કારમાં આવ્યા હતા અને દુષ્કર્મ આચરીને ફરાર થઈ ગયા હતા.

## રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અને બાળ સંરક્ષણના સામાન્ય મુદ્દાઓ આગળ ધરી મદ્રેસાઓનો સર્વે કરવાનો સરકારનો આદેશ

# રાજ્યભરના મુસ્લિમ સમાજના મદ્રેસાઓની હવે કરાશે તપાસ

### રાજ્યભરના મદ્રેસામાં એક પણ બિન-મુસ્લિમ બાળક અભ્યાસ કરતો ન હોવા છતાં તે મુદ્દે કરાશે તપાસ !

### રાજ્યના ૧૧૩૦ જેટલા મદ્રેસાની ટીમ દ્વારા તપાસ કરી તેની વિગતો ઓનલાઈન ભરાશે

### રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ મદ્રેસાના બાળકો સામાન્ય શાળાઓમાં અભ્યાસ કરતા ન હોવાનો મુદ્દો પણ સામેલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૭

લોકસભાની ચૂંટણી રાજયમાં પૂર્ણ થતા જ ભાજપ સરકાર એકશન મોડમાં આવી ગઈ હોય તેમ હવે મુસ્લિમ સમાજના બાળકોને ધાર્મિક શિક્ષણ પીરસતા મદ્રેસાઓ મામલે એકિટવ બની કેટલાક મુદ્દાઓની આડમાં લાગણીઓ છંછેડવા નવા આદેશો જારી કર્યા છે. રાઈટ ટુ એજયુકેશન એકટ અનો બાળ અધિકાર સંરક્ષણનો મુદ્દો આગળ કરી ગુજરાત સરકાર હવે રાજયભરના તમામ મદ્રેસાઓનો સર્વે કરવા જઈ રહી છે એટલે કે મુસ્લિમ સમાજના ધાર્મિક શિક્ષણના કેન્દ્ર સ્થાનોની તપાસ કરવાનો નિર્ણય કર્યો છે. સરકારનો આ નિર્ણય મુસ્લિમ સમાજની લાગણીઓ ભડકાવી શકે તેમ છે કેમ કે જે દલીલ અહીં રજૂ કરાઈ છે તે મુજબ રાજયના કોઈ મદ્રેસામાં મુસ્લિમ સમાજ સિવાય અન્ય કોઈ ધર્મ કે સમાજનો બાળક અભ્યાસ કરતો નથી અને બીજો મુદ્દો રાઈટ ટુ એજયુકેશનનો તો તેમાં પણ એક પણ મદ્રેસામાં મુસ્લિમ બાળકને સામાન્ય શિક્ષણ આપતી શાળાઓમાં ન ભણવા કે ન જવાની સમજ કે દબાણ કરવામાં આવતુ નથી. બધા જ બાળકો સ્વૈચ્છિક રીતે મદ્રેસામાં શિક્ષણ મેળવતા હોય છે તેમ છતાં આવા મુદ્દા આગળ કરી તેને નામે મદ્રેસાઓની તપાસ સર્વે કરવાનો નિર્ણય મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાવી શકે તેમ છે.

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં આવેલ ૧૧૩૦ જેટલા મદરેસાઓનો સર્વે આદેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકોની ફરિયાદ મળ્યાનો મુદ્દો રજૂ કરી મદ્રેસાઓનો સર્વે કરવા નિર્ણય કરાયો હોવાનું જણાવ્યું છે. મદ્રેસામાં ભણતા બાળકો સામાન્ય સ્કૂલોમાં અભ્યાસ કરતા ન હોવાથી અને મદ્રેસામાં અભ્યાસ કરતા બિન મુસ્લિમ બાળકોની વિગતો મેળવવા આ સર્વે કરાઈ રહયાનું જણાવ્યું છે. એક જ દિવસમાં મદરેસાઓનો સર્વે પૂર્ણ કરી તે અંગેનો અહેવાલ સુપરત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સરકાર તરફથી જારી કરાયેલ પરિપત્ર અનુસાર નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ રાજયના મદ્રેસાઓને લઈને ફરિયાદ મળી હતી. જેમાં રાજયના મદ્રેસાઓમાં ભણતા બાળકો સ્કૂલનો અભ્યાસ મેળવતા ન હોવાની ફરિયાદના પગલે રાજયના મુખ્ય સચિવને પત્ર લખી મદ્રેસાઓનો સર્વે કરવા માટે આદેશ અપાયો હતો. જેના પગલે રાજયમાં આવેલા ૧૧૩૦ જેટલા મદ્રેસાઓની યાદી મોકલી તેમાં સર્વે કરવા માટે સુચના આપવામાં આવી છે, ઉપરાંત જે મદ્રેસાઓ યાદીમાં નથી અને અસ્તિત્વ ધરાવે છે તેમને ત્યાં પણ તપાસ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે પરિપત્ર કરવામાં આવ્યો છે, જેમાં જણાવાયું છે કે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા ૭ મેના રોજ મુખ્ય સચિવને સંબોધીને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં રાજયમાં આવેલી સરકારી અનુદાનિત- માન્યતા પ્રાપ્ત મદ્રેસામાં ભણતા બિન-મુસ્લિમ બાળકો અંગે ભૌતિક ચકાસણી કરવા તેમજ અનમેપ્ડ મદ્રેસાઓના મેપિંગ કરવા બાબતે સૂચના આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં કાર્યરત મદ્રેસાઓની યાદી મેળવેલી છે. જેથી આ યાદી મુજબના મદ્રેસાઓનો સર્વે કરવા માટે રાજયના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ આપવામાં આવ્યો છે.

આ મદ્રેસાઓમાં ભણતાં બાળકો સામાન્ય શાળાઓમાં શિક્ષણ મેળવે એ જરૂરી હોવાથી દરેક જિલ્લા શિક્ષણ અધિકારી અને દરેક પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ટીમ બનાવીને મદ્રેસાઓનો સર્વે કરવાનો રહેશે. સર્વે દરમિયાન મદ્રેસાઓની વિવિધ વિગતો એકત્ર કરીને ગુગલ શીટમાં અપલોડ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ બાબતે તમામ કાર્યવાહી તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા માટે પણ જણાવાયું છે. મોટાભાગે એક જ દિવસમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ અપાયો હોવાનું જાણવા મળે છે. રાજયમાં આવેલા તમામ મદ્રેસાઓમાં એક સાથે સર્વે કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે, મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકો સ્કૂલોમાં અભ્યાસ કરતા ન હોવાની ફરિયાદને લઈ રાઈટ ટુ એજયુકેશન એકટના ૬થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના કાયદાનો ભંગ થાય છે. તેવી દલીલ સાથે આવા બાળકો સામાન્ય સ્કૂલોમાં પણ પ્રવેશ મેળવી અભ્યાસ કરે તે માટે સર્વે હાથ ધરવામાં આવી રહ્યો હોવાનું શિક્ષણ વિભાગ કહી રહ્યું છે. ઉપરાંત મદ્રેસાઓમાં અભ્યાસ કરતા બિન મુસ્લિમ વિદ્યાર્થીઓની વિગતો પણ સર્વેમાં એકત્ર કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. આમ, મદરેસાઓના સર્વેને લઈને રાજકીય માહોલ ગરમાય તેવી પણ શક્યતા છે.



(પ્રતિકાત્મક તસવીર)


### રાજ્યમાં ૧૧૩૦ મદ્રેસા પૈકી સૌથી વધુ પાટણમાં ૧૮૦ મદ્રેસા

રાજ્યમાં ૧૧૩૦ જેટલા મદ્રેસાની યાદી શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવી છે, જેનો સર્વે કરવામાં આવનાર છે. જોકે, આ સિવાય યાદીમાં ન હોય તેવા મદરેસાની પણ તપાસ કરવા માટે સુચના અપાઈ છે. પરંતુ હાલમાં જે યાદી મોકલવામાં આવી છે, તેમાં સૌથી વધુ મદ્રેસા પાટણ જિલ્લામાં ૧૮૦ જેટલા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ ૧૭૫ જેટલા મદરેસા આવેલા છે અને અમદાવાદ ગ્રામ્યમાં ૩૦ જેટલા મદ્રેસા છે. આમ, અમદાવાદ શહેર અને ગ્રામ્યના મળીને કુલ ૨૦૫ જેટલા મદ્રેસા થાય છે.

# માવઠાના માર બાદ અગનભઠ્ઠીમાં શેકાયું ગુજરાત : સુરેન્દ્રનગરમાં પારો ૪૪.૭ ડિગ્રી

### આગામી પાંચ દિવસ અનેક સ્થળોએ હીટવેવની આગાહી

### ● અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ ● સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ યલો-ઓરેન્જ એલર્ટ




અમદાવાદ,તા.૧૭

રાજયમાં છેલ્લા પાંચ દિવસથી વાતાવરણમાં આવેલા પલટા બાદ ફરી એકવાર તાપમાનમાં જોરદાર વધારો થતાં લોકોને ગત રોજથી અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જયારે આગામી દિવસોમાં ગરમી વધવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જયારે કેટલાક સ્થળોએ તાપમાનનો પારો ૪૪ ડિગ્રી પાર પહોંચી ગયો છે. તો આગામી દિવસોમાં પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. રાજયમાં ફરી એકવાર ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે કમોસમી વરસાદને કારણે છેલ્લા ચાર દિવસથી ગરમીમાં આંશિક રાહત બાદ ફરીથી કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. ગરમીને લઈ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ અમદાવાદ શહેરમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જયારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ યલો અને કેટલાક સ્થળોએ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જયારે રાજયમાં ચાર જિલ્લામાં પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો છે. જેને પરિણામે લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો છે તો બીજી તરફ તીવ્ર ગરમી વચ્ચે દાહોદ, મહિસાગર, તાપી, ડાંગ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, રાજકોટ, બોટાદ, જામનગર, અમરેલી, જૂનાગઢ અને ભાવનગર તેમજ ગીર સોમનાથમાં પવન સાથે આવતીકાલે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યાર બાદ

### ડીસામાં ૪૪.૪, અમદાવાદમાં ૪૪.૨ અને ગાંધીનગરમાં ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું

ગરમીમાં તીવ્ર વધારો થવાની સંભાવના છે. જયારે આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્રમાં પોરબંદર, દ્વારકા, ભાવનગર તેમજ કચ્છમાં અને સુરત તથા વલસાડમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. હીટવેવની સ્થિતિને જોતા લૂ લાગવાની સંભાવના વધી જાય છે. ત્યારે લોકોને આ મામલે સાવચેતી રાખવાની હવામાન નિષ્ણાતો અને તબીબો જણાવી રહ્યા છે. જયારે બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવાની તેમજ વૃદ્ધો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓને ખાસ તકેદારી રાખવાનું જણાવવામાં આવ્યું છે ગરમીને કારણે વધુ પ્રમાણમાં પ્રવાહી ખાસ કરીને પાણી, છાશ અને લીંબુ સરબતનું સેવન વધુ પ્રમાણમાં કરવાનું જણાવી રહ્યા છે.

વાત કરીએ તાપમાનની તો સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જેને પરિણામે સુરેન્દ્રનગર વાસીઓએ અગન ભઠ્ઠીમાં સેકાતા હોય તેવી તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. જયારે અન્ય સ્થળોની વાત કરીએ તો ડીસામાં ૪૪.૪, અમદાવાદમાં ૪૨.૨ અને ગાંધીનગરમાં ૪૪.૦ ડિગ્રી તાપમાન નોંધાતા અહીંના લોકોએ પણ આકરા ઉનાળાનો અનુભવ કર્યો હતો. જયારે અન્ય સ્થળોની વાત કરીએ તો ભૂજમાં ૪૩.૮, રાજકોટમાં ૪૩.૭, અમરેલીમાં ૪૩.૨, વલ્લભવિદ્યાનગરમાં ૪૩.૧, વડોદરામાં ૪૨.૨, કંડલા એરપોર્ટમાં ૪૧.૬, કેશોદમાં ૪૧.૬, જયારે મહુવામાં મહત્તમ તાપમાન ૪.૧૦ ડિગ્રી નોંધાયું હતું. બીજી આગામી દિવસોમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના હવામાન નિષ્ણાતો દ્વારા વ્યકત કરવામાં આવી છે ત્યારે આ વખતે રેકોર્ડબ્રેક ગરમી પડવાની શકયતા નકારી શકાય તેમ નથી. રાજયમાં ગરમીની તીવ્રતા વચ્ચે ત્રીજા દિવસથી લઈને પાંચમા દિવસ સુધી એટલે કે ૧૯થી ૨૧ મે દરમ્યાન સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લા જેમાં દ્વારકા, પોરબંદર અને ભાવનગર તથા દક્ષિણ ગુજરાતમાં સુરત અને વલસાડમાં હીટવેવની શકયતા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એક સપ્તાહ કે તેનાથી પણ વધુ દિવસ માટે ગુજરાતવાસીઓને ગરમીથી રાહત મળશે નહીં કારણ કે, ગુજરાત રાજય પર હાલમાં ઉત્તર દિશા તરફથી પવનો ફુંકાઈ રહ્યા છે. ગરમીનો પારો વધી રહ્યો છે. આ ઉપરાંત હાલમાં કોઈપણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાઈ રહી નથી. પરંતુ આગામી એક સપ્તાહમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉતરી ભાગમાં અપ્રોચ કરશે. પરંતુ તેની અસર ગુજરાત ઉપર રહેશે નહીં ફકત કેટલાક જિલ્લાઓમાં એકાદ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં તથા દક્ષિણ ગુજરાતમાં કેટલાક જિલ્લાઓમાં હીટવેવની પણ આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર, ગીરસોમનાથ, દીવ, ભાવનગર અને કચ્છમાં આજે અને આવતીકાલે હીટવેવની શકયતા છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે આગામી દિવસોમાં પારો ૪૫થી ૪૭ સુધી જવાની સંભાવના છે. ત્યારે ગરમી ભુક્કા બોલાવે તેવી શકયતા છે.

# બોર્ડના વિદ્યાર્થીઓના એલ.સી.માં પરિણામ તારીખ જ શાળા છોડ્યાની તારીખ હશે

### શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરી સૂચના જારી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના શાળા છોડ્યાના પ્રમાણપત્ર એટલે કે સ્કૂલ લિવિંગ સર્ટિફીકેટ (LC)માં પરિણામની તારીખ શાળા છોડ્યા તારીખ તરીકે દર્શાવવા સુચના આપી છે. આમ, ધોરણ-૧૦ના LCમાં શાળા છોડ્યા તારીખ તરીકે ૧૧ મે અને ધોરણ-૧૨માં શાળા છોડ્યા તારીખ તરીકે ૯ મે દર્શાવવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પરિપત્ર કરી સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, માર્ચ-૨૦૨૪માં શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯ મે, ૨૦૨૪ના રોજ એક સાથે જાહેર કરવામાં આવ્યું છે. ઉપરાંત ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ ૧૧ મેના રોજ જાહેર કરવામાં આવ્યું છે. આમ, બે તબક્કામાં શિક્ષણ બોર્ડ દ્વારા બંને પરિણામ જાહેર કરી દેવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો અનુસાર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. આ પ્રમાણપત્રમાં શાળા છોડ્યા તારીખ તરીકે પરિણામ જાહેર કર્યાની તારીખ દર્શાવવાની રહેશે તેવી સ્પષ્ટતા શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે.


**સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, સિદ્ધપુર**

**સંચાલિત**

**તાહેર એન્ડ હુસેન આદમઅલી એડનવાલા હાઈસ્કૂલ, સિદ્ધપુર**

**સતત ચાર વર્ષથી શાળાનું પરિણામ શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં અવ્વલ નંબરે**

**H.S.C. માર્ચ ૨૦૨૪નું શાળાનું પરિણામ ૧૦૦%**

પ્રથમ નંબર



ખોરજીયા ફાતેમાબેન રિઝવાન 90.43 %

બીજો નંબર



ઠાકોર પૂજાબેન વિષ્ણુજી 89.43 %

ત્રીજો નંબર



રાગડ અલીશાહ ઈનતિજારઅહમદ 89.14 %

**S.S.C. માર્ચ ૨૦૨૪નું શાળાનું પરિણામ ૮૪ %**

પ્રથમ નંબર



પોલાદી આલીયાબાનુ યુનુસખાન 90.16 %

બીજો નંબર



નાગોરી સમરીનબાનુ ઈકબાલભાઈ 87.16 %

ત્રીજો નંબર



સિપાઈ મોહંમદરેહાન કાળુભાઈ 86.83 %

સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, સિદ્ધપુર દ્વારા એડનવાલા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ગરીબ અને લઘુમતી કોમના વિદ્યાર્થીઓના શિક્ષણ પરત્વે ઘણા વર્ષોથી કાર્યરત છે. સદર એડનવાલા સ્કૂલ છેલ્લા સતત ચાર વર્ષથી સિદ્ધપુર શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં બોર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે રહેલ છે. એડનવાલા સ્કૂલનું ધોરણ-૧૨ માર્ચ ૨૦૨૪નું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે જ્યારે ધોરણ-૧૦ માર્ચ ૨૦૨૪નું પરિણામ ૮૪ % આવેલ છે. જે સિદ્ધપુર શહેરની તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રથમ નંબરે છે.

એડનવાલા સ્કૂલમાં સફળતાપૂવક અભ્યાસની સાથે સાથે સહ શૈક્ષણિક અને સહ અભ્યાસિક વિવિધ પ્રવૃત્તિઓમાં પણ ચાલુ વર્ષે નીચે મુજબ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે.

- ◆ તાલુકા કક્ષાએ પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા -૧૪
- ◆ તાલુકા કક્ષાએ બીજો નંબર લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા -૧૦
- ◆ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા -૦૪
- ◆ જિલ્લા કક્ષાએ બીજો નંબર લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા -૦૭
- ◆ ઝોનલ કક્ષાએ એક વિદ્યાર્થીએ પ્રથમ નંબર મેળવેલ છે
- ◆ સમગ્ર રાજ્ય કક્ષાએ એક વિદ્યાર્થિની સ્પર્ધક બનીને ઈનામ પ્રાપ્ત કરેલ છે.
- ◆ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત બે વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ છે.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સફળતા બદલ સંચાલક મંડળ ગર્વ અને હર્ષની લાગણી અનુભવે છે. સદર સફળતા સારૂં સંચાલક મંડળ શાળાના આચાર્યશ્રી, સુપરવાઈઝર, શિક્ષકો, બિનશૈક્ષણિક સ્ટાફ, તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને અભિનંદન પાઠવે છે.

**અબરારઅલી એસ. સૈયદ (એડવોકેટ) મેનેજિંગ ટ્રસ્ટી**
**તથા તમામ ટ્રસ્ટીઓ સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સિદ્ધપુર**


### એશિયાની સૌથી મોટી બજાર સમિતિમાં રાજકીય ગતિવિધિ બની તેજ

# ઊંઝા APMCમાં સત્તા મેળવવા માટે ભાજપના ત્રણ જૂથ મેદાનમાં આવી શકે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

લોકસભાની ચૂંટણી તો પૂર્ણ થઈ પરંતુ ભાજપ માટે કપરા ચડાણ હજુ પણ યથાવત છે. લોકસભા ચૂંટણી સમયે ભાજપને ઉમેદવારો માટે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ચૂંટણી પછી IFFCOની ચૂંટણીમાં મેન્ડેટની અવગણનાનો સામનો કર્યા બાદ હવે ઊંઝા APMCની ચૂંટણીને લઈ ભાજપની ચિંતા વધી શકે છે.

એશિયાની સૌથી મોટી અને

### લોકસભા ચૂંટણી, ઈફકો બાદ હવે ભાજપ માટે ફરી નવો પડકાર !

મહેસાણામાં આવેલી ઊંઝા બજાર સમિતીની આવતી ૨૦ જૂને મુદત પૂર્ણ થઈ રહી છે. ત્યારે તેમાં ભાજપના જ બેથી ત્રણ જૂથ મેદાનમાં ઉતરે તેવી સંભાવના જોતા રાજકારણ ગરમાવા સાથે ભાજપ માટે નવો પડકાર ઊભો થઈ રહ્યો છે.ઊ ઉક્ત ચૂંટણી પૂર્વ જ મહેસાણા જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. APMCમાં સત્તાના સિંહાસન માટે ભાજપ સામે ભાજપના જૂથ રણસંગ્રામમાં ઉતરે તેવા અણસાર આવી રહ્યાં છે. APMCની સત્તાના સિંહાસન પર બેસવા પૂર્વ ધારાસભ્ય નારણકાકા, ધારાસભ્ય કિરીટ પટેલ અને વર્તમાન ચેરમેન દિનેશ પટેલના ગ્રુપ સત્તા મેળવવા રાજકીય સમીકરણો તૈયાર કરી રહ્યા છે. હવે આ મામલો શક્તિ પ્રદર્શન પર ઉતરી ચૂક્યો છે અને તેમાં અમરેલી જિલ્લાનું કનેક્શન પણ સામે આવ્યું છે. ગુજરાતમાં ભાજપના નેતાઓએ જાણે નિશ્ચય કરી લીધો છે કે, હવે તો શક્તિપ્રદર્શન જ કરીને બતાવવું છે. આવું એક શક્તિ પ્રદર્શન ઊંઝામાં જોવા મળ્યું છે. ૮૭ વર્ષમાં ક્યારે ભવ્ય રીતે જન્મ દિવસની ઉજવણી ન કરનાર ઊંઝા APMCના પૂર્વ ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય નારણકાકાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. આ જન્મદિવસ પાછળ શક્તિપ્રદર્શન પણ જોવા મળ્યું હતું. જેમાં પરશોત્તમ રૂપાલા, નીતિન પટેલ સહિત અનેક નેતાઓ હાજર હતા. પરંતુ જે ગેરહાજર હતા તેમાં હાલના ઊંઝા APMCના ચેરમેન દિનેશ પટેલ અને એમ એસ પટેલ કે જેઓ પ્રદેશ ભાજપના ઉપધાયક્ષ છે. તેમની ગેરહાજરી જોવા મળી હતી.

ઊંઝા APMC માટે હાલ ત્રણ ગ્રુપ સક્રિય થઈ ચૂક્યા હોય તેવો માહોલ છે. એક તરફ હાલના ચેરમેન દિનેશ પટેલ એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે બીજી તરફ સુપ્રીત પટેલ કે જે નારણકાકાના પપૌત્ર તેના માટે નારણકાકાએ શક્તિ પ્રદર્શન કર્યું. ત્યારે હવે ત્રીજી તરફ કિરીટ પટેલની નજર પણ ઊંઝા છસ્ઙ્મ પર છે. હવે જોવાનું રહ્યું કે IFFCOની જેમ ભાજપ મેન્ડેટ આપશે કે પછી વિવાદ વધે તે પહેલા જ ડામવાનો પ્રયાસ કરશે? હવે સહકારી ક્ષેત્રની અને એશિયાની સૌથી મોટી ઊંઝા બજાર સમિતિમાં પણ ભાજપની સામે ભાજપ જ ચૂંટણી પૂર્વે જ અત્યારથી લડી રહ્યું છે. નારણકાકા ફરી એકવાર મેદાનમાં આવ્યા છે. આગામી ૨૦ જૂનના રોજ APMCની મુદત પૂર્ણ થઈ રહે છે અને ચૂંટણીની તારીખો પણ જાહેર નથી થઈ. સત્તા મેળવવા માટે રાજકીય કાવા દાવા સાથે પોતાના ચૂંટણી જીતવાના સોગઠા ગોઠવવાના શરૂ કર્યા છે. જેના ભાગરૂપે ગત APMCની ચૂંટણી પૂર્વે જે બાર મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવી હતી. તે પૈકી સાત મંડળીઓને ફરીથી કાર્યરત કરી દેવામાં આવી છે. જયારે પાંચના હુકમ પ્રોસેસમાં હોવાનું જિલ્લા રજીસ્ટર કચેરીના સૂત્રો તરફથી માહિતી મળી છે.હવે જો આ મંડળીઓને કાર્યરત કર્યા બાદ ડિસ્ટ્રીક બેંક દ્વારા ધિરાણ આપવામાં આવે તો એ તમામ મંડળીના મતો વર્તમાન ચૂંટણીમાં પોતાના મત અધિકારનો ઉપયોગ કરી શકશે.


**ઝિયારત**



અમારા વાલિદા હજીયાણી ફાતમાબેન હાજી ગુલાબનબીભાઇ (ખેડબ્રહ્માવાલા)નું તા.૧૭-૫-૨૪ને શુક્રવારના રોજ ઇન્તેકાલ થયેલ છે. મર્હૂમાની ઝિયારત તા.૧૯/૫/૨૪ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે મર્દોની ઝિયારત અલીફ મસ્જિદ,પોલોગ્રાઉન્ડ, હિંમતનગર મુકામે રાખેલ છે અને ઓરતોની ઝિયારત તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

દુવાગીર :- મર્હૂમ હાજી અબ્દુલરઝાક હાજી ગુલાબનબીભાઇ મેમણ (પાયલ હોટલવાલા) યુનુસભાઇ હાજીગુલાબનબીભાઇ મેમણ (પત્રકાર),(ખેડબ્રહ્મા વાલા), ડોક્ટર નઈમ યુનુસભાઈ મેમણ - અઝરૂદ્દીન યુનુસભાઈ મેમણ તેમજ પરિવારના તમામ સભ્યો.

સ્થળ:- અલીફ મસ્જિદ રોડ, નુરાની ટેલિકોમ પાસે, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર, સાબરકાંઠા. મો.નં. ૭૯૮૪૮૩૬૩૭૧.



www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS